Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ - સંચાલિત

વર્ષ ૩૦ મું
અંક ૧-૨
સં. ૨૦૪૬
સન ૧૯૯૦
ઑક્ટો.-નવે.

# પથિક


તંત્રી-મંડળ :
પ્રો. કે. કા. શાસ્ત્રી
ડૉ. ના. કે. ભટ્ટી
ડૉ. સૌ. ભારતીબહેન શેલત

[ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક]


આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ

## ૩૦ મો દીપોત્સવાંક

વિષ્ણુ માધવ



મહાલક્ષ્મી



ઈડરના પશ્ચિમ છેડે થોડાં વર્ષો પર મળેલી સં. ૧૬૧૫ (ઈ.સ. ૧૫૫૮)ની મૂર્તિઓ

(''સામીપ્ય''ના સૌજન્યથી)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



With Best Compliments From

# VXL INDIA (LTD.)
# (SAURASHTRA CHEMICALS)

PORBANDER

MANUFACTURERS OF BASIC CHEMICALS

| | |
|---|---|
| SODA ASH LIGHT | : Used by Housewives/Dhobis and other Weaker Sections of the Society as also by Industries like Datergents, Silicate, Soap, Textiles, Aluminium, Dyes etc. |
| SODA ASH DENSE | : Used by Ultramarine Blue, Bichromate and Glass Industries. |
| SODA BICARB | : Used for Tanning, Printing, Jaggery etc. |
| CAUSTIC SODA (LYE) | : Used in Manufacture of Wood Pulp, Soap, Chemical Intermediates, Dyes, Cosmetics, Bleaching, Dyeing & Printing, Textiles, Petroleum Refining, Aluminium Manufacture, Oil Extraction, Paint and Varnish, Mercerizing Cotton. |

TELEPHONES : 21735, 36 & 37

TELEGRAM : SAUKEM

TELEX : 0166-201

FAX : 0286-21431

ALWAYS BUY THE BEST AND THE FIRST 'THREE LIONS BRAND' PRODCTS.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# ખાદી ગ્રામોદ્યોગ સંઘ

'સમન્વય' : જયંત સોસાયટી : મવડી પ્લોટ : રાજકોટ ૩૬૦ ૦૦૪
ફોન - ૮૬૪૨૫

રતિભાઇ ગોંધિયા
પ્રમુખ

મનુભાઈ મહેતા
મેનેજિંગ ટ્રસ્ટી

પોલિવસ્ત્રના વાર્ષિક રૂ. એક કરોડના ઉત્પાદન સાથે આ કાર્યક્રમ ગુજરાતમાં ચલાવનાર

## દેશમાં ખાદી-ગ્રામોદ્યોગ ક્ષેત્રે પોલિવસ્ત્ર માટેનું સ્લાઇવર યુનિટ ધરાવતી એકમાત્ર સંસ્થા

**ઉત્પાદન કેન્દ્રો :** રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, સુરત અને રાજકોટ તથા સુરેન્દ્રનગર જિલ્લાનાં ગામડાંઓ.

**વેચાણ-કેન્દ્રો**-ગ્રામશિલ્પ, આશ્રમ રોડ, અમદાવાદ; ગ્રામશિલ્પ, તીનબત્તી ચોક, જામનગર; ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, ભાવનગર રોડ, રાજકોટ; ચર્મશિલ્પ અને હસ્તકલા કેન્દ્ર, રિલીફ રોડ, અમદાવાદ; ચર્મશિલ્પ, પાલડી, અમદાવાદ

વાર્ષિક ઉત્પાદન :

| | |
|---|---|
| પોલિવસ્ત્ર - | રૂ. ૧ કરોડ |
| ખાદી - | રૂ. ૨૫ લાખ |
| સ્ટીલ અને વુડન ફર્નિચર - | રૂ. ૪૦ લાખ |
| સોનેરી જરી - | રૂ. ૫૦ લાખ |
| ગ્રામોદ્યોગની અન્ય પેદાશો - | રૂ. ૧૦ લાખ |


પીંજનાર, કાંતનાર, વણકર, સુથાર, લુહાર, મોચી તેમજ અન્ય મળીને કુલ ૧૦૦૦ કારીગરો વર્ષભરમાં આ સંસ્થા દ્વારા સ્વમાનપૂર્વક રૂ ૪૦ લાખ જેટલી રોજી મેળવે છે.


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## શ્રીભુવનેશ્વરી

## પૂજન યંત્ર



મંત્ર, તંત્ર અને ધાર્મિક રીતે સિદ્ધ થયેલા આ યંત્રનું શ્રદ્ધા અને ભક્તિપૂર્વક પૂજન તથા અર્ચન ફળદાયી છે.

## શ્રી ભુવનેશ્વરી પૂજન યંત્ર

મૂલ્ય રૂા. ૩૦/૧-(પોસ્ટેજ અલગ)

પ્રાપ્તિસ્થાન :- **શ્રીભુવનેશ્વરી પીઠ**, 'ઘનશ્યામ ભુવન', મહાદેવ વાડી, ગોંડળ-૩૬૦૩૧૧ (ગુજ.) : ફોન ૫૯૯


# ખાદી-સંદેશ

ખાદીનો અર્થ છે સર્વવ્યાપી સ્વદેશી ભાવના – જીવનની બધી જ જરૂરિયાતોમાંથી ભારતમાંથી અને ગ્રામીણ પ્રજાનાં મહેનત અને પરિશ્રમ દ્વારા તૈયાર થયેલી ચીજો વાપરવાનો આગ્રહ.

મારી માન્યતા પ્રમાણે ખાદી ભારતની જનતાની એકતા, આર્થિક સ્વતંત્રતા અને સમાનતાનું પ્રતીક છે અને જવાહરલાલની કાવ્યમય ભાષામાં કહું તો 'ભારતની આઝાદીનો પોશાક' છે.

ખાદી-ભાવનાનો અર્થ એ છે કે ખાદી પહેરવાની સાથે સાથે તેની સાથે કઈ કઈ ચીજોનું સંકલન થઈ શકે તેનું રહસ્ય શોધવું. આપણે ભારતનાં અસંખ્ય દરિદ્રો અને કંગાળોને બચાવવા માટે ખાદી પહેરવી જોઈએ.

જો આપણામાં ખાદી-ભાવના હોય તો આપણા જીવનમાં પ્રત્યેક ક્ષેત્રમાં સાદાઈ હોવી જરૂરી છે. ખાદી-ભાવના એટલે કે અપાર ધીરજ અને અખૂટ શ્રદ્ધા. એવી જ રીતે આપણને સત્ય અને અહિંસા પ્રતિ પણ પૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ. આપણી પ્રવૃત્તિમાં અવરોધો આવે તોપણ આખર તો સત્ય અને અહિંસાનો જ વિજય થશે. ખાદી-ભાવના એટલે સૃષ્ટિનાં બધાં જ પ્રાણીઓ પ્રત્યે સમભાવ.

મારી તો ઇચ્છા છે કે ખાદીનું કાર્ય સાર્વજનિક બને અને ઘર ઘરમાં રેંટિયો ગુંજતો રહે. જ્યાં સુધી આપણે બધા જ ખાદી નહિ પહેરીએ ત્યાંસુધી પૂર્ણ સ્વરાજ અસંભવ છે.—**ગાંધીજી**

**એક રચનાત્મક સંસ્થાના સૌજન્યથી**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Always Ask for

PASTURISED MILK AND
MILK PRODUCTS.

Such as :

* Flavoured Milk
* Sugam Shrikhand
* Sugam Gulabjamun
* Special Agmak Ghee
* Sugam Ice-cream

Because they are :

* Nutritive And Cheaper.

Also insist for "BARODA DAN" a quality cattle feed as it

* Increases Milk Yield
* And Wealth of Farmers.

BD

**Baroda District Co-Operative Milk Producer's Union, Ltd.,**

Baroda Diary
Baroda : 310 009.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ
તંત્રી-મંડળ( ) વાર્ષિક લવાજમ : દેશમાં રૂ.૩૦/-
પ્રો.કે. કા. શાસ્ત્રી ( ) વિદેશમાં રૂ. ૧૧૧/-,છૂટક રૂ. ૪/-
૨. ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ૩. ડૉ. ભારતીબહેન શેલત
વર્ષ ૩૦ ] આસો. સં. ૨૦૪૬:ઑ. નવે., સન ૧૯૯૦ ] અંક ૧-૨

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને એની નકલ અત્રે મોકલવી.

• 'પથિક' સર્વોપયોગી વિચાર-ભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ સાહિત્યિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

○ પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

○ કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

**○ કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.**

○ 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

○ અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

○ નમૂનાના અંકની નકલ માટે ૩-૫૦ની ટિકિટો મોકલવી.

**મ.ઑ. ડ્રાફ્ટ પત્રો લેખો**
**પથિક કાર્યાલય,** મધુવન, એલિસબ્રિજ **અમદાવાદ-૩૮૦૦૦૬**



## ૩૦ મો દીપોત્સવાંક

( કિ. રૂ. ૧૦ + પો. રૂ. ૩ = ૧૩/- )

### નવા વર્ષની નવી ભાવના

છે સંક્ષોભ, પ્રજા બધી ધડકતી આતંક માંહે ફસી,
જ્યાં ત્યાં આંતર વિગ્રહો સળગતા ઊઠ્યા કરે એ વિશે
મીંઢો શાસક વર્ગ નિર્દય બની ના કૈં ભલું ઇચ્છતો,
ત્યાં, હે ઈશ ! કૃપા કરી સુખ અને શાંતિ સ્થપાતી કરો.
વર્ષાએ ક્ષિતિને રસાર્દ્ર કરતે સંતોષ આપ્યો અને
આશા ઉજ્જ્વળ આવતા વરસને આપી રહી સાંત્વના.
આ આશા નવ વર્ષમાં ફલવતી સર્વાંશથી પૂર્ણ હો,
એવી મંગલ ભાવના જનગણો એવી સુખી સૌ બનો.

## વિનંતિ

વાર્ષિક ગ્રાહકોએ પોતાનું કે પોતાની સંસ્થા કૉલેજ યા શાળાનું લવાજમ રૂ. ૩૦/- હજી ન મોકલ્યું હોય તો સત્વર મ.ઑ.થી મોકલી આપવા હાર્દિક વિનંતિ. **સરનામામાં ગોળ વર્તુલમાં પડેલો અંક કયા માસથી ગ્રાહક થયાનું કહે છે. એ માસ પહેલાં લવાજમ મળવું અભીષ્ટ છે.** અગાઉનાં લવાજમ એક કે એકથી વધુ વર્ષોનાં બાકી છે તેઓ પણ સવેળા મોકલી આપવા કૃપા કરે. અંક હાથમાં આવે એ ગાળામાં લવાજમ મોકલી આપનારે આવા વર્તુલને ધ્યાનમાં ન લેવા વિનંતિ.

'પથિક'ના આશ્રયદાતા રૂ. ૧૦૦૧/-થી અને આજીવન સહાયક રૂ. ૩૦૧/-થી થવાય છે. ભેટ તરીકે પણ રકમો સ્વીકારવામાં આવે છે. સ્વ. શ્રી. માનસંગજીભાઈના અને 'પથિક'ના ચાહકોને 'પથિક કાર્યાલય'ના નામના મ.ઑ. કે ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતિ. આ છેલ્લી બે પ્રકારની તેમ રૂ. ૫૦ થી લઈ આવતી વધુ ભેટની રકમ અનામત જ રહે છે અને એનું માત્ર વ્યાજ જ વપરાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઇતિહાસ એક અચ્છો શિક્ષક, માર્ગદર્શક છે.


અતીતની એક આખી પેઢી જીવનની પાયાની ત્રણ બાબતોને આધારે ભર્યું ભર્યું જીવી ગઈ :

૧. ભૂતકાળનું ગૌરવ

૨. વર્તમાનની પીડા

૩. ભવિષ્યનું સ્વપ્ન

સાંપ્રતમાં જીવતા આપણા સૌ ઉપર આવનારી પેઢીની અનાગત જવાબદારી છે.



આપણે ઇતિહાસ પાસેથી મન-બુદ્ધિ-ની આંખ ખુલ્લી રાખી કંઈ ભણી શકીએ ?



કાન ખુલ્લા રાખી ઇતિહાસ પાસેથી માર્ગદર્શન મેળવી શકીએ ?
જીવી શકીએ ?

આ દિશાના પ્રયત્નો કરીએ તો આવનારો સમય ઉજ્જવળ છે.

સૌજન્ય :
એક્સેલ ઇન્ડસ્ટ્રીઝ, લિ.
૬/૨ રૂવાપરી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૨૫૩૨૨-૨૩-૨૪



For Private and Personal Use Only

# અનુક્રમ


સંપાદકીય — તંત્રી ૭

કાવ્યો :

ચાર બે હું,(ચાર બેતો–કચ્છી) — શ્રી. ભરત મો. છાયા ૮
ભાઈ, અમે તો ભારતજન — ડૉ. ચંપકભાઈ મોદી ૯
મનોમય જગે — શ્રી પીયૂષ પંડ્યા, 'જ્યોતિ' ૯
જોબનિયાં — પ્રો. વાસુદેવ પાઠક, 'વાગર્થ' ૯
ગઝલ — ,, રજની પાઠક ૯
ભેટ — શ્રી નટવરલાલ જોશી ૧૦
હિસાબ — ,, બચુભાઈ દેવાણી ૧૦
અધૂરાં ગીતડાં — ,, ચંદ્રકાંત ભટ્ટ ૧૦
ગમતું કરીએ જી રે — ,, તરુલતા પટેલ ૧૦
કસાઈ — ,, દીપક જગતાપ ૧૧
લોકકથાની નાયિકાની — ,, હર્ષદેવ માધવ ૧૧
સ્થિતપ્રજ્ઞ — ,, નવનીત વ્યાસ ૧૧
છીછરા ઓવારામાં — ,, કિશોર રામદેવપુત્રમ્ ૧૩
જર્જરિત આવાસ — ,, આર. જે. નિમાવત ૧૨
ગીત — ,, કિશોર પંડ્યા ૧૨
નવા વરસ ! — ,, કૌશિક દીક્ષિત ૧૨
ગઝલ — ,, જિતુ પુરોહિત ૧૨
શૂન્યતું સર્જન — ,, ગોવિંદ એમ. જેઠવા ૧૨
સમય — ,, કનૈયાલાલ ભટ્ટ, 'ચિંતક' ૧૩
ગઝલ — ,, ગજાનન પટેલ ૧૩
એક કાવ્ય — ,, અરુણ નાયક ૧૩
દર્દ — ,, નંદન અંધારિયા ૧૩
થયું — ,, પ્રહ્લાદ મિસ્ત્રી ૧૪
ગીત — ,, ભરત યાજ્ઞિક ૧૪
ગીત — ,, અશોક તળપદા ૧૪
કચ્છી વાણીજો વીરડો (કચ્છી) — ,, હરિદાસ હે. ઠક્કર ૧૪
એક ઇંદ્રવજ્રા — ,, અલ્પ ત્રિવેદી ૧૬
ઉત્ખનન — ,, ગુણવંત ઉપાધ્યાય ૧૬
આ સપનું — ,, જયંતિ ધોકાઈ ૧૬
સંધ્યા — ,, અજ્ઞાત ૧૬
ગઝલ — ,, દિનકર પથિક ૧૬




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


**ચરિત્રો :**

| | | |
|---|---|---|
| અબ્દુર્રહીમ ખાનખાનાન | શ્રી હસમુખલાલ વ્યાસ | ૧૭ |
| નેતાજી સુભાષચંદ્ર બોઝ | ,, એ. એસ. આસર | ૨૨ |
| ગુજરાતી દેશભક્ત શ્યામજી કૃષ્ણ વર્મા | ,, …… | ૨૫ |
| રણછોડલાલ છોટાલાલ (૧૮૨૩–૧૮૯૮) | કુ. અપેક્ષા પી. મહેતા | ૩૦ |
| 'ગોવિંદ ગુરુ' | ડૉ. એલ. ડી. જોશી | ૨૮ |
| કેરાના પીર શ્રી ગુલામઅલી શાહ | શ્રી જગદીશચંદ્ર સી. છાયા | ૩૪ |
| તળાજાનો ગોલણ વાળો (?) | દરબારશ્રી ભોજવાળા | ૩૭ |

**લઘુવાર્તા :**

| | | |
|---|---|---|
| વટને ખાતર | શ્રી ચંદ્રકાંત પટેલ | ૩૯ |
| રસજ્યોત (લોકકથા) | ,, ઠાકરસી પુ. કંસારા | ૪૧ |
| સુનયનાને સપાટે | ,, ચંદ્રકાંત ભટ્ટ | ૪૫ |
| ભીતરની વાત | ,, પીયૂષ પંડ્યા, 'જ્યોતિ' | ૪૯ |
| અપરાધ (કચ્છી) | ,, આનંદકુમાર આડે | ૫૪ |

**ઇતિહાસ-પુરાતત્ત્વ :**

| | | |
|---|---|---|
| પ્રાચીન ભારતીય ગ્રંથોમાં આત્મહત્યાની સ્વીકૃતિ | ડૉ. રાજેન્દ્રસિંહજી રાયજાદા | ૬૧ |
| મહાભારત-નિર્દિષ્ટ આચાર | ,, મગનભાઈ ર. પટેલ | ૬૪ |
| પલ્લવ રાજ્યની સિદ્ધિઓ | ,, હરિપ્રસાદ ગં. શાસ્ત્રી | ૬૯ |
| પંડિત જવાહરલાલ નહેરુ અને કાઠિયાવાડ યુવક પરિષદ (૧૯૨૯) | ,, એસ. વી. જાની | ૭૨ |
| હસ્તવપ્ર (હાથબ) : મુદ્રા–આધારિત ઇતિહાસ | ,, વિષ્ણુભાઈ ત્રિવેદી | ૭૮ |
| સોમપુરા જ્ઞાતિનાં ગોત્રો | ,, પ્રવીણચંદ્ર પરીખ<br>,, ભારતી શેલત | ૮૨ |
| કાલાવડના બ્રહ્મચારેશ્વર | શ્રી યશવંત ઉપાધ્યાય | ૮૫ |
| અમદાવાદના સેન્ટ જ્યોર્જ ચર્ચની એપિટેસ્ટ્રી | પ્રો. થોમસ પરમાર | ૮૬ |
| ગુજરાતની અસ્મિતા : લોથલ | શ્રી કાંતિલાલ ત્રિપાઠી | ૮૭ |
| વેડરબર્નની કબર પરનો ભરૂચ-શિલાલેખ | ડૉ. ભારતી શેલત<br>,, આર. ટી. સાવલિયા | ૯૪ |



**Alembic Chemical Works Co. Ltd**

BARODA-390 003

Manufactures Of Antibiotics, Ethical

Pharmaceuticals and Home Products




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સંપાદકીય

જણાવતાં અમને આનંદ થાય છે કે 'પથિક' એની ૨૯ વર્ષની ખેપ કરી આ ઑક્ટોબરથી ૩૦ મા વર્ષમાં પ્રવેશ કરે છે. ૧૯૮૪ ના ફેબ્રુઆરીની ૫ મીએ શૂન્ય બૅલેન્સથી 'પથિક'નું પ્રકાશન ચાલુ રાખ્યું. અમે ૧ વર્ષ પછી 'સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ' રજિસ્ટર્ડ કરાવ્યું અને એ ટ્રસ્ટના આશ્રયે છ વર્ષથી પ્રકાશન પાંગરતું રહ્યું છે. અમને આનંદ એ વાતનો છે કે થોડા સન્મિત્રોએ 'પેટ્રન' થઈને અને અમારા વિશાળ શિષ્યસમૂહ તથા સ્નેહીઓ અને ચાહકો તેમજ કૉલેજો અને માધ્યમિક શાળાઓના આચાર્યોએ, ઉપરાંત સ્વ. માનસંગજીભાઈના બહોળા કચ્છી મિત્રોએ 'આજીવન સહાયકો' થઈને અમને હૂંફ આપી છે. વળી, વાર્ષિક ગ્રાહકો બનીને પણ આ સમૂહે અમને બળ પૂર્યું છે. અહીં અમારા આ કામમાં સહાયક તરીકે ઊભા રહેલા સ્વજનો શ્રી. પીયૂષ પુ. પંડ્યા, ઍડવોકેટ (રાજકોટ), શ્રી. અવિનાશ મણિયાર (વડોદરા) તથા અમારાં નવાં શિષ્યા સૌ. રોહિણી બહેન પૃથ્વીરાજ કોટક જાહેરખબર તેમજ આજીવન સહાયકો અને વાર્ષિક ગ્રાહકો લાવી આપવામાં સહાય કરી છે અને કર્યે જાય છે, એમના અમો આભારી છિયે.

આ ઉપકાર તો 'પથિક'ને પગ ઉપર ઊભા કરવામાં સહાય આપનારા સ્વજનોનો છે, પણ એના કરતાં પણ વિશેષ તો 'પથિક'ને પોતાના કિંમતી સંશોધન-લેખો લખીને મોકલી આપનારા વિદ્વાન લેખકો તથા ગુજરાત, ઈતિહાસ પરિષદ અને સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદના નિબંધ. લેખકોનો છે. આ વિદ્વાનોમાં ઇતિહાસવિદ શ્રી. શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઈ, આચાર્ય હસમુખભાઈ વ્યાસ, નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી. ઠાકરસી પુ. કંસારા, ભાઈશ્રી મનસુખ સ્વામી, સરદાર પટેલ યુનિવર્સિટી અને સૌ. યુનિ.ના ઇતિહાસવિભાગ તથા સંસ્કૃતવિભાગના અધ્યાપકો પોતાના વિદ્વત્તા અને શ્રમથી ભરેલા સંશોધન-લેખોથી 'પથિક'ને ગૌરવ અપાવી રહ્યા છે. દીપોત્સવી-અંક માટે ચરિત્ર અને લઘુવાર્તાઓના લેખકો શ્રી. પીયૂષ પંડ્યા અને શ્રી. ચંદ્રકાંત ન. ભટ્ટને તથા કચ્છી સર્જક શ્રી. આનંદકુમાર આડે(યવતમાલા)ને ભૂલી ન શકાય, તો કવિતાક્ષેત્રે પણ આરૂઢ અને નવલોહિયા કવિઓને યાદ કરવા જોઇએ. થોડો ક્ષોભ જરૂર થાય છે કે આવેલાં બધાં કાવ્યોને તેમ એક એક કાવ્ય મોકલનારા કેટલાક કવિઓને સ્થળસંકોચને કારણે અમે સંતોષી શક્યા નથી એની ક્ષમા યાચિયે છિયે. આ બધા લેખકો-કવિઓ અને પ્રેરણા મુદ્રણાલયના માલિક શ્રી. મહેંદ્ર રાવળનો પણ આભાર માનવો ભુલાવો ન જોઇયે. આ ઉપરાંત જાહેરખબર આપનાર મહાનુભાવો અને સંસ્થા-સંચાલકોનો પણ આભાર માનિયે છિયે. -તંત્રી

GRAM : KALPANA Ph : O : 21288, 21289, 23992
Telex : 0175/262 KALP-IN R : 325317, 320093

Authorised Sales Representative of

**GUJARAT ALKALIES AND CHEMICALS LTD., BARODA**

Manufacturers of :

**CAUSTIC SODA-LIQUID, HYDROCHLORIC ACID,**
**CHLORINE, SODIUM CYANIDE, CHLOROMETHANES.**

INDUCHACHA HOUSE, OPP. CHHAT JAKAT NAKA
BARODA-390 002

**PRAKASH**
**CHEMICALS AGENCIES**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચાર ભેતું (ચાર બેતો)/ભરત મો. છાયા

ખંભેતે ખોયો ખણી મિંજ કચ્છી કિતાબું,
વર વર વેકેશન વિન્ધી મું જ મનજી મિટાબું,
કરમ એંડા કિતાનું, જ મધુવનમેં 'કેકા' સુણાં. ૧

(ખભા પર ખડિયો–થેલો ભેરવી, અંદર કચ્છી વિશેની ચોપડીઓ લઈ, દર વરસે વેકેશનમાં જઈને મનની મુશ્કેલીઓ મિટાવશું એમ નક્કી કર્યું. મારાં એવાં ભાગ્ય કયાંથી કે હું "મધુવન"(શાસ્ત્રીજીના નિવાસસ્થાનનું નામ)માં કેકા (ટહુકો અને કે. કા. શાસ્ત્રીને) સાંભળી શકું ?)

જાં વિન્યાં જાણુ ધલવટે, ત ડા ડિઠો અણડિઠ,
સાસતર પ્યા સોફે મથે ને શાસ્ત્રી વિઠા હેઠ.
ત મું જો થાનકુ હેઠ ઇનજી ચરણધૂલી વટે. ૨

(જ્યાં જાણકાર પાસે જઈને ભેળો તો ન જોઈ હોય તેવી વ્યવસ્થા જોઈ. પુષ્કળ પુસ્તકો સોફા પર પડ્યાં હતાં ને શાસ્ત્રીજી તો નીચે જ બેઠા હતા, એટલે મેં તો પછી એમની ચરણધૂલિ પાસે જ બેસવું પસંદ કર્યું.).

ચાય ન કે કે પિરાય ને સિગરેટ–શોખ ન કિનજો,
અચે ઉમાશંકર ભલે, બે બંટો બાલમુકનજો,
પિરસાધ ઇન સૂકનજો મું કે પિણ મિલંધો રિયો. ૩

(ચા તો એઓ કોઈને પિવડાવે નહિ અને સિગારેટનો પણ કોઈને શોખ ન હતો. એમને ત્યાં તો ભલેને ગુર્જર ગિરાના પરમ સારસ્વત ઉમાશંકર આવે તોય એને શ્રીબાલમુકુંદજીના બંટા(લાડુ)ની જ પ્રસાદી મળે, પણ જે ઉમાશંકરને મળે તે સુકનિયાળ પ્રસાદ મને પણ મળતો રહ્યો.)

મહામહિમ–પાધયા ને વિદ્યાવાચસપત,
વ્યાકરણજો વિધ્વાન ઈ ને ઇત્યાસજો ઓજસ,
કચ્છીલા કોડે કરી સત ફેરા ગડચોસ,
ચર્ચા કરી ચો–ડસ ને પિરમાણ્યો પચ્છમગિરા. ૪

(એઓ મહામહિમોપાધ્યાય અને વિદ્યાવાચસ્પતિ છે. વ્યાકરણના ભારતખ્યાત વિદ્વાન છે ને વળી ઇતિહાસના ક્ષેત્રમાં પણ આપણા ઓજસરૂપ છે. એવી વ્યક્તિ કચ્છી ભાષા માટે હોંશથી સાત સાત વાર કચ્છમાં આવી, બધી બાજુ ચર્ચા કરીને પશ્ચિમ તરફની આ વાણીને પ્રમાણિત કરી આપી છે.)

કે. હાઈસ્કૂલ, કેરા–૩૭૦૪૩૦

---

[અનુ. પા. ૯૩ થી]

ટૂંકમાં, લોથલને જોતાં સર્વ રીતે કહી શકીશું કે **લોથલ એટલે ગુજરાતની અસ્મિતા–નો ભારતવર્ષનો અમૂલ્ય વારસો. અસ્તુ.**

[**નોંધ :** ભારતવર્ષમાં પ્રાચીનતમ કાલમાં કોઈ વિશિષ્ટ પ્રજા બહારથી આવી નથી. ચંદ્રવંશીય જૂની પ્રજાનું ઉત્થાન હિમાલયના મધ્ય પ્રદેશમાં થયેલું અને ભારતવર્ષમાં દક્ષિણ સુધીમાં તથા પશ્ચિમમાં પશ્ચિમ એશિયા અને યુરોપમાં આ પ્રજાનો એક અંશ આગળ વધી ફેલાઈ ગયો. પૂર્વ હિમાલયમાં સૂર્યવંશીય પ્રજાનો વિકાસ થયો ને એ પણ ભારતવર્ષમાં ફેલાઈ. એ પ્રમાણે હિંદી મહાસાગર અને પ્રશાંત મહાસાગર–ના દક્ષિણના બેટોમાં અને ભારતવર્ષના વચ્ચેના સમુદ્રથી છૂટા રહેલા દક્ષિણમાં શ્યામાંગ પ્રજા વિકસેલી તેમનો ભારતવર્ષના દક્ષિણ પ્રદેશમાંનો સમૂહ, પેલો સમુદ્ર સુકાઈ જતાં, ઉત્તરમાં પણ પ્રસરતો ચાલ્યો. વૈદિક કાલમાં આ ત્રણ સમૂહ–ચંદ્રવંશીય શ્વેતાંગો, સૂર્યવંશીય પીતાંગો અને દનુવંશીય શ્યામાંગોમાંના કેટલાકનું ભારતવર્ષમાં સંમિશ્રણ થયું. આ સમય વેદકાલ કે એનાથી પણ જૂનો હોઈ શકે.

મોહેં–જો–દડો અને હડપ્પીય સંસ્કૃતિ કોઈ બીજી જ કહેવાતા આદિવાસી દ્રવિડોની છે એવું જે ઠસાવવામાં આવ્યું છે તે લોથલમાંનો હવનકુંડ વગેરે મળી આવતાં નિરર્થક થયું છે અને કહેવાતી સિંધુ સંસ્કૃતિ એ કોઈ જુદી નહિ, પણ વૈદિક સંસ્કારવાળી અને સંસ્કારી હોવાથી આર્ય(સંસ્કૃત) છે, આર્ય નામની કોઈ પ્રજાની નહિ. ઋગ્વેદથી લઈ સંસ્કૃત સાહિત્યમાં 'આર્ય' શબ્દ કોઈ વંશનો કે જાતિનો વાચક કયાંય મળ્યો નથી. યુરોપીયો એ આ શબ્દને વંશવાચક કે જાતિવાચક તરીકે ઠોકી બેસાડેલો છે. –તંત્રી]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાઈ, અમે તો ભારતજન/

ચંપકભાઈ આર. મોદી

ભાઈ, અમે તો ભારતજન,
ના કહેશો કોઈ અમને દુર્જન.
અમે તો નરસૈયાના વૈષ્ણવજન.
નથી અહીં, ભૈ, જરાય જુદાઈ, કોણ હિંદુ ને મુસ્લિમ.
મા ભારતીનાં સંતાનો,ભાઈ,શીખ ઈસાઈ પારસી જિન.
ભાઈ, અમે તો ભારતજન.
સૂરજ શશી ને તેજ-કિરણે સમાન વિકસે સૌનાં તનમન.
સુગંધ સુમનની વાયુસંગે સરખી વહેતી વન ઉપવન.
ભાઈ, અમે તો ભારતજન.
રામ કૃષ્ણ ને ગૌતમ ગાંધી
સરદાર જવાહર જેવા સજ્જન.
કુસંપની દૂર કરવા આંધી કીધા એમણે પ્રાણ અર્પણ.
ભાઈ, અમે તો ભારતજન.
ધોમ ધખતી ધરતી ખૂંદતાં મલકી ઊઠતાં ગુલબદન;
કણ વાવીને મણના ઢગલા કરતાં ગ્રામીણ કૃષિકજન.
ભાઈ, અમે તો ભારતજન.
સળગતે સીમાડે કે ઊભા જવાન કરવા દેશ-જતન;
ભારતના એ ભાગ્યવિધાતા શ્રમિક સૈનિક ભારતજન.
ભાઈ, અમે તો ભારતજન.
એક રાષ્ટ્ર ને એક પ્રાણ અમ, ધ્વજ ત્રિરંગી લહરે ગગન.
કોમી એકતા અમર રહે અમ, માત ભારતી કોટિ નમન.
ભાઈ, અમે તો ભારતજન.

ઠે. સૂરજબા મહિલા કોલેજ, નડિયાદ-૩૮૭૦૦૧

## મનોમય જગે..../-પીયૂષ પંડ્યા, 'જ્યોતિ'

હોવા છતાં વાત જાણે ન હોવાની ભ્રાસે,
યાદે-દશ્યે સહજ અમથાં નયણાં મલકે!
જગે વિશાળે પળેપળ સદાયે
અવનવું કશુંક ને કશુંક થાતું-
ક્યાંક કોઈ દીપ નિર્વાણે
તો ઉદ્‌ભવે મૃદુલ મસૃણ કશે,
આ રણઝણે રવ મંજુલ સૂરે અહીં
ને ત્યાં અવાજો કેક કર્કશે...
તોય ઘટના પલકભર નહિ કોઈ મન પર વસે,
કિંતુ ઉચ્ચારણે નામ માત્રે
હૃદય કોળે આ સદ્ય શતદલે!
ના સમીપે, નહીં શ્રવણ વા પરસની સરહદે,
દૂર... સુદૂર, તદપિ રમણે રમ્ય અહીં ભીતરે,
સનમ દરસે તરત સ્મરણે
સુગંધે લાવણ્યે મુદિત તનુ આકારે
મનોમન જગ ધીરે ધીરે...
ને...સકલ મમ ઝૂમે,
ઝણઝણે મધુર રોમાંચ જેનો સદ્યમાં અંગાંગે.

૨, ગવર્નમેન્ટ ક્વાર્ટર્સ, રાજકોટ-૩૬૦ ૦૦૧

## જોબનિયાં/વાસુદેવ પાઠક, 'વાગથ'

પાસે પાસે ને તોય જોબનિયાં દૂર,
મારાં જોબનિયાં આવાં શા કામનાં?...
સેવાનો નેમ અમે હૈ લીધો મંનથી,
તડપે શ્રૃંગાર અંગ, આતુર હું તંનથી;
હસતાં આ લોક મુંને ગામનાં રે.
મારાં જોબનિયાં આવાં શા કામનાં.?...
રાત અને દિ'ના કૈં ભેદ કો જણાય ના,
જાણ્યું કે આપની ઠેર ઠેર નામના;
પેખું ના મારગ તવ ધામના રે.
મારાં જોબનિયાં આવાં શા કામનાં?...
દંગ થઈ રંગ બધા માણ્યા સંસારના,
આપ વિના લાગે કૈં એમાં કૈં સાર ના;
આપને જ પામવાની કામના રે.
મારાં જોબનિયાં આવાં શા કામનાં?...

ઠે. ૬૬/૩૫૪, સરસ્વતીનગર, અમદાવાદ-૧૫

## ગઝલ/રજની પાઠક

જે જુએ છે તે કોણ છે? તું કે ડોળા?
આ જે દેખાય છે તે તો છે ઓળા!
એ છમીઓ તોડી નીકળતાં બા'રા,
ભીંત પર ખાલી લટકતા'તા ફોટા,
આયના ને આયનાપણું એ જ, પણ
પેઢી-દર-પેઢી અહમ્ લો નોખા.
તું સમયની શાહી ઉતારે છે સતત
તોય કાગળ ક્ષણ ના રે'શે કોરા.
લો, થોડી આશા જન્મી જીવતરમાં
ને કહે છે તું કે "શબ્દો છે ખોટા."

ઠે..એસ-૧, ફ્લૅટ્સ નં. ૩૧, માઠાપુર-૩૬૧૩૪૫



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભેટ/ નટવરલાલ શં. જોશી

(અનુષ્ટુપ)

એક લેખકને આપ્યો મારો સંગ્રહ કાવ્યનો
ભેટ, તો એમણે સામો મને સંગ્રહ કાવ્યનો
ભેટ આપ્યો, બીજાએ જે આપેલો ભેટ એમને:
વદતાં 'જોઈએ મારે સામી કો ભેટ આપવી,
કવિ છો તે થકી કાવ્યો તમને ગમશે નકી.'
આ જોઈ મનમાં મારા થયું કે મુજ ગ્રંથની
આ સમી જ દશા થાશે, જાશે કો અન્ય હસ્તમાં
ભેટરૂપે અને ત્યાંથી શું જાણ્યું ના જશે બીજે ?
ઘણી ભેટ તણી આવી દશા સંસારમાં થતી,
ગમે ના તો બીજાને એ આપવા કામ લાગતી:
બીજો આપે ત્રીજાને એ, ના પડાય ન ભેટને
ને એમ ફરતી રે'તી, વે'વાર સચવાયને ?

ઠે. ૧૬, અંબિકાકુંજ સોસાયટી, અમદાવાદ–૮

## હિસાબ/બચુભાઈ દેવાણી

(શિખરિણી)

રહી રસ્તે દોડી બસ ઝડપથી, અંદર બધે
ઉઘાડી બારીથી પવન ધસતો દ્રુત ગતિથી,
પ્રવાસી બેઠો કો સુઘડ દીસતો બીડી ફૂંકતો.
ધુમાડાના ગોટા મુખ વછૂટતા છાવરી રહે,
'બીડી ના પીશો'નો લિખિત સૂચના સામી નજરે.
ખરી ત્યાં એમાંથી લઘુક તણખો પાછળ ઊડયો.
હતી બેઠેલી ત્યાં યુવતિ નિજ સાડી સળગતાં
થયેલા કાણાને રડમસ મુખે જોઈ કકળી,
કહી 'સારા' પેલો પુરુષ સુણી શબ્દો યુવતિના
ફરી માંડ્યો પીવા બીડી કરતલે ઢાકી દઈને.
"કહો સારી તેથી" યુવાત વદતી, "શું પતી ગયું ?
મને આપો બીડી સળગતી તમે એક, પછી હું
કરું કાણું એથી તવ નવ સફારી શુટ મહીં,
થશે તો એ રીતે મમ સકળ હિસાબ ચૂકતે."

ઠે. ચોરા પાસે, માખવપુરા (ખેડ.)–૩૬૨૨૩૦

## અધૂરાં ગીતડાં/ચંદ્રકાંત ન. ભટ્ટ

ચાંદલિયો વ્યોમ રાસ રમવાને આવ્યો,
તારલાને સાથ તેડી લાવ્યો,
રે ચાંદની ખીલી ખીલી રે.
તારલિયા રુમઝુમ રુમઝુમ નાચે,
નાચતા એ વ્યોમમાં રાચે...રે ચાંદની.
આવો ને, બે'નડી સો, ગીત રૂડાં ગાઈએ,
ગાઈને હળવાં ફૂલ થાઈએ...રે ચાંદની.
રૂપેરી આભલાએ રૂપેરી ફેરીઓ
ઝૂલતાં ઝૂલતાં ન થાકે...રે ચાંદની.
વાયુની મંદ મંદ લહેરીઓ વાએ,
રાતની રાણી મહેંકી જાએ...રે ચાંદની.
મીઠડી મધુરી પ્રભા ચંદ્રની ખીલે રે,
ખીલે છે પોયણી એ પ્રેમે...રે ચાંદની.
મીઠડો સૂર પાસ દૂરથી આવે,
અંતરિયે પ્રીતડી જગાવે...રે ચાંદની.
મોરલીની તાન, કા'ન, તારી સૂણીને
ગીતડાં અધૂરાં મૂકી દઈએ...રે ચાંદની.

ઠે. "ગાયત્રી," માખવપુર(ખેડ)–૩૬૨૨૩૦

## ગમતું કરીએ જી રે/તરુલતા પટેલ

અણગમતાંને ગમતું કરીએ જી રે.
ગમતું કરીએ જી રે,
મનમાં રમતું કરીએ જી રે.
ભલે હોય તડકો,
આપણે ઝીલીએ જી રે.
છો ને હોય ખડકો,
આપણે ખીલીએ જી રે.
ભલે આવે પથ્થરનો મારો,
સહન કરીએ જી રે.
છો ને આવે એકધારો,
વહન કરીએ જી રે.
ભલે હોય કાંટાળો રાહ,
આપણે ચાલીએ જી રે.
છો ને હોય પગમાં દાહ,
આપણે મહાલીએ જી રે.
ભલે હોય જળ ઊંડાં,
આપણે સીંચીએ જી રે.
છો ને હોય કાળ ભૂંડા,
આપણે હીંચીએ જી રે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભલે હોય અગનઝાળ,
ફૂલમાળ જાણીએ જી રે.
છો ને આવે અંતકાળ,
અંતરથી માણીએ જી રે.

ઠે. સૂરજબા મહિલા આર્ટ્‌સ કૉલેજ, નડિયાદ-૧

**"કસાઈ"/દીપક જગતાપ**

રેશમ-વીંટ્યા વસ્ત્ર વચ્ચે તરછોડાયેલા
દૂધ વિના તરફડતા નવજાત શિશુને
આક્રંદ કરતું જોઈને
સુકાઈ ગયેલાં ગાયનાં આંચળ,
લોહી પડે, ...વછૂટવા માંડે
દૂધમલ વહાલની શેરો...
ને અચાનક શાંત થઈ જાય શિશુનું રુદન!
ત્યારે સમજવું કે
વસ્તી-ગણતરીમાં વધી પડેલું
શેષ ભારતનું
સિત્તોર કરોડમું એ
હશે સંતાન...! અને
દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં
સુક્કાભઠ રણમાં
સુક્કા પીળા ઘાસનું એકાદ
તણખલું જોઈને
ભૂખી-તરસી ગાયની આંખોમાં
ઊગી નીકળે જો એકાદ લીલો થોર
ને પીળી એની આંખો
લીલાંછમ્મ સ્વપ્નો જોતી જોતી
ત્યાં જ પોતાના પ્રાણ ત્યાગી દે, ત્યારે
"કસાઈ" નામનો માણસ
પૂછડું આમળીને ખેંચી જાય કસાઈવાડે,
ત્યારે સમજવું કે-
ગાયના દૂધની શેરોથી શાંત પડી
ગયેલું એ બાળક, ખરેખર તો
કસાઈ થવા માટે જ
દૂધ પીને ઊછરતું હોય છે...!!

ઠે. સી.૩, વડિયા પૅલેસ, ફૉરેસ્ટ કૉલોની,
રાજપીપળા-૩૯૩૧૪૫

**લોકકથાની નાયિકા/હર્ષદેવ માધવ**

પાન તોડવાનું છે અમને આળ, ચરકલડી અમે.
એ છતાં દેશો ન, દાદા! ગાળ, ચરકલડી અમે.
ચાડિયાના રૂપમાં દરિયો સતત ઊભો રહ્યો,
એટલે સમજ્યાં નર્યો દુષ્કાળ, ચરકલડી અમે.
એક તરણું ખોઈ નાખ્યાની સજાના રૂપમાં
વીંખીએ કાંઠા હવે રૈતાળ, ચરકલડી અમે.
ક્યાંક પીગ-નામના ટાપુ ઉપર વસડાઈને
કંઠ વચ્ચે ચીસ અંતરિયાળ, ચરકલડી અમે.
ડાળખીથી ચિર-વિયોગી પાનનાં વસ્ત્રો સજી
રંગ-લીલા પૂજતાં જઈ ડાળ, ચરકલડી અમે.
ચાંચભર ચોમાસું લીધું, ચાંચભર આકાશ કે,
ચાંચમાં અટક્યું સમય-જંજાળ, ચરકલડી અમે.
રણ મળે તોપણ ઝુકાવી શિર, હવે ચાલો પસંદ,
થોરને કંઠ શશું વરમાળ, ચરકલડી અમે.

ઠે. સી-૨૪૭, ભાવના ઍનામેન્ટ્સ, વાસણા
બૅરેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭

**સ્થિતપ્રજ્ઞ/નવનીત વ્યાસ**

પર્ણને અફસોસ નથી, ઉલ્લાસ નથી,
સૂરજ ઊગે કે આથમે,
પુષ્પો ફૂલ્યાં ફાલ્યાં કે ચીમળાઈ ગયાં,
ઘંટીના પડિયાની જેમ એનો ક્રમ તો
અવિરત જ રહે, તોયે પર્ણ કદી રોતાં નથી,
કદી હસતાં નથી.
ખોબલે પવન ઝીલી, હવે સૂરજ પાથરી
ઘણુંએ ઘૂમ્યાં, ઘણુંએ નાચ્યાં
તોયે પર્ણ રોતાં નથી, હસતાં નથી.
સરવર-જળમાં પથ્થર નાખો
કૂંડાળાં ગણ્યા જ કરો, ગણ્યા જ કરો
ને પછી નરી શૂન્યતા, સરિયામ શૂન્યતા,
અહીં પણ એવું જ: ન રોવું, ન હસવું,
જીવવું સ્થિતપ્રજ્ઞ થઈ. વસંત આવે ને પાંગરવું,
પાનખર આવે ને ખરી પડવું,
નિયમિત ચાલતા ક્રમને શા માટે,
હદ! ન ઉલ્લાસથી અજવાળવું?

ઠે 'નિષ્ઠા', નિત્યાનંદ સોસાયટી, અમદાવાદ-૬૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શૂન્યનું સર્જન**/ગોવિંદ એમ. જેઠવા

જા, જૂનું જઈ આવ,
નવલને સંદેશો આપી આવ.
ઉગ્યા વગર જઈ આવ,
સંસ્કૃતિનો વારસો લાવ,
પથિક ! તું અવનિ પર આવ,
પુરાયેલી સંસ્કૃતિનાં પડ ખોદી કાઢ,
ઉત્કર્ષ જીવનની પ્રેરણા આપ,
શાંતિના માર્ગની કેડી પાડ,
જા, જૂનું જઈ આવ.
નવલને, સંદેશો આપી આવ,
ઉગ્યા વગર સર્જન તું લાવ.

કે. મિસ્ત્રી ફળિયા, અંજાર–૩૭૦૧૧૦

**જર્જરિત આવાસ**/આર. જે. નિમાવત

અણગમ્યા સંન્યાસ જેવી જિંદગી,
રામના વનવાસ જેવી જિંદગી,
સાવ પોલા વાંસ જેવી જિંદગી.
જર્જરિત આવાસ જેવી જિંદગી.
વાંક કે અપરાધ વિણ સબડી રહી
બંધ કારાવાસ જેવી જિંદગી.
વૃક્ષને ઘેરી વળી છે પાનખર,
પાંદડાંના શ્વાસ જેવી જિંદગી.
દાવ ઉપર દાવ ખેલ્યે જાય છે,
છે યુધિષ્ઠિર–આસ જેવી જિંદગી.

૧૬૬૧/બી, વકીલ સોસાયટી, સરદારનગર,
ભાવનગર–૩૬૪૦૦૧

**ગીત..../** કિશોર પંડ્યા

તારી યાદના દીપક સળગ્યા કરે,
ના અજવાળું, ના અંધારું, છાયું ધુમ્મસ વળગ્યા કરે,
તારી યાદના દીપક સળગ્યા કરે
તું આવે તો મનડું મારું ઝરમર ઝરમર,
ના આવે તો આંખો વરસે ઝરમર ઝરમર,
મારો સંદેશો આપી જા તું,
સપનું અહીંયાં પીગળ્યા કરે,
તારી યાદના દીપક સળગ્યા કરે...
હોય સમીપે તો લાગણી આ ઝળહળ ઝળહળ,
દૂરતા તારી થઈ આકાશી ઝળહળ ઝળહળ,
આવી જા બસ મનની સંગાથે ઘર,
આ મહેક ચગળ્યા કરે,
તારી યાદના દીપક સળગ્યા કરે...

૪૪, સહયોગનગર, ચીખલી રોડ, બિલીમોરા–૧

**નવા વરસ !** કૌશિક દીક્ષિત

એ જૂનાં વરસો જોડે તારો
કિયો તે નાતો ? બોલ...નવા વરસ !
નદી–નાળાં ને ગામ–જંગલ–દિશા–ઘર
ઉપાડ્યા સૌ મુકામ; ભાળ ન બરાબર !
સૌ વાટ હૈને —
કે ઘાટ હૈને —
ઉઠાવીં લે અણમોલ...નવા વરસ !
ભીંતો પર છે દરવાજા, ન જાળાં,
બંધ બધું ને અંદરથી તાળાં !
સૌ મા'ત શૈને –
બાકાત શૈને –
બેઠાં એમને ખોલ... નવા વરસ !
કેટલા વિચારો કાઢ્યા બાળી,
તોયે મનની સૌ મિરાત કાળી.
સૌ કાળ જૈને –
અજવાળ જૈને –
સહુ સાથે પછી ડોલ... નવા વરસ !
એ જૂનાં વરસો જોડે તારો
કિયો તે નાતો ? બોલ... નવા વરસ !

ઠે. ૭૭૮, આમલીરાન, સુરત–૩૯૫૦૦૩

**ગઝલ.../**જિતુ પુરોહિત

એટલે સ્વપ્નાંને ચીતરવાં હતાં.
ઉત્સવો બે–પાંચ ત્યાં કરવા હતા.
શ્વાસની ઇચ્છા સતત સળગી રહી,
ઝાંઝવાંને આંખમાં ભરવાં હતાં.
સાંજ ઢળતાં વાદળી વરસી પડી,
આયખામાં ઘાવ સોસરવા હતા.
હોઠ ઉપર શબ્દનો પડદો હતો,
મૌનથી મહેમાન નોતરવા હતા.
સ્તબ્ધ છે ઇતિહાસ કેરો આયનો,
માનવીઓ આજના વરવા હતા.

ઠે. પલ્લવીનગર, કેશોદ–૩૬૨૨૨૦



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**છીછરા ઓવારામાં/કિશોર રામદેવપુત્રમ્**

ઝરમરનું યે નામ નથી મોસમના વરતારામાં,
ઓગળતું અંધારું જઈ વીજળીના ઝબકારામાં
દર્શન દો, ક્યાં લગી રહેશે આપ અમથી અંધારામાં ?
રેત વિરહની ધૂસવતી આંખ્યુંના અણસારામાં.
આવે ના મચકોડ ક્યહીં કેહૂકુના લચકારામાં.
નાખો પવન વીંઝણો લઈ કોઈ હવે મૂંઝારામાં.
મીન તરસતી તરફડતી તરસી સાગર ખારામાં,
વહાણ ક્યાં જઈ લાંગરવું આ છીછરા ઓવારામાં ?
થોડી તો સારપ હશે જ જણ હરએક નઠારામાં.
વિચારશોના કાંઈ ગલત આપ 'ભ્રાતૃ'ના બારામાં.
ઠે. ભારતીય સ્ટેટ બૅન્ક, લુણાવાડા-૩૮૯૨૩૦

**સમય / કનૈયાલાલ ભટ્ટ, 'ચિંતક'**

સૂર્યને હું ખોતરું છું સમય થૈ,
કાર્ય મારું હું કરું છું સમય થૈ,
કોણ ક્ષિતિજે બાંધશે એ હાથમાં ?
ક્યારનો હું કરગરું છું સમય થૈ.
સ્તબ્ધતા ચોતરફ વાતાવરણ,
શ્વાસમાંથી સંચરું છું સમય થૈ,
બંધ મુઠ્ઠીમાં ઘણા ઇતિહાસ છે,
બંધ મુઠ્ઠી હું કરું છું સમય થૈ.
હસ્તરેખા એ ભલે ભૂંસી બધી,
જિંદગી સામે ધરું છું સમય થૈ.
સ્મરણોનાં પર્ણ કેવાં ઝળહળે !
વૃક્ષ પરથી હું ખરું છું સમય થૈ.
બિંબ મારું રક્તભીનું પણ હશે,
શિલ્પ જેવો થરથરું છું સમય થૈ.
શબ્દ ડૂબે, અર્થ ડૂબે, પ્રાસ પણ,
આ ગઝલમાં હું તરું છું સમય થૈ.
ઠે. રામમહેલ પાસે, હબસાના ડેલામાં, ધ્રાંગધ્રા

**ગઝલ/ગજાનંદ પટેલ**

ડૂબે સમંદર વેણ ઓથે તો મરણગતિ સાર્થ કે...
આ ભેખપલટો લાવવા માટે નદીઓ વ્યર્થ કે...
ગતિશીલતા પણ આજ ઝરણાં સાથમાં ટોળે વળે,
ધુમ્મવાટની સાથે નયનમાં ઘર કરેલો માર્ગ કે...
ઊંડાણમાં ડૂબી જવું ને બાહ્ય રીતે દ્વૈત હો !
અંતઃસ્થ ક્ષણોમાં રચાતું એક સ્મરણતીર્થ કે...
વૃક્ષો પછી ક્યાં શ્વાસ લેવા વાયરા રોકાય છે ?
પીળાશના સંગાથમાં ઉત્સવ સુધીનું હાર્દ કે..
ભરચક અને એકાંતની વચ્ચે જગા સમતોલ છે !
સમતોલ પડછાયા ઉછેરી કોઈ રૂપે પૂર્ણ કે...
ઠે. આર્ટ્સ-કોમર્સ કૉલેજ, ચીખલી-૩૯૬૫૨૧

**એક કાવ્ય/અરુણ નાયક**

હું
ધસમસતું કાર્ય છું,
મારે સંબંધ છે
એવા તમામ સાથે,
જેઓ ઉતાવળા હોય,
પછી ભલે ને
એઓ ગમે તે ઉંમરના
કેમ ન હોય !
દરેકને મન મારી આવશ્યકતા છે,
પરંતુ અયોગ્યપણે !
હું આજે ધસમસી રહ્યો છું,
કારણ કે
હું ગઈ કાલ સુધી વ્યવસ્થિત નહોતો.
હું તમામ અવરોધમાંથી
બહાર નીકળી શક્યો છું,
પરંતુ એ માટે મારે
ભારે કિંમત ચૂકવવી પડે છે.
હું પ્રચલિત ઉક્તિ ટાંકું છું
'ઉતાવળા સો બાવરા,'
પરંતુ હું નિષ્ઠુરપણે
ધસમસી રહ્યો છું...કારણ કે
ધસમસતું કાર્ય છું.
ઠે. આર્ટ્સ કોમર્સ-કૉલેજ, ચીખલી-૩૯૬૫૨૧

**ગઝલ/નંદન અંધારિયા**

અહીંયાં વરસે મોસમ કોરાં,
આપ રહ્યા ત્યાં કોરા કોરા.
ઉભયની વાતોના ટુકડા
વાગોળે આદમના છોરા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતર યુગોનું લોપીને
સાથ રહો છો ઓરા ઓરા
ગઝલોના શબ્દોને પૂછો,
ગુંજી ગાશે ડોલર મોરા.
રંગાયો છું એક રંગમાં,
ભેદ નથી કૈં કાળા-ગોરા.
ઘરની વાર્તા બા'ર પડી ને
છલકી ઊઠ્યાં ચોરાં-ચોરા.
જડ જેવો 'નંદન'નો ચહેરો,
પથ્થર સામે કરતો નોરા.
ઠે. હા. બોર્ડ કોલોની, બ્લોક નં. ૨
HST ૨૩, ભાવનગર-૩૬૪૦૦૧

## દર્દ/અશોક તળપદા

ઊંચા નીચા આકાશે તારાં નયનો ચમકે,
એમ આ દિલ સાથે તારી યાદનાં વૃંદ ચમકે.
આ દિલ સાથે ખોવાયેલ પ્રણયની યાદ આવે,
રવિની ચમકથી તારલા અદૃશ્ય થઈ મા'લે.
શરણાઈના સૂર આપે દુઃખની યાદ,
અધિક દુઃખ આપે તારા વિયોગની યાદ.
રંગીન મહેલ પાનેતર પ્રિયાને છુપાવી રાખે,
સ્વજનોની ટોળી પ્રિયાને રોકી રાખે.
અશ્રુવિહીન નયન આ તમાશો જોયા કરે,
મૂંગું દિલ છાનું છાનું રડયા કરે.
નથી એને દિલાસો દેનાર કોઈ સાથી,
જનાર તો જાય છે મૂકી દુઃખનો સાથી.
ઠે. શંકરનિવાસ, મુ. ગોલેલ (તા. બોરસદ)-૩૮૮૪૮૦

## થયું/પ્રહ્‌લાદ મિસ્ત્રી

ભાલથી ઘૂંઘટ ખસ્યો ને મુખનું દર્શન થયું,
તડપતા દિલના વિરહ કેરું વિસર્જન થયું..
આપને મળવાનું મુજને જ્યારે જ્યારે મન થયું,
તમારા સમ, ત્યારે ત્યારે સ્વપ્નમાં દર્શન થયું..
કોણ જાણે કેમ આજે ચેન કંઈ પડતું નથી.
યાદ આવી એમની ને છલકતું લોચન થયું..
ખરું કહું છું, મેં તમોને હમણાં જ યાદ કર્યા.
આપ આવ્યાં તો અમારું આંગણું પાવન થયું..
ખોટનો ધંધો કરું, પણ છેતરું નવ કોઈને.
સ્વાર્થી સંસારમાં પણ ધર્મનું પાલન થયું..
તું ભલો ભગવાન છે, તો હુંય સેવક છું ભલો.
યાદ કરતાં આપને મારું જીવન પાવન થયું..
ભવસાગર પાર ઊતરાશે કે નહિ, ખબર નથી.
આવડ્યું એવું મારાથી કિરતારનું કીર્તન થયું..
હાકલ કરી યમ રાજાએ તેથી એ ચાલી નીકળ્યો.
આત્મા પરમાત્મા બન્યો ને ખોળિયું ખંડન થયું..
પાનખર તું આપે અને મને લઈ જાય છતાં
અમને સતત પર્ણ થઈ જ-મવાનું મન થયું..
ફૂલની જેમ જીવીને મ્હેંકી ઊઠીએ જીવનભર,
કેટલાયે કાંટાઓનું ફાજલ આવન-જાવન થયું..
મિત્ર મારા સર્વ સારા તે છતાં, 'ફાજલ' કહે :
કોણ જાણે ક્યાંયથી આ નામનું શોધન થયું !
ઠે. ૪૬૧, તળાટી શેરી, વટવા-૨૮૨૪૪૦

## ગીત/ભરત યાજ્ઞિક

તૂટેલા ગઢમાંનો કાંકરો ય કિલ્લાની જેવો
અકબંધ હજી લાગે...
ખોલાતી બારીથી ડંકા નિશાન પછી
સાહસનાં પૂર...પછી પૂર...,
ઓળંગી ખાઈને કેસૂડાં પૂરમાં ઝંપલાવે,
કાંઠા ચકચૂર...
કાંઠાના જેવું'ય પછી રહી ન શકે છે, એમ
ચોમાસું તાણા પછી જાગે...તૂટેલા...
સોળે શણગાર સજી કાંઠાનું રૂપ કરે,
કંકુની આગ વડે સાથિયા.
ભીંતો-શેરી-છજાંઓ ઉંબરો જુએ છે હજી
ઝાલરનાં કોઈ હવાતિયાં.
મધરાતે સૂતેલા સૈનિકને કદી ચીસ
ફૂલકું હવાનું સાવ લાગે...
ઠે સી-૨૪૭, ભાવના ટેનામેન્ટ્સ, વાસણા
બેરેજ રોડ, અમદાવાદ ૩૮૦૦૦૭

## કચ્છી વાણીજો વીરડો/હરિદાસ કે. ઠક્કર

૦ જીવ માત્રજો શુભ મંગલ થિયે,
નવે કેંકે કીં દુખ,
પ્રભુ કરુણા કરે, હરિ, ઉ મિણીકે સન્મતિ ને સુખ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવ માત્રનું શુભ મંગલ થાઓ, કોઈને કંઈ દુઃખ ન હો.હે પ્રભુ! કરુણા કરી સૌને સુખ અને સદ્‌બુદ્ધિ આપો.

○ દો દિન જિંદગી કી ચારજી,
કુલાગ રખણું કૈસે વૈર ?
○ મનસેં મંગલ ભાયો મિણીજો,
હરિ ખુશ્યા કરિદ્યો ખેર.

આ ચાર દિવસની જિંદગીમાં શા માટે કોઈ-નાથી વેર રાખવું ? મનથી સૌનું મંગલ ઈચ્છવું, તો ઈશ્વર સૌનું ભલું કરે.

○ ભલાઈ વિને ન વાંઝણી, અંઈ કરેઓ કમ ભલા,
જ વિસરંધા માડુડા ત પણ,
ન વિસરંધો હરિ અલા.

ભલાઈ ક્યારે પણ વાંઝણી નહિ જાય. જો માણસો એ ભુલી જશે તો પણ ઈશ્વર-ખુદા એ નહિ જ ભુલે, એનો શુભ બદલો જરૂર આપશે જ, માટે ભલાઈનાં કામ કરો.

○ વધાયો હરિ વસંત કે સંભારે શિશિર;
પતઝર પણ પુઠેરી થિયે, જ ટિકાય રખો ખમીર.

વસંત-સુખના દિવસો ખુશીથી માણો, સાથે દુઃખને પણ ભૂલી ન જાઓ. દુઃખમાં ખમીર ટકાવી રાખશો તો માઠી દશાને પણ પાછળ રહી જવું પડશે અને વસંત મહોરી ઊઠશે.

○ છાંવડો આધાર જીવનજો, ઝાડ આય ધરમશાલા.
ઈજ ચબુતરો, ઈ જ વિસામો
જુકા ડે થધા મિઠી છાયા.

ધર્મ અર્થે કોઈ ધર્મશાળા કે પંખીઓ માટે ચબૂતરો અથવા બસ-સ્ટેશને વિસામો વગેરે બંધાવે છે, પણ એકાદ વિશાળ ઝાડ રોપીને ઉછેરવાથી એમાં ઉપયુક્ત સઘળું આવી જાય છે અને એના અન્ય ફાયદા પણ અનંત છે.

○ નિજકર્મ કર્યો અંઈ જગ મથે, છડે ફલજી આશ,
સ્વ-કર્મ આય સચ્ચો ધરમ, રખો હરિ-વિશ્વાસ,

તમારા ભાગે જે કામ કરવાનું આવ્યું હોય તે નિષ્ઠાથી, કરો ફળની આશા ન રાખો. સ્વ-કર્મ પોતાનું કાર્ય કરવું એ જ સાચો ધર્મ છે, એવું વિચારી ઈશ્વરમાં વિશ્વાસ રાખો.

○ પાપ વધે પૃથ્વી મથે ને થિયે ધરમજી હાણ્ધે.
તડેં સંતેકે ઉગારેલા, હરિ, જનમ ધરિયેંતા પાણ.

જ્યારે પૃથ્વી ઉપર પાપ વધી જાય છે, ધર્મને હાનિ પહોંચાડાય છે, સંતોને કષ્ટ અપાય છે ત્યારે સાચા સંતોને ઉગારવા ઈશ્વર પોતે જન્મ ધારણ કરે છે.

○ ઠલેં હથેં આયા ભલેં, પણ ઠલેઠલા મ વેંજા;
જીવ-સેવા હરિ-સ્મરણજો ભથ્થો ભેરો કેજા.

પૃથ્વી પર ખાલી હાથે આવ્યા તેમ ખાલી હાથે પાછા ન જતા. જીવ-સેવા-સ્મરણ-દયા-દાન-પરોપકારનું ભાથું (ભેરું) કરજો.

સુખ-દુખમેં જુકો સમ રે, છડે હરખ ને શોક,
પિરભુ-કાર્ય સમજી નિજ કર્મ કરે,
હરિ, સુધારે લોક-પરલોક.

○ સુખ અને દુઃખમાં જે સમત્વ ધારણ કરે છે, હરખ અને શોક જેણે મૂકી દીધા છે અને પ્રભુ-કાર્ય સમજી પોતાનું કાર્ય કરે છે તેના આ લોક અને પરલોક બંને સુધરી જાય છે.

○ આંઉ કરિયાં રે આઉ કરિયાં, ઈ જ આય અજ્ઞાન.
લિખેઓ થિયે હરિ વિધાતા નિમિતપિરમાણ.

○ હું કરું છું એ જ અજ્ઞાન છે. ઈશ્વર નિર્માણ કર્યું હોય તેમજ થાય છે અને દરેક વ્યક્તિને એનાં કરેલાં કર્મો અનુસાર ફળ ભોગવવું પડે એ ઈશ્વરીય નિયમ છે, માનવ તો માત્ર નિમિત્ત જ બને છે.

○ ઝાડ કડેં ન કાંપેયાં ન જજા પોખિયાં ઝાડ.
વ્યસન મિડે છડે ડઆં, નંઢા રખો પરિવાર.

○ આપણે સૌ ક્યારે કોઈ ઝાડને ન કાપીએ તેમજ ઘણાં ઝાડ ઉછેરીએ અને નુકસાનકર્તા વ્યસન બધાં મૂકી દઈએ તેમજ પોતાનો પરિવાર નાનો રાખીએ.

○ પીડા પુજાયજો કામ જેંજો કંઢો ને કુ-જન,
માર જોડો તંજે મુંહાંત 'હરિ',કાં છેટો રો જોજન.

પારકાને પીડા પહોંચાડવી એ જ જેનું કામ છે તેવા પગમાં વાગતો કાંટો અને દુર્જન એ બંનેને મોઢે જોડા-બુટ મારી મોઢું ભાગી નાખવું જોઈએ અથવા તો એમનાથી ઘણા જ દૂર રહેવું જોઈએ.

ઠે. હાઈસ્કૂલ, કેરા-૩૭૦૪૩૦



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**એક ઇંદ્રવજ્રા/અલ્પ ત્રિવેદી**

આકાશ આખું દરિયો સ્મરે ત્યાં,
કે સૂર્ય રાતા ક્ષિતિજે ઠરે ત્યાં,
સુક્કી હથેળી ગત કાળ ઘૂંટે
અસ્વસ્થ સ્પર્શે નભ વિસ્તરે ત્યાં.
ચાલી રહ્યા દર્પણ સાથસાથે.
સંબંધ લીલો ક્ષણ સાંભરે ત્યાં.
સિંદૂરભીની મુજ આંગળીઓ,
તું પાળિયો શે પથ આંતરે ત્યાં.
હું 'અલ્પ' નામે ઝરણું વહું છું.
હોડી હજારો તટ નાંગરે ત્યાં.

ઠે. ૧૪, ગાયત્રીનગર, મહુવા–૩૬૪૨૯૦

**ઉત્ખનન/ગુણવંત ઉપાધ્યાય**

ઉત્ખનનથી સાંપડે બે રત્ન સરખાં.
એ નયન, કર ઉત્ખનન.
ને ક્ષિતિજો વિસ્તરીને થાય ગાતું
ઉપવન, કર ઉત્ખનન.
સાંભરી લે કાન સરવે તળપદા!
બે–ત્રણ ભજન, કર ઉત્ખનન.
આંખ આશ્ચર્યો મઢાવી યત્ન વિણ
લે આચમન, કર ઉત્ખનન.
ચોસલાંઓ એ સમયનાં સાંચવેલાં
મ્યુઝિયમના કાચમાં,
કાચ તોડી બારણે ઊભાં રહે
ગાતાં કવન, કર ઉત્ખનન,
કાળના થર થર ઉપર થર કેટલાએ
થર હશે એ સ્થલ ઉપર,
એ સમયના બોલ ટહુકે કાલક્રમ
તો, આપ્તજન! કર ઉત્ખનન.
એ નયનનો ભાવ કવિતા, એ નયનનો
લય ગઝલ કે ગીત હો,
વાંસળીના સૂર છેડો એ જ સંવાદી
શ્વસન, કર ઉત્ખનન.
કાળખંડો પર નજરને ટેકવી લે,
ફેરવી લે હાથ પણ,
એકદમ તારું પ્રફુલ્લિત થઇ જશે
ઉદાસ મન, કર ઉત્ખનન.

**આ સપનું !/જયંતિ ધોકાઈ**

આજે જાણે વિષધર પર બેઠું છે વિશ્વ આખું।
ચોમેર ફેલાયાં છે હિંસક આંદોલનો ને છતાંય
હિંસાથી હીબકાં લેતા દેશવાસીઓને
હજુય સપનું સતાવે છે રામરાજ્યનું।

ઠે. જવાહર રોડ, ઓખા–૩૬૧૩૫૦

**"સંધ્યા"/–અજ્ઞાત**

(રથોદ્ધતા)

રાનમાં સહજ સાંજનાં જતો,
મંદ વાત મન ઝૂલવી જતો.
અંગ સંગ લય તાલ મેળવી,
ગીત ગંધ સૂર વેરવી જતો,
રાનમાં જરીક ઝાંઝવાં હતાં,
પંખી લોક અવ નીડમાં જતાં.

કુંજમાં શબ્દ કોકિલા કરે,
ચાંચમાં કણ સમેત સંચરે.
અંધકાર જવ હાથ પાંગરે,
આભમાં તરલ તારકો ખરે.
પામશે નયન ચંદનો મિનો,
હોય જો શુકલ પક્ષના દિનો.
ચાંદની ખળળ આવતી હતી,
નીક શું ધવલ દૂધની થતી!

ઠે. ૬, કાળુભારોડ, ભાવનગર–૩૬૪૦૦૧

**ગઝલ/દિનકર, 'પથિક'**

જિંદગી કોઠે પડી ગઈ, એક ઈચ્છા જ્યાં અડી ગઈ.
માંડ રોકી'તી નદીને, કોણ જાણે ક્યાં દડી ગઈ!
મૌનની ભાષા શીખું છું, ઠેસ શબ્દોની નડી ગઈ.

હર ક્ષણે અથડાઉં છું હું, હર ક્ષણો મુજને ઘડી ગઈ.
ખોઈ'તી ગત જન્મમાં જે, તે જણસ હમણાં જડી ગઈ.

રોજ પૂછે વૃક્ષ કે ક્યાં, ડાળ પરથી પાંદડી ગઈ?
કાફલો અહીંથી ગયો ને ધૂપની ડમરી ચડી ગઈ.

ઠે. બી/૪.–શ્યામસુંદર એપાર્ટમેન્ટ્સ, ઘોઘા
સર્કલ, ભાવનગર–૩૬૪૦૦૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અબ્દુર્રહીમ ખાનખાનાન

શ્રી. હસમુખ વ્યાસ

પ્રસિદ્ધ ઈતિહાસવિદ યદુનાથ સરકાર જેને 'મધ્યયુગીન ભારતનો મેસિનેસ' ગણાવે છે તે અબ્દુર્-રહીમ ખાનખાનાનનું સંપૂર્ણ જીવન અનેકવિધ પ્રવૃત્તિઓથી વિશિષ્ટ રહેલ છે. સમ્રાટ અકબરનાં નવ રત્નોનું આને એક અનોખું રત્ન ગણી શકાય, કેમકે એ જેટલો તલવારમાં માહિર હતો તેટલો જ કલમમાં પણ કાબિલ હતો ! આથી જ તો એને 'સાહિબ-ઉસ-સેફ-વ કલમ(કલમ અને તલવાર બંને પર સમાન અધિકાર ધરાવનાર)'નું બિરુદ પણ અપાયેલું.

એનો જન્મ તા. ૧૭-૧૨-૧૫૫૬ (સફર, ૯૬૪ હિ.)ના રોજ લાહોરમાં થયેલો. એની માતા જમાલખાન મેવાતીના દ્વિતીય પુત્રી હતી. મેવાતના શાસકો પહેલાં રાજપૂત હતા, પછીથી ઈસ્લામ સ્વીકારેલો. એનું બાળપણ ભારે વૈભવ-વિલાસમાં વીત્યું હતું.

પિતા બહેરામખાન 'ખાનખાનાન'ની પદવી શોભાવતા હતા, એટલું જ નહિ, બાળ સમ્રાટ અકબરના સંરક્ષક પણ હતા, પરંતુ ત્યારે મુઘલ દરબારમાં જૂથબંધી ચરમ સીમાએ હોઈ મોટા ભાગના અમીરો બહેરામખાનને અપદસ્થ કરવામાં કાર્યરત રહેતા હતા. એણે પણ સત્તા ને શક્તિનો અતિરેક-પણે દુરૂપયોગ પણ કરેલો. આની સાથે અકબર હવે વયસ્ક થતા એને પણ એની રીતિનીતિ ખટકવા લાગી. ફલતઃ એની સત્તામાં કાપ મૂકવાના પ્રયત્ન શરૂ કર્યા, તો આની સામે બહેરામખાને અંતતઃ વિદ્રોહ કર્યો, જેને સખત હાથે દાબી દેવામાં આવ્યો. એને લગભગ સત્તાહીન બનાવી દેવાયો, પરંતુ ભૂતકાળના એનાં સેવા ને સમર્પણને ધ્યાનમાં લઈ અકબરે એને ક્ષમાદાન આપ્યું ત્યારે એણે આ બધાંથી છૂટવાનો નિર્ણય કરી સપરિવાર હજ કરવા જવા દેવા વિનંતી કરી, જેનો સહજ સ્વીકાર કરાયો. આમ સામ્રાજ્યની સત્તા-શક્તિ છોડી એ બાળ અબ્દુર્રહેમાન તેમજ અન્ય કુટુંબીજનો તથા થોડા વિશ્વાસુ સાથીઓ સાથે મક્કા જવા નીકળ્યો. માર્ગમાં ગુજરાતમાં પાટણ મુકામ કર્યો. અહીં સહસ્રલિંગ તળાવમાં એક સંધ્યાએ એ નૌકાવિહાર કરતો હતો ત્યારે મુબારક લોહાના નામના પઠાણે એની હત્યા કરી નાખી (૩૧-૧-૧૫૬૧), એટલું જ નહિ, એના પરિવાર પર પણ આક્રમણ કરી લૂંટફાટ કરી. બહેરામખાનના વિશ્વાસુ સાથીઓએ બાળ અબ્દુર્રહેમાન તેમજ સ્ત્રીઓને બચાવી અમદાવાદ પહોંચાડ્યા. ત્યાંથી છેવટે અકબરને શરણે આવ્યાં. અકબરે પણ એ સહુને આદરથી સરકારી પનાહ દીધી ને બાળ અબ્દુર્રહેમાનના ઉછેરની તમામ જવાબદારી સ્વીકારી. બાળ અબ્દુર્રહેમાનના વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ અકબરે એને 'મિર્ઝાખાન'ની પદવી પણ આપી. આમ, એ અકબરની છત્ર-છાયામાં ઊછરવા લાગ્યા.

બેશક, એના પ્રારંભની શિક્ષાદીક્ષા વિશે આધારભૂત કોઈ માહિતી મળતી નથી. હા, પિતાની વિચક્ષણ બુદ્ધિ, દૂરદર્શિતા પરાક્રમશીલતા દાનશીલતા, અપૂર્વ બુદ્ધિ-પ્રતિભા વગેરે ગુણો અબ્દુર્-રહેમાનમાં પણ વિલસતા હતા. આ શિક્ષા દરમ્યાન એણે ફારસી અરબી તુર્કી તેમજ સંસ્કૃત પણ શીખેલ. સંસ્કૃતના શાસ્ત્રીય જ્ઞાનમાં તો એ 'ભોજતુલ્ય' હોવાનું 'વંશભાસ્કર'ના કર્તા સૂરજમલ નોંધે છે.

૧૫૭૨ માં અકબર ગુજરાત-વિજય માટે પ્રથમ વાર (ગુજરાત) આવેલા ત્યારે એને પણ સાથે લાવેલો. આ વિજય બાદ બાદશાહના પરત થતાંની સાથે જ પુનઃ વિદ્રોહ થતાં ૧૫૭૩ માં અકબર ફરી શીઘ્ર ગુજરાત આવી પહોંચ્યા ત્યારે શાહી સેનાના મધ્ય ભાગનો એને સંચાલક બનાવેલો. આને એક મહત્ત્વનું પદ ગણી શકાય. આ પછીના ત્રણ વર્ષે (૧૫૭૬ માં) ચાર હજારી મનસબદારી સાથે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુજરાતના શાસક (ગવર્નર) તરીકે એની નિયુક્તિ થઈ. આ સમયે ગુજરાત જિતાયેલ હોવા છતાં અશાંત હતું. અહીંથી ટૂંક સમયમાં એને પરત બોલાવી લેવાયો. અકબરની ઇચ્છા એને પ્રત્યક્ષ રણનીતિની તાલીમ આપવાની હતી, આથી રાણુ પ્રતાપનો પીછો કરવા જે સેના મોકલાયેલી તેમાં એને પણ મોકલાયો. અહીં એને યુદ્ધની પ્રત્યક્ષ તાલીમ મળ્યા બાદ અકબરે એને વહીવટી તાલીમ માટે મીર અર્જના પદે નીમ્યો (૧૫૮૦). આ પદ અતિ મહત્ત્વનું ગણાતું. બાદશાહના અંતઃપુરના અધ્યક્ષપદ જેટલું એનું મહત્ત્વ ગણાતું. બાદશાહ અને પ્રજા વચ્ચેના સેતુ જેવા આ પદને અબ્દુર્રહેમાને ખૂબીથી નિભાવ્યું. એવામાં અજમેરમાં વિદ્રોહીઓએ ઉપદ્રવ મચાવ્યાના સમાચાર આવતાં તુરત જ એને દબાવવા અકબરે એને ફોજ સાથે રવાના કર્યો. ત્યાં એક વર્ષ રહ્યા બાદ પરત બોલાવી ગાદી-વારસ યુવરાજ સલીમના શિક્ષક ('અતાલીક') તરીકે એને નિયુક્ત કર્યો (૧૫૮૨).

૧૫૮૩ માં ગુજરાતના ભૂતપૂર્વ શાસક મુઝફ્ફરે વિશાળ સેના એકઠી કરી અમદાવાદ પર ચડાઈ કરી, ત્યાં રહેલી શાહી સેનાને હરાવી અમદાવાદમાં વિજયી પ્રવેશ કર્યો (૪-૪-૧૫૮૩). ગુજરાતના આ સમાચારથી અકબર ચિંતિત થયો. ઊંડી વિચારણા બાદ એણે અબ્દુર્રહેમાનને ગુજરાતનો રાજ્યપાલ નીમી વિશાળ સેના સાથે ગુજરાત રવાના કર્યો. એણે પણ સરખેજના યુદ્ધમાં શત્રુસેનાને ભયંકર શિકસ્ત આપી (૧૬-૧-૧૫૮૪) ગુજરાત પર પુનઃ કાબૂ મેળવ્યો, એટલું જ નહિ, ટૂંક સમયમાં શાંતિ ને સુલેહભર્યું વાતાવરણ પણ સ્થાપી દીધું. એના આ કાર્યથી ખુશ થઈ સમ્રાટે એને 'ખાનખાનાન (ખાન-ઈ-ખાનાન-ઉમરાવોનો પણ ઉમરાવ)'ની પદવીથી વિભૂષિત કર્યો. ૧૫૮૪-૧૫૮૫ ના ઑગસ્ટમાં એ ગુજરાત-વિજય-અભિયાન સંપન્ન કરી પુનઃ સમ્રાટની સેવામાં ઉપસ્થિત થયો. ગુજ-રાતના વિજયથી એની સમગ્ર કારકિર્દીમાં ગતિ આવી ગઈ!

**દક્ષિણ પ્રદેશમાં અભિયાન** : આ સમયે દક્ષિણનાં ચાર પ્રમુખ સ્વતંત્ર રાજ્ય હતાં : ખાનદેશ અહમદનગર બીજાપુર અને ગોળકુંડા. અકબરની મહેચ્છા આને જીતી લઈ અખંડ હિંદના સામ્રાજ્ય-ની હતી. ૧૫૮૬ થી એણે ખાન આઝમને આ માટે મોકલેલો, પણ શાહી સેનાના પારંપરિક દ્વેષ ને વિ-સંવાદના કારણે જરા પણ સફળતા મળતી નહોતી, આથી છેવટે ૧૫૯૩ માં ખાનખાનાનને આ કામ સોંપાયું, પણ શાહજાદા મુરાદ સાથે એને ઉગ્ર મતભેદ થતાં છેવટે એને ત્યાંથી પરત બોલાવી લેવાયો. મુરાદ સાથે એણે સહયોગ ન કરવાથી અકબર પણ નારાજ થયેલો. આ દરમ્યાન એના પુત્ર હૈદરી તેમ પ્રિય પત્ની માહબાનોનું દુઃખદ અવસાન થયું. દક્ષિણમાંથી એને પરત બોલાવ્યા પછીથી ત્યાંની સ્થિતિ વધુ વિકટ થતાં પુનઃ એને ત્યાં-દક્ષિણમાં મોકલાયો. ત્યાં સતત યુદ્ધરત રહેવું પડતું. વળી, સેનામાં પરસ્પર વિશ્વાસ ને સહયોગનો અભાવ તેમજ અધિકારીઓમાં પણ દ્વેષભાવ પ્રબળ હોવાના કારણે એને કંઈ સફળતા મળતી નહોતી. દક્ષિણના પ્રમુખ શાસકોમાં પ્રબળ મલિક અંબર અને રાજુ દાક્ષણી હતા. છેવટે એણે મલિક અંબરને અંશતઃ હરાવી રાજુની પાછળ સમગ્ર શક્તિ કામે લગાડી. એ દક્ષિણમાં જ યુદ્ધરત હતો એ દરમ્યાન અકબરનું અવસાન થયું (૧૯-૧૦-૧૬૦૫).

અકબરના મૃત્યુ બાદ યુવરાજ સલીમ 'જહાંગીર' નામ ધારણ કરી ગાદીનશીન થયો ત્યારે ખાનખાનાન દક્ષિણના દોલતાબાદમાં હતો. સલીમ તખ્તારૂઢ થવાથી એ થોડો ચિંતિત થયો, કેમકે એ અધિક વ્યસનરત રહેતો હોવાથી અકબરને એનાથી નારાજગી ઉત્પન્ન થયેલી. વળી, એણે (સલીમે) ૧૫૯૯ માં રાજસત્તા મેળવવા ખુલ્લો વિદ્રોહ પણ કરેલો, આથી ગાદી-વારસ તરીકે અકબરે એના બીજા પુત્ર મુરાદ પર નજર ઠેરવેલ, પણ ત્યાં એનું મૃત્યુ થતાં અકબરની ઇચ્છા ફળીભૂત થઈ શકી નહિ. હવે બાકી રહ્યો ત્રીજો પુત્ર દાનિયાલ કે જે ખાનખાનાનનો જમાઈ પણ હતો. સ્વાભાવિક છે કે



For Private and Personal Use Only

ખાનખાનાન એનો પક્ષ લે, આથી એને ઉત્તરાધિકારી જાહેર કરવા એણે અકબર સમક્ષ રજૂઆત પણ કરેલ, પણ એનુંય અત્યધિક શરાબ-સેવનથી ૧૬૦૪ માં મૃત્યુ થયું. આમ, છેવટે, સલીમ જ બાકી રહ્યો ને એ જ સમ્રાટ થયો! આ બધાં કારણસર ખાનખાનાનને દહેશત થવા માંડી, પરંતુ સલીમે-જહાંગીરે કંઈ પણ ન કરતાં ઊલટાનું એક ફરમાન મોકલી, દક્ષિણસ્થિત એની સેવાને બિરદાવી એના અભિયાનને ચાલુ રાખવાની સૂચના મળતાં એ કંઈક ચિંતામુક્ત થયો, પણ દક્ષિણમાં હવે એનાં વળતાં પાણી થવા માંડ્યાં હતાં. મલિક અંબરની શક્તિ પુનઃ પ્રબળ થતાં, દક્ષિણીઓ ચોતરફ વિજય મેળવવા મંડતાં મુઘલ સરદારો ખાનખાનાન પ્રત્યે શંકા કરવા લાગ્યા, આથી જહાંગીરે એને ત્યાંથી પરત બોલાવી લીધો, પણ એનાથીય ત્યાંની પરિસ્થિતિમાં કંઈ ફેર ન પડતાં ટૂંક સમયમાં જ એને પુનઃ ત્યાં મોકલાયો, પણ હવે તો પરિસ્થિતિ અતિ વિકટ હતી. વળી, મુઘલ સરદારોનાં પરસ્પરનાં કલહ-ઈર્ષાના કારણે કંઈ સફળતા મળતી નહોતી ને એનો અપયશ ખાનખાનાન પર, આથી પુનઃ એને દરબારમાં પાછો બોલાવી લેવાયો. હવે, બાદશાહ પણ એનાથી કંઈક નારાજ હતો તોપણ પુનઃ ત્યાં જ એની નિયુક્તિ કરાઈ! હવે ધીમે ધીમે એણે પરિસ્થિતિ કાબૂમાં લઈ મલિક અંબરને પણ દબાવી દીધો. જહાંગીરે એને સાત હજારી મનસબદારી આપી.

આમ, થોડો સમય વીત્યો ત્યાં પુનઃ મલિક અંબરે માથું ઊંચક્યું. આ દરમ્યાન એના દ્વિતીય પુત્ર શાહનવાઝ(૧૬૧૯)નું અવસાન થતાં એની ખાલી પડેલ અહમદનગરની સૂબેદારી એને સોંપાઈ. મલિક અંબરની સ્થિતિ વધુ મજબૂત થતી હોઈ ખાનખાનાનની સ્થિતિ વિકટ બનતાં એણે સમ્રાટ સમક્ષ વધુ સમયની વારંવાર માગણી કરવા છતાં એની ઉપેક્ષા કરાઈ, પણ આ દરમ્યાન ૧૬૨૦ માં વિશાળ સેના સાથે રાજકુમાર ખુર્રમનું આગમન થતાં પરિસ્થિતિમાં ક્રમશઃ સુધારો થવા લાગ્યો.

જહાંગીરી સામ્રાજ્યની સમૃદ્ધિ શાહજહાંને આભારી હોઈ એ ઉત્તરાધિકારીનું સ્વપ્ન સેવે એ સહજ હતું, પણ નૂરજહાંની સ્થિતિ બીજી હોઈ દરબારમાં વિભિન્ન રમતો રમાવા લાગી. અંતતઃ શાહ-જહાંએ વિદ્રોહ કર્યો ત્યારે કોના પક્ષે રહેવું એ અંગે ખાનખાનાનને મૂંઝવણ થઈ, છેવટે એણે શાહ-જહાંના પક્ષે રહેવા નિર્ણય કર્યો. શાહજહાં સાથે એની પૌત્રીનાં લગ્ન થયેલાં પણ નૂરજહાંની કુશળ રાજનીતિથી પરિસ્થિતિ ચાળે પાડવા માંડી. શાહજહાંને સાથ આપનારા સરદારો એક પછી એક ખરવા લાગતાં શાહજહાંની સ્થિતિ કફોડી થઈ ગઈ. ખાનખાનાને પણ ચાલ બદલી. નૂરજહાંના ખાસ સલાહકાર મહાબતખાન પર એણે આ અંગે પત્ર લખેલો, પણ દુર્ભાગ્યે એ શાહજહાંના માણસોએ પકડી પાડતાં એની ચાલ જાહેર થઈ જવા પામી. શાહજહાંએ એને ઠપકો આપી પોતાની સામે જ લગભગ નજરકેદ કર્યો. રાજકુમાર પરવેઝ શાહી સેનાનો સંચાલક હતો, જેણે ખાનખાનાનને પત્ર લખી ધમકી ને લાલચ બંને દીધાં. જો એ વિદ્રોહીઓનો સાથ છોડી દે તો પૂર્વવત્ પુરસ્કાર મળવાના પ્રલોભન-થી લલચાઈ, શાહજહાંનો વિશ્વાસઘાત કરી એ પરવેઝ સમક્ષ (શરણે?) ઉપસ્થિત થઈ ગયો! એનું આ પગલું ક્ષમ્ય ન ગણી શકાય તેવું છે. માર્ચ ૧૬૨૬ માં વિદ્રોહી રાજકુમાર અને સમ્રાટ વચ્ચે સમાધાન થયું, પણ આનાથી નૂરજહાંની પરેશાની વધી. સામ્રાજ્યના સ્તંભ સમાન સેનાપતિ મહાબતખાન પર-વેઝની તરફેણમાં હતો, તો નૂરજહાં એના જમાઈ શહરયારને ઉત્તરાધિકારી બનાવવા ઇચ્છતી હતી, જે મહાબતખાન હટે તો જ શક્ય બને એમ હોઈ નૂરજહાં ચાલ રમી. આમાં ખાનખાનાનને પોતાના પક્ષે કરી લઈ દૂરદર્શિતા દર્શાવી. આનાથી મહાબતખાને વિદ્રોહ કર્યો તો એની સામે વિરુદ્ધ ખાન-ખાનાનને જ મોકલાયો, પણ એ શત્રુનો પીછો કરી અભિયાનપૂર્ણ કરે એ પહેલાં જ અચાનક એ લાહોરમાં ગંભીર માંદગીમાં સપડાઈ ગયો. આમાં કંઈ સુધારો ન થતાં, દિનપ્રતિદિન વધુ ગંભીર થતાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છેવટે એને દિલ્હી લવાયો, જ્યાં ૧૬૨૭ માં ૭૨ વર્ષની વયે એનું અવસાન થયું. એણે અગાઉથી જ એના સારુ હુમાયુના મકબરા નજીક એક ભવ્ય મકબરો બનાવી રાખેલ, જ્યાં એને દફનાવવામાં આવ્યો.

**કૌટુંબિક જીવન :** એને તત્કાલીન પ્રથા પ્રમાણે અનેક સ્ત્રીઓ હતી. આમાં પ્રમુખ માહબાનો બેગમ હતી, જે ખાનઆજમ મિર્ઝા અજીજ કોકતલાશની બહેન હતી. આનાથી એને ત્રણ પુત્રો ઈરીજ દારાબ તથા કરન અને બે પુત્રીઓ થયેલ. મોટા પુત્ર ઈરીજમાં પિતાના તમામ ગુણો ઊતર્યા હોઈ લોકો એને 'જવાન ખાનખાનાન' કહેતા. દક્ષિણનાં યુદ્ધોમાં એણે કરેલ પરાક્રમોથી અકબરે એને "બહાદુર' અને જહાંગીરે 'શાહનવાજખાન' પદવીથી નવાજેલ. દુર્ભાગ્યે અત્યધિક શરાબ પી બેહોશ હાલતમાં સૂતેલ ત્યારે મકાનમાં અચાનક આગ લાગતાં એ બેહોશ હાલતમાં જ ભસ્મીભૂત થઈ ગયેલો (ઇ. વ. ૩૩). બીજો પુત્ર દારાબ પણ પરાક્રમી હતો. ખુર્રમે સમ્રાટ સામે કરેલ બળવામાં સાથ દેતાં એને કેદ કરાયેલ ને અંતે મહાબતખાન દ્વારા એને મારી નખાયેલો. ત્રીજો પુત્ર કરન બાળપણમાં જ મૃત્યુ પામેલ. એક પુત્રી જાના બેગમનાં અકબરના પુત્ર દાનિયલ સાથે અને બીજી પુત્રીનાં મીર અમીનુદ્દીન સાથે લગ્ન થયેલાં, પરંતુ બંને અલ્પ આયુમાં વૈધવ્ય પામી. આમ, એનું અંગત જીવન દુઃખમય હતું.

એ ખૂબ જ સુંદર ને સ્વરૂપવાન હતો. જ્યારે એ બહાર નીકળતો ત્યારે લોકો એને જોઈ રહેતા. ચિત્રકારો એનાં ચિત્રો બનાવતા અને અમીરો એમનાં દીવાનખાનાં સજાવતા. બાદશાહ એને સભાનો શૃંગાર માનતો.

**સાહિત્યસર્જન :** આગળ નોંધ્યું તે પ્રમાણે એ કલમ અને તલવાર બંનેમાં નિપુણ હતો. અરબી ફારસી તુર્કી ઉર્દૂ હિંદી તેમજ સંસ્કૃતનું પણ એને ઊંડું જ્ઞાન હતું, આમ છતાં હિંદી પ્રત્યે એને વિશેષ પ્રેમ હતો. એણે અનેક સેંકડો હિંદી મુક્તકો રચ્યાં છે. સતત ભ્રમણશીલ જીવનમાં જ્યારે પણ કોઈ વિષય મળે કે મુક્તક લખી નાખતો! અનેક દોહાઓમાં (જે પ્રાયઃ 'રહીમ' નામથી મળે છે તેમાં) જે વર્ણવ્યું છે તે જાણે કે અનુભવવાણી હોય એમ લાગે છે. એણે 'સતસઈ' (૭૦૦ દોહાઓનો સંગ્રહ) લખ્યાનું કહેવાય છે. અલબત્ત, પૂરા મળતા નથી. એની દોહાવલી ને નગરશોભા કૃતિઓ દોહા છંદમાં વર્ણિત છે. આમાં ભક્તિ શૃંગાર નીતિ વિશે જીવનનો દીર્ઘ અનુભવ નિચોડ-અનુભવાય છે, એટલું જ નહિ, સાંપ્રદાયિક સંકુચિતતાનો અભાવ પણ વર્તાય છે. જન્મે મુસ્લિમ હોવા છતાં હિંદુ દેવ-દેવીઓનો એ ચાહક છે. દોહાવલીનો પ્રારંભ ગણેશસ્તુતિથી થાય છે.

જહાંગીરના સમય દરમ્યાન એનો જે ખરાબ સમય હતો તેનું પ્રતિબિંબ પણ એની રચનાઓમાં દેખાય છે.

'નગરશોભા'ના દોહાઓમાં તત્કાલીન ભારતીય સમાજના વિભિન્ન વર્ગોની સ્ત્રીઓનાં શબ્દવર્ણન ચિત્રિત છે. આની ભાષા પક્વ અને પ્રૌઢ લાગે છે, સ્ત્રીઓની જાતિગત વિશેષતાઓ-કળા કૌશલ અને મનોભાવો-નું સુંદર સજીવ ચિત્રણ થયેલું છે. તો બરવૈ છંદમાં પણ બે રચનાઓ ઉપલબ્ધ છે. 'બરવૈ નાયિકાભેદ' અને 'બરવૈ.' 'બરવૈ' અવધ ભાષાનો સુંદર છંદ છે. એ લખે છે :

> "કવિત કહ્યો, દોહા કહ્યો, તુલે ન છપ્પય છંદ,
> વિરચ્યો યહી વિચારિકે, યહ બરવા રસકંદ."

'બરવૈ નાયિકાભેદ'ની રીતિકાવ્યના આદિગ્રંથમાં ગણના થાય છે. એક સમીક્ષકના મત મુજબ "બરવૈ છંદને કાવ્યાભિવ્યક્તિનું સાધન બનાવવાનું સર્વપ્રથમ શ્રેય રહીમને જ દઈ શકાય." સંસ્કૃત નાટ્ય-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસ્ત્રની ઢબે લખાયેલો પ્રસ્તુત ગ્રંથ શૃંગારરસપ્રધાન કાવ્ય છે. આમાં વિભિન્ન વર્ગનાં નાયક-નાયિકાઓનાં લક્ષણો અને ભાવોનું સુચારુ વર્ણન મળે છે. 'બરવૈ''માં શૃંગાર ઉપરાંત ભક્તિ-વૈરાગ્યના પણ ૧૦૦ છંદો છે. અલબત્ત, આ કૃતિ રહીમની જ હોવાનું સ્પષ્ટ કહી શકાતું નથી, આમ છતાં એનાં આંતર બાહ્ય પ્રમાણોથી એ રહીમની કૃતિ હોવાનું માનતો પણ એક મોટો વર્ગ છે જ.

આ ઉપરાંત વ્રજ અવધ ખડી તેમજ કેટલીક મિશ્રિત બોલીઓમાં પણ એની વિભિન્ન છંદો-રચના મળે છે. 'મદનાષ્ટક' નામે ગ્રંથમાં સંસ્કૃત ફારસી વ્રજ તથા ખડી બોલીનો અદ્ભુત સમન્વય જોવા મળે છે. શૃંગારરસપ્રધાન આ અષ્ટક માલિની છંદમાં છે.

એ ઉચ્ચ કોટિનો અનુવાદક પણ હતો. 'તુજુકે બાવરી' મૂળ તુર્કીમાંથી એણે ફારસીમાં અનૂદિત કરી છે. અલબત્ત, "દરબારે અકબરી"નો કર્તા રહીમે આ અનુવાદ કર્યા વિશે શંકા દર્શાવે છે. એના મતાનુસાર રહીમના નિરીક્ષણ હેઠળ મોલવીઓએ ભાષાંતર કર્યું હોવું જોઈએ.

તો 'ખેટુકૌતુકકમ્' નામનો સંસ્કૃતમાં લખાયેલ એનો એક ગ્રંથ પણ મળે છે. પ્રસ્તુત ગ્રંથ હિંદુ જ્યોતિષ વિશે છે. અનેક કવિઓનો એ આશ્રયદાતા પણ હતો. ઠે. હાઈસ્કૂલ, જામ કંડોરણા-૩૬૦૪૦૫

**સંદર્ભ આધારગ્રંથો :**


૧ ડૉ. સમર બહાદુરસિંહ, અબ્દુર્રહીમ ખાનખાનાન   ૨ 'અકબરી દરબાર'-ભાગ ૩

૩ 'મઆસિરુલ ઉમરા'-ભાગ ૨


---

[અનુસંધાન પાન ૨૪ થી]

હોય, પરંતુ એઓ અમર થઈ ગયા. એમનું અસ્તિત્વ સમગ્ર વિશ્વમા ફેલાયેલું છે. એમનાં બલિદાન ત્યાગ વીરતા અને દેશપ્રેમ તો યુગો સુધી અમર રહેશે.

'તુમ મુઝે ખુન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા !'—તમે મને લોહી આપો, હું તમને મુક્તિ આપીશ. 'જયહિંદ' ને 'ચલો દિલ્હી' આ નેતાજીની વીરવાણીનો સૂર હતો.

હિંદની મુક્તિના એક માત્ર ધ્યેયથી પ્રેરિત નેતાજી અને એમની આઝાદ હિંદ ફોજે જે ઈતિહાસ રચ્યો છે તેનું મૂલ્ય આવતી કાલનો ઈતિહાસ કરશે !

નેતાજી, તમને લાખો વંદન !   ઠે, હાઇસ્કૂલ, જામ કંડોરણા-૩૬૦૪૦૫

---


સ્થાપના : તા. ૧૧-૧૦-૨૭   ફોન : ૫૫૩૨૯૧/૫૫૮૩૫૦

**ધી બરોડા સીટી કો-ઓપરેટિવ બૅન્ક, લિ.**

રજિ. ઑફિસ : સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧

શાખાઓ : ૧. સરદારભવન, જ્યુબિલી બાગ પાસે, ટે. નં. ૫૪૧૮૨૪

૨. પથ્થરગેટ પાસે, ટે. નં. ૫૪૧૯૩૧

૩. ફતેગંજ, ચર્ચની સામે, ટે. નં. ૩૨૯૩૬૪

૪. સરદાર છાત્રાલય, કારેલીબાગ, ટે. નં. ૬૪૮૧૨

૫. જકાતનાકા પાસે, ટે.ન. ૩૨૮ ૩૪૯

દરેક પ્રકારનું બૅન્કિંગ કામકાજ કરવામાં આવે છે.

મેનેજર : કાંતિભાઈ ડી. પટેલ   મંત્રી : ચંદ્રકાંતભાઈ ચુ. પટેલ

પ્રમુખ : કીકાભાઈ પટેલ




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નેતાજી સુભાષચંદ્ર બોઝ

[સ્વતંત્રતા-સંગ્રામના સેનાની] શ્રી એ. એસ. આસર

૨૬ મી જાન્યુઆરીનો દિવસ ભારતીય સ્વાતંત્ર્યદિન તરીકે સુપ્રસિદ્ધ છે. આ દિવસે દેશવાસીઓ ત્રિરંગી ઝંડાની છાયામાં ઊભા રહીને રાષ્ટ્રમુક્તિ માટે સર્વસ્વ અર્પણ કરવાની પ્રતિજ્ઞા લે છે. ઈ. સ. ૧૯૪૧ ની ૨૬ મી જાન્યુઆરીએ આ પ્રતિજ્ઞા લેવાની હતી ત્યારે દેશવાસીઓને સમાચાર મળ્યા કે સુભાષ બાબુ નજરકેદમાંથી ગૂમ થઈ ગયા છે. આ સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયાં. ઘરના આંગણે પહેરો ભરતી પોલીસની નજર ચૂકવી એ ક્યાં ગયા, કેવી રીતે ગયા ? ને સાચા અર્થમાં એ દિવસથી જ એમની સ્વાતંત્ર્યની આરાધના શરૂ થઈ.

સુભાષ બાબુનો જન્મ ૨૩ મી જાન્યુઆરી, ૧૮૯૭ માં કટકમાં થયો હતો. આ દિવસોમાં કટક બંગાળ પ્રાંતમાં હતું. એમના પિતા જાનકીનાથ બોઝ સરકારી વકીલ હતા. એ લાયકાત દ્વારા એમને 'રાયબહાદુર'નો ખિતાબ મળ્યો હતો. એમનું મૂળ ગામ બંગાળનું કાડિલિયા હતું. આ કુટુંબ સંસ્કારી હતું, માતૃપક્ષે ધર્મપરાયણ હતું. બોઝ કુટુંબની પ્રતિષ્ઠા સારી હતી. શરદચંદ્ર બોઝને આજે કોણ નથી ઓળખતું ? સુનીલચંદ્ર બોઝને પણ એક નિપુણ તબીબ તરીકે સૌ કોઈ પિછાણે છે. એમના નાના ભાઈ સુભાષનું નામ ભારતીયોની જીભના ટેરવે નહિ, પરંતુ જગતની જીભના ટેરવે રમી રહ્યું છે.

રાયસાહેબ જાનકીનાથ બોઝને એક વખત જિલ્લા મૅજિસ્ટ્રેટ સાથે ઝઘડો થયો ને નોકરી છોડીને એઓ વકીલાત કરવા લાગ્યા, જેમાં એમને સારી સફળતા મળી.

બચપણથી જ સુભાષચંદ્રના જીવનમાં બે પ્રવૃત્તિઓનું આકર્ષણ વિશેષ હતું: દેશભક્તિને સંન્યાસ પ્રત્યે એમને ખૂબ જ ભાવ હતો. રામકૃષ્ણ પરમહંસ ને સ્વામી વિવેકાનંદનાં લખાણોએ એમના મનને વૈરાગ્યના પંથે રંગી દીધું હતું. એઓ ૧૬ વર્ષની ઉંમરે મૅટ્રિક પરીક્ષા પાસ કરીને ઉચ્ચ અભ્યાસ માટે પ્રેસિડેન્સી-કૉલેજમાં જોડાયા. ઘરમાં ધર્મપ્રેમી માતાના સંસ્કાર તો હતા જ તેથી ને વૈરાગ્ય તરફ એઓ વધુ આકર્ષાયા એટલે ઈ. સ. ૧૯૧૪ માં એક રાતે ઘર છોડી ધૂનમાં ને ધૂનમાં ભાગ્યા. ભગવાં વસ્ત્રો વસાવ્યાં, પહેર્યાં ને સદ્‌ગુરુની શોધમાં અનેક તીર્થધામોમાં ફરી વળ્યા. હિમાલયને ખોળે એઓ જઈ આવ્યા, પરંતુ જેના લલાટે સ્વદેશ માટે ભેખ લેવાનું સર્જાયું હોય તે સાધુ કેમ બની શકે ? હિમાલયની તળેટી ને ગંગાના તટે ઘૂમી વળ્યા, મથુરા વૃંદાવન ને વારાણસી ગયા તથા થાકમાં ગંભીર માંદગીમાં પટકાયા. કોઈ દયાળુ સજ્જને એમના સમાચાર એમના પિતા જાનકીનાથ બોઝને આપ્યા. પુત્રને તેડી જઈ પિતા કલકત્તા લઈ ગયા. સુભાષ બાબુની આ ધર્મક્ષેત્રે ક્રાંતિ હતી તેવી જ ક્રાંતિ એમણે શિક્ષણક્ષેત્રમાં કરી છે.

મૂળ આ જુવાન ક્રાંતિનો અવતાર. પ્રેસિડેન્સી-કૉલેજમાં પાછા જોડાયા ત્યા અંગ્રેજ અધ્યાપક ઓટન ભારતદ્વેષી હતો તે હિંદી-વિદ્યાર્થીઓ પ્રત્યે ઘૃણાની દૃષ્ટિથી જોતો ને અપમાનપૂર્ણ વર્તાવ રાખતો હતો તેથી એનો ઘમંડ ઉતારવા સુભાષ બાબુએ નેતૃત્વ લીધું ને વિદ્યાર્થીઓએ બળવો શરૂ કર્યો, હડતાલ પાડી, આમાં અધ્યાપક સાથે તકરાર થઈ. એમને દબડાવવામાં આવ્યા. વિદ્યાર્થીઓના સરદાર સુભાષ બાબુને કૉલેજમાંથી બરતરફ કરવામાં આવ્યા. એ વેળા કોઈને ખબર હતી કે આ જુવાન નેતાજી બનીને આઝાદ હિંદ ફોજના મુખ્ય સેનાપતિ અને આઝાદ હિંદ સરકારના મુખ્ય રાષ્ટ્રપતિ બની જશે ?



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કૉલેજમાંથી બરતરફ થયા પછી શું કરવું એ પ્રશ્ન મહત્ત્વનો બન્યો. છેવટે કલકત્તા વિદ્યાપીઠના વાઇસ-ચાન્સેલર ને દેશપ્રેમી સર આશુતોષ મુખરજીની ભલામણથી સ્કૉટિશ ચર્ચ કૉલેજમાં દાખલ થયા ને તત્ત્વજ્ઞાનનો વિષય લઈ પ્રથમ વર્ગમાં બી.એ. ની પરીક્ષા પાસ કરી. સને ૧૯૧૯ માં આઈ.સી. એસ. હિંદી સનંદી નોકરીની પરીક્ષા આપવા ઇંગ્લેન્ડ ગયા ને કેમ્બ્રિજ વિદ્યાપીઠમાં રહી સનંદી નોકરીની આઈ.સી.એસ. પરીક્ષામાં ઝળહળતી ફતેહ મેળવી. ત્યાં પણ એમનું સ્થાન તો અનોખું રહ્યું. અંગ્રેજીમાં એમણે બધાથી વધારે ગુણ મેળવ્યા ને હિંદ પાછા ફર્યા. એમણે અંગ્રેજ સરકારની સનંદી નોકરી સ્વીકારવાની ના પાડી. રાયબહાદુર જાનકીનાથ બોઝે એમને ન રોક્યાં.

સુભાષચંદ્ર બોઝ ૧૯૨૧ ની ૧૬ મી જુલાઈએ મુંબઈ પહોંચ્યા, ત્યાં ચાલતા રાજનૈતિક આંદોલનમાં કૂદી પડ્યા ને સ્વયંસેવકોની સેનાના એ સેનાપતિ ચૂંટાયા, પરંતુ સરકારે એમની ધરપકડ કરી છ માસ સુધી જેલમાં પૂર્યા.

સુભાષ બાબુ ત્યાંથી સીધા કલકત્તા ગયા, જ્યાં એમને દેશબંધુ ચિત્તરંજનદાસ જેવા ગુરુ મળી ગયા ને ઈ. સ. ૧૯૨૧ માં દેશબંધુ ચિત્તરંજનદાસે શરૂ કરેલ 'ફોર્વર્ડ''નું તંત્રીપદ સુભાષ બાબુએ સ્વીકાર્યું.

દેશબંધુ ચિત્તરંજનદાસ નામી વકીલ હતા, લાખોની આમદાની હતી ને એમની રોજની આવક હજારો રૂપિયા હતી તે છોડી એમણે રાષ્ટ્રિય આંદોલનમાં ઝંપલાવ્યું ને વાસ્તવમાં એક રાતમાં જ રાજામાંથી એઓ રંક બની ગયા.

ઈ. સ. ૧૯૩૪ માં દેશબંધુ ચિત્તરંજનદાસના અવસાનથી સુભાષ બાબુ બંગાળ કૉંગ્રેસના નેતા બન્યા તે વખતે ડૉ. યતીંદ્રમોહન સેનગુપ્ત પણ નેતા હતા. એઓ નરમ દળના નેતા હતા, પરંતુ ખૂબ ઈમાનદાર.

**જેલયાત્રા :** ૧૯૨૪ ની ઑક્ટોબરની ૨૬ મી એ બંગાળના વટહુકમ મુજબ મિ. ડેની હત્યા અનુસાર ક્રાંતિકારી પ્રવૃત્તિના સંદેહથી એમને ગિરફતાર કરવામાં આવ્યા, અલીપુર જેલમાં પૂરવામાં આવ્યા અને ત્યાંથી બહરામપુર તથા ત્યાંથી બ્રહ્મદેશની માંડલે જેલમાં ખસેડ્યા. આ અઢી વરસની જેલ એમના માટે અગ્નિપરીક્ષા જ હતી. ઈ. સ. ૧૯૨૩ ની મેની ૧૫ મી તારીખે સરકારે એમને મુક્તિ આપી.

ઈ. સ. ૧૯૨૮ માં હિંદી જુવાનોની વિચારસરણી વ્યક્ત કરતાં બે મંડળો એમણે સ્થાપ્યાં: ઇન્ડિપેન્ડન્ટ લીગ અને કૉંગ્રેસ ડેમોક્રેટિક પાર્ટી. એ દરમ્યાન એઓ બંગાળ પ્રાંતીય મહાસભા સમિતિના અને નાગપુર પટણા પૂના કરાંચી ને લાહોર વગેરેની સભાના સભાપતિ થયા. ત્રિપુરા મહાસભામાં ગાંધીજી અને એમની વચ્ચે મતભેદ ઊભા થયા ને સિદ્ધાંત બાબતમાં અંતર ઊભું થયું તેથી જૂના કૉંગ્રેસ નેતાઓએ સુભાષ બાબુ સાથે કામ કરવાનો ઇન્કાર કર્યો ત્યારે એમણે ત્રિપુરામાંથી ચૂંટાયેલા અધ્યક્ષ તરીકેનું રાજીનામું આપી દીધું ને કૉંગ્રેસના સભ્ય પણ ન રહ્યા.

રાષ્ટ્રિય લડતના કારણે એઓ અનેક વાર જેલમાં ગયા, દુઃખો સહન કર્યાં, પરંતુ એમના હૃદયમાં તો દેશ પ્રત્યે ભક્તિ હતી ને ગોરાઓ પ્રત્યે આગ જલતી હતી.

સુભાષ બાબુને ઘરમાં નજરકેદ રાખવામાં આવ્યા એ એમની અંતિમ જેલ હતી. ત્યાંથી એઓ વિચિત્ર રીતે ભાગી ગયા. એમની છટકવાની કથા પણ વિચિત્ર હતી. એઓ ગૂમ થયા એ પછીનો ઇતિહાસ રહસ્યમય છે.

એમણે છટકી જવા માટે યોજના બનાવી. એઓ કોઈને મળતા નહિ, રાતદિવસ પૂજાપાઠમાં બેસી રહેતા. દાઢી વધારી હતી ને કહેવાતું કે એમને રાજનીતિ કે સંસારી મામલામાં રસ નથી. સને ૧૯૪૧ ની ૨૬મી જાન્યુઆરીના રોજ સમાચાર મળ્યા કે યુવક નેતા સુભાષ રહસ્યમય રીતે ગૂમ થઈ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગયા છે ત્યારે લોકો કહેવા લાગ્યા કે સાધુ બની હિમાલય તરફ એઓ ભાગી ગયા છે. સુભાષ બાબુના ખાસ સહયોગી સરદાર શાર્દૂલસિંહે જણાવ્યું કે મારા ખ્યાલ મુજબ એમનું મન વૈરાગ્ય તરફ વળ્યું હતું તેથી સાધુ બની દક્ષિણ તરફ ચાલ્યા ગયા લાગે છે; એક વખત બચપણમાં પણ આ રીતે ઘર છોડીને સાધુ બન્યા હતા. આમ એમના ગૂમ થવા વિશે જાતજાતની વાતો થવા લાગી. સુભાષ બાબુ ગૂમ થયા જાણી દેશના યુવકો નિરાશ થયા. કેટલાક લોકો એવા હતા કે સુભાષ બાબુ સાધુ બની જાય એ બાબતમાં વિશ્વાસ રાખતા ન હતા.

સુભાષ બાબુ પઠાણ–વેશે હિંદની સરહદ છોડીને અફઘાનિસ્તાન ગયા. ત્યાંથી સ્થળ–રસ્તે જર્મની પહોંચ્યા, ત્યાં એઓ બર્લિન રેડિયો પરમાંથી સિંહગર્જના કરવા લાગ્યા ને હિંદ વાસીઓને તૈયાર રહેવા હાકલ કરી. ઈ. સ. ૧૯૪૩ માં સબમરિન દ્વારા એઓ જાપાનના પાટનગર ટોકિયો ગયા, ત્યાંથી ૨ જી જુલાઈએ શાનાન ગયા ને ત્યાંથી સિંગાપુર ગયા. અહીં દિલ્હી ષડ્‌યંત્રના નેતા રાસબિહારી ઘોષે આઝાદ હિંદ ફોજ તૈયાર કરી હતી. ભારતીય સૈનિકો ને પ્રવાસી ભારતીયોની આ સેના હતી. આ સેનાને ખુલ્લા અધિવેશનમાં ૪ જુલાઈના રોજ રાસબિહારી ઘોષે સુભાષ બાબુની નેતાજી તરીકે ઓળખ આપી ને આઝાદ હિંદ ફોજના સેનાપતિ બનાવ્યા. આ અધિવેશનમાં આઝાદ હિંદ સરકારની સ્થાપનાની ઘોષણા કરવામાં આવી ને આઝાદ હિંદ સરકારના એઓ પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા. લોકોએ ખુબ મોટી રકમો આઝાદ હિંદ સરકારને ભેટમાં આપી. હબીબુર્ રહેમાન નામના એક મુસલમાન વેપારીએ એક કરોડ રૂપિયાની સંપત્તિ ને હીરા વગેરે ભેટ ધર્યાં ને પોતે ભિખારી બની ગયો. એને ભેટ આપવા માટે 'સેવક હિંદ'ની ઉપાધિ આપવામાં આવી ને એ રીતે જ ગુજરાતી મહિલા શ્રીમતી બેટાઈએ ૩૦ લાખ રૂપિયા ભેટ આપ્યા. આમ અનેક લોકો તરફથી દાનનો પ્રવાહ વહેતો થયો.

સુભાષ બાબુ નેતાજી બન્યા ને સૈનિકો 'ચલો દિલ્હી'ના નાદથી વાતાવરણ ભરી દેવા લાગ્યા. 'જયહિંદ' શબ્દ ઠેર ઠેર પ્રચલિત બન્યો ને આઝાદ હિંદની એમણે આઝાદ હિંદ ફોજ તૈયાર કરી. સંગઠન મજબૂત બન્યું. આઝાદ હિંદ બૅન્કની સ્થાપના કરી. પ્રેસ પ્રકાશન ને પ્રચારનું કાર્ય વ્યવસ્થિત ચાલવા લાગ્યું. ઈ. સ. ૧૯૪૪ ની ૨૬ મી જાન્યુઆરીનો દિવસ ખુબ ધામધૂમથી ઊજવાયો. નેતાજી સૌની પ્રેરણા હતા, પ્રેમની ઇચ્છા સૌનું શાસમ હતું. એમના શબ્દ શાસ્ત્રપ્રમાણ હતા, ઇમ્ફાલ સુધી આઝાદ હિંદ સેના વિજય મેળવતી આવી હતી.

૧૯૪૫ ના ૧૫ ઑગસ્ટના રોજ જાપાનનાં નગરો હિરોસીમા, ને નાગાસાકી પર અણુબૉમ્બવર્ષા થઈ ને વિનાશ થયો એ પછી જાપાને શરણાગતિ સ્વીકારી. એ પછી શ્રી કાસલીવાલે નેતાજીને સમાચાર આપ્યા કે હવે આપણી સેના બધે મોરચે હારે છે, હવે શું થશે? નેતાજી આઝાદ હિંદ ફોઝની હારથી નિરાશ ન થયા. એમણે કહ્યું કે હજુ યુદ્ધસમાપ્તિને વાર છે, આપણા સૈનિકો ગિરફતાર થશે, પરંતુ દેશમાં સ્વતંત્રતા માટે એવી પ્રવૃત્તિ ચાલશે કે આઝાદ હિંદ ફોજના સૈનિકો છૂટી જશે ને દેશ આઝાદ બની જશે. એમના આ ભવિષ્યવાણી સાચી પડી ને ૧૫ મી ઑગસ્ટ, ૧૯૪૭ ના રોજ દેશ આઝાદ બન્યો.

એઓ બેંકોકથી જાપાન સરકારને પોતાને સાથ સહકાર આપવાની વિનંતિ કરવા ટોકિયો ગયા અને ભારતવાસીઓ ને દેશના જુવાનો આઝાદ હિંદ ફોજના સ્વાતંત્ર્યસંગ્રામમાં ઝંપલાવવા નેતાજીના સંદેશાની રાહ જોઈ રહ્યા હતા.

ઈ. સ. ૧૯૪૫ ની ૨૩ મી ઑગસ્ટે જાપાન સમાચાર સંસ્થાએ જાહેરાત કરી કે નેતાજી સુભાષ–ચંદ્ર બોઝ વિમાની દુર્ઘટનામાં માર્યા ગયા છે, કાટમાળની શોધ ચાલુ છે. નેતાજી જીવિત હોય કે ન

[અનુસંધાન પાન ૨૧ માં વચ્ચે]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી દેશભક્ત : શ્યામજી કૃષ્ણ વર્મા

**શ્રી અજ્ઞાત**

ઈ. સ. ૧૮૫૭ ના ઑક્ટોબર માસમાં તારીખ ૪ (ચાર) કચ્છના માંડવી શહેરમાં ભણસાળી જ્ઞાતિના એક ગરીબ મજૂરને ઘેર એક પ્રતાપી બાળકનો જન્મ થયો. બાળક નાની ઉંમરનો હતો ત્યારે પિતા મુંબઈમાં મજૂરી કરી પેટગુજારો કરતો અને થોડું બચાવીને દેશમાં મોકલતો. એ બાળકની કિશોરાવસ્થામાં એનાં મા-બાપ અવસાન પામ્યાં. થોડો અભ્યાસ માંડવીમાં કર્યા બાદ ભુજમાં પંડ્યા શિવજીભાઈ વકીલને ઘેર સુસંસ્કૃત વાતાવરણમાં એ કિશોર થોડા વખત સુધી રહ્યો અને ત્યાં સંસ્કૃત સાથે અંગ્રેજી પણ ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કર્યો. સંસ્કૃતના અભ્યાસમાં એ બહુ તેજસ્વી જણાતાં મુંબઈના શેઠ મથુરાદાસની એના પર નજર પડી. અને ઈ. સ. ૧૮૭૪ માં એઓ એને મુંબઈ લાવ્યા. અહીં સંસ્કૃતના અભ્યાસમાં એણે વિશેષ પ્રગતિ કરી ને એ જ સાલમાં સંસ્કૃતનાં બે પુસ્તકોનું સુંદર ભાષાંતર કરી અધ્યાપકો વગેરેને વિસ્મિત કરી દીધા અને 'પંડિત'નું બિરુદ પ્રાપ્ત કર્યું. એ તરુણ તે શ્યામજી કૃષ્ણ વર્મા.

શેઠ મથુરાદાસના પ્રયાસે શ્યામજીને એક "ગોકુળદાસ કહાનદાસ પારેખ છાત્રવૃત્તિ" મળી અને એમણે વિલ્સન હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. દરેક વર્ષે વર્ગમાં એમને પ્રથમ નંબર મળતો ગયો અને બીજી બાજુ શાસ્ત્રી વિશ્વનાથની પાઠશાળામાં સંસ્કૃતમાં પારંગત થવા માંડ્યું. પાછળથી એઓ એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં જોડાયા. શ્યામજી પાસે શ્રી નહોતી, પણ સરસ્વતી તો હતી ને ? ઈ. સ. ૧૮૭૫ માં મુંબઈના શ્રીમાન છબીલભાઈ લલ્લુભાઈની વિદુષી પુત્રી ભાનુમતી સાથે શ્યામજી કૃષ્ણ વર્માનાં લગ્ન થયાં.

ઈ. સ. ૧૮૭૪ માં સ્વામી દયાનંદ સરસ્વતી મુંબઈ આવ્યા અને ૧૮૭૫ ની ૧૦ મી એપ્રિલે આર્યસમાજની સ્થાપના કરી. આ ઝંડાધારી મહાપુરુષને શ્યામજી કૃષ્ણ વર્મા મળ્યા. એમને સ્વામીજીએ ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન પશ્ચિમમાં ફેલાવવા જણાવ્યું. સને ૧૮૭૯ માં ઑક્સફર્ડ યુનિ. ના સંસ્કૃતના પ્રોફેસર સર મો. મોનિયેર વિલિયમ્સ એને પોતાની સાથે લન્ડન લઈ ગયા અને વિલાયતમાં શ્યામજીએ આસિસ્ટન્ટ સંસ્કૃત પ્રોફેસર તરીકે નોકરી કરવાની સાથે યુરોપની ભાષાઓનો અભ્યાસ કરીને સને ૧૮૮૨ માં બી. એ. ની ડિગ્રી પ્રાપ્ત કરી. મહાદેવ ગોવિંદ રાનડેએ પણ શ્યામજીને લખ્યું ; "તમારી નજર સામે વૈદિક શ્રદ્ધા માટેના મહાન કાર્યનું સેવાવ્રત રાખજો." ગુજરાતી-મરાઠી અખબારોએ પણ આ "ગુજરાતી પંડિત"નાં વખાણ કરતા અનેક લેખો લખ્યા.

મુંબઈના ગવર્નરે કચ્છના રાજવીને એના વિશે લખ્યું એટલે ત્યાંથી સો પાઉન્ડની શિષ્યવૃત્તિ મળવા માંડી. આ જ સમયે "રૉયલ એશિયાટિક સોસાયટી"એ ભાષણ માટે નિમંત્રણ આપેલું, હિંદમાં લેખનકળાની શરૂઆત એ વિષય પરના ભાષણથી યુરોપિયનો મંત્રમુગ્ધ થઈ ગયા. સને ૧૮૮૪ માં જ એમણે એમ.એ.ની ડિગ્રી મેળવી તથા બૅરિસ્ટર પણ થયા. ૧૮૮૮ માં પત્ની ભાનુમતી સાથે હિંદ પાછા ફર્યા.

રતલામના રાજવીએ એમને પોતાના દીવાન બનાવ્યા. રતલામથી એ મુંબઈ ઉદેપુર અને પછી જૂનાગઢ રાજ્યના દીવાન થયા, પરંતુ એમને ઘણા કડવા અનુભવો થયા. હિન્દુસ્તાનની મુક્તિ માટે શ્યામજી જાગ્રત થયા, શ્યામજી લોકમાન્ય ટિળકને પણ મળ્યા અને હિંદની મુક્તિ માટે ચર્ચા કરી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇંગ્લૅન્ડમાં શ્યામજીએ "હોમરૂલ ફોર ઇન્ડિયા" સૂત્ર આપ્યું, 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' સ્થાપી અને એના પ્રમુખ બન્યા, "ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ" નામનું અખબાર પણ શરૂ કર્યું, જે હિંદની સ્વતંત્રતા માટે યુરોપમાંથી પહેલવહેલું પત્ર હતું અને એના પ્રથમ ક્રાંતિકારી પત્રકાર એટલે પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા. એમણે કેટલીક શિષ્યવૃત્તિઓ પણ જાહેર કરી. ભારતીય જુવાનો બ્રિટન ભણવા આવે તેમને માટેની એ શિષ્યવૃત્તિઓ હતી. એનાં નામ પણ "રાણા પ્રતાપ શિષ્યવૃત્તિ" "શિવાજી શિષ્યવૃત્તિ" વગેરે હતાં.

જો આજના જુવાન ગુજરાતીઓએ શ્યામજી કૃષ્ણ વર્માનું નામ સાંભળ્યું ન હોય તો એમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી. એમણે લગભગ ઈ. સ. ૧૯૦૫ ની સાલથી હિંદી પ્રજાના સંપૂર્ણ સ્વાતંત્ર્ય માટે પ્રજામત કેળવવા માંડ્યો અને એના પ્રચાર માટે પુષ્કળ ધન ખર્ચ્યું. એ પ્રચાર છેક એમનું અવસાન થયું ત્યાંસુધી એટલે કે ઈ. સ. ૧૯૩૦ સુધી ચાલુ રાખ્યો હતો, એમ છતાં એમની તેજસ્વી પ્રેરણા માત્ર સાત–આઠ વર્ષ સુધી જ ટકી રહી હતી. વળી શ્યામજી કૃષ્ણ વર્માએ યુરોપમાં રહી હિંદી પ્રજાને ઉત્તેજિત કરી હતી. લન્ડન કે પૅરિસમાં રહેતાં રહેતાં ૬૦૦૦ માઇલ દૂર આવેલા સ્વદેશને પ્રેરણા આપી શકાય જ નહિ એમ જો કોઈ માની લેતું હોય, તો એ ભારે ભૂલ છે. એમનાં લખાણોએ જુવાન હિંદીઓનાં હૃદયોમાં આગ વરસાવી હતી અને અનેક હિંદીઓ કુરબાની આપવા માટે તૈયાર થઈને સ્વતંત્રતા માટે લડી રહ્યા હતા. જે જુવાનો એમના નિકટના સમાગમમાં આવ્યા, દા. ત., એમણે સ્થાપેલા "ઇન્ડિયા હાઉસ"માં, તે ઘણા જ ઉચ્ચ કોટિના દેશભક્તો નીવડ્યા હતા. શ્યામજી વર્માએ ૧૯–૧૦–૧૧ પછી જે કામ કર્યું તેની અસર આપણા દેશમાં બહુ ઓછી થઈ હતી. ઈ. સ. ૧૯૧૯ ની સાલથી જે જબરાં આંદોલનો આપણા દેશમાં થયાં તેમાં ઈ. સ. ૧૯૦૫ થી ૧૯૧૦ નો યશસ્વી ઇતિહાસ લગભગ ભૂંસાઈ ગયો.

ઈ. સ. ૧૯૦૭ માં સુરતમાં કૉંગ્રેસના ભાગલા પડ્યા. ફિરોઝશાહ મહેતા અને ગોખલેની પ્રતિષ્ઠા તૂટી પડી હતી. લોકમાન્ય ટિળક, અરવિંદ ઘોષ અને બિપિનચંદ્ર પાલનો સિતારો આકાશમાં ચડતો જતો હતો. લન્ડનમાંથી પ્રચાર અને પ્રેરણા યુરોપમાં અને હિંદમાં ફેલાઈ રહ્યાં હતાં તે વધારે જુસ્સાદાર બનતાં હતાં. બનવા જોગ છે કે લન્ડનમાં જે નવજુવાનો મિત્રો થયા હતા તેઓ શ્યામજી વર્માથી પણ આગળ ધસી જાય એવા હતા. બંગાળમાં બૉમ્બ પડવા માંડ્યા હતા. પિસ્તોલો પણ ફૂટવા માંડેલી. સરકાર જુલમ વરસાવી રહી હતી અને પ્રજા વધારે ને વધારે જોરથી ઊછળતી હતી. યુરોપમાં પણ શ્યામજી વર્મા મોખરે ગણાવા લાગ્યા. ત્યાં પણ 'વન્દેમાતરમ્' અને 'તલવાર' તથા 'ગદ્દાર' જેવાં સામાયિકોમાં ખુલ્લા બળવાનો પોકાર જોરશોરથી થઈ રહ્યો હતો. ૧૯૦૯ની ૧ લી જુલાઈની સાંજે એક ઘટના બની. હિંદુસ્તાનના દમનખોર તરીકે જાણીતા સર વિલિયમ કર્ઝન વાયલીનો સંમાન–સમારંભ લન્ડનના ઇમ્પીરિયલ ઇન્સ્ટિટ્યૂટમાં હતો, જ્યાં રાત્રે ૧૧ વાગ્યે 'ઇન્ડિયા હાઉસ' ના એક છાત્ર, એક સારા ઊંચા ભણેલા પંજાબી કુટુંબના નબીરા મદનલાલ ધીંગરાએ ચાર ગોળીઓ છોડી કર્ઝન વાયલીનું ખૂન ભરસભામાં કર્યું. ત્યાર પછી તો ઠેર ઠેર પકડા–પકડી અને તપાસ ચાલી. આ હત્યા પાછળ શ્યામજી કૃષ્ણ વર્માની ટોળીનો હાથ હતો એવું કહેવામાં આવ્યું. વખતસર ચેતીને 'ઇન્ડિયા હાઉસ'–માંના બધા હિંદીઓ ફ્રાંસ કે બીજા દેશોમાં ચાલ્યા ગયા. સાવરકરે તો વધારે પડતું સાહસ ખેડીને લન્ડનની છાની મુલાકાત લીધી ત્યારે એ પકડાઈ ગયા અને છેવટે એમને આંદામાનમાં ઘણાં વર્ષો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુધી રહેવું પડ્યું. શ્યામજી કૃષ્ણ વર્મા પૅરિસ ચાલ્યા ગયા, પણ ત્યાં એ શાંત બેસી ન રહ્યા. એમણે વધુ ચાર શિષ્યવૃત્તિઓ જાહેર કરી અને નામ આપ્યું 'ધીંગરા શિષ્યવૃત્તિ'!

પૅરિસમાં રશિયાના એક જાણીતા લેખક મેક્સિમ ગોર્કી અને શ્રીમતી મૅડમ કામાના સંપર્કમાં પણ એઓ આવ્યા હતા અને આની અસર પણ શ્યામજીનાં વિવિધ કાર્યો પર થઈ હતી.

પ્રથમ વિશ્વયુદ્ધ વખતે શ્યામજી પૅરિસ છોડી જીનિવા પહોંચ્યાં. સાથે સદાનાં સંગિની ભાનુમતી હતાં. બર્લિનમાં એમના મિત્ર પિલ્લઈએ 'સ્વાધીનતા કેન્દ્ર' ખોલ્યું કે તરત શ્યામજીએ શુભેચ્છા મોકલી.

સને ૧૯૨૧ થી હિંદમાં અંગ્રેજો વિરુદ્ધ મહાત્મા ગાંધીજીની અસહકારની અને ત્યારબાદ સવિનય કાનૂનભંગની લડત શરૂ થઈ ત્યારે હિંદમાં લોકજાગૃતિ પ્રગટ થતાં પ્રજામાં અદમ્ય ઉત્સાહ જાગી ઊઠ્યો. હિંદુસ્તાને સને ૧૯૪૭ માં આઝાદી મેળવી તે પહેલાં શ્યામજીના સહકાર્યકરો સરદારસિંહ તથા મૅડમ કામા વગેરેએ લન્ડનમાં હિંદુસ્તાનના રાષ્ટ્રધ્વજ લહરાવ્યો હતો.

૩૧ મી માર્ચ, ૧૯૩૦ માં જીનિવામાં સ્વદેશથી ઘણે દૂર એમનું અવસાન થયું. શ્યામજીએ પોતાની સર્વ સંપત્તિ જીવનભર દેશ માટે જ વાપરી હતી. મૃત્યુ પછી એ જ કર્યું. એમણે વસિયતનામામાં પોતાની સંપત્તિનું દાન કર્યું. જીનિવા યુનિ.માં દર વર્ષે સમાજશાસ્ત્રને લગતા વિષય પરના મહાનિબંધ માટે ૧૦,૦૦૦ ફ્રાન્ક, ગરીબ ફ્રેન્ચ બાળકોનાં દવાદારૂ માટે ૧૦,૦૦૦ ફ્રાન્ક, ભારતીય વિદ્યાર્થીઓ માટે ૨૦ લાખ રૂપિયા, સોર્બોન યુનિ. માટે શ્યામજીની લાઈબ્રેરીનાં ૩૧૦૦ મૂલ્યવાન પુસ્તકો, ભારતીય વિદ્યાર્થીઓ માટે ૫૦-૫૦ હજાર ફ્રાન્કની પૅરિસમાં હૉસ્ટેલ, કચ્છમાં માંડવી ખાતે હૉસ્પિટલ માટે એક લાખ, આમ છેલ્લામાં છેલ્લી રકમ સમાજ માટે અર્પિત કરી દીધી હતી.

સને ૧૯૬૬ માં એમનાં પત્નીનું પણ ત્યાં જ અવસાન થયું ત્યારે ઘણા દેશોમાંથી અનેક મહાપુરુષોએ એમને શ્રદ્ધાંજલિ આપી હતી. હિંદનાં આ મહાન દેશભક્ત દંપતીની સ્મૃતિમાં આજેય જીનિવાના શ્મશાનગૃહમાં બે સમાધિ એક-બીજાની નજીક ગોઠવાયેલી છે અને એના પર એક નાનકડી તખતી વાંચી શકાય છે:

શ્યામજી કૃષ્ણ વર્મા ૧૮૫૭-૧૯૩૦
ભાનુમતી કૃષ્ણ વર્મા ૧૮૬૨-૧૯૨૩

કચ્છ માંડવીમાં શ્યામજી કૃષ્ણવર્માનું આરસનું બાવલું માંડવીની જનતા તરફથી માંડવીના બસ સ્ટેશન પાસે સ્થાપવામાં આવેલ છે તેમજ શ્યામજી અને એમનાં પત્ની ભાનુમતીનાં નામે જાહેર રાજમાર્ગો નગરપાલિકા તરફથી માંડવીમાં જાહેર કરવામાં આવેલ છે. માંડવીમાં શ્યામજીના જન્મસ્થાનમાં એમનું સ્મારક પણ સ્થાપવામાં આવેલ છે.

શ્યામજી કૃષ્ણ વર્માની પ્રવૃત્તિઓથી વતનનું નામ રોશન થતું રહ્યું છે. એઓ કચ્છના પ્રથમ સ્વાતંત્ર્યસેનાની હતા એમ કહેવું અત્યુક્તિ-ભરેલ નથી. એમણે દેશસેવાનાં અનેક કાર્યો અને સતત ક્રાંતિ માટેની આપેલી પ્રેરણા ભાવી પેઢીઓને પ્રેરણાનાં પીયૂષનું પાન કરાવતાં રહેશે. ગુજરાતના ગૌરવને ચાર ચાંદ લગાવનાર શ્યામજી કૃષ્ણ વર્મા હિંદુસ્તાનમાં અમર થઈ ગયા છે.*

---

* સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદનું ૭ મું અધિવેશન ભુજ જિ., કચ્છ મુકામે તા. ૨૯-૩૧-૩૦ ઑક્ટોબર ૧૯૮૮ ના રોજ થયેલ તેમાં વંચાયેલ નિબંધ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગોવિંદ ગુરુ

ડૉ. એલ. ડી. જોશી

ઘણી વાર સામાન્ય સ્તરમાંથી ઉદ્‌ભવેલ અભણ માણસો પણ ઇતિહાસનાં અમર પાત્રો બની રહે છે. આવા જ એક ગોવિંદ ગુરુ પણ છે. એમનો જન્મ ડુંગરપુર (વાગડ, રાજસ્થાન) જિલ્લામાં આવેલ વાંસિયા ગામમાં વણજારા જ્ઞાતિમાં ૨૦ ડિસેમ્બર, ૧૮૫૮ માં થયો હતો. પછાત કોમમાં જન્મેલ બાળક માટે ભણવા-ગણવાની તો કોઈ તક હતી જ નહિ. કિશોર-વયથી જ ગોવિંદ ગુરુને સાધુ-બાવાઓનો સંગ કરવાની ટેવ પડેલી. એઓ ભજન ગાવામાં તન્મય બની જતા સ્વતંત્ર પ્રકૃતિ તથા મેધાવી પ્રતિભા-બુદ્ધિને લીધે એઓ સામાન્યોમાં પણ અસામાન્ય ભાસિત થવા લાગ્યા. આદિવાસી ભીલો તથા પછાત કોમોના દલિત લોકોનાં શોષણ તથા દુઃખમય જીવનથી ગોવિંદ ગુરુ દ્રવીભૂત થયા અને લોકોને સંગઠિત કરીને સમાજસુધારકોના માર્ગે વાળવા પ્રયત્ન કરવા લાગ્યા. ભીલોને ભગત બનવા સમજાવ્યા. માંસ મદિરા નશાબાજી ચોરીનો ત્યાગ કરી, ભગવાનનું ભજન કીર્તન કરીને, મહેનતની રોટી ખાઈને જીવન ગુજારવા સમજાવવા લાગ્યા. ગોવિંદ ગુરુનો લોકો પર ચમત્કારિક પ્રભાવ પડવા માંડ્યો અને ભીલોના ગુરુ તરીકે 'ગોવિંદ ગુરુ' પ્રસિદ્ધ બન્યા. ગોવિંદ ગુરુ ભીલ લોકોને સંગઠિત બની સ્વતંત્ર ખાબેર જીવવા ઉપદેશ આપતા. ભીલ-સુધારાની વાત રાજદરબાર સુધી પહોંચી. વાંસવાડામાં દરબાર શંભુસિંહજી મહારાવળ હતા, એમના પછી પૃથ્વીસિંહજી રાજા બન્યા. ડુંગરપુરમાં દરબાર વિજયસિંહજી મહારાવળ હતા, એમના પછી મહારાવળ લક્ષ્મણસિંહજી શાસક બન્યા અને વીરભદ્રસિંહજી (દરબારના ભાઈ) દીવાન બન્યા. વાંસવાડા અને ડુંગરપુરના શાસકો સામંતવાદી નિરંકુશ હતા. બંને ક્ષેત્રોના "વાગડ"ની સીમા ઉત્તર ગુજરાતને અડતી હતી. ગુજરાતના સંતરામપુરના ખેડાપા પાસે 'માનગઢ'ના ડુંગર ઉપર ડિસેમ્બર, ૧૯૦૮ માં આદિવાસી લોકોનો મેળો ભરાયો. ગોવિંદ ગુરુ ઉપદેશ આપતા હતા. 'માનગઢ' ગુજરાત અને વાગડની સરહદ પર આવેલો ઐતિહાસિક ડુંગર છે. આ ડુંગરા પર આશરે આઠેક હજાર ભીલ ભેગા થયા. સંતરામપુરના મહારાજા જોરાવરસિંહજી હતા. આ રાજાઓને લાગ્યું કે ભીલો લૂંટ-ફાટ કરીને સ્વતંત્ર ભીલરાજ ઊભું કરવા માગે છે. એમણે ભીલોને નશિયત કરીને સદાને માટે ચૂપ કરી દેવા અંગ્રેજ અમલદાર શટનની સાથે મશિનગનનો મારો ચલાવ્યો. દોઢેક હજાર ભીલ લોકો શહીદ થયા. ઘણાં સ્ત્રી પુરુષ બાળકો ઘવાયાં. આ કાંડને વાગડમાં "જલિયાનવાલા કાંડ" તરીકે યાદ કરાય છે. માનગઢ અને ગોવિંદ ગુરુ આજની આઝાદીના યુદ્ધમાં ઐતિહાસિક ઘટનાનાં પ્રતીક છે. દેશી રજ-વાડાં સામેનું ગરીબ એ આદિવાસી જનતાનું પ્રથમ સ્વાતંત્ર્યયુદ્ધ હતું, જે ગોવિંદ ગુરુના નેતૃત્વમાં સંતરામપુરના તથા ડુંગરપુર વાંસવાડાના વાગડનાં રજવાડાંઓ સામે ૭ ડિસેમ્બર, ૧૯૦૮ માં ખેલાયું. આ યુદ્ધનો પ્રભાવ સાબરકાંઠા તથા મેવાડ અને વાગડમાં સતત પડતો રહ્યો. ઠક્કરબાપાની પ્રેરણાથી સેવાસંઘ થયો અને માણેકલાલ ગાંધી (પંચમહાલ), ભોગીલાલ પંડ્યા (ડુંગરપુર), મણિશંકર જાની (વાંસવાડા), મોતીલાલ તેજાવત (મેવાડ) વગેરેએ સેવા અને સ્વતંત્રતાની જ્યોત જલાવી આઝાદીનું યુદ્ધ બુલંદ કર્યું.

ઇતિહાસનાં પાનાં પર ન ચડેલો છતાં ભવિષ્યમાં આઝાદીનો ઇતિહાસ લખાય તો એમાં સુવર્ણાક્ષરે નોંધી શકાય તેવો ગોવિંદ ગુરુ અને માનગઢનો આ પ્રસંગ છે. આ કહાણીમાં ભીલોની વીરતા અને ખુમારીનાં દર્શન થાય છે, તો ગોવિંદ ગુરુના નેતૃત્વની ભાળ પણ મળે છે. અંગ્રેજ સરકારે ગુજારેલું અમાનુષી વર્તન કંપારી ઉપજાવે તેવું છે. આવો જ એક બનાવ સાબરકાંઠાના વિજયનગર મહાલના



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દઢવાવ ગામે બનેલો, જેમાં મોતીલાલ તેજાવતની આગેવાની નીચે અનેક આદિવાસીઓ ભેગા થયા હતા અને ત્યાં પણ ખેરવાડા છાવણીની મિલિટરીએ ગોળીબાર કરતાં અસંખ્ય આદિવાસીઓ માર્યા ગયા હતા. અધમુઆઓને કૂવામાં નાખી દીધા હતા.

ગોવિંદ ગુરુ એક ક્રાંતદ્રષ્ટા વીર પુરુષ હતા. એમની પ્રેરણાથી ભીલ લોકોમાં અજબ એવી એકતા અને સંગઠન-શક્તિ આવેલી. ગુરુના બોલ માત્રથી આખી ભીલ આલમ ઊભી થઈ ગઈ હતી. ગોવિંદ ગુરુના સાથી તરીકે પૂંજિયો ભીલ નીડર અને સાહસિક હતો. મશિનગનના મારાથી ભીલો મરાયા અને ઘવાયા. ગોવિંદ ગુરુ અને પૂંજિયા ભીલને પકડીને કેદ કર્યા. સાબરમતી જેલમાં કારાવાસ વેઠીને છૂટયા પછી ગોવિંદ ગુરુ ગુજરાતના લીમડીની પાસે કંબોઈ ગામમાં રહ્યા, જ્યાં એમનું અવસાન પણ થયું કહેવાય છે. પૂંજિયા ભીલને પણ ૨૦ વર્ષ અમદાવાદની સાબરમતી જેલમાં જન્મટીપની સજા થઈ.

ગોવિંદ ગુરુએ ભીલસુધારા માટે ઘણું કાર્ય કર્યું. એમણે પ્રવાસ પણ ખેડ્યો. એઓ ઈડર થઈ સિરોહી સુધી ભક્ત બનાવતા ગયા. ડુંગરપુર-વાંસવાડામાં વ્યાપક સમાજ-સુધારાનું કાર્ય કર્યું અને માનગઢ ઉપર ધૂણી પણ બનાવી.

ગોવિંદ ગુરુ ઉપર આર્યસમાજનો જબરો પ્રભાવ હતો. એઓ ઉદયપુરમાં ૧૮૮૦-૮૧ માં સ્વામી દયાનંદ સરસ્વતીને પણ મળ્યા હતા અને સાથે પણ રહ્યા હતા.

વાગડના ભોગીલાલ પંડ્યા મને કહેતા કે માનગઢ-ડુંગર પર 'માનગઢ કાંડ'ની ઉજવણી ભીલો કરે છે, ગુરુ ગોવિંદ તથા ભીલોની શહાદતની યાદમાં પરેડ કરે છે અને શસ્ત્રસલામી આપી વિખેરાય છે.

આજે પણ ગુજરાત અને વાગડના આદિવાસીઓ ગોવિંદ ગુરુનાં ભજનો ગાય છે. ગોવિંદ ગુરુનાં સમાજ-સુધારાનાં તથા આઝાદીનાં ગીતો પ્રચલિત છે, જેમાં રાષ્ટ્રિયતા આઝાદી અને સામાજિક ચેતનાના સ્વર બુલંદ છે. ગોવિંદ ગુરુ રાજસ્થાનના દક્ષિણાંચલના (ઉત્તર ગુજરાત, ગુજરાત સહિતના) રાષ્ટ્રિય તેમજ સામાજિક ચેતના જગાવનાર આદિવાસી આગેવાન તરીકે પંકાય છે.

---

**ભરૂચ જિલ્લા સહકારી દૂધ-ઉત્પાદક સંઘ, લિ., "દૂધધારા ડેરી", ભરૂચ**

"શ્વેત ક્રાંતિના પાયામાં આપણું દુધાળું પશુધન છે. ગ્રામોન્નતિના પાયામાં ખેતી સાથે ડેરી ઉદ્યોગ છે." ગામડાં સધ્ધર હશે તો દેશ સધ્ધર બનશે.

ભરૂચ જિલ્લો કે જે નિષ્ફળ આકાશી ખેતીથી અછત અનાવૃષ્ટિ કે પૂરથી પીડાઈ પછાત રહ્યો છે, ત્યારે આખા ગુજરાતમાં જિલ્લે જિલ્લે ડેરીઓ સ્થપાતી ગઈ, ગામડે ગામડે રચાતી દૂધ-ઉત્પાદક સહકારી મંડળીઓ ગાંધીજીના રેંટિયાની યાદ આપે છે. આ સહકારીના એકમ "ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ" સંસ્થાની જિલ્લાની સમૃદ્ધિ માટે જિલ્લાના ખેડૂતોને દૂધના ધંધા તરફ વાળી ભરૂચ અને અંકલેશ્વર શહેરની જનતાને શુદ્ધ, પૌષ્ટિક અને નિર્ભેળ દૂધ ઠેર ઠેર કેન્દ્રો ઊભાં કરી તેમજ ફેરિયાઓ મારફતે ઘેર ઘેર પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવી છે.

| | | |
|---|---|---|
| **આર. એસ. પટેલ** | **મહેન્દ્રભાઈ પી. પટેલ** | **ઠાકોરભાઈ સી. અમીન** |
| જનરલ મેનેજર | ઉપપ્રમુખ | પ્રમુખ |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રણછોડલાલ છોટાલાલ

[૧૮૫૧-૧૮૯૮]

કુ. અપેક્ષા પી. મહેતા

**પ્રાસ્તાવિક :** ગુજરાતની એક વિશિષ્ટ ઐતિહાસિક પરંપરા છે કે એણે વેપારી સંસ્કારોને જન્મ આપ્યો છે તેમજ વિકસાવ્યા છે. છેક પ્રાચીન સમયથી શરૂ કરીને આજ દિન સુધીના ગુજરાત તરફ નજર કરીએ તો એક વાત સ્પષ્ટ રીતે તરી આવે છે કે ગુજરાતની વેપારી સંસ્થાઓ, એનાં વેપારી શ્રેણીઓ અને મહાજનોનાં વેપારી સાહસો વગેરે સતત રીતે ને વણથંભ્યાં ચાલતાં આવ્યાં છે. કેન્નેય ગિલિયન નામના ઑસ્ટ્રેલિયન ઇતિહાસવિદે સાચું જ નોંધ્યું છે કે ઉત્તર-પ્રદેશ બંગાળ બિહાર અને રાજસ્થાન જેવા પ્રાંતોમાં બ્રાહ્મણો રાજપૂતો અને સામંતોની બોલબાલા હતી, જ્યારે ગુજરાતમાં તો સામાજિક મોભો ને વગ ધરાવનાર "વાણિયો"-વણિક હતો. "વાણિયાની જ્ઞાતિમાં જન્મેલો એ વણિક નહિ, પણ જે વેપાર રોજગારમાં પ્રવૃત્ત હોય તે વણિક" એવી એક છાપ ગુજરાતે વિકસાવી હતી. આ સંદર્ભમાં જો આપણે વિચારીએ તો રણછોડલાલ છોટાલાલની અનેકવિધ પ્રવૃત્તિઓ અત્યંત મહત્ત્વની બની રહે છે. જે જમાનામાં ભારતીય ઉદ્યોગો માત્ર "ગૃહઉદ્યોગો"ની જ કક્ષાના હતા, જે જમાનામાં એ સુષુપ્ત અને ચીલાચાલુ અવસ્થામાં હતા તે જમાનામાં નવા યંત્રવિજ્ઞાન અને નવી ટેકનોલોજીને આધારે કોઈ નવો જ ઉદ્યોગ શરૂ કરવાનું જો કોઈએ વિચાર્યું હોય તો એ રણછોડલાલ છોટાલાલ (૧૮૨૧-૧૮૯૮) હતા. આ દષ્ટિએ એઓ એક મહાન પ્રયોજક પણ હતા.

**રણછોડલાલની પ્રવૃત્તિઓની પૂર્વભૂમિકા :** રણછોડલાલના જન્મનાં માત્ર ત્રણ વર્ષ પહેલાં જ ઈ.સ. ૧૮૧૮ માં અમદાવાદ અને ગુજરાતમાં બ્રિટિશ સત્તાનો પાયો નખાયો હતો. વળી એ જ સાલમાં ઇગ્લેન્ડની મેસર્સ ગિલ્ડર ડીસોઝા ઍન્ડ કમ્પનીએ ઇગ્લેન્ડની મિલમાં બનતાં સૂતર અને કાપડનું વેચાણ કરવા અમદાવાદમાં એક પેઢી સ્થાપી એ કાંઈ અકસ્માતરૂપ ન હતું. આ વખતે અમદાવાદ અને ગુજરાતનો શેઠિયા-વર્ગ એના ચીલાચાલુ ધંધામાં પ્રવૃત્ત હતો, જ્યારે બીજી તરફ રણછોડલાલ એક અમલદાર હોવાને નાતે કૅપ્ટન જ્યૉર્જ ફુલજેમ્સ અને જેમ્સ લેન્ડન જેવા બ્રિટિશ ઈજનેરો ને વેપારીઓ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતા હતા.

**રણછોડલાલના મિલ-ઉદ્યોગમાં પ્રવેશવા માટેનાં કારણો :** રણછોડલાલ આ પ્રવૃત્તિઓથી માહિતગાર હતા, કારણ કે એમનું સંદર્ભ-જૂથ (reference ground) નાગરો કે વાણિકોનું નહિ, પણ બ્રિટિશ અમલદારો અને વેપારીઓનું બનેલું હતું. એમણે ૧૮૪૪-૪૫ માં વિચાર કર્યો કે "જો ઇગ્લેન્ડ હિંદમાંથી કપાસની આયાત કરીને અને કાપડ-ઉદ્યોગમાં કામ કરતા ત્યાંના મજૂરોને ભારે દરે મજૂરી આપીને હિંદમાં કાપડ ઠાલવી શકે અને અઢળક નફો પણ પ્રાપ્ત કરી શકે તો હિંદમાં જ આ શક્ય કેમ ન બની શકે? ગુજરાત તો કપાસનો ગઢ છે. ગુજરાતમાં સારા પ્રમાણમાં વેપારી મૂડી પણ છે. ગુજરાતી વેપારીઓએ ઉચ્ચ કોટિની નાણાકીય અને વેપારી સંસ્થાઓ પણ વિકસાવી છે. મિલ સ્થાપ્યા બાદ સૂતર અને કાપડનું વેચાણ કરવા માટે સારોયે ભારતીય ઉપખંડ ઉપલબ્ધ છે."

આવા આશાવાદ સાથે ૨૪ વર્ષના જુવાન રણછોડલાલે કૅપ્ટન જ્યૉર્જ ફુલજેમ્સનો ૧૮૪૭ માં સંપર્ક સાધ્યો. ફુલજેમ્સે 'બ્રાયન ડન્કન ઍન્ડ કમ્પની' નામની ઇગ્લેન્ડની જાણીતી મિલ-મશિનરીની કમ્પની પાસેથી મિલ સ્થાપવા અંગેની તમામ માહિતી પ્રાપ્ત કરી અને એ રણછોડલાલને પૂરી પાડી. રણછોડલાલે હવે આશાવાદની સાથે સાથે નક્કર પાયા ઉપર ગણતરીઓ શરૂ કરી અને એને આધારે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મિલ સ્થાપવાનો પાકો નિશ્ચય કર્યો, પણ એમની પાસે મૂડી ન હતી તેથી એમણે નગરશેઠ પ્રેમાભાઈ હીમાભાઈ અને હઠીસિંગ કેસરીસિંગ જેવા અમદાવાદના શેઠિયાઓનો સંપર્ક સાધ્યો, પણ શેઠિયાઓએ રણછોડલાલના પ્રસ્તાવને તરંગી ગણીને હસી કાઢ્યો. શેઠિયાઓ તો એક જ વાક્ય બોલતા હતા કે "જો મિલ-ઉદ્યોગમાં નફો હોય તો એ મુંબઈવાળા જ શરૂ ન કરે ! આપણે શું કામ અજાણ્યે રસ્તે જઈએ ?" આવા ઉત્તરોથી રણછોડલાલે વડોદરાના શાહુકારોનો સંપર્ક સાધ્યો. આની સાથે સાથે જરૂરી મૂડી પ્રાપ્ત કરવા માટે એમણે ૨૧-૧૧-૧૮૪૯ ના રોજ 'અમદાવાદ સમાચાર'માં પણ જાહેરાત આપો, જેમાં એમણે ઉદ્યોગ સંબંધી તમામ વિગતો આપી, પરંતુ આવા અજાણ્યા અને વણખેડાયેલા ઉદ્યોગ માટે એમને નાણાં ધીરનાર કોઈ જ ન મળ્યું. છેવટે ૧૮૫૨ માં વડોદરાના શાહુકારો તૈયાર થયા. ભરૂચના અંગ્રેજી વેપારી જેમ્સ લેન્ડનને મશિનરી અને મિલ-ઉદ્યોગ માટેનો અન્ય સામાન ખરીદવા માટે ઇંગ્લેન્ડ મોકલવાનું પણ નક્કી થયું, પણ રણછોડલાલના દુર્ભાગ્યે આ યોજના પડી ભાંગી.

**મિલ-ઉદ્યોગમાં પ્રવેશ :** ત્યારબાદ કાવસજી દાવરે ૧૮૫૪-૫૫ માં મુંબઈમાં મિલ સ્થાપી. મુંબઈમાં બીજી કેટલીક મિલો શરૂ થઈ. આ દરમ્યાન પણ રણછોડલાલે એમના પ્રયાસો ચાલુ જ રાખ્યા, જેથી છેવટે મુંબઈની મિલોને સફળ થયેલી જોઇને અમદાવાદના શેઠિયાઓએ રણછોડલાલને સહાય કરી, જેને આધારે એમણે ૧૮૫૮ માં રૂ. ૫,૦૦,૦૦૦ની મૂડીથી 'અમદાવાદ સ્પિનિંગ એન્ડ વીવિંગ મિલ કમ્પની' શરૂ કરી.

રણછોડલાલે મિલ શરૂ કરવા માટે મશિનરોનો ઑર્ડર ઇંગ્લેન્ડમાં મૂક્યો અને આ કામ માટે એમણે ઇંગ્લેન્ડમાં રહેતા પ્રખર વિદ્વાન અને રાષ્ટ્રભક્ત દાદાભાઈ નવરોજીનો સંપર્ક સાધ્યો. ઇંગ્લેન્ડથી યંત્રસામગ્રી (મશિનરી) દરિયાઈ માર્ગે આવવાની હતી, પણ એ અધવચ્ચે દરિયામાં વહાણની સાથે ડૂબી ગઈ. સદ્ભાગ્યે એનો વિમો ઉતરાવ્યો હોઈ રણછોડલાલને નુકસાન થયું નહિ અને એમણે બીજી મશિનરી માટેનો ઑર્ડર મૂક્યો. આ મશિનરી ઇંગ્લેન્ડથી ખંભાત આવી અને એને અમદાવાદમાં ખસેડવા રણછોડલાલ આ મશિનરી બળદગાડામાં અમદાવાદ લાવ્યા. અમદાવાદના શાહપુર વિસ્તારમાં એ ગોઠવવામાં આવી. ૨૬ મી મે, ૧૮૬૧ ના રોજ અમદાવાદ શહેરની આ સૌ-પ્રથમ મિલનું ઉદ્ઘાટન થયું.

**રણછોડલાલ વ્યવસ્થાપક તરીકે :** રણછોડલાલ કાર્યકુશળ વ્યવસ્થાપક હતા. એઓ જાતે જ મિલના તમામ કામકાજ ઉપર દેખરેખ રાખતા. મિલ માટે જરૂરી રૂ ખરીદવું, મજૂરો અને ટેકનિકલ જ્ઞાન ધરાવતા માણસોની નિમણૂકો કરવી, તૈયાર માલનું બજારોમાં વેચાણ કરવું તેમજ મિલના કામકાજ અંગે પત્રવ્યવહાર કરવો, આ તમામ કાર્યો ઉપર રણછોડલાલ ઝીણવટભરી દેખરેખ રાખતા. એમણે મિલનો વહીવટ એવો તો કરકસર અને કુશળતાપૂર્વક કર્યો કે શરૂઆતથી જ એમની મિલ નફો પ્રાપ્ત કરતી થઈ. એમણે મિલનો વિસ્તાર કરીને ઉત્પાદનમાં વધારો કર્યો.

ઈ.સ. ૧૮૬૧ માં એમણે માત્ર ૬૫ મજૂરો અને ૨,૫૦૦ ત્રાકોથી સૂતર કાંતવાનું કામ શરૂ કર્યું, પણ ૧૮૬૪-૬૫ માં એમની મિલમાં ૧૦,૦૦૦ ત્રાકો, ૧૦૦ સાળો અને ૫૧૫ મજૂરો હતાં. ૧૮૯૮ માં રણછોડલાલ જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે અમદાવાદ સ્પિનિંગ એન્ડ વીવિંગ મિલમાં ૩૩,૦૦૦ ત્રાકો અને ૬૮૯ સાળો હતી. આ કમ્પનીની મૂડી રૂા. ૫,૦૦,૦૦૦ થી વધીને ૧૦,૦૦,૦૦૦ થઈ હતી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**વિસ્તૃતીકરણ :** રણછોડલાલે એમના કાર્યક્ષમ સંચાલન વડે શરૂઆતથી જ અમદાવાદ સ્પિનિંગ ઍન્ડ વીવિંગ કમ્પનીને સારા પ્રમાણમાં નફો કરતી બનાવી હતી. આ મિલ સધ્ધર થતાં એમણે ૧૮૭૭ માં 'અમદાવાદ જીનિંગ ઍન્ડ મેન્યુફેક્ચરિંગ કમ્પની' નામની બીજી મિલ કમ્પનીની રૂા. ૩,૦૦,૦૦૦ની મૂડીથી સ્થાપના કરી. આ મિલે પણ એની શરૂઆત માત્ર સૂતર કાંતવાથી કરી હતી. ૧૮૭૭ માં આ મિલમાં માત્ર ૯,૧૨૦ ત્રાકો હતી. ૧૮૯૮ માં રણછોડલાલના અવસાન સમયે અમદાવાદ જીનિંગ મિલમાં ૪૪,૯૭૨ ત્રાકો અને ૮૭૫ સાળો હતી. કમ્પનીની મૂડી રૂા. ૧૦.૫૦ લાખ હતી. આમ રણછોડલાલ એમના અવસાન વખતે બે મિલોના માલિક (એજન્ટ) હતા. આ મિલોની કુલ ભરાયેલી મૂડી રૂા. ૨૦.૫૦ લાખ હતી. આ મિલોમાં કુલ ૭૮,૩૮૦ ત્રાકો અને ૧,૬૬૪ સાળો હતી. આ સમયે (૧૮૯૮) અમદાવાદમાં ૪.૫૦ લાખ ત્રાકો અને ૫,૮૮૭ સાળો ધરાવતી કુલ ૨૫ મિલો હતી. આમાં રણછોડલાલનો હિસ્સો નીચે પ્રમાણે હતો : અમદાવાદની મિલોની કુલ ત્રાકોના ૧૯.૧૯ ટકા અને કુલ સાળોના ૨૫.૫૩ ટકા.

રણછોડલાલ મિલ–ઉદ્યોગના પિતા હતા. એમની સલાહ લેવા ભલભલા જૈન અને વૈષ્ણવ વણિકો આવતા. ઘણી નવી મિલોનું ઉદ્‌ઘાટન પણ એમને હાથે થતું. ૧૮૯૧ માં અમદાવાદમાં ૯ મિલો હતી તેથી એમણે મિલો અને મિલ–માલિકોનું સંઘબળ વધારવા માટે 'અમદાવાદ મિલ ઓનર્સ એસોશિયેશન (અમદાવાદ મિલ–માલિક મંડળ)'ની સ્થાપના કરી અને એઓ એના પ્રથમ પ્રમુખ બન્યા.

**એક નવા ઉદ્યોગનો નિષ્ફળ પ્રયાસ :** રણછોડલાલ માત્ર મિલ–ઉદ્યોગથી જ સંતોષ પામીને બેસી રહે તેવા ન હતા. એમણે ગુજરાતમાં લોખંડ અને કોલસાનો ઉદ્યોગ સ્થપાઈ શકે કે નહિ એ અંગે ચકાસણી કરી હતી અને એ માટે એમણે માટી અને અન્ય ભૂસ્તરશાસ્ત્રીય ચીજોના નમૂના ભેગા કર્યા હતા. આ ચકાસણી બાદ એઓ એવા નિર્ણય ઉપર આવ્યા કે ગુજરાતના પંચમહાલ જિલ્લામાં ખાણનો ઉદ્યોગ શરૂ થઈ શકે એમ છે. આ માટે એમણે મનસુખભાઈ ભગુભાઈ અને બેચરદાસ લશ્કરી જેવા મિલ–માલિકોની મદદથી ૧૮૮૨ માં 'ગુજરાત કોલ ઍન્ડ આયર્ન કમ્પની'ની સ્થાપના કરી હતી. આ સાહસ અત્યંત જોખમભરેલું અને વણખેડાયેલું હોઈ કમ્પનીના સંચાલકોએ મુંબઈ સરકારને ખાણકામ માટે પંદર વર્ષનો ઈજારો આપવાની વિનંતી કરી, પરંતુ મુંબઈ સરકારે આ વિનંતીનો અસ્વીકાર કર્યો, આથી રણછોડલાલે કેન્દ્ર સરકાર સમક્ષ ધા નાખી. એમણે સરકારને લખ્યું કે હિંદને નિર્ધન થતું અટકાવવામાં આવો પાયાનો ઉદ્યોગ ઘણો મદદરૂપ નીવડશે, પરંતુ આ સમયે તો હિંદ સરકાર મુક્તપણે વેપારની નીતિને ચુસ્તપણે વરેલી હોઈ એ સમયના વાઈસરૉય લૉર્ડ ડફરિને રણછોડલાલની અરજી ફગાવી દીધી. આમ ગુજરાતમાં એક મહત્ત્વનો ઉદ્યોગ શરૂ થવાની જે શક્યતાઓ ઊભી થઈ હતી તે સાંસ્થાનિક સરકારના પ્રતિકૂળ વલણને લીધે પડી ભાંગી.

**સમાપન :** રણછોડલાલ ઉચ્ચ કોટિના પ્રયોજક અને સંચાલક હતા. એ જ્યારે વિદ્યાર્થી હતા ત્યારે મુંબઈ યુનિવર્સિટીની શરૂઆત પણ થઈ ન હતી, પરંતુ એમણે એ ગાળામાં પોતાનો અભ્યાસ વધાર્યો. રણછોડલાલ સરકારી અધિકારી હોઈ અને અંગ્રેજી ઉપરનું એમનું પ્રભુત્વ હોઈ એમને માટે ફુલજેન્સ અને લેન્ડન જેવા ઔદ્યોગિક વિષયના જાણકાર માણસો સાથે પરિચય કેળવવાનું સરળ બન્યું. આવા માણસોની મદદ વગર એઓ મિલ-ઉદ્યોગ અંગેની જરૂરી માહિતી પ્રાપ્ત કરી શક્યા ન હોત. આમ ફુલજેમ્સ અને લેન્ડને ચિનગારીનું કામ કર્યું હતું એમ કહેવામાં અત્યુક્તિ નથી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરંતુ રણછોડલાલ માત્ર માહિતીઓ એકત્રિત કરીને જ બેસી રહે તેવા ન હતા, એઓ અત્યંત મહત્ત્વાકાંક્ષી અને મહેનતું હોવા ઉપરાંત પાકી ગણતરીઓ કરનારા હતા. આ ગણતરીને આધારે એમને જો લાગે કે અમુક કામ કરવા જેવું છે તો એને એઓ 'જૂ'ની જેમ ચીટકી રહેતા. આ જ કારણથી એમણે અનેક પ્રતિકૂળ બળોનો સામનો કરીને પણ અમદાવાદમાં મિલ-ઉદ્યોગનો પાયો નાખ્યો. બીજું દૃષ્ટાંત પણ નોંધપાત્ર છે. રણછોડલાલ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા. એક પ્રસંગે (૧૮૮૨) જ્યારે એમણે અમદાવાદમાં પાણી માટેના નળની યોજના અમલમાં મૂકી ત્યારે અમદાવાદીઓએ એમને 'ધરમ વટલાઈ જશે' કહીને ગાળો દીધી હતી, પણ ભારે વિરોધો વચ્ચે પણ રણછોડલાલ પોતે હાથ ધરેલી આ યોજનાને વળગી રહ્યા અને અમદાવાદમાં નળ તથા ગટરની વ્યવસ્થાને દાખલ કરીને જ એ જંપ્યા. ટૂંક સમયમાં જ આ યોજનાઓ લાભદાયી પુરવાર થઈ તેથી જે લોકોએ એમને શરૂઆતમાં ગાળો દીધી હતી તે જ લોકોએ આ યોજનાઓને હોંશથી અપનાવીને એમને માટે પ્રશંસાનાં ફૂલો વરસાવવાં શરૂ કર્યાં આ વસ્તુસ્થિતિ રણછોડલાલના માનસિક વ્યક્તિત્વની ખાસિયતો ઉપર પ્રકાશ નાખે છે, જે માત્ર પ્રયોજકીય દૃષ્ટિએ જ નહિ, પણ જીવનનાં બીજાં ક્ષેત્રોમાં પણ સફળતા પ્રાપ્ત કરવા માટે જરૂરી છે. રણછોડલાલના વ્યક્તિત્વની ખાસિયતો હતી ઊંચા પ્રકારની મહત્ત્વાકાંક્ષા, મહત્ત્વાકાંક્ષા પ્રાપ્ત કરવા માટે જરૂરી તનતોડ મહેનત, પાકી ગણતરી, પદ્ધતિસર કામ કરવાની ટેવ અને એક વાર એમ સમજાય કે અમુક કામ કરવા જેવું છે તો એ પાર ન પડે ત્યાંસુધી એને 'જૂ'ની જેમ ચીટકી રહેવાનો સ્વભાવ.*

* ગુ. ઈતિ. પરિ., કલકત્તા અધિવેશનમાં વંચાયેલો નિબંધ, તા. ૨૫-૧૧-૮૮


With best compliments from

# Deepak Nitrite, Limited

Manufacturers of :

i) Sodium Nitrite
ii) Sodium Nitrate
iii) Dilute & Concentrated Nitric Acid
iv) Ammonium Nitrate
v) Blovel-Rubber blowing Agent
vi) Hexamine
vii) Guanidine Nitrate
viii) Hydroxylamine Sulphate
ix) Sodium Sulphate.

A CLEAN ENVIRONMENT IS OUR LIFELINE AND PART OF OUR BUSINESS

**Regd. Office :**
9/10 Kunj Society,
Alkapuri,
Baroda-390 005
(Phone : 325113/325158)
(Gram : SELENICA)

**Works :**
4-12 GIDC Chemical Complex,
Nandesari 391 340,
Dist. Baroda.
(Phone : 602331/232/233)
(Gram: SELENICA)
(Telex: 0175-589 DNL IN)




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેરાના પીર શ્રી ગુલામઅલીશાહ

શ્રી જગદીશચંદ્ર સી. છાયા, 'શ્રેયસ્'

"પતા કુદરતકા મિલતા હૈ ખુદાકે રાઝદારોંસે,
સદા બઢતા હૈ કરમ, અવલિયાકે મઝારોંસે,
ગર અપની રહે ભલા, ચાહો તો, ખિદમત કરો ફકીરોંકી;
કઝાકો ટાલ દેતી હૈ દુઆ રોશન ઝમીરોંકી."

ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટે ખુદા પોતાના ફિરસ્તાઓને પૃથ્વી પર મોકલે છે. આવા ફિરસ્તાઓ પોતાના જીવનકાલ દરમ્યાન લોકોને જીવનનો સાચો રાહ બતાવે છે. એમની દુઆ પણ માનવીને ધન્ય બનાવી દે છે. અહીં એવા જ એક પીર વિશે લખવાની પ્રેરણા થઈ છે.

**સૂફી સંત :** ભૂજ તાલુકાના કેરા ગામે પશ્ચિમ દિશાએ આવેલી પીર શ્રી ગુલામઅલીશાહની સફેદ દરગાહ આજે પણ શાંતિ અને ભાઈચારાનો મૌનસભર સંદેશ આપે છે.

પીરશ્રી ગુલામઅલીશાહ ઇસ્માઇલી ધર્મગુરુ પીરશ્રી સદરુદ્દીનના વંશજ હોવાનું મનાય છે. એઓ તુર્કસ્તાન અફઘાનિસ્તાન ઈરાન તથા સિંધથી ફરતા ફરતા ગુજરાતમાં ધોળકા અને ત્યાંથી કચ્છમાં કેરા આવ્યા હતા. કેરાની પવિત્ર અને પ્રતાપી ભૂમિમાં જ એઓ સ્થાયી થયા હતા. કેરામાં એક ટેકરી પર વૃક્ષ નીચે એઓ રહેતા, જ્યાં ભૂતોનો વાસ ગણાતો. પીરને વળી બીક શાની ?

એઓ સૂફી સંત હતા, પોતા સાથે જીન(સૂર)નો ધાબળો રાખતા. દુખિયાં અને પીડિતો એમના આશીર્વાદ લેવા આવતાં. પીરશ્રી એમની મનઃકામના પૂર્ણ કરતા.

**બ્રહ્મજ્ઞાન :** વેદાંત અને એવા અનેક ગહન ગ્રંથોના અભ્યાસી એવા પીરશ્રીએ હિંદુધર્મ પ્રત્યેની લાગણી 'બ્રહ્મજ્ઞાન' જેવો ગ્રંથ લખીને વ્યક્ત કરી છે. પીરશ્રીના કહેવાતા ચમત્કારો અને બ્રહ્મજ્ઞાનથી લોકો આકર્ષિત થતા અને એમના અનુયાયી બની જતા. ઠેઠ કાઠિયાવાડ અને સિંધમાં પણ એમની ખ્યાતિ વધી હતી અને ત્યાં પણ એમના અનુયાયીઓ બન્યા હતા. લોકો એમને 'પીર' તરીકે પૂજવા લાગ્યા. 'બ્રહ્મજ્ઞાન'નો ગ્રંથ પીરશ્રીના હસ્તાક્ષરમાં લખાયેલો હતો. એ સાચવી રાખવામાં આવ્યો હતો, પણ કોઈ એક વખતે બ્રિટનથી આવેલાં એક અભ્યાસુ મહિલા ગ્રંથ પાછો આપવાની શરતે લઈ ગયેલાં, પણ પાછો મોકલ્યો જ નહિ. એ ગ્રંથ જો આજે હોત તો ધાર્મિક અને અભ્યાસુ વૃત્તિ ધરાવતા લોકો માટે ઘણો જ મહત્ત્વ બની રહેત. એ ગ્રંથ અરબી લિપિ અને સિંધી ભાષામાં લખાયેલો હતો એમ કહે છે.

શ્રી. માર્કંડરાયભાઈ મહેતાએ પીરશ્રીની બે રચનાઓ મેળવી છે. એ ગ્રંથમાંથી કેટલીક રચનાઓ ઉપલબ્ધ છે :

"રે...તું હી...
આપ સવારો સાર શું અને તાકા કરો શણગાર;
નૈનું કાજલ નેહકા, પિયુ, કરો ગલેકા હાર.
સઘળા સોહાગ તિન શિર કસીએ,
તાકા નેહ જિસ માંહે લઈએ."

ગુજરાતી અને હિન્દી મિશ્રિત ભાષામાં રચાયેલી આ રચનામાં ભક્તને પ્રિયતમને મળવાની ઝંખના છે. સત્યનો શણગાર સજી, નયનોમાં પ્રેમનું કાજળ આંજી પ્રભુના ગળાનો હાર બનવાની ઉત્કંઠા એમાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જણાય છે. પ્રભુ સિવાય આ સંસારમાં કંઈ સાર નથી, અર્થાત્ પ્રભુની ભક્તિમાં તન્મયતા દ્વારા પ્રભુનો પ્રેમ સંપાદિત કરી શકાય એવો ભાવ છે. ભક્તકવયિત્રી મીરાંએ પોતાનો પતિ પણ ઈશ્વર જ છે એમ કહી, શણગાર સજી 'પગ ઘૂઘરૂ બાંધ મીરાં નાચી થી' એમ લખે છે. પીરશ્રીની રચનામાં પણ સત્યનો શણગાર સજીને ઈશ્વરને મળવાની ઉત્કંઠા દર્શાવાઈ છે. એઓ લખે છે :

"કાજલ ફૂલ મુખથી બોલ, હંસી હંસી લાગે તિસ મુખ છોલ;
તેલ ફૂલેલ શિર કંધી સારે, તિસ ગલે બાંહુડી પિયા પિયા રે...
પિયુ બિના જો કરે શણગાર, તિસ ગલે લાગે જલદ અંગાર;
પહેરી આભરણ લોક ન આવે, 'શાહ' સોહાગ સો કયૂં કર પાવે ?"

બોલવું તો કોયલ જેવું મીઠું–સૌના પ્રિય થવા માટે એ જરૂરી છે. સત્યરૂપી શણગાર સજી, પ્રિયતમ પ્રભુના ગળે હાથ ભેરવી ઈશ્વરમય થઈ જવાય તો જ સૌભાગ્ય પ્રાપ્ત થાય, અન્યથા શણગાર સજવો પણ વ્યર્થ છે, આડંબર છે. ઈશ્વરની કૃપા મેળવવા શ્રદ્ધા જરૂરી છે એમ એમણે લખ્યું છે.

આ રચનાઓનો ટૂંક સારાંશ છે : 'અનલ હક'='એ તું છે.'

**મૃત્યુનો અગમ–સંકેત :** પીરશ્રી એક વખત એમના પુત્ર અકબરશાહ સાથે કરાંચી ગયેલા ત્યાં એમને મૃત્યુનો અગમ–સંકેત થયો તેથી એમણે ત્યાંના પોતાના અનુયાયીઓને આજ્ઞા કરી કે "મને કેરામાં એ ટેકરી પર દફનાવજો, જ્યાં હું ધર્મોપદેશ દેતો." એમનો નશ્વર દેહ તો ઢળી પડયો. કરાચીના ખોજાઓએ તો ત્યાં જ એમનો દફનવિધિ થાય એ યોગ્ય લેખ્યું અને બીજે દિવસે એ વિધિ કરવાનું નક્કી થયું. કહેવાય છે કે ત્યાં ચમત્કાર થયો : જેમ સંત કબીરના મૃતદેહના બદલે ફૂલોનો ઢગલો થઈ ગયો હતો તેવું અહીં પણ બન્યું. સવારે જ્યારે જનાજામાં સૌ જુએ છે તો પીરશ્રીનું શબ ગાયબ હતું, પણ એ સ્થાને ફૂલોનો ઢગલો પડયો હતો, શબ તો કેરા આવી ગયું હતું, જ્યાં એમનો દફન–વિધિ થવાનો હતો ! આથી કરાચીના ખોજાભાઈઓ પણ પોતાની ભૂલ સમજી ગયા. ત્યાંથી એમનો જનાજો કાઢી કેરા લાવવામાં આવ્યો અને ત્યાં એમના શબનો પૂરા માન સાથે દફનવિધિ થયો તથા પછીથી ત્યાં દરગાહ બંધાઈ.

પીરશ્રીના જન્નતનશીન થયાની જાણ થતાં એમનાં ધર્મપત્ની કેરા આવ્યાં. સં. ૧૮૬૪ માં એમના પુત્ર અકબરશાહ મુંબઈ જતા હતા ત્યારે માત્ર ૧૫–૧૬ વર્ષની કિશોરાવસ્થામાં અકાળ અચાનક અવસાન પામ્યા. (અકબરશાહને માંડવીમાં દફનાવેલા તેથી ત્યાં એમની દરગાહ છે.) આ અવસાનથી બીબીને ઘણો જ આઘાત લાગ્યો...એમણે સં. ૧૮૮૪ માં દેહ છોડયો ત્યાંસુધી એઓ પીરશ્રીની તુર્બત પાસે પૂજા-ધ્યાનમાં અને સદાવ્રત ચલાવી સમય ગાળતાં. સદાવ્રત આજે પણ ચાલે છે તેમાં જ્ઞાતિનો કોઈ જ ભેદભાવ લેખાતો નથી. અગાઉ સદાવ્રત ચાલતું ત્યારે એ માટે જોઈતી સાધનસામગ્રી પર કોઈ જ જકાત પડતી નહિ ત્યારે ગાડાં કે અન્ય કોઈ વાહન દ્વારા કે પગપાળા જતા આવતા યાત્રિકો–મુસાફરોને પાથરણાં પાણી અને માટીનાં કોરાં વાસણ વગેરે ત્યાંથી મળી રહેતાં. ગરીબોને પ્રત્યેકને ૩ શેર(૭૭ તોલા)નાં લોટ મીઠું ડુંગળી વગેરે અપાતાં. ત્યાં પ્રાણીઓની હત્યા નહોતી થતી.

**દરગાહનું દર્શન :** પીરશ્રીની દરગાહનાં દર્શને જવા માટે પ્રથમ તો ઊંચા પડથાર પરથી પસાર થવું પડે. એ પડથાર ૨૫ ફૂટ લાંબો અને ૧૨ ફૂટ પહોળો છે. વચ્ચે વચ્ચે બે અઢી અને ત્રણ ફૂટ ઊંચા પાકા ઓટલા બાંધેલા છે. અહીં એક મોટો ઓટલો ૨૭ ફૂટ પહોળો અને ૩૭ ફૂટ લાંબો છે તેને સૌ 'હબુબાણીવાળો' ઓટલો કહે છે. શ્રી હબુબાણી મૂળ કેરાના હતા, પણ ધંધાર્થે મુંબઈ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસતા હતા, એમણે એ ઓટલો-બંધાવ્યો છે. એની ઉત્તર તરફ એક પરબ રાખવામાં આવે છે તેનો ખર્ચ શ્રી હણુઆણી ભોગવતા. આજ પણ એમના વંશજો પ્રતિવર્ષ મેળામાં પરબનો ખર્ચ ભોગવે છે.

પડથાર ઓળંગી નાકામાંથી પસાર થઈએ ત્યારે પીરશ્રીની દરગાહની ભવ્યતાનાં દર્શન થાય. પચ્ચીસેક પગથિયાં ચડતાં ૧૨૫ ફૂટ લાંબો અને ૩૫ ફૂટ પહોળો ઓટલો આવે છે ત્યાં ઉત્તર તરફ પંચતન પાક અ.સ.ની જગ્યા છે તેમ નાનો મકબરો છે તે પીરશ્રીની હયાતીમાં બંધાયો હોવાનું કહેવાય છે. પંચતન પાક સ્થાનકમાં (૧) હઝરત મહંમદ, (૨) હઝરત અલય સલામ, (૩) ફાતમા, (૪) હસન અને (૫) હુસેનનાં સ્થાનક છે.

દરગાહનો પ્રથમ દરવાજો તાંબાનો અને બીજો ચાંદીનો છે. અલબત્ત, તસ્કરોએ એને હાનિ પહોંચાડી છે.

દરગાહમાં પીરશ્રી અને એમનાં ધર્મપત્નીની દરગાહો આવેલી છે. ("કેરાનો કજિયો" નામના પુસ્તકમાં આ વિશે વિસ્તૃત માહિતી છે.)

દરગાહની બહાર ૬૨ ફૂટ લાંબો અને ૪૨॥ ફૂટ-પહોળો ચોક છે. ત્યાં વચ્ચે પીરશ્રીના પુત્ર અકબરશાહનું સ્થાનક છે તે ત્રણ ફૂટ લાંબુ અને સાડા ચાર ફૂટ પહોળું તથા ત્રણ ફૂટ ઊંચું છે. ત્યાં પણ પ્રથમ તો પીરશ્રીની દરગાહ જેવી જ મોટી દરગાહ અને કૂબો કરવાની યોજના હતી, એ માટે પાયો પણ ભરાઈ ગયો હતો, પણ એમ કરવાથી મેળા વખતે જગ્યાની સંકડાશ થશે, પ્રવાસીઓને ખુલ્લી હવા પણ નહિ મળી શકે, એ વિચારથી એ યોજના માંડી વાળવામાં આવી હતી.

દરગાહની આસપાસ પ્રાંગણમાં ઓરડાઓની હારની હાર છે ત્યાં મેળા વખતે પ્રવાસીઓ ઉતારા કરે છે. અહીં નગારખાના ઉપરાંત વિશ્રામ લેવા માટે છતરડી પણ છે. દરગાહની બહાર નીચાણમાં ખોજાઓનું કબ્રસ્તાન છે ત્યાં કેટલીક કબરો પર જ્ઞાનથી સભર શાયરીઓ લખી છે.

પાણીનું એક પરબ દરગાહની બહાર પડથાર પર રહેતું તેમ એક પરબ નાકાની અંદર પણ રહેતું. સં. ૧૯૮૯ માં મુંબઈવાળા શેઠ ફાઝલભાઈએ એમના મર્હૂમ પિતાજી શ્રી. અલ્લારખિયા વિશ્રામના આત્મા(રૂહ)ના કલ્યાણ અર્થે પરબ બંધાવી આપ્યું, જેનો ખર્ચ એઓ એ સમયે ભોગવતા. અગાઉ ત્યાં છત નહોતી ત્યારે માથે કપડું વીંટાળીને પણ પરબ ચલાવતા. પીરશ્રીની દરગાહ પાસે બગીચો અને કૂવો પણ હતા. (સૌજન્ય 'કેરાનો કજિયો' પુસ્તક)

**મેળો ગઈ કાલ અને આજ** : સાડાત્રણસો ફૂટ ઊંચાઈ પર આવેલી પીરશ્રીની દરગાહ ખુલ્લી હવા ખાવા માટે યોગ્ય સ્થળ છે. 'સો દવા, એક હવા' એ કહેવત મુજબ ઘણાં દર્દીઓ અહીં રહી રોગ-મુક્ત બન્યાં છે. પ્રતિવર્ષ ચૈત્ર માસમાં અહીં મેળો યોજાય છે તે ત્રણ દિવસ ચાલે છે. દરગાહ પર નવો ધ્વજ ચડાવવાનો વિધિ કોઈ પણ જ્ઞાતિજન કરી શકે છે. મેળામાં હિન્દુ મુસલમાન એક થઈ ઉત્સાહભેર ભાગ લે છે ત્યારે કોમી એકતાનાં અનેરાં દર્શન થાય છે.

અગાઉ આઠ દિવસ સુધી એ મેળો યોજાતો ત્યારે છેલ્લા દિવસે વિવિધ દોડસ્પર્ધાઓ યોજાતી, જેમાં (૧) ઊંટોની હાર, (૨) કસાવર ઘોડાઓની, (૩) નાના કદના ઘોડાઓની, (૪) બળદ-ગાડીઓની અને (૫) માણસોની, જેમાં પ્રથમ ચાર સ્પર્ધાઓમાં વિજેતા થનારને ચાંદીનો પ્યાલો અને પુરુષોની દોડસ્પર્ધામાં વિજેતા થનારને રૂ. ૧૨૫ ની કિંમતનાં કપડાં આપવામાં આવતાં. આ ઈનામોની રકમ ફાળો કરી એકત્ર થતી, પણ પછીથી કેટલોક સમય એ ખર્ચ મૂળ સૂથરીના, પણ બંધાર્થે ટાંગાનિકા વસતા શેઠ ઓસમાણ હારૂન સોનારા પોતે ભોગવતા. આજે પણ આવી કોઈ સ્પર્ધા યોજવા ઉત્સુક હોય તો દરગાહના ટ્રસ્ટીઓ સહકાર આપવા તત્પર છે. રાત્રે કવ્વાલીઓની રમઝટ માણવા જેવી હોય છે.

ઠે. રૂપશાળા, કેરા-૩૭૦૪૩૦



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તળાજાનો ગોલણ વાળો (?)

[લોકવાર્તા] દરબાર શ્રી ભોજવાળા

સૌરાષ્ટ્ર પ્રદેશમાં એક કહેવત પ્રચલિત છે તે નીચે મુજબ છે : 'મૂઆ પછી માલ, ગોલણ મર ગાડાં ભરે.'' એના સંદર્ભમાં એક દોહો મળે છે :

"અધ બૂડી અધ શાલ, ઊભે ઘર આવું નહીં !
મૂઆ પછી માલ, ગોલણ મર ગાડાં ભરે."

એક જૂના પુસ્તકના પાના ઉપર નજર ગઈ, વાર્તા વાંચવામાં આવી.૧

એક સમયે વિશાળદેવ વાઘેલાના સમયમાં તળાજામાં ગોલણ વાળા નામનો રાજવી હતો, એની સત્તા તળાજા-વાળાક પ્રદેશ ઉપર હતી. ગોલણ વાળાને પાટણપતિ વિશળદેવ સાથે મૈત્રી હતી.

કોઈ સમયે ગોલણ પાટણપતિનો મહેમાન બન્યો. એમાં એક દિવસ બંને મિત્રો ઘોડેસવાર થઈને ફરવા ગયા ત્યાં વિશળદેવની નજર સુઘરીના માળા ઉપર પડી. સુઘરીએ એક વૃક્ષની ડાળે માળો બનાવેલો તે ત્યાંથી મગાવીને બીજે દિવસે સભામાં રજૂ કર્યો અને કહે :

"સામંતો ! જુઓ, આ નાનું પક્ષી હોવા છતાં એને ઈશ્વરે કેવી બુદ્ધિ આપી છે ! કોઈનાથી પણ ન બને તેવો માળો ગૂંથીને બનાવેલો છે. આવો માળો મનુષ્યથી કદાપિ ન બની શકે."

ત્યારે ગોલણ વાળો ઊભો થઈને બોલ્યો : "મહારાજ, મનુષ્ય એ પ્રભુની પ્રતિકૃતિ છે. નર ચાહે તો કાંઈ પણ કરી શકે. ક્યાં ક્ષુદ્ર પક્ષી અને ક્યાં મનુષ્ય ! આપની આજ્ઞા હોય તો હું માળો ગૂંથી આપું."

રાજાએ ગોલણને એક માસનો સમય આપ્યો. સર્વત્ર વાત પ્રસરી ગઈ, રણવાસમાં પણ વડારણો મારફત વાત પહોંચી. વિશળદેવની એક રાણીનું નામ નેત્રમ હતું તેણે પણ આ સંવાદ સાંભળ્યો, તેથી ગોલણ વાળાને જોવાની અભિલાષા થઈ.

કોઈ પણ યુક્તિ લડાવી રાણીએ એનું દર્શન કર્યું. મોહ પામી છતાં વિચાર્યું કે જેવાં રૂપ છે તે પ્રમાણે ગુણવાન છે કે નહિ એની પ્રતીતિ માળાની ગૂંથણીથી થશે.

એક માસ પૂરો થયો. ગોલણે સુઘરીના માળા જેવો જ આબેહૂબ માળો બનાવીને એ વિશળ-દેવને ભેટ ધર્યો. એ જોઈને સર્વે સભાસદો સ્તબ્ધ બની ગયા, વાહ વાહ પોકારવા લાગ્યા.

રાણીવાસમાં જાણ થતાં નેત્રમે એ માળો જોવા માટે મગાવ્યો. નેત્રમ ગોલણનું રૂપ જોઈને તો પ્રસન્ન થયેલ, પણ માળાની ગૂંથણીથી તો મુગ્ધ થઈ ગઈ, ત્યારબાદ ગોલણને વડારણ મારફત કહેણ મોકલ્યું :

"મહિપત, શિરના મોડજ્યું છો શોભાનો સાજ,
નેત્રમનો તું નેત્ર છે, એ વિણ અવર અઆજ ॥૧॥
વિશળ વાર જી વદાં, મળી ખીર હું માન,
ગોલણ હંસ સમો ગણાં, કરો જૂજવાં કામ ॥૨॥
સુઘરિયું જ સગા, કોડે માળા કરતિયું,
ગૂંથણ્ય ગોલણિયાહ, ધન્ય તળાજાના ધણી ॥૩॥
મહિપત વિશળ મોડ, શીશ હંદો શોભાગરો,
પણ નેત્રમ-નેત્ર સંજોડ ગણીએ ગણસર, ગોલણા ॥૪॥



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશળ જળ, હું પૈ વહાં, ગોલણ હંસ ગણેજ,
તું અળગાં કર તેજ, ગણ ભોગવ્યને, ગોલણા ॥૫॥
ગોલણ માળો ગૂંથિયો, મન ગૂંથાણો મોય,
નર અવરાં-શું નો'ય નેડો નેત્રમને હવે ॥૬॥"

[ (૧) મોડ-મુકટ. અગ્રાજ-અગ્રાણ. (૨) વારિ-પાણી. ખીર-દૂધ. (૪) ગણુસર-ગુણવાન. (૫) પૈ-દૂધ. (૬) અવરાં-બીજા. નેડો-સ્નેહ. ]

પત્રના જવાબમાં કાગળ લખી રાણીને ઘણી જ સમજાવી. એના જવાબમાં રાણીએ એક દૂહો મોકલ્યો :

"હું મોતી, તું હંસ, ભાવે ભોગવ્યને, ભલા,
વાયસનો હોય વંશ, ગણું ન ધોખો, ગોલણા ॥૭॥

[ (૭) વાયસ-કાગડો. ]

એ વખતે ગોલણ વાળાએ લખ્યું કે "જો તું પ્રેમસરિતા હો તો હુ તળાજે સાગર બનીને બેઠો છું. ચાલી આવ્ય."

નેત્રમ યાત્રાને બાને પાટણથી નીકળીને તળાજા પહોંચી ગઈ. વિશળદેવને જાણ થતાં તળાજા ઉપર ચડયો.

ગોલણને કહેણ મોકલ્યું કે "રાણીને સોંપી આપો, નહિ તો વાળાક પ્રદેશને ઉજ્જડ કરી નાખીશ."

ગોલણે નેત્રમને સોંપવાની ના પાડી. લડાઈ થઈ. ગોલણ જીવતો પકડાયો.

નેત્રમને મેળવવા ગોલણની રિબામણી શરૂ કરી, પણ ગોલણ ન માન્યો. ત્યારે એને કહેવામાં આવ્યું કે "તેં નેત્રમને કયાં છુપાવી છે એ બતાવી આપ અને સોંપી દે તો અભય-વચન આપી તળાજાની ગાદી પાછી સુપ્રત કરી દઉં." વચન દીધું છતાં ગોલણ ન માન્યો.

પછી તો ગોલણ ઉપર ગાડાંનાં હાલરાં હાંકી મૃત્યુદંડ આપવાનું નક્કી કર્યું.

જ્યારે ગાડાં ચલાવવાની બધી તૈયારી થઈ ગઈ તે ટાણે ગોલણ નીચે મુજબ બોલ્યો :

'અધ બૂડી અધ વાલ, ઊભે ધર આપું નહિ,
મૂઆ પછી માલ, ગોલણ ભર ગાડાં ફરે ॥૮॥

[ (૮) ભર-ભલે. ]

ગોલણ વાળો મોતને ભેટયો.

હકીકતની દૃષ્ટિએ વિચારતાં આ મજાની દંતકથા જ લાગે છે. આવો કોઈ પણ પ્રસંગ બનેલ હોય એવું ગણવું અશકય લાગે છે.

પાટણની ગાદી ઉપર વિશળદેવનો રાજ્ય-અમલ ઈ.સ. ૧૨૪૩ થી ૧૨૬૩ સુધી (વિ.સં. ૧૨૯૯ થી ૧૩૧૯)નો આવે

આ સમયમાં તળાજા ઉપર વાળાઓનું શાસન નથી. ઈ.સ. ૧૨૦૩ નો જગમાલ મહેરનો લેખ જોતાં તળાજા ઉપર જગમાલ અધિકાર ભોગવતો હતો,[૨] કારણ કે જગમાલ મહેર ૧૨૦૩ માં તળાજામાં મંદિરો બંધાવે છે. જો એની હકૂમત ન હોય તો મંદિરો બંધાવે નહિ. પાછું તળાજા એવું તીર્થ નથી કે એની હકૂમત હોય છતાં મંદિરો બંધાવે.[૩]

આમ વિચારતાં એ નિર્ણય ઉપર આવવું પડે છે કે ઈ.સ. ૧૨૦૩ પહેલાં તળાજા વાળાઓના હાથમાંથી છૂટી ગયેલું. વિશળદેવના શાસન વખતે તળાજા ઉપર કોઈ પણ વાળા-વંશના રાજાનું

[અનુ. પાન ૪૮ નીચે]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વટને ખાતર....

[લોકકથા]

શ્રી. ચંદ્રકાંત પટેલ

બરડાના બરછટ ઘારોળ પ્રદેશ ઉપર સંધ્યાના ઓળા ઊતરી રહ્યા હતા. સૂરજ–નારાયણ પોતાની રક્તવરણી આંખો નિચોવી, રક્ત ટપકતી કાયાને સંકેલી વીર યોદ્ધાને શોભે તેમ થાકેલા અતિથિની માફક અવનિના પેટાળમાં સમાઈ જવા ઝડપથી ડાંફો ભરતા આગળ વધી રહ્યા હતા.

આખો વગડો ધીમે ધીમે સુનકાર થતો રહ્યો હતો. દિ' ઝડવઝડ હતો.

સં. ૧૭૨૦ નો એ અરસો હતો. ત્યારે આજનું વાડાસડું 'વાડલપુર' તરીકે ઓળખાતું ખોબા જેવડું ગામડું હતું. ગામમાં સુનકાર છવાઈ ગયો હતો. માણસનાં મોં પરનું હીર હણાઈ ગયું હતું. નૂર વિનાના ચહેરા લઈને બેઠેલા વાડલપુર ઉપર આફતના પડછાયા ઊતરી આવ્યા હતા.

બામાજી ગાયકવાડ અને માણાવદરના નવાબ કમાલુદ્દીનનું સૈન્ય યુદ્ધ કરવા માટે એક થઈ વાડલના કાંઠા ઉપર ડેરાતંબુ તાણી પડ્યું હતું.

વાડલપુરના અડીખમ આહીર ડાંગર કાંધા અને નાગપાળ તરફથી ખંડણી ભરવામાં નહોતી આવી. આ જ કારણથી યુદ્ધનાં મંડાણ થયાં હતાં.

રાતનો બીજો પ્રહર થવા આવ્યો હતો. વાડલપુરના બાલવી માતાના મંદિરમાં ઘંટારવ થવા માંડ્યો છે. એક એકવીસને ભારે પડે તેવા આભને ટેકા દેનારા અડાબીડ આહીરોની ભીડ જામી છે. મંત્રોચ્ચાર અને સ્તુતિઓ બોલાય છે. મંદિરનો ઘૂમટ ગુંજી રહ્યો છે. કવિ બારોટ હમીરજી સ્તુતિ ગાઈ રહ્યા છે:

"ચિંતા–બિઘન–બિનાસની ને કમલાસની સકત,
વીસહથી હંસવાહિની માતા દેહ સમત.
દેવી વકળ વેસિયે ઈસવરી, માડી વકળ વેસિયે ઈસવરી."

થોડી વારે શાંતિ પથરાઈ. અડીખમ આહીરો બાલવી માતાજી પાસે જાણે બાળક થઈને હાથ જોડી ઊભા છે...કોઈ કોઈના મૂછો વીંછીના આંકડા જેવી વળ ખાઈ આંખોને આંબી રહી છે, તો કોઈની લીંબુની ફાડ્ય જેવી લાલ રતૂમડી આંખો ક્રૂર છતાં નરમાશ દેખાડી રહી છે. પાંચ હાથ પૂરા અને શરીરે લથબથ એવા આહીરો અટાણે માતાજીના ચરણમાં માથાં નમાવીને ઝૂકી ગયા છે. મા... મા...મા...એવા અંતરના પોકારો મંદિરના ઘૂમટમાં ગુંજે છે.

"ભાયો..." હમીર બારોટે સૌ ભણી નજર નાખતાં ઉમેર્યું".

"ભાઈ ડાંગર કાંધા, ભાઈ નાગપાળ, ભાઈ જણુ, અરજણ, કાના, રાયમલ...આપણા સૌની માથે અટાણે આફતના ડુંગરા ખડકાણા છે. આપણે કોઈનું યે બગાડ્યું નથી, પણ આપણા પર અટાણે રાજની ખફા નજર છે. આપણે સંધાય પણ (પ્રતિજ્ઞા) લ્યો માતાજી પાસે ને હીમ–ખીમ આ મામલો પતાવી દ્યો."

"હા, મોળી મા..." બધા હાથ જોડી ઊભા રહ્યા.

"ભેળું બીજું પણ અમે લઈયેં છ કે જ્યાં લગણ શત્રુને હરાવશું નંઈ તાં લગણ અમે ગામમાં પાછો પગ મૂકશું નંઈ..."

પ્રાગડના દોરા ફૂટ્યા. રવિભાણ પૃથ્વીનું પેટાળ ચીરી બહાર આવ્યા ત્યારે વાડલ નદીના પાણીમાં પચીસેક આહીર જવાનો અને હમીર બારોટ પાણીની અંજલિ ભરીને સૂર્યદેવને અર્ઘ્ય આપતા નમન કરે છે:



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"ભલે ઊગા ભાણ, ભાણ, તુમ્હારો ભામણો,
મરણ લગણ માણ રાખો, ઓ કશ્યપ રાઉત...!"

હમીર બારોટ પાણીની અંજલિ મૂકે છે ત્યાં ગામમાં રીડિયો થયો : ઘેર ઘેરથી જી માટી હોય ઈ સંધાય નીકળી પડો.

થોડી વારમાં તો હાથ આવ્યું હથિયાર લઈ આહીરોના દૂધમલિયા જવાનો, બુઢ્ઢાઓ–ખમકારે જાણે ઘાવ દેતા–મોતના મોભીઓ એકસામટા વછૂટયા...ધરતી ધણેણવા લાગી. સામે છાવણીમાં રણશીંગાં ફૂંકાવા લાગ્યાં.

કડાયા, અરબી, મકરાણી, ખોરાસા એવા જાતજાતના પાણીપંથા ને આભને ટેકા દે તેવા ઘોડાઓ ઉપર ગાયકવાડી ઘોડેસવારો અને મકરાણીઓ...હર હર મહાદેવ...યા...અલ્લાહ...યા ખુદા....રહેમ... રહેમ....કરતા અસવાર થયા.

જે મોરલીધર...જે સોમનાથ...જે બાલવીમા...એવા અંતરના ઊંડાણમાંથી સરી પડેલા પોકાર સાથે આહીર યોદ્ધા રણજંગમાં તૂટી પડયા. સામસામા ઘા થવા લાગ્યા. એક જણ એકવીસને ભારે પડે છે. એક એક જણ મરજિયો થઈને રણભૂમિમાં ઘૂમે છે. ત્યારે કવિ હમીર ભલકારા કરે છે...ખમ્મા, ડુંગર કાંધ...ખમ્મા...ખમ્મા, બાપ નાગાજણ...ધન્ય...ધન્ય, બાપ નાગપાળ...વાહ વાહ, મારા સાવજ જણ...

"સરણ ત્રાણ સાહસી અડગ, વચન એક રણ શુદ્ધ
ખેલાડી ખાગ સાગ રા, વો રાજપૂત વિશુદ્ધ."

ભલે બાપ નાગપાળ...ભલે બાપ કાંધા...જોજો, પાછી પાની મ કરતા, નઇતો ક્રિશન ભગવાનના નામને ડાઘ લાગશે, બાપલિયા...રંગ મરદ...રંગ રે નાગાજણ...

નાગાજણનું એક અંગ છૂટું થઈ ગયું છે. એ એક હાથે તલવાર લઈ વાવાઝોડાની જેમ દુશ્મનો ઉપર ધસી રહ્યા છે. એના મોઢા ઉપર લોહીના રગેડા...ધોરિયાની જેમ ધખ ધખ...વહી રહ્યા છે, જેને એક હાથે એ લૂંછતો જાય છે.

પોતાના ગામની રક્ષા કાજે ને વટને ખાતર એ આહીર જવાનડાઓ દુશ્મન માથે સોઈ ઝાટકીને જનોઈવાઢ ઘા કરતા જાય છે. બપોર થતાં તો ઘણા આહીરો ને સૈન્યના માણસો ખપી ગયા...ત્રાસ ...ત્રાસ...વરતાઈ રહ્યો.

"આવ...આવ, સમરખાન સરદાર બાપ, તુંય આહીરોનાં પાણી જોતો જા..." આટલું કહેતાં ડુંગર કાંધે તલવાર લઈ સરદાર સામે ગડગડતી હડી કાઢી. સોઇ ઝાટકીને ભાલાનો ઘા કર્યો, પણ ચકોર સેનાની વખત પારખી નીચો નમી ગયો, વાર ખાલી ગયો.

યા...અલ્લાહ...યા ખુદા...પોકારતો સમરખાન ભૂખ્યા વરુની માફક ડુંગર ઉપર કૂદી પડયો. નાગાજણ મદદે ગયો તો એ પણ બે–ચાર શત્રુને ઢાળીને ઢળી પડયો.

વાડલપુરમાં સન્નાટો છવાઈ ગયો. ગામમાં કિકિયારી ઊઠી. આહીરો મરજિયા થયા. બાબી સૈન્યનો સરદાર સમરખાન પાછું વળીને જુએ છે ત્યાં ઇંદ્રની અપસરા જેવી કામણ છતાં કરડી...એવી આહીરાણીઓ દોડતી આવે છે. કોઈના હાથમાં સાંબેલાં છે, તો કોઈના હાથમાં નાગી તલવારો છે, તો કોઈના હાથમાં બરછી ભાલાં સૂરજનાં કિરણોમાં ચમકતાં આવે છે. જોગમાયાઓ જાણે રમવા નીસરી હોય એમ જય જોગમાયા...જય ભવાની...ના ધ્વનિ સાથે રણમોરચે કાઠિયાવાડી સોરઠનું ખમીર ઝગાવતી દોટ મેલતી આવે છે.

[અનુસંધાન પા. ૪૪]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રસ–જ્યોત

**(લોકકથા)**

**શ્રી ઠાકરસી પી. કંસારા**

"એક જ્વાલ જલે તુજ નેનનમાં, રસ–જ્યોત નિહાળી નમું હું નમું !

એક વીજ જલે નભ–મંડળમાં, રસ–જ્યોત નિહાળી નમું હું નમું !" કવિ નાનાલાલ– 'જયા જયંત'

કચ્છના અંજાર શહેરના ગંગાનાકા બહાર પૂર્વમાં આશરે એક કિલો મીટર દૂર એક જૂના વખતનું સ્થાનક આવેલ છે તે જેસલ–તોરલના સ્થાનક તરીકે સેંકડો વર્ષથી વિખ્યાત છે. દર વર્ષે ચૈત્ર સુદિ પૂનમને રોજ અહીં મેળો ભરાય છે અને કચ્છમાંથી જેસલ–પોતરા તરીકે ઓળખાતા જાડેજા રાજપૂતો તથા અન્ય લોકો તેમ સૌરાષ્ટ્ર તળ–ગુજરાત અને રાજસ્થાનમાંથી અનેક ભક્તો તથા આસ્તિકો જેસલ–તોરલની સમાધિનાં દર્શન માટે યાત્રાએ આવતા હોય છે. આ સંબંધમાં આ નીચે દર્શાવેલ ગવાતું ભજન વિખ્યાત છે :

"એલીડા, હાલોને અંજાર, એની જાતરા કરવા તે જેસલ પીરની રે હો જી...!"

આ જેસલ તથા તોરલનાં જન્મસ્થાન જીવન તથા સમય વિશે જુદી જુદી દંતકથાઓ જૂના સમયથી કચ્છમાં તેમજ સૌરાષ્ટ્ર તથા રાજસ્થાનમાં પ્રવર્તેલ છે. કચ્છ અને ખાસ કરીને અંજારમાં પ્રચલિત દંતકથા પ્રમાણે જેસલ જાડેજો એક રાજકુમાર હતો અને કોઈ પણ કારણસર એ લુટારો બનેલો હતો તથા અધમ જીવન ગાળતો હતો. કચ્છ તેમજ સૌરાષ્ટ્ર વગેરે પ્રદેશમાં લૂંટફાટ કરીને એ અંજારમાં ગંગાનાકા બહાર આવેલ કજ્જલીવન તરીકે પહેલાં ઓળખાતા આમલીનાં વૃક્ષોના ગીચ જંગલમાં આવેલ પોતાના સ્થાનમાં આવતો અને રંગ–રાગ માણતો. એણે એક વખત કાઠિયાવાડમાં એક ગામના ગરાસિયા સાંસતિયા કાઠી પાસે 'તોરી' નામની એક પાણીદાર ઘોડી હોવાનું જાણીને તથા એની પ્રશંસા સાંભળીને એ ચોરવા માટે એના મકાનમાં એક રોજ મધરાત વખતે પ્રવેશ કર્યો. એ વખતે એ શાક્ત–પંથી ભક્ત સાંસતિયાના મકાનમાં ભજનોનો કાર્યક્રમ ચાલુ હતો તેથી ભજનો પૂરાં થાય અને ત્યાં ભેગા થયેલ ભક્ત ચાલ્યા જાય ત્યારબાદ ઘોડી ચોરી જવી એવા ઇરાદાથી જેસલ ઘોડીની ગમાણમાં ઘાસ નીચે છુપાઈને પડી રહ્યો. અજાણ્યા માણસને ગમાણમાં છુપાયેલો જોઈને, ઘોડીએ ચમકીને અવાજ કરવા પરથી સાંસતિયાની જુવાન પત્ની તોરલ ઉર્ફે તોરાંદે ઘોડી પાસે આવી અને ગમાણમાં વધુ ઘાસ નાખ્યા બાદ ગમાણમાંનો ખીલો ઢીલો થઈ ગયેલ હોવાનો અંધારામાં ભાસ થવા પરથી તોરલે ખીલો જમીનમાં વધુ મજબૂત બેસાડ્યો, પણ અચાનક રીતે એ ખીલો જેસલ ગમાણમાં જ્યાં છુપાઈને સૂતો હતો ત્યાં એની હથેળીમાં ખૂંપી ગયા બાદ જમીનમાં ખૂંચ્યો હતો. જેસલ મજબૂત મનનો આદમી હતો તેથી એણે પીડાને ગણકારી નહિ અને પડી રહ્યો.

ભજનો પૂરાં થયાં અને લોકો ચાલ્યા ગયા બાદ સાંસતિયો તથા તોરલ ઘરમાં અંદર જતાં હતાં ત્યાં ઘોડીએ ફરી વાર અવાજ કરવા પરથી સાંસતિયો ઘોડી પાસે ગયો અને ગમાણમાં કોઈ ઝેરી જંતુ હોય તો તપાસ કરવા ગમાણ પર નજર કરી ત્યારે જેસલને ત્યાં પડી રહેલ જોઈને કોઈ ગરીબ માણસ સૂતો હશે એમ સમજ્યો, પણ એ જ વખતે જેસલ એકદમ ઊભો થયો અને લોહીથી ખરડાયેલ ખીલા સાથે બહાર આવ્યો. એ દૃશ્ય જોઈને કાઠી સ્તબ્ધ બન્યો. એને ઘવાયેલ આદમી તરફ અત્યંત અનુકંપા ઊપજી. તોરલની ભૂલથી આમ બન્યું હતું એમ જણાવ્યું તેથી એણે જેસલની માફી માગી ને એને જે ઇચ્છાથી એ ત્યાં આવ્યો હતો તે વસ્તુ માગી લેવા અને પોતે આપવા તૈયાર હોવા જણાવ્યું. જેસલ આમ બહાદુર અને નીડર આદમી હતો, પણ પાપમાં ગળાડૂબ ડૂબેલ હોવાથી નિર્દય અને ભયંકર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તથા સ્ત્રીઓનાં સૌંદર્યનો શિકારી બન્યો હતો. તોરલ એ વખતે ત્યાં ઊભી હતી. એનું અદ્ભુત લાવણ્ય નિહાળીને એ લુબ્ધ બન્યો. સાંસતિયાએ એને વરદાન માગવાનું કહેતાં એણે તો પોતે એ સુંદરીનું અપહરણ કરવા માટે આવ્યો હતો એમ જણાવીને તોરલના હાથની માગણી કરી. પોતે પ્રખ્યાત લુટારો જેસલ જાડેજો હતો એમ પણ ગર્વથી ઉચ્ચાર્યું. પતિ–પત્ની ભક્તિમય પવિત્ર જીવન ગાળતાં હતાં. કાઠી સાંસતિયા પર વચન પાળવાનું ધર્મસંકટ આવ્યું હતું. તોરલના મનમાં એ અધમ વ્યક્તિમાં કોઈ ઉચ્ચ આત્માને પાપમાં અવગતિ પામતો અને દુષ્કર્મો કરીને બીજાઓને દુઃખ તથા ત્રાસ આપીને પોતાનું દુર્લભ અને કિંમતી મનુષ્યજીવન વેડફી નાખતો ઉત્તમ માનવી જોવામાં આવ્યો. એનો ઉદ્ધાર કરવાની પોતાની ફરજ હતી એમ તોરલને લાગ્યું. એણે પતિને સમજાવીને જેસલની સાથે જવા કબૂલ્યું. જેસલ સાંસતિયા કાઠીની પત્ની તોરલ ઉર્ફે 'તોરી' રાણી તથા એની 'તોરી' નામથી વિખ્યાત ઘોડીને પોતાની સાથે લઈને ચાલી નીકળ્યો.

એને પોતાના વતન કચ્છમાં જવું હતું અને તેથી જેસલ નજીકના એક બંદરેથી એક વહાણમાં તોરલને લઈને ઊપડ્યો. માર્ગમાં તોરલને વશ કરવા માટે એણે ઘણા પ્રયત્નો કર્યા તથા બીક બતાવી, પણ તોરલ એની મલિન વૃત્તિને તાબે થઈ નહિ. હવે જ્યારે જેસલે એના પર અત્યાચાર કરવા પ્રવૃત્તિ કરી ત્યારે દરિયામાં ઓચિંતું તોફાન જાગ્યું. જોતજોતામાં તો પ્રચંડ મોજાંઓથી નાવ ડોલાયમાન થઈ ઊઠી તથા એ થોડા વખતમાં જ દરિયામાં ડૂબી જાય એવો ભય જણાતાં લુટારો જેસલ અતિ ગભરાવા લાગ્યો. તોરલે એને ધીરજ રાખવા કહ્યું અને પોતાનાં પાપોનો એકરાર કરીને દિલપૂર્વક પશ્ચાત્તાપ કરે તો બચી જશે એવો વિશ્વાસ આપ્યો. તોરલે આ વખતે જેસલને કરેલ ઉપદેશ તથા જેસલનો પશ્ચાત્તાપ અને પાપોનો એકરાર નીચેના ભજનમાં વ્યક્ત થયેલ છે :

"પાપ તારાં પરકાશ, જાડેજા ! ધરમ તારો સંભાર રે !
તારી બેડલીને બૂડવા નહિ દઉં. જાડેજા રે ! એમ તોરલ કહે છે જી.
લૂંટી કુંવારી જાન, સતી રાણી ! લૂંટી કુંવારી જાન રે...!
મેં સાતવીસુ મોડબંધા મારિયા, તોળાંદે રે ! એમ જેસલ કહે છે જી.
તોડી સરોવર–પાળ, તોળાંદે ! મેં તોડી સરોવર–પાળ રે.
મેં ગૌ–ધણ તરસ્યાં વાળિયાં, તોળાંદે રે ! એમ જેસલ કહે છે જી.
જેટલા માથાના વાળ, સતી રાણી ! જેટલા માથાના વાળ રે,
એટલાં વિકરમ મેં કર્યાં, તોળાંદે રે ! એમ જેસલ કહે છે જી."

જેસલના હૈયામાં પસ્તાવાનાં પૂર ઊમટ્યાં હતાં. પોતાનાં તમામ પાપોનો એકરાર કરીને, હૃદયને પશ્ચાત્તાપના જળથી સાફ કરીને એણે ચોખ્ખું કર્યું હતું. એણે અધમ એવા પોતાને તારવા તોરલને આર્જવભરી વિનંતી કરી. તોરલ એના તરફ અત્યંત કરુણા અને લાગણીમય ભાવથી જોઈ રહી હતી. જેસલ વિલાપ કરતો એની પાસે ઢળી પડ્યો. એટલામાં તોફાન પણ એકદમ શમી ગયું, પાણી શાંત બન્યાં, નાવ સરળ રીતે પાણી ઉપર તરવા લાગી અને બે ઘડી બાદ કાંઠે આવી પહોંચી.

ત્યારબાદ જેસલ ત્યાંથી તોરલની સાથે અંજાર ગામે આવ્યો. ગામની બહાર દૂર આવેલ કજ્જલી–વનમાંના પોતાના જૂના સ્થાનમાં જેસલ તથા તોરલ સાથે રહેવા લાગ્યાં અને પવિત્ર જીવન ગાળવા લાગ્યાં. સાધુજીવન સાથે થોડી ખેતી પણ કરતાં અને દરરોજ સાંજે ભજનો ગાતાં. કોઈ કોઈ વાર સાધુ સંતો એમને ત્યાં આવતા અને ઊતરતા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ વખતે અંજારમાં સધીર શેઠ નામે એક વણિક વેપારીની અનાજ કસકસ વગેરે માલ વેચવાની મોદીની દુકાન હતી. જેસલ તથા તોરલ રાત્રે ભજન કરતાં ત્યાં ઘણી વાર નાસ્તિક લોકો પણ આવતા. પવિત્ર જીવન ગાળતાં હોવા છતાં એ શહેરમાં કોઈક એમના વિશે વાંકું પણ બોલતાં અને રૂપાળી ઓરતમાં લોભાઈને બહારવટિયો વેરાગી બન્યો હતો એમ પણ કેટલાક જણ એમની ટીકા કરતા. એક રોજ થોડાક સાધુઓ જેસલ-તોરલના સ્થાન પર આવ્યા એમના માટે ભોજનની વ્યવસ્થા કરવી હતી, પણ ઘરમાં પૂરતું અનાજ તથા બીજી સામગ્રીનો અભાવ હોવાથી વણિક સધીર શેઠની દુકાને તોરલ સીધુંસામાન ઉધાર લેવા માટે ગઈ. સધીર શેઠ વિધુર હતો અને જોકે જેસલથી ડરતો હતો તોપણ તોરલ સુંદર હતી અને સીધા-સામાનની જરૂર હોવાથી જો પોતે એને પ્રલોભન આપશે તો એ વશ થશે એમ સમજીને સધીર શેઠે એની પાસે અયોગ્ય માગણી કરી. તોરલને ખેદ થયો. એણે એ મોહવશ વણિકનો પોતાના તપોબળથી ઉદ્ધાર કરવા માટે પ્રયત્ન કરી જોવા વિચાર્યું. તોરલે એ વણિકને પોતે એને ત્યાં રાત્રે એકલી આવીને એની ઇચ્છા પૂરી કરશે એમ ખાનગીમાં જણાવ્યું અને સીધું-સામાન લઈને પોતાના સ્થાન પર આવી. સાધુ સંતો જમીને ચાલ્યા ગયા. રાત્રે ઓચિંતો વરસાદ પડવા લાગ્યો અને રસ્તો કાદવથી ખરડાયેલ બની ગયો. તોરલે જેસલને બધી વાત કરી અને પછી વરસતે વરસાદે એ એકલી સધીરને ઘેર પહોંચી. સધીરને આશા ન હતી, પરંતુ તોરલ વચનનું પાલન કરવા માટે રાત્રે વરસતે વરસાદે આવી પહોંચી હતી, એટલું જ નહિ, પણ એણે પહેરેલ વસ્ત્રો કોઈ પણ ભીનાં થયાં ન હતાં, તદ્દન કોરાં હતાં, પગ પણ કાદવથી ખરડાયા વિનાના સાફ હતા, એ જોઈને સધીર અચંબો પામ્યો. એને એ સ્ત્રીમાં અલૌકિક મહાશક્તિનાં દર્શન થયાં અને એણે એકદમ જમીન પર ઢળી પડીને, સતીના ચરણોનો સ્પર્શ કરીને માફી માગી. એણે ખૂબ પશ્ચાત્તાપ વ્યક્ત કરીને પોતાના જેવા પાપી જીવને—અધમ માનવીને તારવા માટે આર્જવભરી વિનંતી કરી. લોકકવિએ આમ ગાયું છે :

"તોરલે ત્રણ તારિયા, સાંસતિયો ને સધીર,
જેસલ જગનો ચોરટો, તેને પળમાં કીધો પીર."

જેસલ તથા તોરલ વિશે ઉપર પ્રમાણે પ્રચલિત લોકકથા જનતામાં વિશેષ પ્રમાણમાં મનાય છે. ઉપરના બનાવ પછી થોડાં વરસો બાદ જેસલ તથા તોરલે સમાધિ લીધી હતી તથા સધીર શેઠ ભક્ત બનેલ તેણે પણ સમાધિ લીધી હતી. એ સમાધિઓ અંજારમાં જેસલ-તોરલના સ્થાનકમાં આવેલ છે.

જેસલ જાડેજો ઈસ્વીસનના તેરમા સૈકામાં થઈ ગયો એમ કહેવાય છે. સૌરાષ્ટ્ર રાજસ્થાન તથા કચ્છમાં શાક્ત સંપ્રદાય અથવા શક્તિપંથના હિંદુ સંતો રામદેવપીર, રાવલ માલદેવ તથા રૂપાંદે, ગંગા સતી વગેરેનાં ભજનો પ્રચલિત છે. એ અરસામાં કચ્છમાં જેસલ તથા તોરલ પીર અને સંત તરીકે પૂજાતાં હોય તોપણ બનવાજોગ છે. તોરલનાં સંખ્યાબંધ ભજનો ગવાય છે અને એને ગુજરાતની આદ્ય કવયિત્રી તરીકે પણ કેટલાક ગણાવે છે. કચ્છના મુંદ્રા તાલુકાના જાડેજા ગરાસદારો પૈકી કેટલાક પોતાને જેસલ-પોતરા તરીકે ઓળખાવે છે અને એઓ જેસલને પોતાના પૂર્વજ તરીકે માને છે તથા જેસલના સ્થાનકે દર વર્ષે દર્શને આવતા હોય છે. સૌરાષ્ટ્ર તથા રાજસ્થાનમાં તોરલનાં ઉત્પત્તિ તથા જીવન સંબંધમાં કેટલીક અનુશ્રુતિઓ તથા દંતકથાઓ કચ્છમાં પ્રચલિત છે તેનાથી જુદા પ્રકારની પ્રવર્તે છે. કેટલાક ઇતિહાસલેખકોએ બધી દંતકથાઓની નોંધ કરેલ છે. સારાંશ નીચે પ્રમાણે છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારવાડના એક સુતારે લાકડાની એક પૂતળી બનાવી હતી. મારવાડના દીંદવાણા ગામના ભટ્ટી રાજપૂત સાંસતિયા પાસે એ પૂતળી હતી. એ માતાજીનો ભક્ત હતો. એની પાસેની એ પુતળીમાં ગુરુ ઉગમસી નામે સાધુ પુરુષે જીવ મૂક્યો અને તેથી એ સુંદર કન્યા બની હતી અને સાંસતિયા પાસે પાલિતા પુત્રી તરીકે રહેતી હતી. ત્યાંનો રાજા લાલપંડિત એ કન્યાના વજન બદલ સોનું સાંસતિયાને આપીને એ સુંદરીને પરણ્યો હતો. સોનાથી તોળાઈ તેથી એ 'તોળી' કહેવાઈ તથા કાષ્ઠ-માંથી સુંદરી બની તેથી એ 'કાઠિયાણી' કહેવાઈ.

બીજી દંતકથા પ્રમાણે કાઠિયાવાડના સલડી ગામે રહેતા ભક્ત સાંસતિયાએ ગુરુ ઉગમસીની રજાથી અણુગોરગઢમાં રહેતા સાવ સધીરને તોળી નામે કન્યા સોંપી હતી. એને ચોરવા લુટારો જેસલ જાડેજો આવ્યો હતો. એ વખતે ખીલો એના હાથમાં ધરબાઈ ગયો હતો. એ વખતે ગુરુ ઉગમસીએ સાવ સધીરને આમ કહ્યું હતું :

"તોળી તારણહાર, પ્રગટાવી પરમેશ્વરે,
સાસતિયો સરદાર, હિંદવાણાનો દેશપતિ,
કરણભક્તિ વિસ્તાર, આવી જાતિ ઓપાવશે,
સાવ સધીર સચિયાર તારશે જેસલ કચ્છમંડલે."

તોરલનાં રચેલ કહેવાતાં બીજા ઘણાં ભજનો પરથી જેસલ તોરલ અંજારમાં સાથે રહીને પવિત્ર જીવન ગાળતાં હતાં અને સંતો તરીકે લોકોમાં પૂજાતાં એટલું સ્પષ્ટ છે. તોરલ સાંસતિયાની પત્ની કે પુત્રી અને જેસલ એનું અપહરણ કરીને અંજાર લાવેલ હતો કે બીજી રીતે એટલે કે સાસતિયાની સંમતિથી એ વિશે દંતકથાઓમાં મતભેદ તથા વિરોધાભાસ છે, પણ અંજારમાં પ્રચલિત લોકકથા વધુ વિશ્વનીય મનાય છે. અસ્તુ
ઠે. ગંગાબજાર, અંજાર–૩૭૦૧૧૦ (કચ્છ)

---

[અનુસંધાન પાન ૩૮ થી]

યા અલ્લાહ...યા ખુદા...તાલા...આ શો ગજબ...! હમણાં મારા મકરાણી સૈન્યના હાથે આ જોગમાયાઓ રેંસાઈ જાસે. રહેમ...રહેમ..." એવા અવાજો સૂબાના મુખમાંથી ટપકી પડ્યા.

"અરે કોઈ આને પાછી વાળો. કોઈ આ માવડિયુંને સમજાવો...વે અભી મરજાયેંગી...કોઈ મનાલો ઈન ઓરતોંકો..." સમરખાન વ્યાકુળ થઈ ઊઠ્યો.

"ક્યાં ગયો કપાતર તરકડો...મારા વીરા ડાંગર કાંધાને મારનાર...?" એમ દાંત કચકચાવતી આહીરાણીઓ યુદ્ધમાં કૂદી પડી.

"ખમ્મા...ખમ્મા...દેવલ...ખમ્મા...નાગબાઈ" એવા ભલકારા ઊઠ્યા...ફરી યુદ્ધની રંગત જામી. દુશ્મનનું સૈન્ય ત્રાહિમામ્ પોકારી ગયું.

સાંજ પડી છતાં આહીરાણીઓએ સૂબાના સૈન્યને ગામમાં આવવા ન દીધું ને એમ જ સત્તાવીસ આહીરાણીઓએ પણ ગામને ખાતર તેમજ પોતાના વટને ખાતર પોતાનાં લીલુડાં માથાં વધેરી દીધાં.

આજે વાલસડાના પાદરમાં સત્તાવીસ આહીર વીરાંગનાઓના તેમજ સિત્તોર આહીર વીરો અને કવિ હમીરના પાળિયા એ જમાનાની યાદ અપાવતા ઊભા છે.
ઠે પટેલ પેઈન્ટર પ્લોટ, સ્ટેશનપરા-શેરી ૧, માણાવદર–૩૬૨૬૩૦



For Private and Personal Use Only

# સુનયનાનો સપાટો

**શ્રી ચંદ્રકાંત ન. ભટ્ટ**

"અમેરિકામાં ગ્રીન કાર્ડ ધરાવતા એક વણિક કુટુંબનો શિક્ષિત યુવક શશિકાંત શાહ સંસ્કારી વણિક કુટુંબની કન્યા સાથે લગ્નગ્રંથિથી જોડાવાની ઈચ્છા સાથે ફક્ત એક જ માસ માટે ભારત આવેલ છે. કેબિનેટ સાઈઝના ફોટો સાથે નીચે દર્શાવેલ વિગત સાથે પોસ્ટ બોકસ નમ્બર ૫૫, અમદાવાદ મુકામે પત્રવ્યવહાર કરવો. 'ઈન્ટરવ્યૂ' માટે અગાઉથી જાણ કરવામાં આવશે: ૧ કન્યાનું પૂરેપૂરું નામ, ૨ અભ્યાસ, ૩ વાન તથા ૪ રુચિ તેમજ અન્ય કોઈ વિગત સાથે લખો."

અમદાવાદના પ્રખ્યાત દૈનિક "સંદેશ"માં ઉપર્યુક્ત જાહેરખબર યુવકના ફોટો સાથે છપાયા પછી અસંખ્ય પત્રો શશિકાંતને મળ્યા.

આ સર્વે પત્રોમાંથી પસંદગી પામેલ છ કન્યાઓને "ઈન્ટરવ્યૂ" માટે બીજા અઠવાડિયાના શનિવારે સાંજે ૪ વાગ્યે ગાંધીનગરમાં આવેલ 'અલંકાર' હોટેલના ખંડ નં. ૭ માં બોલાવવામાં આવી હતી.

સુષમા મલ્લિકા નલિની જ્યોત્સ્ના તથા માધુરીના અલગ અલગ ઈન્ટરવ્યૂ લેવાયા, જેમાં હિંદુ સંસ્કૃતિની મજાક ઉડાવતા પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા. 'આપને પત્રથી તુરત જ જાણ કરીશું' ના પ્રલોભન સાથે આ પાંચે કન્યાઓ જ્યારે વારાફરતી બહાર આવી ત્યારે એમના મોઢા પરના ક્રોધ-મિશ્રિત ભાવ તિરસ્કાર દર્શાવતા હતા. બહાર આવી કન્યાઓ પોતા સાથે આવેલ વડીલો સાથે શશિકાંતે પૂછેલા વિચિત્ર પ્રશ્નોની છણાવટ કરતી હતી તે છઠ્ઠી કન્યા સુનયના ધ્યાનથી સાંભળતી હતી.

હવે સુનયનાનો વારો આવ્યો. જેવી એ ખંડમાં દાખલ થઈ કે તુરત જ એને પ્રશ્ન પૂછવામાં આવ્યો:

'તમારું નામ સુનયના કેમ રાખવામાં આવ્યું?' 'આપની સામે ખાલી પડેલ ખુરશીમાં હું બેસી શકું છું?' 'હા,હા, જરૂર બેસો, પછી જવાબ આપો.' સુનયના ખુરશીમાં બેઠી અને પછી સ્વસ્થતાથી જવાબ આપ્યો:

'આપનો તો ઘઉંવો વર્ણ છે છતાં પણ આપનું નામ ચંદ્રની કળા જેવું 'શશિકાંત' આપની ફોઈએ જન્મરાશિ પ્રમાણે રાખ્યું હશે તેમ જ્યોતિષ વિદ્યાના આધારે રાશિ પરથી 'સુનયના' રાખવામાં આવ્યું છે.'

'તમે ખુબ ચાલાક જણાઓ છો.' શશિકાંતે તારણ કાઢયું.

'ચાલાકપણું દર્શાવવાનો પુરુષોને જ હક્ક છે એવું તો આપનું માનવું નથી ને?'

'ના,ના, જે રીતે આપ જવાબ આપો છો તે મને ગમે છે.'

'આભાર.' સુનયના બોલી.

'તમો આ ચણિયા ચોલી તથા સાડીનો શણગાર છોડી પરદેશી પોશાક, જેમકે સ્કર્ટ બ્લાઉઝ અગર પાટલૂન બુસકોટ, અપનાવી શકશો?' શશિકાંતે બીજો પ્રશ્ન પૂછયો.

'દેહ-પ્રદર્શન થતું ન હોય અને સંસ્કારિતા જળવાઈ રહે એવો કોઈ પણ પહેરવેશ પહેરવામાં મને કોઈ વાંધો નથી, પરંતુ તમને નથી લાગતું કે ચણિયો ચોલી અને સાડીનો પહેરવેશ આપણી સંસ્કૃતિની પવિત્ર મર્યાદાઓ જાળવી રાખતો ઉત્તમ પોશાક છે?' સુનયના બોલી.

"તમે તો મને પ્રશ્નો પૂછવા માંડયાં." શશિકાંતે આશ્ચર્યભાવ દર્શાવ્યો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'જી,હા, તમોને જેમ યોગ્ય કન્યા મેળવવામાં રસ છે તેમ મને પણ યોગ્ય સાથીની ખોજ કરવામાં એટલો જ રસ છે. તમોને નથી લાગતું કે પતિ પત્ની એકબીજાનાં પૂરક હોવાં જોઈએ?'

'તો પછી તમારે પૂછવું હોય તે પૂછી લ્યો, પછી જ હું તમને પ્રશ્નો પૂછીશ." શશિકાંતે હસતાં હસતાં કહ્યું.

'તમારાં માબાપ તમારી સાથે જ રહે છે?' સુનયનાએ પૂછ્યું.

'ના.' શશિકાંતે ટૂંકો જવાબ આપ્યો.

'સાથે કેમ નથી રહેતાં?'

'એઓને ભારત છોડવું ગમતું નથી.'

'તો પછી હાલ એઓ ક્યાં રહે છે?'

'ખેડા જિલ્લામાં આવેલ એક નાના ગામડામાં.'

'તમારાં માબાપને તમો મળી આવ્યા હશો.'

'ના, મારે ઓચિંતાનું આવવાનું થયું એટલે હજી સુધી એઓને ખબર પણ નથી કે હું ભારત આવેલો છું."

'તમોને નથી લાગતું કે તમો આવ્યા છો એ વિશે તમારાં માબાપને જાણ કરવી જોઈએ?'

'ના, જરા પણ નહિ. એઓને હું મારી પસંદગીની પત્ની જાહેરખબર દ્વારા પસંદ કરું એ ગમતું નથી.'

'તમોએ ક્યાંસુધી અભ્યાસ કર્યો છે?'

'હું મિકેનિકલ એન્જિનિયર છું અને સાન ફ્રાન્સિસ્કોમાં મોટી અમેરિકન ફર્મમાં સારા પગારે જોડાયેલો છું.'

'હાલ તમો આ હોટેલમાં જ ઊતરેલા છો?'

'ના, મારી જમણી બાજુ બેઠેલા મારા મિત્ર અરવિંદ વનમાળીને ત્યાં ઊતરેલો છું.'

'તમોને વાંધો ન હોય તો તમારા મિત્રને પ્રશ્નો પૂછી શકું?'

'હા,હા, જરૂર પૂછો,' અરવિંદ વચ્ચે જ બોલી ઊઠયો.

'આપ આપનાં માબાપ સાથે જ રહો છો કે જુદા?'

'હું મારાં માબાપ સાથે જ રહું છું.' અરવિંદ વનમાળીએ જવાબ આપ્યો.

'તો તો આપે તમારા મિત્ર શશિકાંતને એમનાં માબાપને મળી આવવા ભલામણ તો જરૂર કરી હશે!'

'હા, મેં શશિકાંતને એમનાં માબાપને ખબર આપવા તેમજ મળી આવવા પણ સૂચન કર્યું હતું, પરંતુ શશિકાંતની નામરજી જાણ્યા પછી દબાણ કર્યું નથી.'

અરવિંદ વનમાળીને આટલા પ્રશ્નો પૂછયા પછી આ સાહસિક યુવતિએ શશિકાંતને પૂછ્યું:

'તમોને ઉચ્ચ શિક્ષણ આપવામાં કોનો હિસ્સો વધારે છે?'

'મારા પિતાશ્રીનો. એઓ અમદાવાદ મ્યુનિસિપાલિટીની એક માધ્યમિક શાળામાં શિક્ષક હતા અને મને એન્જિનિયર બનાવવાની એમની અભિલાષા મેં પૂરી કરી છે.'

'તમે એઓની અભિલાષા પૂરી કરી કે તમોને ઉચ્ચ શિક્ષણ આપવાની તમારા પિતાશ્રીની અભિલાષા પૂરી થઈ?'

'એમ સમજો. એ બધું એક જ છે ને?' શશિકાંત આ અલ્લડ યુવતિની વાક્પટુતા પર ખુશ ખુશ થતો હતો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'તમો અમેરિકાથી આપનાં માતા પિતાને આર્થિક મદદ કરો છો ?'

'એઓ મને અમેરિકા છોડી ભારતમાં આવવા માટે આગ્રહ કરતાં રહ્યાં છે એટલે મેં મોકલાવેલ ૨૫૦ ડૉલરનો ચેક એઓએ પાછો મોકલી આપ્યો છે.'

'તમારાં માબાપનાં તમો કેટલાં સંતાન છો ?'

'હું એમનો એકનો એક પુત્ર છું.'

'બસ, મારે હવે કંઈ પૂછવું નથી. તમારે કંઈ પૂછવું હોય તો પૂછી શકો છો.'

'તમોએ ક્યાંસુધી અભ્યાસ કરેલ છે ?' શશિકાંતે પૂછ્યું.

'મેં ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી છે.'

'વાહ, બહુ જ સરસ. તમો એટલાં બધાં ચબરાક છો કે મારે હવે તમોને કંઈ જ પૂછવું નથી. તમોએ મારી પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. બોલો, આપણે ક્યારે લગ્નગ્રંથિથી જોડાઈશું ?' શશિકાંતે ખુશખુશાલ થતાં લગ્ન બાબતનો સીધો જ પ્રસ્તાવ મૂકી દીધો.

'માફ કરજો, પરંતુ આપ મારી પરીક્ષામાં તદ્દન નિષ્ફળ નીકળ્યા છો. જે પુત્રને ઉચ્ચ શિક્ષણ આપવા પિતાએ એક સાધારણ પગારની શિક્ષકની નોકરી કરી હશે અને જેણે પોતાના પેટ પર પાટા બાંધીને પણ પોતાના પુત્રને ઉચ્ચ શિક્ષણ મેળવવા મદદ કરી હશે તેમનો પુત્ર આજે નગુણો થઈ ઊભો છે. પોતાનાં માબાપ વિશે આટલું અવિચારી વલણ ધરાવનાર શશિકાંત, હું તમને નાપસંદ કરું છું. એટલું જ નહિ, પણ ધિક્કારું છું.' ગુસ્સાથી બોલાયેલ આ શબ્દોથી જેના સમસ્ત ચહેરા પર લાલિમા છવાઈ ગઈ હતી તે સુનયના ઝડપભેર ખુરશીમાંથી ઊભી થઈ ગઈ અને ઉન્નત મસ્તકે છટાદાર ચાલથી જ્યારે હોટલનો ખંડ છોડી ગઈ ત્યારે શશિકાંત છોભીલો પડી આ અલ્લડ યુવતિને ખંડની બહાર સરી જતી જોઈ અરવિંદ વનમાળી સામે વિસ્ફારિત નયનોથી કુતૂહલ-ભાવે જોઈ રહ્યો.

અરવિંદ વનમાળી પણ આ સ્વાભિમાની યુવતિની વાક્છટાથી મંત્રમુગ્ધ બની શશિકાંતના મુખ પર આટાપાટા લેતા તેજોવધના ભાવ નિહાળી રહ્યો.

બીજે દિવસે અરવિંદ વનમાળી મણિનગરમાં સુનયના જ્યાં રહેતી હતી ત્યાં પહોંચી ગયો. સુનયના એ વખતે ત્યાં હાજર ન હતી. એમનાં માતુશ્રી સાડીમાં ભરતકામ કરી રહ્યાં હતાં તેમને પૂછ્યું :

'સુનયનાજી છે ?'

'ના, હમણાં જ આવવી જોઈએ. હું સુનયનાની બા છું. આપ કોણ છો અને આપને શું કામ છે ?'

'મારું નામ અરવિંદ વનમાળી. હું અમદાવાદમાં જ મેમનગરમાં રહું છું.'

એટલામાં સુનયના આવી પહોંચી અને શશિકાંતના મિત્ર અરવિંદ વનમાળીને જોઈ તુરત જ ગુસ્સાથી બોલી :

'તમે કેમ આવ્યા છો ? તમારા મિત્રને મેં મારો વિચાર સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધો છે.'

'હું મારા મિત્ર માટે નથી આવ્યો. આપની સાથેની ગઈ કાલની વાતચીત પછી ઘેર જઈ મેં મારાં માતા પિતાને તમારા ઉચ્ચ વિચાર તથા ભારતીય સંસ્કૃતિનાં જે મહામૂલ્ય દર્શન કર્યાં તેની વાત કરી એટલે એઓ આપની તથા આપના વડીલોની સાથે વાત કરવા આવવા માગે છે. આપને તથા આપનાં માતુશ્રીને વાંધો ન હોય તો આવતી કાલે સાંજે ચાર વાગ્યે એઓ આવી શકે ?'

'ભલે, તમારાં માતા પિતા અમને બેઉને આવતી કાલે સાંજે ચાર વાગ્યે મળવા આવે.' સુનયનાનાં માતુશ્રીએ જવાબ આપી દીધો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઠંડા પાણીનો ગ્લાસ ચડાવી અરવિંદ વનમાળીએ ખુશ થતાં થતાં વિદાય લીધી.

સોમવારની સાંજના બરાબર ચારના ટકોરે સુનયનાના ઘર સામે એક રિક્સા ઊભી રહી અને એમાંથી અરવિંદ વનમાળીનાં માતા પિતા ઊતર્યાં.

બગલાની પાંખ જેવાં સફેદ વસ્ત્રોથી સજ્જ આ દંપતીમાં ભારતીય સંસ્કૃતિનાં મહામૂલાં દર્શન થયાં. ઘરમાં આવી, બે હાથ જોડી સુનયનાનાં માતુશ્રીને અભિવાદન કર્યું.

'આવો'નો આવકાર આપી સુનયનાની બાએ સુનયનાને પાણી લાવવા સૂચન કર્યું.

'અરવિંદે અમને સુનયનાના ઉચ્ચ વિચારો વિશે બધી વાત વિગતવાર કરી છે. અમો તો તમને વિનંતિ કરવા આવ્યાં છીએ કે આપને અને સુનયનાને વાંધો ન હોય તો આપણે અરવિંદ અને સુનયનાની સગાઈ વિશે વાત કરીએ.' અરવિંદના પિતાશ્રીએ કોઈ પણ જાતના આડંબર વિના સીધી જ સગાઈની વાત માંડી અને આગળ બોલ્યા :

'સુનયનાને જ્યારે આપણા વણિક સમાજે એમ.એ.માં પ્રથમ વર્ગમાં પાસ થયા બદલ માનપત્ર આપેલ તે સભામાં અમો પણ હાજર હતાં, પરંતુ આટલા મોટા સમાજમાં સર્વેનો પરિચય મેળવવો મુશ્કેલ હોય છે. અમારો અરવિંદ પણ ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પાસ થયેલ છે અને ત્યાર બાદ ગુજરાત વિદ્યુત બોર્ડમાં જોડાઈ આજે ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર તરીકે કામ કરે છે.'

'તમારા કુટુંબમાં બીજું કોણ કોણ છે?' સુનયનાનાં માતુશ્રીએ પૂછ્યું.

'અમોને બે સંતાન છે. એક અરવિંદ અને એની બહેન આરતી, જે આ વર્ષે બી.એ.માં પ્રથમ વર્ગમાં પાસ થઈ છે.'

સુનયના આ બધી વાતો અંદરના ખંડમાંથી સાંભળતી હતી. એમનાં માતુશ્રીએ અંદર આવી સુનયનાને પૂછ્યું :

'બોલ, તારી શી મરજી છે?' ત્યારે સુનયનાના રતૂમડા ગાલ પર ગુલાબી ઝાંઈના શેરડા પડ્યા અને મધુરું હાસ્ય કરી નીચે જોઈ રહી.

સુનયનાનાં માતુશ્રીએ બહાર આવી, ખાંડની ચપટી આપી અરવિંદનાં માતા પિતાને કહ્યું કે 'સુનયના આજથી તમારી થઈ ગઈ.'

બરાબર એ જ વખતે બાજુવાળાના ઘરમાં રેડિયોમાંથી શરણાઈના મીઠા સૂર ગુંજી ઊઠ્યા.

ઠે. 'ગાયત્રી', માધવચોક, માધવપુર (ઘેડ)-૩૬૨૨૩૦

---

[અનુ. પાન ૩૮ થી ચાલુ]

રાજ્ય ન હોય, તેથી ગોલણવાળાની હકૂમતને માત્ર દંતકથા જ માની શકાય અને એનો ઉદ્ભવ "મૂઆ પછી માલ, ગોલણ ભરે ગાડાં ભરે" (એમાં 'ફેર' કરેલ હોય) એ કહેવત ઉપરથી થયો હોય, મૂઆ, માલ, ગોલણ, ગાડાં પ્રાસાનુપ્રાસ બેસાડવા જ અપાયાં હોય એમ લાગે છે.

વાળાઓના પ્રચલિત વંશાવળીઓમાં પણ કોઈ વંશાવળીમાં ગોલણ નામ આવતું નથી. વાર્તામાં અપાયેલા દૂહા પણ નવા લાગે છે.

ઠે. પૅલેસ, ચૂડા (સોરઠ)-૧૧ ભેસાણ, જિ. જૂનાગઢ-૩૬૨૦૨૦

પાદટીપ :

૧. જૂના પુસ્તકનાં પાનાં. નામ મળેલ નથી. પૃ. ૩૮,૩૯,૪૦

૨. સોરાષ્ટ્રનો ઈતિહાસ, લે. શંભુપ્રસાદ હ. દેસાઈ. પૃ. ૩૦૧

૩. ,, પૃ. ૩૦૫ ૪. ,, પૃ. ૩૦૬



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભીતરની વાત

શ્રી. પીયૂષ પંડયા, 'જ્યોતિ'

આજે રવિવાર. રવિવાર મને બહુ ગમે. રવિવારે આખા ગામને રજા હોય ને? બધાને રજા હોય ત્યારે રજા માણવી ગમે. બાકી, આમ જુઓ તો મારે રોજ રજા, ત્રીસે દિવસ અને બારે માસ રજા જ હોય. આ કેવળ હું જ જાણું, લોકો તો એવું માને કે મારી પાસે શ્વાસ ખાવાય સમય નથી. આટલું બધું કામ હું કેવી રીતે કરતો હોઈશ એવું બધાને આશ્ચર્ય થાય. આ મહાનગરના અનેક નાની મોટી સાર્વજનિક સંસ્થાઓનો હું ટ્રસ્ટી છું. એક ટ્રસ્ટ મોટી હૉસ્પિટલ ચલાવે છે, તો બીજું વળી બે-ત્રણ કોલેજો ચલાવે છે. એક વળી રચનાત્મક કાર્યો કરે છે અને એક અનાથાશ્રમ ચલાવે છે. આ બધી સંસ્થાઓને મેં નાની મોટી રકમનું દાન આપ્યું હોવાથી તેમજ દેશમાં દાતા તરીકે મારું નામ જાણીતું હોવાથી બધાં મને આજીવન ટ્રસ્ટી તથા સંચાલક મંડળના પ્રમુખ થવા વિનંતીઓ કરતા હોય છે. મારા ધંધામાં મારે વધુ સમય આપવાનો ન હોવાથી અને ધંધાકીય કામો મોટે ભાગે મારા વિશ્વાસુ મહેતાજી કરતા હોવાથી સમાજસેવાના માન-મરતબો આપતા કાર્યમાં સમય ફાળવવો મને ગમે છે. આમ જુઓ તો એમાં મારે કરવાનું શું હોય? સમાજના સેવાકીય કાર્યો કરતી સંસ્થાના પ્રમુખ થવાથી સત્તા મળવાની સાથે સાથે મારો સમય પસાર કરવાની બાદશાહી સગવડ પ્રાપ્ત થાય છે. વળી, આવી સંસ્થાઓમાં જેમ વધુ સમય આપું તેમ મારી સેવાનિષ્ઠાની કદર થાય. સમાજમાં સેવાભાવી લોકો મને શોભાના ગાંઠિયા માનતા નથી, પણ મને સેવાકાર્યોમાં, રચનાત્મક પ્રવૃત્તિઓમાં અને લોકોને મદદ કરવામાં જન્મજાત સ્વભાવગત રસ છે એવું માને છે. મારી પાસે અઢળક પૈસા છે, હું ટ્રસ્ટીઓ તથા લોકોની વાત નિરાંતે સાંભળું છું, સૂચના કરું છું તેમજ અવારનવાર નાણાકીય સહાય પણ કરું છું છતાં એમના પોતાના કાર્યમાં કાંઈ દખલ નથી કરતો, આમ મને આપેલું સ્થાન હું મોભાથી નિરુપાયવી શોભાવું છું તેથી મારા નામ સાથે સંકળાયેલી સંસ્થાઓને જનતા તથા સરકારી તંત્ર માનથી જુએ છે. એવું બધું ધ્યાનમાં લઈ આમ મને સમાજ આજીવન ભેખધારી, સમાજસેવાના સંત કે સામાજિક સંસ્થાઓના માળી ગણે છે ને મારા નામની સુવાસ બધે ફેલાય છે. હું જાણું છું કે એ લોકોને મારી પાસેથી પૈસાની સહાયની જ જરૂર છે. મેં અનેક જગ્યાએ નાની મોટી રકમોનાં અસંખ્ય દાનો આપ્યાં હોવાથી મારું નામ દાતા તરીકે પ્રચલિત થયું છે. મારી પાસે કરવા જેવું કોઈ કામ નથી ને મને ખૂબ ખૂબ સમય છે તેથી મારી સાથે સંકળાયેલી સંસ્થાઓમાં હું જઉં છું, એના વહીવટમાં રસ લેવા પ્રયત્ન કરું છું, મારા સહટ્રસ્ટીઓની વાતો સાંભળું છું, સંસ્થાના વહીવટ કેમ થાય, કયા કયા પ્રશ્નો નડે અને પ્રશ્નોને નિકાલ કરવા નાના મોટા માણસો કે કાર્યકરો પાસે શાં સૂચનો છે એ જાણવા એમને પૂછું. હું જાણું છું કે એઓને મારા પૈસાની અને મેં આપેલા દાનને કારણે મારા ખ્યાતિ પામેલા નામની લોકો પાસે જવા જરૂર છે તેથી એઓ મારાં ગમે તેવાં સૂચનને, મારી ઉથાપી ન શકાય તેવી આજ્ઞા માની, એનું પાલન કરે છે. એમ કરવા જતાં જ્યારે સંસ્થાને નુકસાન થાય છે ત્યારે કાં તો મારા નામથી કામ સરી જાય છે અથવા તો નુકસાની હું ભરપાઈ કરી દઉં છું, જેને લોકો મારી મોટાઈ તથા નમ્રતા ગણે છે. હકીકતે તો મારી પાસે પ્રશ્નોની આંટીઘૂંટી ઉકેલવા કોઈ સૂચના કે નિર્ણયો હોતા નથી, જેની મને ખબર છે, પણ હું એ અન્યને કળાવા નથી દેતો અને ઊભી કરનારા ખરા કાર્યકરો તેમજ સંસ્થાના નોકરમંડળ પાસેથી સૂચનો મેળવી, ટ્રસ્ટી-મંડળની મીટિંગમાં એ મૂકી, બધાનો સહિયારો મત મેળવી, એ મારું જ માને છે એવો પ્રમુખ કે અધ્યક્ષ તરીકે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેખાવ કરી નિર્ણયો લેવડાવું છું અને અમલ કરાવું છું. આમાં મારું નિજત્વ કે સત્ત્વ કેટલું એનો વિચાર કરવાનો રહેતો નથી, કારણ કે લોકો અને મારા સહકાર્યકરો તેમજ સહ-ટ્રસ્ટીઓ એમ સમજે છે કે હું મોટા મનનો, ઉદારમતવાળો, ખુલ્લા માનસવાળો અને લોકશાહી પ્રણાલિકાનું ચુસ્ત રીતે પાલન કરવાવાળો માનવી છું. એઓ મારામાં આવા બધા ગુણો જુએ છે અને મારી સાચી ખોટી પ્રશંસાની અનેક વાતો કરી મારું જીવન ભરી દે છે!

હા, મને સ્વચ્છતા ગમે છે, સૌંદર્ય ગમે છે અને એ માટે હું હંમેશાં આગ્રહી હોઉં છું. જે સંસ્થાનો હું અધ્યક્ષ કે પ્રમુખ હોઉં ત્યાં સ્વચ્છતા અને સૌંદર્ય પૂર્ણ રીતે જળવાય એની સ્પષ્ટ સૂચના આપી એના પાલન માટે ચકાસણી કરતો રહું છું. મારી સંસ્થાનાં મકાનો અને મેદાનો અઠવાડિયામાં એક વખતે અચૂક પૂરેપૂરાં જોઈ વળું છું અને ખૂણે ખાંચરે કચરો ગંદકી કે ભાંગતૂટ હોય એની ડાયરીમાં તરત નોંધ કરાવી મારી બીજી અઠવાડિક મુલાકાત વખતે એ ખામી જોવા ન મળે એની ચોક્કસાઈ રાખું છું, છતાં જો જોવા મળી તો જવાબદાર વ્યક્તિની ઊંઘ ઉડાડી દઉં છું. શાળા કૉલેજ હૉસ્પિટલ અનાથાશ્રમ વગેરે સંસ્થાઓમાં સ્ટાફ પણ સુઘડ સ્વચ્છ પોશાક પહેરેલો હોવો જ જોઈએ. જેણે જેણે યુનિફૉર્મ પહેરવાનો હોય તેણે તેણે રોજ સ્વચ્છ યુનિફૉર્મ પહેરવો જ જોઈએ. મકાનો અને એના ખંડોની અંદર પણ સજાવટ સુંદર હોવી જોઈએ એવો મારો સદાનો આગ્રહ તેમજ વૃક્ષોનું વાવેતર તથા એના ઉછેર માટેની મારી કાળજી એને કારણે લોકો મને ઘણી વખત રવીંદ્રનાથ ટાગોરની કલાદૃષ્ટિ ધરાવતો પણ કહે છે. ખરું પૂછો તો અમુક વસ્તુ અને વાતમાં મેં મારો આવો આગ્રહ રાખ્યો જ છે અને એ પ્રમાણે થાય છે એ વાત મને મનમાં ખૂબ આનંદ અને સંતોષ આપતી રહે છે. બાકી, મેં ટાગોરને ક્યાં વાંચ્યા છે? મારી પાસે એ માટે સમય પણ ક્યાં છે? સમય હોય તો હમણાં કૉલેજના પ્રોફેસરને કે કોઈ કવિ-લેખકને કહું તો એ ધન્ય ધન્ય થતો એક-બે કલાક મને ભાષણ આપવા કેટકેટલી તૈયારી કરીને બાપડો મારી પાસે આવી વિનમ્ર ભાવે મને બધું કહી જાય અને હું સોફા ઉપર આડો પડી નિરાંતે એ સાંભળું, વચ્ચે કાંઈક પૂછું ને એમની બે ચાર શબ્દોમાં પ્રશંસા કરું એટલે થયું! એ મારાં સાહિત્યપ્રેમ ને ટાગોર માટેની જિજ્ઞાસા વગેરે માટે ઘણું ઘણું ઘણાને કહે અને ક્યાંક વળી લેખ લખીને છપાવી ગૌરવ પણ અનુભવે! યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર, કેળવણીપ્રધાન અને ખુદ મુખ્ય પ્રધાન સાથે પણ મારે ઘરોબો હોવાથી એ પ્રોફેસર કે કવિ-લેખક મારા વિશેનો લેખ મોકલે અને ઇનામ પણ મેળવે....આવું બધું થાય ને મારા કીર્તિ-મુકુટમાં એકાદ છોગું ઉમેરાય. વારુ, આનાથી આપણને શો ફરક પડવાનો? પણ મારી પાસે એવો ફાલતુ સમય ક્યાં છે? અને એવાં કામમાં મારે કાંઈ કરવાનું ન હોય ત્યારે સમય વેડફ્યો જ કહેવાય ને? એના કરતા એકાદ સંસ્થામાં એકાદ કલાક વધારે રહી સ્ટાફને જાગ્રત રાખવાનું કે હૉસ્પિટલમાં ગ્રામા ડૉક્ટરોથી વીંટળાઈ એક વૉર્ડથી બીજા વૉર્ડમાં ગૌરવભેર ફરવાનું વધુ સારું નહિ? એ રીતે ફરતાં ફરતાં મારા ડૉક્ટર તરીકેના પરદેશના અનુભવોની વાતો કરતો જઉં અને બધાંને આશ્ચર્યચકિત કરતો જઉં એ મારા માટે વધુ સારું નહિ? આવી ઓછામાં ઓછું ડૉક્ટરોમાં મારા વિશે ઊંચી છાપ તો પડે ને?

જિંદગીનાં વીસ-પચીસ વર્ષ આમ વિતાવ્યાં. અત્યારે ઉંમર પંચાવન-સાઠ-ની થઈ છે. બાપાએ ડૉક્ટર બનાવવા ખૂબ હઠ લીધી હતી. મને એમના માટે ખૂબ પ્રેમ તેથી ભણતો ગયો, ભણતો ગયો. બાપાની મહેનતથી મેડિકલ કૉલેજમાં પ્રવેશ મળ્યો ત્યાં છેલ્લા વર્ષમાં મારી સાથે ભણતી એક છોકરી જોડે પ્રેમ થયો. એ પણ મારા પ્રેમમાં ગળાડૂબ હતી. એ હોશિયાર ખૂબ એટલે પાસ થઈ ગઈ. એણે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વધુ અભ્યાસ માટે પરદેશ જવાનું નક્કી કર્યું ત્યારે મારે જલદી પાસ થઈ એની પાછળ પરદેશ જવાનું મારી પાસેથી વચન લીધું. એ પરદેશ ભણવા ગઈ. મેં બે વર્ષ પાસ થવામાં ખગાડ્યાં, પણ એના પ્રત્યે ખૂબ આકર્ષણ તેથી વધુ ભણવા એની પાસે પરદેશ જવા મેં પિતાજી પાસે જીદ કરી. અલબત્ત, મારી પ્રેયસી પાસે જવાની વાત તો છુપાવેલી જ રાખી. "મારે પરદેશ વધુ અભ્યાસ માટે જવું છે" એવી પિતાજી પાસે જીદ પકડી. એઓ મારી આ જીદ પૂરી કરવા માની ગયા ને મને પરદેશ (મારી પ્રિયતમા પાસે) ભણવા મોકલ્યો. ત્યાં મેં ડિગ્રી મેળવવામાં સમય સાથે આડોડાઈ કરી! મારી પ્રેમિકાનો અભ્યાસ પૂર્ણ થતાં ત્યાં જ એને ડૉક્ટર તરીકે નોકરી મળી ગઈ. નોકરી મળી જતાં એણે મારી પાસે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. બંનેનાં માતા–પિતાની સંમતિની અપેક્ષાએ અમે પરણી ગયાં. કુ. નીપા મારી પત્ની બની, જેનો મને ખૂબ જ ગર્વ થયો. નીપાએ નોકરી શરૂ કરી, મેં ડૉક્ટરી કરવા કે નોકરી મેળવવા લાયસન્સ માટેની મેડિકલ એક્ઝામ પાસ કરવાની તૈયારી શરૂ કરી. માતા–પિતાને લગ્ન વિશે પત્ર લખી જણાવ્યું ત્યારે જિંદગીમાં એક મોટું સાહસ કર્યાના રોમાંચથી હું થનગનતો હતો. નીપાએ પરદેશ જતી વખતે મારા વિશે એનાં માતા–પિતાને વાત કરેલી અને એ પછી, મારા એની પાસે પરદેશ પહોંચ્યા પછી પણ, મારા વિશે વાતો જણાવેલી. એમ કરી એમની મૂક સંમતિ તો મેળવી જ લીધી હતી તેથી એમની સાથે, લગ્ન પછી, ફોન ઉપર વાતો કરવાથી, થોડી ચર્ચા અને વિનંતી ને માફી માગવાથી એમની સંમતિ મળી ગઈ, પરંતુ મારા પિતાશ્રી બહુ જ ગુસ્સે થયા અને મારી સાથે સંબંધ તોડી નાખ્યો, પણ હું લાચાર હતો, પછી કરી શું શકું? પિતાજીએ મારી સ્થિતિ તો સમજવી જોઈએ ને?

થોડાં વર્ષો વીતી ગયાં. મારાં માતા–પિતાનો રોષ હળવો થઈ ગયો. મેં મેડિકલ સર્વિસ કે પ્રેક્ટિસ માટે લાયસન્સ મેળવી લીધું અને નીપાએ નોકરી છોડીને શરૂ કરેલા ક્લિનિકમાં હું જોડાઈ ગયો. હું જોડાયો ત્યાંસુધીમાં નીપાએ ખૂબ નામના મેળવી લીધી હતી. થોડો સમય વધુ ગયો અને નીપાએ બીજું ક્લિનિક ખોલ્યું. પહેલા ક્લિનિકમાં મને દેખરેખનું કામ સોંપી એક ડૉક્ટરને નોકરીએ રાખ્યો. નીપા ખૂબ કમાઈ. અમને સમૃદ્ધિનો ઊછળતો સાગર મળી ગયો હોય એવું લાગ્યું. જીવન આમ આનંદથી વીતતું હતું ત્યાં ઓચિંતાં એની દિશામાં જબરદસ્ત વળાંક આવ્યો! નીપાને બાળકો ખૂબ ગમતાં હતાં, પરંતુ અમારા વ્યસ્ત જીવનમાં બાળકને વહેલું સ્થાન ન આપવાનું અમે નક્કી કરેલું હોવાથી અમોને સંતાનપ્રાપ્તિ થઈ ન હતી. નીપા અવારનવાર અનાથ બાળકોની સંસ્થામાં જઈ બાળકોને કાંઈક ને કાંઈક ભેટ આપી આવતી અને એમ કરી માતૃત્વની લાગણીનો થોડો સંતોષ પ્રાપ્ત કરી આવતી. હું પણ ક્યારેક એની સાથે જતો. એક દિવસ નીપા ઘણી બધી વસ્તુઓ લઈ બાળકો પાસે જતી હતી ત્યારે મને લેવા આવવાની ઉતાવળમાં અમારા પ્રથમ ક્લિનિક પાસે અકસ્માતને ભેટી કાયમને માટે મને છોડીને બીજી દુનિયામાં ચાલી ગઈ ત્યારે મને હું પેલા અનાથ બાળકો પૈકીનો એક હોવાનો ભાસ થયો! નીપાના આમ અચાનક ચાલ્યા જવાથી હું ધરતી–વિહોણો થઈ ગયો! અનેક મિત્રોએ સાંત્વન આપ્યું. નીપાના સંપર્કમાં એક વખત આવી મિત્ર બની ગયેલાં અસંખ્ય દર્દીઓએ રૂબરૂ તેમજ પત્રો લખી મને હૂંફ આપી, જેને લીધે વખત જતાં હું ફરી ક્લિનિક જતો થયો. મેં ક્લિનિક પહેલાંની જેમ જવાનું શરૂ કર્યાંને થોડા દિવસો થયા હશે ત્યાં એક દિવસ નીપાના એટર્ની મને મળવા આવ્યા. મને થયું કે દુ:ખ વ્યક્ત કરવા આવ્યા હશે, પરંતુ એઓ ફક્ત એટલા માટે જ આવ્યા ન હતા. ઔપચારિકતા પૂરી કરી એમણે મને કહ્યું: "ડૉ. નીપાએ એમની કરોડોની



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મિલકતની વ્યવસ્થા માટે વિલ કરેલ છે. આ વિલથી એમની અડધી મિલકત અહીંનાં અનાથ બાળકોની સંસ્થાઓને આપેલ છે અને બાકીની મિલકતનો ઉપયોગ તમારે કેળવણી આપતી સંસ્થાઓ તેમજ તબીબી સારવાર આપતી સંસ્થાઓ શરૂ કરવા તથા ચલાવવા અને એવાં કાર્યો કરતી સંસ્થાઓને મદદ કરવા નિમિત્તે ટ્રસ્ટી તરીકે કરવાનો છે. ડૉ. નીપાએ આ માટે એક ટ્રસ્ટ બનાવ્યું છે, જેમાં તમને ટ્રસ્ટી નીમ્યા છે. આ ટ્રસ્ટ તમારી તમામ જરૂરિયાતો પૂરી પાડશે એવી પણ જોગવાઈ એમણે કરી છે. મને આશા છે કે ડૉ. નીપાની વ્યવસ્થાથી તમે રાજી થશો. એ ખૂબ હોશિયાર અને સમજુ સન્નારી હતાં." આટલું કહી એમણે મને વિલ આપ્યું અને જરૂરી કાગળો ઉપર મારી સહીઓ મેળવી, શુભેચ્છા વ્યક્ત કરી એઓ વિદાય થયા.

એટર્નીના ગયા પછી મારું મન વિચારે ચડ્યું: "નીપાએ આ શું કર્યું? આવું કેમ કર્યું? મને એની જાણ કેમ ન કરી? ઠીક છે, મિલકત બધી એની શક્તિ અને આવડતને કારણે પ્રાપ્ત થયેલી, પણ હું એનો પતિ હોવા છતાં મને એણે જાણેય ન કરી!" હું ખૂબ અકળાયો. મને ઘડીભર વિલ ફાડી નાખવાનું મન થયું, પણ કોણ જાણે કેમ એમ હું ન કરી શક્યો. એમ કર્યું હોત તો સારું થયું હોત કે ખરાબ એ તો હજુય જાણતો નથી, પણ હું એવું કરી ન શક્યો એ વાત દીવા જેવી છે. મને ત્યારે આઘાત ખૂબ લાગ્યો હતો. હું મન તનથી એ દિવસે લોથપોથ થઈ ગયો હતો. મેં એટર્નીના ગયા પછી થોડો વ્હિસ્કી ગટગટાવી ઊંઘનું શરણ લીધું. હું પી લઉં છું ત્યારે મને ઊંઘ–ગાઢ ઊંઘ –આવી જાય છે. મને બરાબર યાદ છે કે એ સમયે મેં એવું જ કર્યું હતું.

નીપાના ગયા પછી બંને ક્લિનિકમાં દર્દીઓની સંખ્યા થોડા દિવસો પછી ઝડપથી ઘટવા લાગી. પ્રથમ ક્લિનિકમાં નોકરીએ રાખેલ ડૉક્ટરે પોતાનું અલગ ક્લિનિક શરૂ કર્યું અને નોકરી છોડી દીધી. નીપાના મિત્રો ધીમે ધીમે સંપર્ક ઘટાડતા ગયા. મને આ બધું બહુ બદલાયેલું અને ઉપેક્ષાભર્યું લાગવા માંડ્યું, આથી મેં બંને ક્લિનિક, રહેવાનું મકાન અને બીજી મિલકત હતી તે બધું વેચી નાખ્યું. જે રકમ મળી તેનો તથા અન્ય રોકડ મિલકત વગેરે જે હતું તે બધાંનો અડધો ભાગ નીપાના વિલ મુજબ અનાથ બાળકોની સંસ્થાઓને આપી, બાકીની મિલકત ટ્રાન્સ્ફર કરી હું દેશમાં ચાલ્યો આવ્યો. અહીં દેશમાં મેં નિરાંત અનુભવી. બારે માસ, ત્રીસે દિવસ છૂટે હાથે વાપરતો રહું તોપણ મારી જિંદગીમાં ખૂટે નહિ અને હું સદા સમૃદ્ધિ અને સુખ–સાહ્યબીમાં રહી શકું એટલો પૈસો દેશમાં મારા હાથમાં આવ્યો હતો. પહેલાં મને થયું કે નીપાના વિલની વાત દાટી દઉં, ભૂલી જઉં કે એણે કોઈ વિલ કર્યું હતું. અહીં ક્યાં કોઈને ખબર પડવાની હતી! પણ પરદેશથી લાવેલાં નાણાં દેશમાં મારા નામે દેખાડવા બાબત નિષ્ણાતોની સલાહ લેતાં એમની સાથેની ચર્ચા પરથી મને એમ લાગ્યું કે વિલથી અસ્તિત્વમાં આવેલ ટ્રસ્ટ માટે મારી પાસે આવેલી અઢળક સંપત્તિમાંથી અમુક ટકા રકમ આપવી મારા માટે હિતાવહ છે, આવાં લાખો રૂપિયાનો એક હિસ્સો મેં નીપાના ટ્રસ્ટને નામે જાહેર કરી એનું વધુ વ્યાજ મળે એ રીતે રોકાણ કર્યું અને મારો હિસ્સો વધુમાં વધુ વળતર પ્રાપ્ત થાય તે રીતે ધંધામાં લગાડવાનું નક્કી કર્યું. શ્રીમંત તો હું બની જ ગયો હતો, શ્રીમંતની રહેણી–કરણી પરદેશથી શીખી ગયો હતો. દેશમાં દેખાવ કરવાની અને સમાજમાં છાપ પાડવાની રીત શીખી લીધી, વૈભવી મહાલયોના વિસ્તારમાં સમૃદ્ધ મકાન લીધું અને અદ્યતન સુવિધાઓથી શણગાર્યું. પછી ટ્રસ્ટનું કામકાજ શરૂ કર્યું. મેં અનુભવ્યું છે કે સમૃદ્ધિની છોળો જ્યાં ઊડતી હોય ત્યાં સગવડો દાસી બનીને સેવામાં તરત હાજર થઈ જાય છે. પહેલાં તો મેં કેળવણી આપવા વિદ્યાલયો માટે દાન આપવાનું શરૂ કર્યું. મારા વતનનાં વિસ્તારથી એની શરૂઆત કરી. નીપાના નામથી બે ચાર હાઈસ્કૂલ શરૂ કરાવી, એકાદ હૉસ્પિટલ શરૂ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરાવી અને બસ......મારું નામ દાનવીર તરીકે વિખ્યાત થઈ ગયું. મેં મારી ઇમેજ બનાવવા ખૂબ કાળજી રાખી. એ માટે પરદેશનો વસવાટ મને ઉપયોગી થઈ પડ્યો. મારી ઉંમર કાંઈ એવી મોટી નહોતી થઈ અને થઈ હોત તોપણ પૈસાદારને એ ક્યાં નડે છે? તેથી શ્રીમંત કુટુંબોની કન્યાઓ માટે માગાં આવવા માંડ્યાં. પહેલાં પહેલાં તો, "નીપાની યાદ પાછળ અને એના કાર્ય પાછળ મારે મારું જીવન વિતાવી દેવું છે માટે લગ્ન ફરી નથી કરવાં" એવું ગાણું મેં ગાયે રાખ્યું. આની બહુ જ સારી અસર થઈ. મને પોતાની કન્યા આપી ધન્ય થવા ધનાઢ્યો મારા ઘેર પગ ઘસતા થઈ ગયા. મારા ઉપર સગાં વહાલાં તો ઠીક, મોટા ઉદ્યોગપતિઓ અને નેતાઓ મારફતે ભલામણો આવવી શરૂ થઈ. આ મને ગમ્યું. મારું નામ અને મેં લગ્ન ફરી ન કરવા માટે કરેલી વાત ચર્ચાવા લાગી તે એટલે સુધી કે હું લગ્ન માટે તૈયાર થઉં તો મારા ટ્રસ્ટને મોટી રકમોનું દાન આપવાનાં અને અપાવવાનાં વચન પણ મળી ગયાં! સમાજમાં મારી આટલી આબરૂ અને મારા બીજા લગ્નની અનિવાર્યતા જાણી નીપાના ટ્રસ્ટને કોરો ચેક આપવા તૈયાર થનાર કરોડાધિપતિની થોડી અણઆવડતવાળી અને પતિની ઇચ્છા ઈશ્વરની આજ્ઞા માનનારી સુકન્યાનો હાથ મેં ગ્રહણ કર્યો. મારી સમાજસેવા માટે મારી સદ્ગત પ્રિય પત્નીના નામ પાછળ સેવાકાર્ય કરતા ટ્રસ્ટને કોરો ચેક આપનાર કરોડાધિપતિ ઉપર મારે આટલો અનુગ્રહ તો કરવો જ રહ્યો ને? આખરે સમાજની આવશ્યકતા સમાજનું કામ કરવા નીકળનાર મારા જેવા પરદેશીનો ધીકતો તબીબી વ્યવસાય છોડી દેશની સેવા કરવા આવનારે, પૂરી કરવી રહી!! લોકોમાં મારી આવી છાપ ઊભી થઈ ગઈ એ મારા માટે અનહદ આનંદની વાત બની. લગ્ન પછી શ્વશુર પાસેથી મેળવેલ દાનથી નીપાના ટ્રસ્ટનાં અનેક નાની મોટી શાળા, હૉસ્પિટલો, બાળકો માટે આશ્રમો વગેરે શરૂ કર્યાં. હું એ બધાં કાર્યોમાં જાતે દેખરેખ રાખવા પ્રવૃત્ત થયો. હૉસ્પિટલ ખોલતી વખતે પરદેશના મારા અનુભવો ટાંકી હોસ્પિટલના મકાનની જગ્યા, ડિઝાઈન વગેરેથી માંડી સ્ટાફની નિમણૂક, ઑપરેશન, સારવાર વગેરેમાં તે તે કામના નિષ્ણાતોને કાંઈક ને કાંઈક કહેતો ત્યારે એ વખતે મારી સાથે આવતી મારી પત્ની મારાં આવડત હોશિયારી તથા અનુભવ ઉપર બધાંના દેખતાં ધન્યતા અનુભવતી, જે જોઈ અન્ય ઉપસ્થિત સજ્જનો નિષ્ણાતો અને સહકાર્યકારો પ્રસન્નતાપૂર્વક મારાં પત્નીની ધન્યતામાં અનુકૂળ શબ્દોનો ઉમેરો કરતા.........

ટ્રસ્ટના નાણામાં વધારો થાય એ માટે પણ મેં ઘણી યુક્તિઓનો ઉપયોગ કરેલો, જે જુદી જુદી વ્યક્તિ પાસેથી જાણીને, કરવેરાના નિષ્ણાત સલાહકાર તરીકેનો નવો નવો ધંધો શરૂ કરનાર મારા કરવેરાના સલાહકારને મારી રીતે કહ્યા કરું તેથી એ મારાથી એવો પ્રભાવિત થઈ ગયો કે મારી પ્રશંસાનાં ગીત ગાવાનાં જ્યાં ત્યાં શરૂ કર્યાં! એને પણ બે પૈસો કમાણી થાય એ માટે મેં એને સૂચના આપી કે વેપાર-ઉદ્યોગમાં જેને બૅન્કની લોન જોઈતી હોય તેવાને બૅન્કમાંથી લોન અપાવવા લોન આપતી બૅન્કમાં હું નાણાંના રોકાણની વ્યવસ્થા કરી આપીશ. લોન લેનારે મળેલા લોનમાંના અમુક ટકા દાન આપવું. મારે વળી અંગત રીતે પૈસાની શી જરૂર? દાન તો ટ્રસ્ટને મળે ને? હા, એમાંથી ટ્રસ્ટી તરીકે મને જે કાયદેસરની સવલતો મળે તે અલગ વાત છે. આ કામ માટે હું મારા એ સલાહકારને અમુક રકમ આપું, જેથી એને પણ કમાણી થાય. આવું જ મારા ધંધાના રોકાણ અંગે ગોઠવાયું. શેરનાં ખરીદ-વેચાણનો ધંધો પણ મોટા પાયે ચાલે, જેમાંથી પણ એને કાંઈક આપું. આ કામમાંથી કમાણી સારી એવી થાય, પછી એને બીજા ઝાડકા શોધવાની શી જરૂર? એને નિરાંતનો રોટલો મેળવવામાં મારાથી આટલી મદદ થાય તે કરું. એ બાપડો તો આનાથી ખુશ ખુશ થઈ ગયો, મારો આભારી બની ગયો, ઋણી બની ગયો!...



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક વખત અમારી હૉસ્પિટલના એક સર્જને બહુ મોટું અને અશક્ય તેવું ઓપરેશન કર્યું. એનું નામ તો, ભાઈ, મોટા અક્ષરે છાપામાં આવ્યું. સરકારે એની કદર કરવા સમારંભ ગોઠવ્યો. સમાજનો તો એમાં સાથ હોય જ. આ વાત મારી સમજમાં ન આવી. ડૉક્ટર છે તો ઓપરેશન કરે. એનો એ ધંધો કહેવાય એમાં સરકારે અને સમાજે શો ગોઠવવો ? જિલ્લા કલેક્ટરને આ વાત કહેવા ફોન કર્યો તો એણે સામેથી ફોનમાં મને હરખાતાં હરખાતાં કહ્યું : 'શેઠશ્રી, આપની હૉસ્પિટલનું નામ આખા રાજ્યમાં ઝળહળતું થઈ ગયું. આપના જેવા ટ્રસ્ટી હોય પછી અમારી પણ ફરજ બને છે ને ? અમે આ પ્રસંગને ઉઠાવ આપી આપની હૉસ્પિટલના નામને ગાજતું કરવા, ડૉક્ટરનું બહુમાન કરવા દરખાસ્ત મૂકી...પ્રધાનશ્રી બહુમાનના આ સમારંભમાં આવશે...'

હું એને શું કહું ? ના પાડું તો ભૂંડો લાગું ! મારે ન છૂટકે હસતાં હસતાં એના હરખને વધાવવો પડ્યો. હવે તો આ સમારંભમાં રાજ્યના પ્રધાન આવે એટલે મારાથી ગેરહાજર કેમ રહેવાય ! કરવું શું ? મારે શું બોલવું ? ડૉક્ટરની સિદ્ધિને જાહેરમાં કેવી રીતે બિરદાવવી ? પણ કાંઈક તો બોલવું જોઈએ ને ? પરદેશના નીપાના ક્લિનિક અંગે કોઈએ ત્યાંના મેગેઝિનમાં એ વખતે લેખ લખેલો તે મેગેઝિન બે-ચાર દિવસ પહેલાં મારા હાથમાં આવ્યું હતું. એ યાદ આવતાં મને થયું : ચાલ, એનો ઉલ્લેખ કરી 'આવાં ઘણાં ઓપરેશનો પરદેશની મારી કારકિર્દી દરમ્યાન મેં કરેલાં, જેમાં નીપાએ મને આસિસ્ટન્ટ કર્યો હતો.' એવું કહી મારા મનને ભરી દીધું અને પછી તો સમારંભમાં મારાથી હોંશે હોંશે હાજર રહેવાયું અને પરદેશના મારા તબીબી અનુભવો વિશે ઘણું, ના, ના. થોડું ઘણું કહેવાયું, જે સાંભળી પ્રધાનશ્રીએ પોતાના વક્તવ્યમાં કહ્યું : 'જે હૉસ્પિટલના ટ્રસ્ટી તરીકે આપણા શેઠશ્રી જેવા પરદેશમાં વર્ષો રહી તબીબી ક્ષેત્રે આશ્ચર્યજનક ઓપરેશનો કરી દર્દીઓને નવું જીવન બક્ષનાર હોય તેના એક ડૉક્ટર સારું ઓપરેશન કરે એ સ્વાભાવિક વાત છે. હું શેઠશ્રીને વિનંતી કરીશ કે આપણા રાજ્યમાં જિલ્લે જિલ્લે આવી હૉસ્પિટલો ખોલે અને પોતાના બહોળા અનુભવનો લાભ જનતાને આપે. ધન્ય છે એમને કે જેમણે પોતાનો ધીકતો પરદેશનો ધંધો છોડી દઈ દેશની જનતાની સેવા માટે દેશમાં આવી આવો ભેખ ધારણ કર્યો છે. દેશને આવા મહાનુભાવોની ખૂબ જરૂર છે..' આ સાંભળી મને બધાંની વચ્ચે ખૂબ આનંદ થયો અને મેં અમારી હૉસ્પિટલના જે ડૉક્ટરના જ્વલંત કાર્યને બિરદાવવા આ સમારોહ યોજ્યો હતો તેને પાસે બોલાવી, હાર પહેરાવી, કેટલીક પળો હસ્તધૂનન કરતા ફોટા પડાવી, ટી.વી.વાળા આવ્યા હતા એમાં દૃશ્ય સેવડાવી એના ઝંખવાઈ ગયેલા ચહેરાને ખીલવવા કોશિશ કરી અને પ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં અંગત રીતે મારા તરફથી એની કદર કરવા ઈનામ તરીકે પાંચ હજારનો ચેક આપવાનું જાહેર કર્યું, જેને લોકોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધું.

એ દિવસે રાત્રે નીપા મારા સપનામાં આવી. કોઈ સમારંભમાં એણે મને બધાં વચ્ચે ખૂબ ઠપકો આપ્યો...મારી ઊંઘ ઊડી ગઈ ! મને મારી હૉસ્પિટલના પેલા ડૉક્ટરનો ઝંખવાઈ ગયેલો ચહેરો યાદ આવ્યો. એ ચહેરો મારી નજર સામે તરવા માંડ્યો... સપનાનો જાહેરમાં નીપાનો નારાજગીનો ક્રોધ-ભર્યો અવાજ, એ વિશે પણ હું શું કરું ? મારે શાન જાળવી રાખી જીવવું છે, મારે મારા ભીતરી જગતને શબ્દોથી તો ભરવું જ પડશે ને ? એમ ને એમ કેવી રીતે...! નીપાનો અવાજ આ સમજે તો કેવું સારું !...

ઠે. ઈ-૨, ગવર્નમેન્ટ કૉલોની, જામટાવર પાસે, રાજકોટ-૩૬૦૦૦૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અપરાધ

[કચ્છી વાર્તા]

શ્રી. આનંદકુમાર આડે

ગિરીશ ખાસ કરેને અરુણાકે જ મિલેલા આયો વો.

ઘરે વેંધોસે ત રાજી થઈને સ્વાગત કરિંધી એંડે વિચારસેં ગિરીશ બાયણેમેં ઉભો રેઓ ને ગાલ કે: 'આંઉ અરુણાકે મિલેલા આયો અઇયાં. અંઇ અરુણા...!"

"ના! આંઉ અરુણાજી 'રૂમ-પાર્ટનર' અલકા અઇયાં."

"પણ મુંકે હોટેલજે 'વેઇટર' પાછો અચીને ગાલ કેં' ક..."

"ઇન છોરેજો કસૂર નાંય. અરુણા ગામ વઇ આય એંડા સમાચાર ડિનાં હુઆ ત ઘર સુધી મિલેલા અંઇ આયા ન હુતા. અરુણા ગામ વઇ આય ત કુરો થ્યો? અરુણાજી બેનપણી આંજો સ્વાગત કરેલા હાજર આય. અંઇ ઘર સુધી આયા અયો ત કુરો ઈ જ હલ્યા વેંધા? અંઇ બારા જ ઉભા રોંધા? ઘરમેં ત અચો. અરુણા પાછી અચિંધી તડેં ઇનકે કુરો જવાબ ડિંધિસેં?"

અરુણા ગામ વઇ આય, સુણીને ગિરીશ નિરાશ થઇ વ્યો. ઘરમેં દાખલ થ્યો ને સંકોચસેં નમી પ્યો. "કાલ જ તાં આંજો કાગર આયો, પણ કાગરમેં અચેજા સમાચાર ન વા ને અજ ઓચિંધા જ મિલેલા હલ્યા આયા, સે કીં ભલા? આંઉ ત સ્વાભાવિક રીતે ગાલ કરિયાંતી. મુંકે આંજો 'ટૂર-પ્રોગ્રામ' કેન્સલ કરેજો કોંયે અધિકાર નાંય." ઈ ચઇ કરેને અરુણા ખિલંધે મોંએ ગિરીશકે ન્યારી જ રઇ.

"મુકે પણ ખબર ન વઇ. કાગર રવાનો કયોં હુંધોસેં ને પુઠિયાનું મીટિંગજો કાગર હથમેં આયો. મીટિંગ ત પતી વઇ. બ ડિંયેંજી રજાઉ અંઇ ઈ સોચીને પોય સજો પ્રોગ્રામ જ ભધલાય વિંધો ને હલ્યો આયોસે."

"ભલે આયા! બ ડીં ખુશીસેં હિરજા-ફિરજા. અરુણા નાંય કુરો થ્યો? બિલકુલ સંકોચ મ કરિજા! ન્યાર્યા? આંઉ પણ કેડી અઇયાં! ચાય-પાણીજી પણ પુછા ન કઇ ને ગાલિયેમેં લગી વઇસેં! આંલાય ચાય કોફી ક શરબત કુરો? અઇ ચો સે ભનાઇયાં! તેનું મોર હિકડી ગાલ કરિંધિસ ત મનમેં માઠો મ લગાઇજા! ચાય પાણી નાસ્તો કરે પુઠિયાં જાણાંને આંકે પસ્તાવો થિયે તેનું મોર જાણ કરિયાતી..." અલકા ગાલ મંઢાને સેજ (લિખ) વિચાર કેં. પોય જમણો હથ ગિરીશકે વતાય કરેને ચેં: "હી ન્યાર્યો. મુંકે 'લ્યુકોડર્મા' થ્યો આય! જુકા નેરેતા તંકે સુગ ચડ્તી. કદાચ સુધાણી બિમારી લાગુ પઇ આય."

ગિરીશ ધ્યાન ડઈને ન્યારે ત ઇનકે વિચલી બ આંગરિયે વિચોવિચ રુપિયે જિતરો ધોરો ચાંધો (ડાઘ) ડિસાણું. પોય અલકા સામે નજર કરેને ગિરીશ સવાલ કેં "બસ: ઇતરી જ ગાલ આય? નજો ત ઇલાજ થિયેતો ને ઇલાજ કરિયું ત 'લ્યુકોડર્મા' મટી વિન્ચેંતો."

અલકા ચેં: "જે સુધી મટે ન તો તેં સુધી ત આંઉ અસ્પૃશ્ય જેડી જ રોંધિસેં!"

"ઈ આંજો નિપટ ભ્રમ આય. એંડે ભ્રમમેં રોજા મ. ઇનમેં ધ્રા રખે જેડો કીંયે નાંય! સમજ્યા ને? આંઉ ચાય પિંધોસેં ને સે પણ આંજે જ હથજી ભનેલી ચાય પિંધોસેં ને નાસ્તો પણ કરિંધોસેં!" અલકા ત મુંજી પિઇ ને ગિરીશકે ન્યારિંધી જ રઇ. ઇનજો લાગણીશીલ હ્રદય કુરો કેણું ને કુરો ન કેણું તેંજો નિર્ણય ન કરે સગ્યો."

"મુંજા મિડે નસા-પાણી ઉતરી વ્યા અંઇયેં ને અંઇ ત વિચાર કરિંધા વિઠા જ અયોં!" ગિરીશ ચેં તડેં અલકા રસોડામેં વઇ. પાછી આવઇ તડેં ટ્રેમેં ચાય-નાસ્તેજી બાટ તૈયારી કરેને જ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવઇ. ટીપોયતે ટ્રે રખી કરેને નાસ્તેજી ડિશ ગિરીશકે ડિને ત અલકાજે હથ ધુબંધો જ વો. બોય જણા નાસ્તો કેણ લગા. અલકા નિચો મોં કરેને વિઠી હુઇ તડે ગિરીશ દાખલો ડિને: "રાજેશ મુંજો પીરત આય, ઇનકે પણ થ્યો વો. રાજેશ ધંઉજે જવારેજો ને ચ્યો પણ કીંક ઇલાજ કેં. હાણે ઇનજે નોંમે પણ રોગ નાંય. આંઉ 'ડૉક્ટર' નઇયાં, પણ ઇતરો ત આંઉ જાણાતો જે હી બિમારી શરીરમેં 'વિટેમિન–બી'જી અછત સેકી જ થિયેતી. અંઇ મનમેંનું ભ્રમ–ધ્રા ને સંકોચ પરેઆં કરેને ઇલાજ કરાઇંધા ત જરૂર મટી વેંધો."

ગિરીશજી ગાલ સુણીને અલકા નજર ઉંચી કેં તડે ગિરીશ પુછા કેં: "અરુણા ને અંઇ ભેરી જ રોંત્યું ?"

"હા." અલકા ગિરીશ કોરા ન્યોરને ચેં; "અરુણા હેકલી હુઇ ને આંઉ પણ હેકલી જ હુઇસેં. અસાં બીંજો પરિચય થ્યો તેંની જ સાથે રેજો નકી કયોં!" અલકા ખિલેજી કોશિશ કેં.

"અરુણા કડેં અચિંધી સે ચઇ વઇ આય ?"

"બ ડિયેંજી રજામેં ઘરે વઇ આય. પોય ત કૉલેજ આય. રજા ભેરી રજા નાંય કઢે. ઇતરે ઇ ચોક્કસ અચિંધી!"

"ભલે! અરુણા અચિંધી તડેં ઇનકે ચોજા ક આંઉ મિલેલા આયો હોસેં." પોય ઘડિયાલ કોરા નજર કરેને ચેં: "બસ તડેં, હાણે આંઉ વેંધોસેં. અરુણાજી ગેરહાજરીમેં આકે તકલીફ ડિંની."

"ઇનમેં વરી તકલીફ કેડી? ન કાંય અંઇ અરુણાજા ખાસ 'પેન–ફ્રેન્ડ' અયોં. ને અરુણા અગર હાજર હુઇ ત કુરો અંઇ એડો જ ચ્યો હુવો? તે છતાંય વિન્યેજી કો કયોંતા? વરી આકે હેવર કિતે વિન્યણું આય ?"

"ટેશનતે. ટ્રેનજી તપાસ કેણી આય."

ગાલ સુણાને અલકા ઉદાસ થઇ ને ગિરીશ સામે ન્યારી જ રઇ. પોય ઇન ચેં: "બ ડીંયેજી રજા આય. આથા અયોં ત પોય અરુણાકે મિલીને જ વેજા. અરુણા હાજર હુઇ ત અંઇ ખમી રેઆ હુવા ક ન ?"

કુરો ચોણું સે ગિરીશકે પેલે. સુઝયો જ ન. પોય ગાલકે વારેલાય ચેં: "અચો વિન્યીને ગાલગાલમેં અંઇ અરુણાજો ડાખલા કુલાય ડ્યોંતા? આ બીંક પેલી વાર જ મિલેજો મોકો મિલ્યો આય. આમેં ને અરુણામેં આંઉ ભેદભાવ રખા ન તો. અંઇ બોય મુલા કરેને સરખા જ અયો! અંઇ ચોંતા ત ન્યા વિન્યાંતો. હાણે અંઇ રજા ડિંધા તડે જ વેંધોસ. અંઇ રાજી થ્યા ક ન?"

ગાલ સુણીને અલકા પેલા તાં મિઠો મુરકઇને પોય ખિલંધે ખિલંધે ગાલ કેં: "અરુણાજો દાખલો ડિંના તડેં ગાલ આકે ઘડ વિઠી! આકે બઇ હિકડી અંગત ગાલ કરિયાંતી, સુણીને અંઇ નારાજ મ થિજા. આંજા મિડે જ કાગર અરુણા મુંકે વાંચેલા ડિંધી હુઇ. તેંસેં જ આંઉ આકે જાણી સગઇસેં. તિન જ રીતે આસેં મુંજો પણ કીંક સમંધ આય. આંઉ આજી સોંજ ભરાભર રખંધિસેં. આંજી સરભરામેં કીંક પયુ ક્યાર રઇ વેંયા ત અંઇ અરુણાકે કાગરમેં જાણુ કરિંધા ને અરુણા મુંકે ઠપકો ડિંધી. તડે આંઉ અરુણાકે કુરો જબાબ ડિંધિસેં? અંઇ ત છુટી વેંધા ને અચીને અરુણા સિધી જ મુંજી નિડીં ઝલિંધી!"

ચેં જેડો હાણે કીંયે બાકી રેઓ ન વો. ગિરીશ અલકાકે ચેં: "આંઉ આયોસેં, મુંકે ખાસો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવકાર મિલ્યો. ચાય–નાસ્તો કરાયાં, ગાલિયું કયાં ને આંઉ આં જા અવકા કઢિંધોસેં ?”

“ત પોય અંઇ વિન્યેજી ગાલ કુલાય કર્યોંતા ?”

“અજ જે અજ જ વિન્યેજી ગાલ આંઉ કરિયાં નતો. વખત નાંય, ન કા આંઉ રોકાઇ વિન્યાં. સજો ડીં આં ભેરો હિરંધોસેં–ફિરંધોસેં !”

સુણીને અલકા નારાજ થઇ વઇ : “ભલે ! અંઇ ચોંધા તીં ! મુંમેં ને અરુણામેં ઇતરો જ ફરક આય. સચ્ંઇ ચોજા, અરુણાકે હિનવારેજી અંઇ ના ચઇ સગો ખરા !”

“વરી ઉજ અવરી ગાલ ?” ગિરીશ ઉભો થઇ વ્યો ને ચેં: “પેલો અંઇ તૈયાર થઇ વિન્યો, પોય પાણુ ફિરેલા વેંધાસું. ઘરમેં વિઠે વિઠે આંજો ‘મૂડ ઑફ’ થઇ વેંધો.—”

“પેલો અંઇ જમેંજો પતાય ગિનો ત મુંજો ‘મૂડ ઑફ’ નઇ થિયે. આંઉ રસોઇ ભનાંઇયાંતી, પોય વટે વેરાય કરેને જમાડિંધિસે પોય. પોય પાણુ ફિરેલા વેંધાસી.”

“પેટ ભરીને નાસ્તો કયો આય, હેવર ભુખ નાંય. પેટમેં જગા નાંય. મુંજી બાલ સુણો, પેલો પાણુ ઘરમ્યાનું બારા પો. જમે કરેજો તાં પાણુ બારા જ પતાંઇધાસીં !”

“ભલે !” અલકા કીંયે આચાર ન કેં, તૈયારી પણુ ન કેં ને ઘરમેં હુઇ તિન આચારે ગિરીશ ભેરી બારા પઇ.

ગિરીશ અલકાજે રૂપકે ન્યારી જ રેં. ઇનકે અલકાજી સાધાઇ ગમી વઇ હુઇ. કારણુ, સાધે આચારેંમેં પણુ અલકા અફલાતૂન લગઇતે. ગિરીશકે ફકત ઉદાસીજી ખામી ન ગમઇ. તડેં ગિરીશ ચેં : “મુંકે આંજી ઉદાસી નતી ગમે. ઉદાસ રે સેં કીં વરેં તીં નાંય !”

“ઉદાસ ન રેણું સેં પણુ કુરો પાંજે હથજી ગાલ આય ?”

“બેશક ! (અર્થાત્)” ગિરીશ ઠાવકાઇસેં ગાલ કેં :“ મુંકે ખાસો અનુભવ થ્યો આય. આં વારેજી આંઉ પણ ઉદાસ રેઓ અઇયાં. પેલો ત ભુછડી ગરીબી ઉદાસીજો કારણુ હુઇ, પોય ભવિસજી ચિન્ધા ઉદાસીજો કારણ ભનઇ. અભ્યાસજી ચિન્ધા, સારા માર્કંસ મિલાયજી ચિન્ધા, પ્રોફેસરજી ખાસી ‘પોસ્ટ’ મિલી વઇ ત મોભો સંભારેજી ચિન્ધા ! સુવાલી જિન્ધગીજા પચી–છઇ વરેંજી ચિન્ધા ને ઉદાસી ભેરા જ કઢેઆં ! ગરીબી, અભ્યાસ, પદ, મોભો, માનસંમાનનું ધાર જુકો સત્ય જાણેલા મિલ્યો સે કીંક બ્યો જ આય, લાજવાબ આય ! ઇતરો જાણે પુઠિયાં ઉદાસીજા વાગા મનતાનું લાય વિધા. પંજ–છ મેણા થ્યા આંઉ સુખી અઇયાં. મુંકે સુખજી પગદન્ડી મિલી વઇ !”

“જેનુંણા અરુણાજા કાગર–પતર અચણુ લગા, તેંની થી ?” અલકા મર્મંજી ગાલ ચેં.

“હા !” ગિરીશ ઉનો સા ગિડે ને પોય ચેં: “અંઇ ત મિડેં જાણોતા. અરુણા આંકે મુંજા મિડેં કાગર વાંચેલા ડિનેં આય. અરુણાજે કાગરેંસેં જ મુંકે કીંક જાણેલા મિલ્યો–જિન્ધગીકે માણેજી દૃષ્ટિ મિલઇ–પ્રેરણા લધી ! અરુણાજા આભાર મન્યાતો !” અલકાકે ગિરીશજી ગાલ સુણીને ઇનજે મનમેં થ્યો ક ઇનજી અખમેં અમી ને જિભતેં અમરત આય ! હુભવારી ગાલ અલકા મનોમન સમજી વઇ.

ગાલિયું કરિંધા કરિંધા ગામજે છેડેતેં પુગા ને અગિયાં હિકડી સિધી સડક હુઇ, સડકજી ડાબી કોરા હિકડી પગદન્ડી તરાઇ ને લિલોતરી કોરા વરલ ડેખાંધી હુઇ.

અલકા ગાલ મંડે : “ આંજે વડે સેરમેં ત ન્યારે જેડા સ્થાન ખણે હુંધા, પણુ હિતે તાં બસ ડુંગરા ને ઝાડી–અવરી સડક, હી અલબેલી પગદન્ડી ને પાક તરાઇ, લિલોતરી ને નિંઢા નિંઢા ઝુંપડાં ને મકાન !”



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"અસા ! ઈ જ ત મું કે ગમેતો. કેડી ગજબ શાન્તિ લગી પઈ આય ! આંકે ખબર નાંય, વડે સેરસેં ધનજે ઢિગતેં વિઠલ માડુ સુખ–શાન્તિલાય હુડી ભેરા થ્યા આય. ઠેક–ઠેકાણે ઝાવા વિન્યેતા છતાંય ઇનકે સુખ નતો મિલે–શાન્તિ નતી મિલે !"

અલકા સુણીને ખિલી પઈ, પોય ખિલજે મર્મ સમજાયલા ચેં." હાશ ! આંઉ તા છુટીસેં ! મું કે મનમેં ઈ જ થ્યોતે ક આંકે નંઇ ગમે, અંઇ ચોંતા ત વેસા કરિયાંતી."

હિજે ગામજો વાતાવરણ હકીકતમેં હુભ–ભરેલો આય. તરાઇ ને લિલોતરી ડિસજેતી ઉતે જ પાણુ વેંધાસીં.

હલંધે હલંધે ગિરીશ ગાલ કેં : "અધ્યાપકેંલા સે સુખ આય, જે વિદ્યાર્થિયેંકે ભણાયમેં ડીં ડીં પુરા થિયેતા તેંજી ખબર નતી પે ને તેં પુઠિયાં આંકે અરુણાજે સંગાથ મિલી વ્યો આય."

"અંઇ અરુણાજે સંગાથજી ગાલ કર્યો'તા ?" અલકા ગિરીશ સામે ન્યારીને ચેં : "આંઉ કાલ ઉથીને, હિન કોલેજજી નોકરી છડીને બઇ કોલેજમેં હલઇ વેંલિસેં તડેં પણ અરુણા મું ભેરી હુંધી ? નસિભમેં Lonly life (એકાંત જીવન) લિખલ વે ત તેંકે કેર ભુસી સગે ?" અલકા મડ મડ મનજી ગાલ ચેં : "કડેં કડેં ત નિરાશા કેડ જ છડે નતી. મનમેં અચેતો જે હી જિન્દગી પાંજી નાંય. પાંજો અસ્તિત્વ જ નાંય તડેં બેંજો વિચાર કીં થિયે ? 'એક–વાય' પાસ થઇસેં તેંડેકમેં અધા મું જે વિંયાજી ગાલ હિકડે અયોગ્ય ને અભણ ધુકાનદાર માડુ સાથે નકી કરેવારા હુઆ. મું કે ગાલ ભાસઇ ન ને મું સ્વીકાર ન કયોં, ને અજ જિન કફોડી હાલતમેં અઇયાં એડી હાલતમેં કોય પણ સમજુ માડુ સ્વીકાર કરે એડા આસાર ડિસજે નતાં." પોય અલકા ગિરીશજે મોં સામે ન્યારીને ચેં ; "હી હકીકત આય, ગિરીશ ! કેર મું જેડોજો સ્વીકાર કરેલા સાહસ કરિંધો ?"

ગિરીશ અલકાકે સમજાયલા ચેં: "અંઇ વરી ગાલગાલમેં બિમારીજી ગાલ કો કર્યો'તા ? મું તે ભરોસો રખો. આંકે કીંયે નાંય થ્યો, મનમેં ભ્રમ ભરાણું આય."

અલકા ખિલી પઈ, પોય ચેં : "ભલે, અંઇ ચોંતા ત આંઉ મન્યાતી !"

"ના, ઈ ચઇને વરે નંઇ. અજ ડીં પુઠિયાં આંજે મનમેં બિમારીજો વિચાર મનમેં પણ આયો ખપે. આંકે મન્યો તેંજા સૌં અઇયેં !"

અજ ડીં સુધી અલકાસેં ઇતરી આત્મીયતાસેં, હુભસેં કોય ગાલ ન કે વે, કડેં કોય અલકાજો વિચાર પણ ન કેં વે. અજ ઇનકે ગિરીશજી ગાલ ગમી ગઇ. ઈ મનોમન ખુશ થઇ.

ઓય તરાઇ વટે પુગા હુંધા તડે અલકા ચેં : "હાં–હી, ગિના હી ઉ જ તરાઇ આય, જેંકે પરે–આનું ન્યારે કરેને અંઇ ખુશ થ્યા હુઆ."

ગિરીશ નજર કેં. નિંઢે નાલો વો તેંકે બંધ બંધીને પાણીજો સંગ્રહ કરેમેં આયો હો, તેંકે તરાઇજો સ્વરૂપ મિલી વ્યો હો. કિનારેં મથે લિલોતરી હુઇ. તરાઇતું લિખ પરેઆં નિંઢા ગામ વસલ વો. વિચારો ક ખન ઝુપડિયું હુઇયું. ગિરિશ તરાઇ વટ વેઓ. ખમિસજી બાંઉ મથે ચડાય, પોય નિચો નમીને, અંજલિ ભરીને તરાઇજે પાણીસેં મોં ધુવુ લગો.

"અલકા ! સચંઇ તરાઇજો પાણી ખાસો આય. અંઇ પણ પાણીસેં હાથ–પગ મોં ધુઇ ગિનો !"

અલકા મથો ધુણાયને ના ચેં. પગમેંનું ચમ્પલ લાય કરેને વટે વઇ રઇ.

ગિરીશ હાથ પગ મોં ધુઇ કરેને રુમાલસેં મોં ઉગણુ લગો. અલકા વટે અચી પટતેં લગોલગ વિઠો. પેલો ત ગાલ મનમેં આવઇ ને પોય ચપતેં આવઇ : "અરુણા ! સેજંઇ વિચાર કારયાંતો ક અરુણા ન મિલઇ ને અંઇ પણ અજ મિલ્યા ન હુઆ ત મું કે તાં ઘરમજો ધકો પ્યો હો !"



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અલકા ને ગિરીશજી નજરું મિલઇયું તડેં ગિરીશ ચેં : "આંઇ તાં સુભાવસેં ઓછાબોલો અઇયાં, પણ મન મિંજોમિંજ આંજી જ પ્રશંસા કરી રગો આય. ઉગોજો આં સાથે બ ગાલિયું કરેને સિધો ટેસન વિન્યેવારો હુવોસેં. હી તાં આંજી મેરબાનીસેં જ આંઉ ખુશનુમા વાતાવરણ માણી સગેઓ-સેં, લાવેમેં આયોસેં."

અલકા મિઠો મુરકીને ગિરીશ સામે ન્યારી જ રઇ તડેં ગિરીશ ઇનકે પુછેં: "કરો અરુણા પણ આં જેડી જ આય? ઇનજો પણ સુભાવ આં જેડો જ આય?"

સુણીને અલકા પેલો તા નારાજ થઇ ગઇ, પોય ચેં : "મું મેં અંઇ અરુણાજી અણોસાર ન્યારેજી કોશિશ કુલાય કર્યોંતા? અરુણા મું કરતાં ધજ આય. મું જેડી 'મુડીશ' નાંય."

"મુંજી ગાલજો ભાવાર્થ ઠિકસેં સમજ્યા ન ને નારાજ થઇ વેઆ."

"ના, મું ત આંકે સચી ગાલ કઇ. સચે મનસેં આં સાથે અજ હિતરો બોલઇ અઇયાં. અંઇ હુવા તેંસેં જે મુંકે સંકોચ ન થ્યો. બે કોય સાથે મું ઇતરી ગાલિયું કઇયું નંઇ."

ગિરીશ કીંયે ન બોલ્યો. ઇન મનમેં વિચાર કેં : 'અલકા ગાલજો ભાવાર્થ સમજઇ ન!'

ગિરીશ લિલોછમ ઘાસ મથે લેટી પેં ને ખુલે આકાશ કોરા ન્યારણ લગો.

ગિરીશજો મૌન સોવાણું ન તડેં અલકા ચેં : "તેંમેં વરી આંકે માઠો લગી વ્યો?"

"આંઉ સમજ્યોસ ન?"

"ન ચેજી ગાલ બોલી વઇસેં કતરે?"

"ના, મુંકે માઠો લગે તીં કીંયે નાંય થ્યો." ગિરીશ વડો થ્યો ને ચેં : "આંઉ વિચાર કરિંધો હોસેં જે પાં બી જે આસપાસ પરિસ્થિતિ જુકો ઉભી થઇ આય ને ઘેરાવ કેં આય તેંકે તોડી સકાં તીં અઇયેં?"

"વ્યર્થ! ફિલોસફી ને બુદ્ધિજે અજબ ચકરમેં આંજો અસ્તિત્વ ખોવાણું આય! ન ત પણ સ્વીકારિયુંતા ને ન બેંકે સ્વીકારણુ કિયોતા." ઇ ચઇ કરેને અલકા ઉભી થઇ વઇ ને ગિરીશજો હથ ઝલે કરેને ચેં: "ગાલિયેંસેં કીંયે વરે તીં નાંય. હિતંઇ જ વઇ રોંધાસીં ત હી જિન્ધગી પાંકે વેઆરી રખંધી, પાણ જડ થઇ વેંધાસીં. ઉભા થઇ વિન્યો. અજજો ડીં આં ભેરો સારી રીતે માણેલા મિલ્યો! ઉતે હિકડો ચાયવારો સારી ચાય ભનાયતો. ગામકે ગામમેં પણ 'એ વન-કોલિટી'જી ચાય પિધેલાય મિલેતી, તેંજો પણ અનુભવ કરાંઇયાંતી."

ત્રે વગા હુંધા. ચાય પીને પાછા વરેઆ તડેં સાંજી ટાણું થ્યો વો.

"અજ અંઇ કેંજો મો ન્યાર્યો હુવા સેં ટાણે મથે જમેલા પણ ન મિલ્યો!"

ગિરીશ ચેં: "હાણે જમણું-વમણું નાંય! સવારમેં પેટ ભરેને નાસ્તો કયોં વો ને હેવર ચાય પીને પાછા વરેઆ અઇયેં."

"હલો, હાણે ઘરે વિન્યોંને જમંધાસીં."

"સારી રેસ્ટોરાંમેં જમંધાસીં."

સુણીને અલકા વિચાર કેણ લગી તડેં ગિરીશ ચેં: "આંકે વાંધો અચે તીં વે ત પાણ ઘરે જ વેંધાસું!"

"ના, મુંકે કીંય વાંધો નાંય, હિન ગામમેં ધજ રેસ્ટોરાં હિકડી પણ નાંય. ગામમેં હિકડી જ રેસ્ટોરાં આય ને સે પણ ટેસન વટે આય."



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોય જણા રેસ્ટોરાંમેં દાખલ થ્યા. ડાઇનિંગ ટેબલ વટે વિન્યીને વિઠા. વડી ઉંમરજો મેનેજર આયો ને ઓર્ડર ગિની વેઓ, પોય નિંઢો વેઇટર ડાઇનિંગ ટેબલતેં ડિશું રખી વ્યો.

"અલકા ! આંકે પૂછ્યો ન ખપે, પણ ગાલ ચવ સુધી આવઇ જ આય ત પુછાં તો: હેડે સુન-કારમેં રાતજો ટાણે રેસ્ટોરાંમેં મું ભેરો, હિકડે અજનબી ભેરો આયા અયો સે ધ્રા ન તો લગે ! 'આય મીન' માડુ ઉંબિસંઇ ગાલિયું કઇંધા ત ?"

"મર તાં કરિયેં. મું કે ધ્રા નાંય. દુનિયામેં મુંજો કોય નાંય તડેં મન મેં ધ્રા કેડો ? જેંજો કોક સગો-વલો હુવે ત તેં કે એડી ગાલિયેંજો ધ્રો હુવે ત ભલે ! મુંજે મથે નાંય કોય હથ ફિરાય, નાંય કોય મું કે હિયારી ડિઇને પુછે કે તું સુખી અઇયેં ક દુખી અઇયેં ! કુની કે ગાલિયું કરેંજો કી'યે હક નાંય. ને અંઇ કોલેજ કોરા એસારો કરિંધા વો ત તેંજી પણ પરવા નાંય. એડી હવાઇ ગાલિયેં થકી હિકડી કોલેજનું રિઝાઇન કરી ચુકઇ અઇયાં. કોય પણ કોલેજમેં મું કે જગા મિલી વેંધી."

ગિરીશ મનમેં વિચાર કેં: 'હેડો સવાલ પુછણું ન હો !' પોય ગાલ કે ગાલકે વારેલાય ચેં: "ડી' કેડો ઉસઓ, કી'યે ખબર ન પઇ !"

"ને રાત પણ ઇન જ વારેજી વિતી વેંધી ને ઉગોજો છ વગે ટ્રેનસેં અંઇ હલ્યા પણ વેંધા. જાણે સોણો લધો ન વો !" ઈ ચઇ કરેને અલકા ઉદાસ થઇ વઇ.

અલકાજી ગાલ સુણીને ગિરીશકે લગો ક 'હી વરી કેડી પીડા આય, હી વરી કેડો માસુમ ધધ' આય, જુકો ઝલી રખે આય !'

અલકા ઉભી થઇ વઇ: "હલો, આંકે હોટલ સુધી છડેલા આં ભેરી હલાંતી."

ટેકસી કુની કે ઝટ પુજાય ડિનેં. અલકા ટેકસીમેં જ વિઠી રઇ. ગિરીશ ટેકસીમ્યાનું બાહર આયો તડેં અલકા ચેં: "ઉગોજો છ વગે આંજી ટ્રેન આય. ટેસનતેં સવેરા પુજી વેજા. આઉ પણ ટેસન-તેં મિલેલા અચિંધિસેં."

"આંકે વરી તકલીફ ! આઉ પિનંઇ હલ્યો વેંધોસેં."

"ઈ સે કી' થિયે ? અંઇ અચેવારા હુઆ તેંજી જાણ ન કયો. અંઇ વિન્યેવારા અયો સે જાણાતી અંઇ અરુણાકે ખાસ મિલેલા હિતરે સુધી આયા ને અરુણાજી ગેરહાજરીમેં આઉ આંકે 'સી-ઓફ' કરેલા ન અચાં ત અરુણા મું કે ઠપકો ડિંધી...!" "ભલે, ગુડ નાઇટ." અલકા ચેં ને ટેકસી હલઇ પણ વઈ ને ગિરીશ ન્યારી જ રેઓ.

ગિરીશ ટેસનતે વેલો પુજી વ્યો. ઇન હિતે ઉતે મિણી કોરા નજર ધોડાય, પણ અલકા ડિસાણી ન તડેં સામાન ટ્રેનમાં રખે કરેને પ્લેટફોર્મતેં આંટાફેરા ડેણ લગો. પેપર હથમેં ગિનીને વાંચેજી કોશિશ જરૂર કેં, પણ ઇનજો મન તાં અલકાજે ઇન્તજાર મેં લગો પ્યો વો. પંજ સત મિલિટેંમેં ટ્રેન ઉપડેવારી હુઇ ને તેરંઇ પરેઆનૂં અલકા ઝટ ઝટ આવંઇતે. વટે આવઇ. ઝટ પુજેલા ધોડું કઢેં વે તેંસેં થાકેડો લગો વો. ભરાભર ગાલ પણ કરે સગંધી ન હુઇ. ઇનજે હથમે હિકડી થેલી હુઇ. ગિરીશકે થેલી ડિંધે ડિંધે ઇન ઇતરો ચેં: "ઇનમેં આંલાય ટિમણુ આય."

"મું આંકે ખુબ તકલીફ ડિની, ભલા !"

"ઇનમેં તકલીફ કેડી ? થેલીમેં કાંચજી 'ડિશ' આય. ધક્કો લગંધો ત તુટી પોંધી."

ગિરીશ અલકાજે હથમેંનું થેલી ગિની કરે બર્થ મથે, પોય અલકાજો હથ પિંઢજે હથમેં ગિની હુભસેં પસવારિંધે પસવારિંધે ચોણ લગો: "અલકા ! આંજા આભાર મન્યેલા મું વટે શબ્દ નંઇ,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાણ હિરઆ-ફિરઆસીં. અઠ ડો કલાકેંજો સરસ સાથ મિલ્યો. જિન્ધગીમેં પેલી વાર જિયેજી મજા આવઇ. હીં ટાણું, હી પ્રસંગ કાયમલા યાદ રઇ વેંધો...અને અંઇ..."

અલકાજા ચપ ધુભધા વા. ઇનજો મન હુભસેં ભરજી વ્યો. શબ્દ આંસુ બનીને ચપ વટે ઉભા વા. અલકાજી અખિયેંમેં વિદાયજા આંસુ વા ને બિલમેં સચી લાગણીજો તુફાન વો।

" 'સી-ઓફ' ટાણે આંજી અખિયેંમેં હી રુંગા વરી કેડા?" ગિરીશ ન્યારી જ રેઓ. અલકા પિંઢજો હથ ગિરીશજે હથમ્યાનું છોડાય છાલજે છેડસેં આંસુ લુછેજી કોશિશ કઇંધે કઇંધે ચેં : "પાંજેકે જડેં વિદાય ડિનેંજો ટાણું અચેતો તડેં મન ઝલ્યો ન તો ઝલાજે! ઇ મુંજે વસજી ગાલ નાય. પોંચજો કાગર લિખજા. અરુણાકે અંઇ કાગર લિખંધા તડેં મુંકે યાદ કરિજા!"

"અરુણાકે કાગર લિખંધો તેમેં આંજી પ્રશંસા જ હુંધી...!"

ટ્રેનજી સિટી વજઇ. ગિરીશ ટ્રેનજે દરવાજેજા સરિયા ઝલેને ઉભો વ્યો. ટ્રેન ઉપડઇ. બીંજી નજરું મિલઇયું. અલકાજો રુમાલ હવામેં છેક સુધી હલંધો રેઓ.

ગિરીશ 'સીટ'તેં અચીને વિઠો. ગુમસુમ બનીને બારીમ્યાનું બારા નેરિંધો વ્યો. ઇનજો ધ્યાન થેલી કોરા વ્યો. તડેં ઇનકે થ્યો 'જે હલને ન્યારિયાંત ખરો, અલકા દિમણમેં કુરો કુરો ડિને આય!' કાંચજી 'ડિશ'જે નીચે ઇનકે કાગર મિલ્યો. ખુશીસે કાગર વાંચેલા શરુઆત'કેં...

'...હી કાગર અંઇ વાચિંધા હુંધા તડેં ટ્રેન મું વટાનું ને ટેસનનું પરેઆ હલઇ વઇ હુંધી. મુંજે અપરાધજી સજા સ્વીકાર કરેલા આંઉ આં વટે નંઇ હુવા. આંઉ પિંઢ અરુણા હુંધેને અલકા બનીને અલકાજે રૂપમેં આં ભેરી ફિરઇસેં, પણ અંઇ જ ચો, મુંજો અસલ રૂપ ન્યારેને આંકે આઘાત લગો ન વો? અરુણાજે બારેમેં અંઇ કેડી કેડી કલ્પનાઉં કયો હુંતા સેં આંઉ સમજી સગાતી! મુંકે આં વટે અરુણાજે અસલ રૂપમેં અંતરજી પીડા વતાયણી ન હુઇ. જનમનું તિરસ્કાર મિલ્યો! કોય ન્યારે ત સુગ ચડે એડો રોગ લાગુ પ્યો વે, એડી છોકરીકે ન્યારેને અંઇ કેડો વિચાર કયેં હુંના સે ચઇ નતી સગાં. છ-અઠ મેણા થયા. આં સાથે કાગર-પતરજો સમંધ આંકે મું વટે ખેંચી અચિંધો સે મું સોણેં મેં પણ ધાર્યો ન વો. તેંસેં જ જડેં હોટેલજો 'વેઇટર' આયો તડેં સમાચાર સુણીને ન ચોવાજે એડી ગજબજી મુંજી પઇ હુઇસેં. કીંક વિચાર કરિયાં તેનું મોર અંઇ આયા ને આફોડી જ અલકા-જે રૂપમેં આં સાથે અચીને ઉભી રઇસેં. આંઉ જાણાતી ક હી મુંજો વંગ આય, અપરાધ આય ને અંઇ મુંજે હિન માસૂમ અપરાધજી જિંકી સજા ડિંધા સે કબૂલ કરિયાંતી! અસલ પરિચય ડિનેંજો ચાન્સ મોકો જ ન મિલ્યો.

'મનમેં હાણે ઈ થિયેતો જે નસિબ જ, ચો ક, સંજોગ. એડે વરાંકતે ખણી આયો ને પાંકે મિલાય!

'કેડા સંજોગ હુંધા સે ત નતી જાણાં, પણ હકીકતકે મનસેં સ્વીકારિયાંતી, અંઇ અરુણાકે મિલેલા આયા વા ને અલકાજે રૂપમેં ઇનકે મિલ્યા અયા।

'મુંજો અપરાધ મનસેં માફ કરિજા!

આંજી — અરુણા'

કાગર વાંચીને ગિરીશ આભો જ થઇ વ્યો.

ટ્રેન સ્પીડસેં ધોડંધી હુઇ ને ગિરીશજો મન અરુણાકે મિલેલા તલપાપડ થિણ લગો. અરુણાજી સચી લાગણી ઓરખી ન સકયો તેંજો ઇનકે અફસોસ થ્યો. પેલો જ ટેસન અચે ત ઉતરીને બઇ ટ્રેનસે અરુણાકે મિલેલા વિન્યેજો સંકલ્પ કેણ લગો.

ठे. ७३, आंजनेय सोसायटी, यवतमाल-४४५००१ (म.प्र.)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાચીન ભારતીય ગ્રંથોમાં આત્મહત્યાની સ્વીકૃતિ

ડૉ. રાજેંદ્રસિંહ રાયજાદા

હમણાં કેટલાક મનોવૈજ્ઞાનિકો ડૉકટરો વિચારકો સ્વેચ્છામૃત્યુની તરફેણ કરતા જોવા મળે છે. તીવ્ર પીડાથી રિબાતો રોગી દુઃખી આત્મહત્યા કરી શકે? એ કેટલું ઉચિત ગણાય? આ પ્રશ્ને આજે તો સર્વસામાન્ય સંમતિથી આત્મહત્યાની સ્વીકૃતિ નથી મળતી, પરંતુ આ વિચારને જે આધુનિક વિચાર તરીકે સામાન્ય માણસના મનમાં મૂક્યો છે ત્યારે એટલું કહેવાનું પ્રાપ્ત થાય છે કે ભારતવર્ષમાં પ્રાચીન કાલથી ધાર્મિક આત્મહત્યાને હિંદુગ્રંથોએ સ્વીકૃતિ આપીને એ અંગેના નિયમ બનાવ્યા હતા. આ વિચારો જાણવા રસપ્રદ બને તેવા છે, જે આ પ્રમાણે છે.

આત્મહત્યા કરવી એ પાપ છે એવું સામાન્ય રીતે ધર્મશાસ્ત્રીય વચન છે. આપસ્તંબ ધર્મસૂત્ર–(૧–૧૦–૨૮–૧૫ થી ૧૭)માં હારિતનું વચન ઉદ્ધૃત કરતાં જણાવ્યું છે કે મહાપાતક કરવા છતાં પણ પ્રાયશ્ચિત્તરૂપે આત્મહત્યા કરવી સારી નથી, પરંતુ મનુ મહાપાતકો માટે આત્મહત્યા કરવાનું પ્રાયશ્ચિત્ત સૂચવે છે (૧૧–૭૩,૯૦–૯૧ થી, ૧૦૩, ૧૦૪), જ્યારે સ્મૃતિઓ મહાભારત અને પુરાણો આત્મહત્યાને અપવાદરૂપ ગણે છે.

સ્પષ્ટતા ખાતર આ બધી આત્મહત્યાઓને કેટલાક વિભાગોમાં રાખી શકીએ: (૧) મહાપાતકો–(બ્રહ્મહત્યા, સુરાપાન, બ્રાહ્મણના સોનાની ચોરી, ગુરુપત્ની સાથે વ્યભિચાર)ના અપરાધમાં કેટલાય વિધિથી આત્મહત્યા કરવી, (૨) અસાધ્ય રોગોથી પીડિત તથા પોતાના આશ્રમધર્મોના પાલનમાં અસમર્થ થતાં વાનપ્રસ્થ–ગમન કે મહાપથયાત્રા (મનુ : ૬–૩૧, યાજ્ઞવલ્કય સ્મૃતિ ૩–૫૫), (૩) વૃદ્ધ વ્યક્તિએ જ્યારે એ શરીરશુદ્ધિના નિયમોનું પાલન ન કરી શકે કે અસાધ્ય રોગથી પીડાતો હોય ત્યારે પ્રપાતમાં પડીને, અગ્નિમાં બળીને, પાણીમાં ડૂબીને, ઉપવાસ કરીને કે પ્રયાગમાં વટવૃક્ષની ડાળીએથી પડીને આત્મહત્યા કરવી (અપરાર્ક, પૃ. ૮૭૭, આદિપુરાણ, અત્રિસ્મૃતિ ૨૧૮, ૨૧૯, મેધાતિથિ, મનુ. ૫–૮૮; મિતાક્ષરા, યાજ્ઞ. ૩–૬), (૪) ઉપર્યુક્ત ક્રમ ત્રણ પ્રમાણે ગૃહસ્થ પણ સ્વસ્થ રહેવા છતાં આત્મહત્યા કરી શકે છે, જો એના જીવનનું કાર્ય સમાપ્ત થઈ ચૂક્યું હોય, જો એને સંસારના સુખભોગની ઈચ્છા ન હોય અને જીવવાની ઈચ્છા ન હોય કે વેદાંતી હોય અને જીવનની ક્ષણભંગુરતાથી વાકેફ હોય તો હિમાલયમાં ઉપવાસ કરીને આત્મહત્યા કરી શકે છે, (૫) ધાર્મિક આત્મહત્યા ગંગા કે યમુનાના સંગમ પર કે ત્યાં વડની પાસે કે અન્ય તીર્થોમાં થઈ શકે છે, (૬) સહગમન કે અનુગમન દ્વારા પત્ની મરી શકે છે. સતીના વિષયમાં નારદીય પુરાણે (પૂર્વાર્ધ, ૭–૫૨, ૫૩) વ્યવસ્થા કરી છે કે એ સ્ત્રીએ પોતાના પતિની ચિતા પર ન બળી મરવું જોઈએ કે જેને નાનું બાળક યા બાળકો હોય કે ગર્ભવતી હોય કે જે હજુ જુવાન ન થઈ હોય કે એ વખતે રજસ્વલા હોય.

પુરાણોના એ કથનમાં લોકોનો અતૂટ વિશ્વાસ હતો કે પ્રયાગમાં મરી જવાથી મોક્ષ મળે છે. કાલિદાસ જેવા કવિએ પણ કહ્યું છે કે મોક્ષ અથવા કૈવલ્ય માટે વેદાંત સાંખ્ય અને ન્યાય પ્રમાણે પરબ્રહ્મની અનુભૂતિ જરૂરી છે, પરંતુ પવિત્ર સંગમ ઉપરનું મૃત્યુ તત્ત્વજ્ઞાન વગર પણ મોક્ષ આપી શકે છે. કર્ણદેવ, ચંદેલ ધંગદેવ અને ચૌલુક્ય સોમેશ્વરે પ્રયાગ કે તુંગભદ્રા પર આત્મહત્યા કરી હતી. મગધના રાજા કુમારગુપ્તે છાણાંના અગ્નિમાં પ્રવેશ કર્યો હતો. મત્સ્યપુરાણ(૧૦૭–૯, ૧૦, પદ્મપુરાણ, આદિ ૪૪–૨)માં કહ્યું છે કે જે વ્યક્તિ રોગી ન હોય, શરીર ક્ષીણ ન થયું હોય, પાંચે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇંદ્રિયોને વશમાં રાખવા છતાં છાણાંના અગ્નિમાં બળીને મરે છે તે શરીરમાં જેટલાં છિદ્રો છે તેટલાં વર્ષ સ્વર્ગમાં રહે છે. રાજતરંગિણી(૬–૧૦)માં એવા કર્મચારીઓનો ઉલ્લેખ છે કે જે ઉપવાસથી આત્મહત્યા કરનારાનું નિરીક્ષણ કરતા હતા. આઇને અકબરીમાં પાંચ પ્રકારની ધાર્મિક આત્મહત્યાનું વર્ણન છે. (લેડવિન દ્વારા પ્રકાશિત, ઈ.સ. ૧૮૦૦)

કેટલીક સ્મૃતિઓ, મહાભારત તથા પુરાણોએ કેટલીક પરિસ્થિતિમાં આત્મહત્યાને તિરસ્કૃત નથી માની. કૂર્મપુરાણના બે શ્લોક આમ છે: જે ગંગા યમુનાના સંગમ ઉપર પ્રાણ ત્યાગે છે. તેને, એ લક્ષ્ય, જે યોગી મનુષ્ય કે સંન્યાસીને પ્રાપ્ત થાય છે તેને પણ મળે છે. કૂર્મપુરાણ (૧–૩૨–૨૨)માં કહ્યું છે કે હજારો જન્મ પછી મોક્ષ મળે કે ન મળે, પરંતુ એક જ જન્મથી કાશીમાં મોક્ષ મળી શકે છે. પદ્મપુરાણ(સૃષ્ટિ, ૬૦–૬૫)માં કહ્યું છે: જાણે કે અજાણ્યે જે કોઈ ગંગામાં મરે છે તે મૃત્યુ પછી સ્વર્ગ અને મોક્ષ મેળવે છે. સ્કંદપુરાણ(કાશી, ૨૨–૭૬)માં જણાવ્યું છે કે આ પવિત્ર સ્થળમાં જે કોઈ પ્રકારે પ્રાણ ત્યાગે છે તેને આત્મહત્યાનું પાપ નથી લાગતું અને એ વાંછિત ફળ મેળવે છે. કૂર્મપુરાણમાં ચાર પ્રકારની આત્મહત્યાનો ઉલ્લેખ છે. હ્યુએનસંગે (ઈ. ૬૨૩–૬૪૫) આ ધાર્મિક આત્મહત્યાનો ઉલ્લેખ કર્યો છે. કલ્પતરુ(તીર્થ, ઈ. ૧૧૧૦–૧૧૨૦)માં મહાપથ–યાત્રાનું વર્ણન કર્યું છે (પૃ. ૨૫૮–૨૬૫). પછીથી આત્મહત્યા કરવાની ભાવના બીજાં તીર્થો સુધી ફેલાતી ગઈ. વનપર્વે (૮૩–૧૪૬, ૧૪૭) પૃથૂદક (પંજાબના કર્નાલ જિલ્લામાં મહોવા)માં આત્મહત્યાની વાત કરી છે. બ્રહ્મપુરાણે (૧૭૭–૨૫) પુરુષોત્તમક્ષેત્રમાં, લિંગપુરાણે (પૂર્વાર્ધ ૯૨–૧૬૮, ૧૬૯) શ્રીશૈલમાં, પદ્મપુરાણે (આદિ, ૧૬–૧૪, ૧૫) નર્મદા અને કાવેરીના સંગમ પર ઉપવાસથી કે અગ્નિથી મરવાની વાત કરી છે.

અલબેરૂનીએ પોતાના ગ્રંથ(ઈ. ૧૦૩૦)માં લખ્યું છે કે 'ધાર્મિક આત્મહત્યા ત્યારે કરવામાં આવે છે કે જ્યારે વ્યક્તિ જીવનથી થાકી ગઈ હોય, અપરિહાર્ય શરીરદોષથી પીડાતી હોય. ઈ.પૂ. ૪ થી સદીમાં તક્ષશિલામાંથી કલનૌસ નામનો માણસ સિકંદર સાથે ભારતવર્ષની બહાર ગયો હતો અને એ ૭૦ વર્ષની વયે શરીરરોગથી થાકી જઈ સૌસા નામના સ્થળે ચિતામાં બળી મર્યો હતો. (જુઓ 'ઇન્વેઝન ઑફ ઇન્ડિયા, બાઇ એલેક્ઝાન્ડર ધ ગ્રેટ': જે. ડબલ્યૂ. મેકક્રિન્ડલ, ઈ.સ. ૧૮૯૬, પૃ. ૪૬, ૩૦૧, ૩૮૬, ૩૯૨). એથેન્સનો ઑગસ્ટ સિઝર પાસે ઝર્મનો ઑગસ દૂત બનીને ગયો હતો તેણે ભરૂચના ભારતીયને અગ્નિમાં બળીને આત્મહત્યા કરતો જોયો હતો એવું સ્ટ્રેબોએ જણાવ્યું છે (એજન, પૃ. ૩૮૯). હ્યુએનસંગે પણ પ્રયાગમાં આત્મહત્યાની ચર્ચા કરી છે (ધ બુદ્ધિસ્ટ રેકોર્ડ્ઝ ઑફ ધ વેસ્ટર્ન વર્લ્ડ': બીલ, ભા. ૧, પૃ. ૨૩૨–૨૩૪). જૈનોએ 'સંલ્લેખના' નામની ધાર્મિક આત્મહત્યાને માન્યતા આપી છે (જુઓ ઇન્ડિયન ઍન્ટિક્વેરી, ભા. ૨, પૃ. ૧૩૨). વિનોબા ભાવેએ હમણાં જ અન્નજળનો ત્યાગ કરીને દેહત્યાગ કર્યો હતો.

આ રીતે જોતાં ભારતવર્ષમાં ધાર્મિક આત્મહત્યાનો ઇતિહાસ ઘણો જૂનો છે. આજે સ્વેચ્છા–મૃત્યુ વિશે વૈચારિક વિવાદ ચાલે છે ત્યારે ભારતવર્ષમાં આ વિચાર પ્રાચીન સમયથી અસ્તિત્વમાં હતો અને એના અમલ માટે નિયમો પણ હતા! પ્રાચીન ભારતીયો અને આધુનિક વિચારકોનું સ્વેચ્છામૃત્યુ વિશેનું દૃષ્ટિબિંદુ તપાસતાં ભારતીય સાંસ્કૃતિના ચિંતનનું જીવન પ્રત્યેનું વલણ સ્પષ્ટ થાય છે.

ઠે. મુ. સેંદરડા, વાયા કેવદરા–૩૬૨૨૨૭



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'મહાભારત'-નિર્દિષ્ટ આચાર

ડૉ. મગનભાઈ ર. પટેલ

મહાભારતકારે મહાભારત ગ્રંથનું સર્જન કરીને એક ભગીરથ કાર્ય કર્યું છે. મહાભારત ભારતીય સંસ્કૃતિનો અદ્વિતીય ગ્રંથ છે. ભારતીય વિદ્વાનોએ એમાંથી અનેક પ્રકારની માહિતીની સમીક્ષા કરીને સમાજને ઉપયોગી તથા સહાયભૂત બને તેવું વિશ્લેષણ કર્યું છે. આ મહાન-ગ્રંથમાં તત્કાલીન સમાજના આચાર-વિચારનું પ્રતિબિંબ સ્પષ્ટ રીતે જોવા મળે છે.

પ્રસ્તુત સંશોધન-લેખમાં મહાભારત-નિરૂપિત સમાજમાં આચાર-વિચાર કેવા પ્રકારના હતા એ બાબત રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. એ અરસામાં સમાજના આચારવિચાર ખૂબ જ પ્રેરક અને પ્રોત્સાહક હતા. મહાભારતમાં 'સદાચાર'નો પર્યાય 'શિષ્ટાચાર' ગણાતો. શિષ્ટ એ વ્યક્તિ છે, જે કામ ક્રોધ લોભ દંભ અને કુટિલતાને કાબૂમાં રાખીને, માત્ર ધર્મને અનુસરીને જ સંતોષ પામે. એ હંમેશાં નિયમિત જીવન જીવે, એ વેદોનો ધ્યાનથી અભ્યાસ કરે, ત્યાગી હોય તેમજ સત્યને સર્વોચ્ચ તત્ત્વ ગણે. એ પોતાની બુદ્ધિને સંયમમાં રાખે, આચાર્યો દ્વારા રજૂ થયેલા સિદ્ધાંતો મુજબ ચાલે તથા મર્યાદામાં રહીને ધર્મ અને અર્થ પર ધ્યાન કેંદ્રિત કરે. એ જાણે છે કે શુભ કે અશુભ કર્મોના ફળસંચયને પરિણામે કયાં પરિણામ આવે. શિષ્ટ પુરુષ બધાંને દાન આપે છે, નજીકના બધા લોકોમાં કંઈક વહેંચીને ખાય છે, ગરીબો પર દયા રાખે છે. એમનું જીવન તપોમય હોય છે અને એ બધાં પ્રાણીઓ પર અનુગ્રહ કરે છે.[૧] ક્ષમા અને દયા જ જિતાત્મા મનુષ્યનો સદાચાર છે.[૨]

મહાભારતમાં દર્શાવ્યું છે કે આ યુગમાં યજ્ઞ કરતાં વધારે અક્રોધ દયા વગેરેને સારા ગણવામાં આવ્યાં છે.[૩] શિષ્ટ પુરુષોનો આચાર એ જ શિષ્ટાચાર છે. શિષ્ટાચારની અંતર્ગત ધર્મનાં સર્વોચ્ચ તત્ત્વોનો સમાવેશ થાય છે. યજ્ઞ દાન તપ સ્વાધ્યાય અને સત્ય એને શિષ્ટાચારનાં મુખ્ય અંગ માનવામાં આવ્યાં છે.[૪] શિષ્ટાચારમાં ત્યાગનું સ્થાન ખૂબ ઊંચું છે. મહાભારતના વર્ણન મુજબ ધર્મનાં ત્રણ લક્ષણો છે: પરમ ધર્મ તે છે કે જે વેદોમાં પ્રસ્તુત છે, ધર્મશાસ્ત્રોમાં દર્શાવેલ ધર્મ અને શિષ્ટોનો આચાર. આ પ્રકારના શિષ્ટાચારથી એ યુગની પ્રતિષ્ઠામાં વધારો થયો હતો.[૫] શિષ્ટ પુરુષો પાસે જ્યારે કોઈ સંત જાય છે ત્યારે એઓ પોતાનાં સ્ત્રી અને કુટુમ્બીજનોને દુઃખ આપીને પણ ભાવપૂર્વક પોતાની શક્તિથી વધારે દાન આપે છે. એવા શિષ્ટ પુરુષો મહાભારતના વિવરણ અનુસાર અનંતકાલ સુધી ઉન્નત અને અગ્રેસર રહેતા હોય છે. એઓ સમગ્ર જગત માટે આધારભૂત ગણાય છે. શિષ્ટાચાર છે દોષદૃષ્ટિનો અભાવ, ક્ષમા શાંતિ સંતોષ, પ્રિય ભાષણ અને શાસ્ત્રોને અનુકૂળ કર્મ કરવું.[૬] વળી કહ્યું છે કે બીજાના યશ પોતાની વિદ્યા દ્વારા મટાડવા માટે પ્રયાસ કરે તો એનું પતન થાય છે.[૭]

શાંતિપર્વમાં[૮] જણાવ્યું છે કે સદાચાર માત્ર આધ્યાત્મિક અભ્યુદયની દૃષ્ટિથી જ ગ્રહણીય નથી, એમ છતાં શીલની સાથ ધર્મ, ધર્મની સાથે સત્ય, સત્યની સાથે સદાચાર, સદાચારની સાથે બળ અને બળની સાથે લક્ષ્મીનો નિવાસ હોય છે.

આ રીતે સદાચારથી બળ અને ઐશ્વર્યની પ્રાપ્તિને શિષ્ટ યોજના ગણવામાં આવે છે.

આદિપર્વમાં[૯] શિષ્ટાચારનું વ્યાવહારિક રૂપ અનેક સ્થળો પર જોવા મળે છે. શિષ્ટ પુરુષ પોતે જ પોતાની શક્તિનો પરિચય આપવાનું ઉચિત ગણતા નથી અને એઓ પોતાના ગુણોનું



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્ણન પણ અનુચિત ગણે છે. વનપર્વમાં[10] દર્શાવ્યું છે કે આત્મશ્લાઘાથી પુણ્ય ક્ષીણ થવાની ધારણા રહે છે. ઉદ્યોગપર્વમાં[11] વર્ણન છે કે કોઈ શ્રેષ્ઠ વ્યક્તિ આવે ત્યારે આસન છોડીને ઊભા થઈ જવું જોઈએ અને એની પૂજા કરી અભિવાદન કરવું જોઈએ. જો એ વ્યક્તિ સમાનપદવાળી હોય તો એના હાથને પોતાના હાથથી સ્પર્શ કરવો જોઈએ.

ભીષ્મપર્વમાં વર્ણન છે કે રાજા અથવા શ્રેષ્ઠ પુરુષોને હાથ જોડીને પ્રણામ કરવા જોઈએ. એમાં હાથની અંજલિમુદ્રા રચવામાં આવતી, જેને પ્રણામ કહેવાય: એમાં અંજલિ ગ્રહણ કરતા.[12] સભાપર્વમાં કહ્યું છે કે અતિરથને દૂર સુધી પહોંચાડવા જોઈએ.[13-1] અભિવાદન કરતાં પોતાનું નામ કહેવું.[13-2] કોઈ નવા સ્થાન પર રહેવા માટે જાય તો ત્યાં બ્રાહ્મણ વગેરે ચારે વર્ણના લોકોને મળવું જોઈએ.[14] જો કોઈ ઉપકાર કરે તો એનાથી વધારે ઉપકાર કરવાનું કર્તવ્ય છે એ ભૂલવું ન જોઈએ.[15] કોઈ શ્રેષ્ઠ પુરુષને મળવા જવા માટે પ્રયોજન બતાવતાં કહેવામાં આવે છે કે આપનું અભિવાદન કરવા માટે આવી ગયો છું.[16] ગમે ત્યાં જાઓ ત્યારે વૃદ્ધોનું અભિવાદન અને બાળકોને આલિંગન કરવું જોઈએ.[17] તીર્થયાત્રા વગેરે કોઈ મહાન કાર્ય કર્યા પહેલાં પોતાનાં સંબંધીઓની સંમતિ લેવી જોઈએ.[18]

વિરાટપર્વમાં[19] દર્શાવ્યા મુજબ સ્નેહીજનોનું માથું સૂંઘવાની પ્રણાલિ હતી. પુત્રવધૂ પ્રથમ વાર સાસરે આવે ત્યારે એનું માથું સૂંઘવામાં આવતું.[20] માર્ગમાં કોઈ પણ વ્યક્તિને ઓળંગીને ન જવું જોઈએ. ઓળંગવાથી દેહમાં વ્યાપક નિર્ગુણ પરમાત્માની અવમાનના થાય છે.[21] દ્રોણ-પર્વમાં[22] વર્ણન છે કે કોઈ મીઠી વસ્તુ ખાવી હોય તો એ પહેલાં પોતાનાથી નાનાંઓને આપવી, પછીથી પોતે ખાવી જોઈએ. મહાભારતમાં એક વાત સ્પષ્ટ કરેલી છે કે સારાં કામો કરવાં, પણ જો અભિમાન થાય તો એ સત્કાર્યો પણ સારાં ફળ આપતાં નથી.

મહાભારતમાં[23] શિષ્ટ બનવાની ઇચ્છા કરનારાઓને આદેશ આપ્યો છે કે ઉદ્યમી બનો અને દરરોજ ઊઠીને વૃદ્ધોને કર્તવ્ય પૂછો, એમના બતાવેલ માર્ગે જાઓ, એમનાં વચન સાંભળી એ મુજબ કાર્યનો આરંભ કરવાથી ઉત્તમ ફળ તુરત જ મળે છે. વળી વર્ણન છે કે દિવસ દરમ્યાન એવાં કામ કરો કે રાત્રે સુખેથી સૂઈ શકો, વર્ષમાં આઠ માસ એવાં કામ કરો કે વર્ષાઋતુના ચાર માસ સુખેથી વ્યતીત થાય, યુવાવસ્થામાં એવાં કામ કરો કે વૃદ્ધાવસ્થા આનંદથી વીતે અને જીવનભર એવાં કામ કરો કે નિધન પછીથી સુખ મળે.[24]

મનુષ્યનું આચરણ સૂર્યની જેમ હોવું જોઈએ. બધાનો ઉપકાર કરવો એ જ એક કર્તવ્ય છે. સ્વર્ગમાં એ વ્યક્તિની સર્વોચ્ચ પ્રતિષ્ઠા થાય છે, જે બધાંને સ્નેહદૃષ્ટિથી જુએ છે, બધા પ્રાણી-ઓનાં દુઃખોનું નિવારણ કરે છે અને બધાંની સાથે પ્રેમ-પૂર્વક વાતચીત કરીને એમના સુખમાં સુખી અને દુઃખમાં દુઃખી થાય છે.

શાંતિપર્વના[25] વિવરણ મુજબ સંસ્કારીઓ ઉપરાંત અસંસ્કારીઓમાં પણ સદાચારની પ્રતિષ્ઠા હતી. દસ્યુઓના નેતા કાયવ્યે પોતાના વર્ગનાં લોકોને સચ્ચારિત્ર્યનો પાઠ આ શબ્દોમાં આપ્યો હતો:

"સ્ત્રી, ભયભીત, તપસ્વી અને બાળકોને ન મારવાં. જે ચૂક ન કરતો હોય તેના પર હાથ ન ઉઠાવવો જોઈએ. સ્ત્રીને બળપૂર્વક ન પકડવી, સત્યનું રક્ષણ કરવું. મંગલકાર્યમાં મુશ્કેલી ઊભી ન કરવી. આપણું પ્રાપ્ત ધન ન આપનારની સામે એની વિરુદ્ધ વર્તન ન કરવું. દંડ દુષ્ટોનું દમન કરવા માટે છે, શિષ્ટ વ્યક્તિઓને પીડા આપવા માટે નહિ, એ કદાપિ ભૂલવું ન જોઈએ."



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**ગીતામાં આચાર-શિક્ષણ :** ભગવદ્ગીતા પણ મહાભારતનો એક અગત્યનો ભાગ છે. એમાં ધર્મ અને દર્શનની સાથોસાથ સમાજશાસ્ત્ર અને નીતિશાસ્ત્રની પાયાની ભૂમિકા ચર્ચાયેલી છે. ગીતામાં કૃષ્ણના ચરિતમાં આદર્શ આચારની રૂપરેખા રજૂ થયેલી છે. કૃષ્ણ કહે છે કે 'સાધુઓનું રક્ષણ કરવા, પાપીઓનો વિનાશ કરવા અને ધર્મની સ્થાપના કરવા માટે પ્રત્યેક યુગમાં હું જન્મ લઉં છું. આ વિચારસરણી સચ્ચારિત્ર્યનું સંવર્ધન કરવા માટે ઉચિત વાતાવરણનું નિર્માણ કરતી હોય છે.'[26] વળી કૃષ્ણ કહે છે કે 'પોતાનાં ઇંદ્રિય મન તથા બુદ્ધિ પર અધિકાર રાખનાર ક્રોધથી પર રહીને પરમ કલ્યાણ પ્રાપ્ત કરી શકે છે.'[27] એવો મનુષ્ય જે કંઈ કર્મ કરે છે તે નિષ્કામ કર્મ છે. નિષ્કામ કર્મનું એક લક્ષણ છે કે લોકહિત માટે હોવું જોઈએ. એ એક પ્રકારનો યજ્ઞ છે.[28] એ તે જ કરી શકે છે, જે કોઈનો દ્વેષ તેમજ મૈત્રી વગેરે કરતો નથી.[29] ગીતામાં નિષ્કામ વ્યક્તિના દૃષ્ટિકોણ બાબતમાં કહ્યું છે કે એ વિદ્યા અને વિનયથી સંપન્ન એવો બ્રાહ્મણ ગાય હાથી કૂતરા અને ચાંડાલની સાથેના સંબંધમાં સમદર્શી રહે છે. એને માટે શત્રુ-મિત્ર સાધુ-પાપી વગેરેની બાબતમાં સમાન દૃષ્ટિ સર્વશ્રેષ્ઠ છે.[30-1] માનવીના વ્યક્તિત્વના સર્વશ્રેષ્ઠ વિકાસની યોજના જનહિતની દૃષ્ટિએ અગત્યની છે. શ્રીકૃષ્ણે બતાવેલ આચાર-પથને અપનાવનાર જો એક પણ વ્યક્તિ કોઈ સમાજમાં હોય તો એ સમાજમાં શાંતિનું સામ્રાજ્ય સ્થપાય. કૃષ્ણે એવા માણસની વ્યાખ્યા આ રીતે આપી છે : 'કોઈની સાથે દ્વેષ ન કરનાર, બધાંની સાથે મિત્રતા રાખનાર, કરુણાદૃષ્ટિવાળો, મમત્વ અને અહંકારથી રહિત, સુખ-દુઃખમાં સમાન, ક્ષમાવાન, સંતુષ્ટ, સદૈવ યોગી, સંયમી, દૃઢ નિશ્ચયવાળો અને મારામાં મન અને બુદ્ધિ અર્પિત કરનાર મારો ભક્ત મને પ્રિય છે'.[30-2]

કૃષ્ણે ગીતામાં દૈવી સંપત્તિ દ્વારા મોક્ષની પ્રાપ્તિનો સંભવ બતાવ્યો છે. અહિંસા સત્ય અક્રોધ ત્યાગ શાંતિ, કોઈની નિંદા ન કરવી, બધાં પ્રાણીઓ પ્રત્યે દયા, તૃષ્ણા ન હોવી, લજ્જા, દ્રોહ ન રાખવો, પોતાને ખૂબ મોટા ન માનવા, એ બધાં દૈવી સંપત્તિનાં લક્ષણ છે. એની વિરુદ્ધ દંભ દર્પ અભિમાન ક્રોધ પરુષતા અજ્ઞાન એ આસુરી સંપતિનાં લક્ષણ છે. આસુરી સંપત્તિ જુદી જુદી યોનિઓમાં પુનર્જન્મ માટે હોય છે. કામ ક્રોધ અને લોભ એ એક એક નરકદ્વાર છે, એ આપણો નાશ નોતરે છે, તેથી એ ત્રણેનો ત્યાગ કરવો જોઈએ.[30-3]

**આચારના કેટલાક અપવાદ :** સત્ય અને અસત્ય અંગે ઘણા ચિંતકોએ ચિંતન કર્યું છે. અસત્ય બોલવું એ કોઈ પણ પરિસ્થિતિમાં ઉચિત ગણી શકાય ? આ અંગે ઘણા શાસ્ત્રકારોનો મત એ રહ્યો છે કે વિશેષ પરિસ્થિતિઓમાં અસત્ય બોલવું ક્ષમ્ય ગણાય છે. કોઈ ભલા માણસના પ્રાણની રક્ષા કરવા માટે અસત્ય બોલવામાં પાપ નથી.[31] આપસ્તમ્બ અને ગૌતમનો મત એ છે કે પુરોહિતોના પ્રાણના રક્ષણ માટે, ગોરક્ષા માટે, વિવાહ અથવા પ્રેમ-સંબંધમાં, મશ્કરીમાં, સંકટ સમયે તથા ક્રોધ આવે ત્યારે જૂઠું બોલવું એ કોઈ અપરાધ અથવા પાપ નથી.

મહાભારતના આદિપર્વમાં પરિહાસની વાતથી, સ્ત્રી-સંબંધમાં, વિવાહ સમયે, પ્રાણના સંકટ સમયે અને સર્વસ્વ નષ્ટ હોવાની શંકા પર જૂઠું બોલી જવાય તોપણ પાપ નથી એમ કહ્યું છે.[32]

મહાભારતમાં ઉપર્યુક્ત પરિસ્થિતિમાં પણ અસત્યને સર્વથા યોગ્ય માનતા નથી. અસત્ય માટે પ્રાયશ્ચિત્તનું વિધાન બન્યું છે. જો અસત્ય બોલીને કોઈ ઋષિનું રક્ષણ કરી શકાય તોપણ શું ? સત્યની હત્યા તો થઈ જ. એવી પરિસ્થિતિમાં કેટલાક શાસ્ત્રકારોએ નિર્ણય કર્યો છે કે કોઈ પણ પરિસ્થિતિમાં અસત્ય ન બોલવું, તો જ સત્યની હત્યા થશે નહિ.[33]

અનુશાસનપર્વમાં[34] સ્પષ્ટ કહ્યું છે કે જો વ્યક્તિ પોતાને માટે અથવા બીજાઓ માટે મશ્કરીમાં પણ કોઈ વાર અસત્ય ન બોલે તો સ્વર્ગમાં જાય છે, એમ છતાં લોકહિત માટે અથવા કોઈ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિર્દોષ વ્યક્તિના રક્ષણ અર્થે અસત્ય બોલવું કદાપિ નિંદાપાત્ર નહિ ગણાય. અત્યાચારીઓ અથવા દુષ્ટોની સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ એ બાબતમાં લગભગ બધા શાસ્ત્રકારોનો મત છે કે જો અત્યાચારી અથવા દુષ્ટ પુરુષને સમજાવટથી અથવા ડહાપણપૂર્વક વ્યવહાર કરવાથી સાચા માર્ગ પર આવી જાય, તો બધાંથી એ સારું છે.

મહાભારતમાં વર્ણન થયેલું છે કે ક્રોધને અક્રોધથી, અસાધુને સાધુતાથી જીતવા જોઈએ.[૩૫] વળી મહાભારતકારે ભારપૂર્વક કહ્યું છે કે વેરનો અંત વેરથી આવતો નથી. દુષ્ટોની સાથે દુષ્ટ ન બનવું જોઈએ. કોઈની સાથે કઠોર વચન ન બોલવાં. કર્મ દ્વારા શત્રુને વશ ન કરવો. જે વાતથી બીજાને ઉદ્વેગ થાય તેવી વાત કદાપિ ન કરવી જોઈએ.[૩૬]

ઉપર્યુક્ત બાબતો પરથી સ્પષ્ટ થાય છે કે મહાભારતકાલીન સમાજમાં આચારને લગતી વિચારસરણી માનવ-સમાજ માટે ખૂબ જ ઉપયોગી અને પ્રેરણાદાયી હતી. એને આત્મસાત્ કરવાથી માનવજાતને સુખ શાંતિ અને સમૃદ્ધિ મળે છે.

ઠે. સી-૪, યુનિ.સ્ટાફ ક્વાર્ટર્સ, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

## પાદનોંધ

૧. મહાભારત : વનપર્વ ; અધ્યાય : ૧૯૮-૫૭-૬૪
૨. એજન : અધ્યાય : ૨૯-૫૨
૩. મહાભારત : આદિપર્વ ; અધ્યાય ; ૭૪-૬; એજન, અધ્યાય ; ૯૪-૧૬ મુજબ રાજા શાન્તનુ પશુ-પક્ષીઓના પણ પિતા હતા.
૪. (૧) મહાભારત : વનપર્વ : અધ્યાય : ૧૦૮-૫૭
(૨) મહા૦ ઉદ્યોગપર્વ : અધ્યાય : ૩૫-૫૫
૫-૬. મહા૦ વનપર્વ : અધ્યાય : ૧૯૮
૭. મહા૦ આદિપર્વ : અધ્યાય : ૨૫-૨૩
૮. મહા૦ શાંતિપર્વ : અધ્યાય : ૧૨૩
૯. મહા૦ આદિપર્વ : અધ્યાય : ૩૦-૨
૧૦. મહા૦ વનપર્વ : અધ્યાય : ૧૧૯-૭
૧૧. મહા૦ ઉદ્યોગપર્વ : અધ્યાય : ૧૫૪
૧૨. મહા૦ ભીષ્મપર્વ : અધ્યાય : ૯૩-૨૭, ૨૮
૧૩. (૧) મહા૦ સભાપર્વ : અધ્યાય : ૪૨-૪૦
૧૩. (૨) મહા૦ વનપર્વ : અધ્યાય : ૧૫૬-૧
૧૪. મહા૦ આદિપર્વ : અધ્યાય : ૧૩૪-૬
૧૫. એજન : અધ્યાય : ૧૪૫-૧૪
૧૬. એજન : અધ્યાય : ૭૧-૨૨, ૨૩
૧૭. મહા૦ વનપર્વ : અધ્યાય : ૧૨૦-૩૦
૧૮. મહા૦ ઉદ્યોગપર્વ : અધ્યાય : ૧૫૪-૩૪
૧૯. મહા૦ વિરાટપર્વ : અધ્યાય : ૬૧-૨૩
૨૦. મહા૦ આદિપર્વ : અધ્યાય : ૨૩૧-૧૮



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૧. મહા૦ વનપર્વ : અધ્યાય : ૧૪૭-૮
૨૨. મહા૦ દ્રોણપર્વ : અધ્યાય : ૫૧-૩૧, ૩૩
૨૩. મહા૦ સૌપ્તિકપર્વ : અધ્યાય : ૨-૨૨
૨૪. મહા૦ ઉદ્યોગપર્વ : અધ્યાય : ૩૫-૫૭, ૫૮
૨૫. મહા૦ શાંતિપર્વ : અધ્યાય : ૧૩૩
૨૬. ગીતા ૪-૮
૨૭. એજન : ૪-૧૦, ૫-૨૮
૧૮. એજન : ૪, ૨૩
૨૯. એજન : ૫, ૩
૩૦. (૧) એજન : ૫-૩, ૬-૯
૩૦. (૨) એજન : ૧૨-૧૩, ૧૪
૩૦. (૩) મહા૦ શાંતિપર્વ : અધ્યાય : ૧૮૩
૩૧. મનુ અને આપસ્તમ્બનો મત
૩૨. મહા૦ આદિપર્વ : અધ્યાય : ૭૭-૧૬
૩૩. યુરોપમાં સોક્રેટીશ બ્રૂનોએ સત્યની પ્રતિષ્ઠા સિદ્ધ કરી છે. ભારતમાં સત્યવાદી હરિશ્ચંદ્રનું નામ પ્રસિદ્ધ છે.
૩૪. મહા૦ અનુશાસનપર્વ : અધ્યાય : ૧૪૪-૧૯
૩૫. મહા૦ ઉદ્યોગપર્વ : અધ્યા. ૩૯-૭૧
૩૬. મહા૦ સભાપર્વ : અધ્યાય ૬૬-૬

## સંદર્ભ ગ્રંથસૂચી


૧. મહાભારત પ્રથમ ખંડથી ષષ્ઠ ખંડ સુધી : અનુ૦ પંડિત રામનારાયણ દત્ત શાસ્ત્રી પાણ્ડેય, 'રામ' પ્ર. મોતીલાલ જાલાન, ગીતાપ્રેસ, ગોરખપુર તૃતીય સંસ્કરણ, સંવત, ૨૦૨૬
૨. મહાભારત ભાંડારકર ઓરિયન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, પૂના, ૧૯૩૩-૧૯૩૫
૩. શ્રીમદ્ભગવદ્ગીતા ગીતાપ્રેસ, ગોરખપુર, ચૌદહવાં સંસ્કરણ સંવત ૨૦૩૯



શારીરિક અશક્તિ અગર નબળાઈ માટે આયુર્વેદીય

'અભ્રક ભસ્મ' (સહસ્રપુટી)

અસલ શાસ્ત્રીય પદ્ધતિએ બનાવેલ સહસ્રપુટી અભ્રક ભસ્મ

મેળવવા લખો અગર મળો :

બેડી રોડ, પો. બો. નં. ૯૯,

**શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી**

અકસીર ઔષધ

જામનગર (૩૬૧ ૦૦૧)




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પલ્લવ રાજ્યની સિદ્ધિઓ

ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી

દક્ષિણ ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસમાં પલ્લવ વંશનું રાજ્ય મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ પલ્લવો ઈરાનના પહ્લવોથી ભિન્ન છે. પલ્લવ કુલના રાજાઓ દક્ષિણાપથના પૂર્વ ભાગમાં કૃષ્ણા અને કાવેરી નદીની વચ્ચે આવેલા પ્રદેશમાં શાસન કરતા હતા. એ પ્રદેશ 'તોણ્ડમણ્ડલ' તરીકે ઓળખાતો. એમાંના 'તોણ્ડ'નો પ્રાકૃત–સંસ્કૃત પર્યાય 'પલ્લવ' પ્રયોજાયો. તોણ્ડમણ્ડલનું પાટનગર કાંચીપુર (કાંજીવરમ્) હતું. પલ્લવો ભારદ્વાજ ગોત્રના હતા. પલ્લવ વંશના આરંભિક રાજાઓના અભિલેખ પ્રાકૃતમાં અને પછીના રાજાઓના સંસ્કૃતમાં લખાયા છે. રાજા શિવસ્કંદ વર્માએ અશ્વમેધાદિ અનેક યજ્ઞ કર્યા હતા. ગુપ્ત સમ્રાટ સમુદ્રગુપ્તના સમયમાં કાંચીપુરમાં વિષ્ણુગોપ નામે રાજા રાજ્ય કરતો હતો. ગુપ્ત–કાલ દરમ્યાન કાંચીમાં બૌદ્ધ ધર્મનો અભ્યુદય થયો હતો.

રાજા સિંહવિષ્ણુ(છઠ્ઠી સદી)ના સમયમાં પલ્લવ રાજ્યનો અભ્યુદય થયો. આ રાજવીએ કવિ ભારવિને પ્રોત્સાહન આપ્યું ને મહાબલિપુરમ્‌ની કલાકૃતિઓનાં પગરણ કર્યાં. એનો પુત્ર મહેંદ્રવર્મા ૧ લો ચક્રવર્તી હર્ષનો સમકાલીન હતો. એના સમયમાં બાદામીના ચાલુક્ય રાજા પુલકેશી ૨ જાએ પલ્લવ રાજ્યનો ઉત્તર પ્રદેશ જીતી લીધો. મહેંદ્રવર્માએ જૈન ધર્મ તજી શૈવ ધર્મનો અંગીકાર કર્યો. એ અનેક અપરનામ ધરાવતો. એમાંનું એક નામ હતું 'મત્તવિલાસ'. એ સાહિત્યકાર પણ હતો. એણે એ સમયે બૌદ્ધ ધર્મમાં તેમજ કાપાલિક સંપ્રદાયમાં જે શિથિલાચાર પ્રવર્તતા હતા તે વિશે રમૂજી કટાક્ષ કર્યા છે. એને સંગીતમાં તથા ચિત્રકલામાં પણ ઘણો રસ હતો. એણે અનેક દેવાલય કરાવ્યાં. મહાબલિપુરમ્‌માં એની તથા એના પિતાની પ્રતિમા કંડારેલી છે.

મહેંદ્રવર્માના પુત્ર નરસિંહવર્માએ ચાલુક્ય ચક્રવર્તી પુલકેશીને પરાજિત કરી, વાતાપિ (બાદામી) કબજે કરીને 'વાતાપિ–કોણ્ડ'(વાતાપિ–વિજેતા)નું બિરુદ પ્રાપ્ત કર્યું. વળી, એણે શ્રીલંકાના રાજપુત્ર માનવર્માને પોતાની રાજસત્તા પ્રાપ્ત કરવામાં લશ્કરી મદદ કરેલી. આ પ્રતાપી પલ્લવ નરેશ 'મહામલ્લ' તરીકે ખ્યાતિ પામ્યો. એણે સમુદ્રતટ ઉપર મહામલ્લપુરમ્ નામે નગર વિકસાવ્યું. એના સમયમાં ચીની યાત્રિક યુઆન શ્વાંગે કાંચીપુરની મુલાકાત લીધી હતી.

એના પૌત્ર પરમેશ્વરવર્માએ ચાલુક્ય રાજા વિક્રમાદિત્ય ૧ લાના આક્રમણનો સફળ સામનો કર્યો. એનો પુત્ર નરસિંહવર્મા ૨ જો 'રાજસિંહ' તરીકે વિખ્યાત છે. એણે ઈ. સ. ૭૨૦ માં ચીનના શાહેનશાહ પાસે એલચી–મંડળ મોકલ્યું હતું. રાજા નંદિવર્મા 'પલ્લવ–મલ્લ' તરીકે પ્રસિદ્ધ છે. એ પરમ વૈષ્ણવ હતો. નવમી સદીના અંતમાં પલ્લવ સત્તાનો હ્રાસ થયો ને ચોલ રાજ્યના આધિપત્યનો અભ્યુદય થયો. એ પહેલાં રાજા નંદિવર્મા ૩ જાએ તમિળ કવિઓને પ્રોત્સાહન આપેલું ને નૃપતુંગવર્માના સમયમાં ઘટિકા (પાઠશાલા) મોટા વિદ્યાલયમાં વિકસી હતી, જેમાં ચૌદેય વિદ્યાઓ શીખવાતી.

સ્થાપત્યમાં પલ્લવ રાજાઓએ દેવાલયના દ્રાવિડ સ્વરૂપનો વિકાસ સાધ્યો. રાજા મહેંદ્રવર્મા ૧ લાએ શૈલ–ઉત્કીર્ણ (ડુંગરમાં કંડારેલ) દેવાલયના નિર્માણની પહેલ કરી. એને 'મંડપ' કહેતા. એમાં વચ્ચે સ્તંભવાળો લંબચોરસ મંડપ હોય છે ને એની એકાદ દીવાલ પાસે ગર્ભગૃહ હોય છે. અગ્રભાગમાં સ્તંભાવલી હોય છે. સ્તંભ વચ્ચે અષ્ટકોણ અને ઉપલા તથા નીચલા ભાગમાં ચોરસ હોય છે. પ્રવેશદ્વારની બંને બાજુ દ્વારપાલની મોટી આકૃતિ કંડારી હોય છે. સમય જતાં સ્તંભને પાતળા અને અષ્ટકોણ કરમામાં આવ્યા ને એના નીચલા ભાગમાં તથા એની શિરાવટીમાં સિંહની આકૃતિ ઉમેરવામાં આવી. આ શિલ્પશૈલી પલ્લવ શિલ્પકલાનું વિશિષ્ટ લક્ષણ છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજા નરસિંહવર્મા–મહામલ્લના સમયમાં મહામલ્લપુરમ્‌માં અનેક કલાત્મક મંદિરોનું નિર્માણ થયું. આ મંદિર શૈલ-ઉત્કીર્ણ છે ને એ બે પ્રકારનાં છે. ડુંગરની અંદર ગુફાની જેમ કંડારેલા મંદિરને 'મંડપ' કહેતા, જ્યારે ડુંગરને ચારે બાજુએ તથા ઉપરથી પણ કોરી કાઢીને ચણતરી દેવાલય જેવા કંડારેલા મંદિરને 'રથ' કહેતા. મામલ્લપુરમ્ (મહાબલિપુરમ)ના સ્તંભ વધુ દર્શનીય અને કલાત્મક બન્યા. આ મંડપોમાં વરાહાવતાર, શેષશાયી વિષ્ણુ, મહિષાસુરમર્દિની દુર્ગા, ગોવર્ધનધારી કૃષ્ણ, ગજ-લક્ષ્મી, ત્રિવિક્રમ, શિવ ઇત્યાદિ દેવ-દેવીઓની પ્રતિમાઓ જોવા લાયક છે.

મામલ્લપુરમ્‌ના રથોમાં 'ધર્મરાજ-રથ' નામે ઓળખાતું દેવાલય સહુથી મોટું છે. ડુંગરની દક્ષિણે કંડારેલા પાંચેય રથોને પછીના સમયમાં પાંડવોનાં નામ આપવામાં આવ્યાં છે. ધર્મરાજ-રથનો નીચલો ભાગ સમચોરસ ઘાટનો છે, જ્યારે ઉપલો ભાગ નીચા પિરામિડ ઘાટનો છે. એની ચારે બાજુએ સ્તંભવાળા વરંડા છે ને દરેક ખૂણામાં બબ્બે ગોખલાઓમાં એકેક ઊભી પ્રતિમા કંડારી છે. ચોરસ મંડપના વચલા ભાગમાં ચોરસ ગર્ભગૃહ છે. એને ફરતો પ્રદક્ષિણા-પથ છે. આ દેવાલય શિવનું છે. એમાં રાજા નરસિંહવર્મા-મહામલ્લની પ્રતિમા નજરે પડે છે. "

ધર્મરાજ-રથની ઉત્તરે ભીમરથ આવેલો છે, પણ એનું સ્વરૂપ ભિન્ન છે. એનો નીચલો ભાગ લંબચોરસ છે ને ઉપલો ભાગ અર્ધ-નળાકાર છે. ધર્મરાજ-રથનો આકાર બૌદ્ધ વિહાર જેવો છે, જ્યારે ભીમરથનો આકાર ચૈત્યગૃહને મળતો આવે છે. ડુંગર ઉત્તર તરફ ઢાળવાળો હોઈ ધર્મરાજ-રથની ઉત્તરે આવેલ રથોની ઊંચાઈ ક્રમશઃ ઘટતી જાય છે.

ભીમરથની ઉત્તરે આવેલ અર્જુનરથનો આકાર ધર્મરાજ-રથના જેવો છે. એના ગર્ભગૃહમાં શિવનું મસ્તક સ્થાપેલું છે. રથની પછવાડે શિવના વાહન નંદિની મોટી પ્રતિમા કંડારી છે. અર્જુન-રથની ઉત્તરે દ્રૌપદીરથ છે. એ સહુથી નાનો અને સાદો છે. એ આકારમાં પર્ણકુટીની ટોચવાળી ચોરસ કુટિર જેવો દેખાય છે. ગર્ભગૃહની અંદર દુર્ગાદેવીની પ્રતિમા નજરે પડે છે. આ રથની આગળ દુર્ગાના વાહન સિંહની આકૃતિ કંડારી છે. નકુલ-સહદેવના રથોનો ઘાટ ભીમરથના ઘાટ જેવો છે. ગોળ પછીતને લીધે એ ચૈત્યગૃહ જેવો દેખાય છે. ઉત્તરના ડુંગરમાં કંડારેલ ગણેશ-રથનો ઘાટ પણ ભીમરથના જેવો છે. એનું શિખર ત્રણ મજલાનું છે.

મામલ્લપુરમ્‌ના મંડપોનો ઘાટ મહેંદ્રવર્માના સમયના મંડપોના ઘાટ જેવો છે. એના સ્તંભ સિંહના મસ્તક પર ટેકવેલા હોય તેવા દેખાય છે. ગુફા નં. ૧ વરાહની અને નં. ૨ મહિષાસુરમર્દિનીની છે. ગુફા નં. ૩ ને ધર્મરાજ-મંડપ કહે છે ને નં. ૪ ને કૃષ્ણ-મંડપ. ગુફા નં. ૫ પંચપાંડવ-મંડપ તરીકે ઓળખાય છે. એ મોટી હોઈ એમાં ચારને બદલે છ સિંહ-સ્તંભ કરેલા છે. રામાનુજ-મંડપ એ શિવનું અને કોટિકાલ-મંડપ એ દુર્ગાનું દેવાલય છે. ત્રિમૂર્તિ-ગુફામાં મંડપની ત્રણ બાજુએ આવેલ એકેક ગર્ભગૃહમાં બ્રહ્મા વિષ્ણુ અને શિવની પ્રતિમા નજરે પડે છે. પાંચ ગર્ભગૃહ ધરાવતા મંડપનાં ગર્ભગૃહોમાં શિવલિંગ હતાં. રાજા મહામલ્લના મૃત્યુ બાદ મામલ્લપુરમ્‌ના રથો અને મંડપોને પૂર્ણ સ્વરૂપ આપવાનું હમેશ માટે બાકી રહી ગયું, કેમકે એ પછી ત્યાં શૈલ-ઉત્કીર્ણ સ્થાપત્યના સ્થાને ચણતરી સ્થાપત્ય પ્રચલિત થયું. આ પ્રકારનાં દેવાલયોના સુંદર નમૂના નરસિંહવર્મા ૨ જા-રાજસિંહના સમયમાં જોવા મળે છે. એવાં ત્રણ મહત્ત્વનાં છે. આ બધાં મંદિર પથ્થરનાં ચણેલાં છે.

પહેલું મંદિર મામલ્લપુરમ્‌માં સમુદ્રતટ પર આવેલું છે. મંદિર પૂર્વાભિમુખ છે ને એની પૂર્વ બાજુએ સીધો સમુદ્ર આવેલો છે, આથી મંડપને ગર્ભગૃહની પાછળ ગોઠવવો પડયો છે. ગર્ભગૃહમાં શિવલિંગ સ્થાપેલું છે. ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણા-પથ છે ને એની આગળ નાનું ગોપુરમ્ છે. ગોપુરમ્‌ની સામે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધ્વજ-સ્તંભ ખડો કરેલો છે. મંદિરને ફરતો પ્રાકાર છે. પાછળના ચોકમાં બે મંદિર ઉમેર્યાં છે એક શિવનું ને બીજું વિષ્ણુનું શિવાલયનું ગર્ભગૃહ ચોરસ છે ને એની ઉપર પિરામિડ ઘાટનું દ્રાવિડ શિખર છે.

પલ્લવ રાજ્યના પાટનગર કાંચીપુરમમાં કૈલાસનાથ મંદિર બંધાયું. એમાં દ્રાવિડ શિખરવાળું ચોરસ ગર્ભગૃહ, સપાટ છતવાળો છૂટો મંડપ અને દેવકુલિકાઓવાળો પ્રાકાર આવેલ છે. આગળ જતાં ગર્ભગૃહ અને મંડપની વચ્ચે અંતરાલ ઉમેરાયો છે. એક દાયકા પછી કાંચીપુરમમાં બંધાયેલું વૈકુંઠ પેરુમલનું મંદિર કૈલાસનાથ મંદિર કરતાં કંઈક મોટું અને વિશાળ છે. એનું ગર્ભગૃહ સમચોરસ છે ને એની ઉપર ચાર મજલાનું દ્રાવિડ શિખર છે, આગળનો મંડપ એના કરતાં નાનો છે. મંદિર પૂર્વાભિમુખ છે. પ્રાકારની અંદર સિંહસ્તંભાવલીવાળી ભમતી છે. પ્રાકારનો બહારનો શુશોભિત ભાગ શિખરની દર્શનીયતા સાથે સુમેળ સાધી દેવાલયની રમણીયતામાં અભિવૃદ્ધિ કરે છે.

પલ્લવ રાજ્યની શિલ્પકૃતિઓમાં શિલ્પકલા પરિપક્વતા પામે છે. મામલ્લપુરમનાં પ્રસંગશિલ્પોમાં શિલ્પકલાની ભવ્ય છાપ પડે છે. એમાં જીવનની સમતા તથા મૃદુતા મૂર્ત થાય છે ને એની ગતિની સંયમિતતા દ્વારા સમતુલા અને ગૌરવનો સાક્ષાત્કાર થાય છે. પલ્લવ રાજ્યના કોઈ મંદિરમાં ચિત્રકલાનો આવિર્ભાવ પણ દૃષ્ટિગોચર થાય છે. તાંજોર પાસેના શિટ્ટણ્ણવાશલમાં આવેલ શૈલઉત્કીર્ણ જિનાલયની છતો તેમ દીવાલો અને સ્તંભો ઉપર સુંદર ચિત્ર જળવાઈ રહ્યાં છે. કૈલાસનાથ મંદિરમાં તથા વૈકુંઠ પેરુમલ મંદિરમાં પણ ચિત્રો કંઈક અંશે નજરે પડે છે. આમ પલ્લવ રાજ્યમાં ધર્મ સાહિત્ય સ્થાપત્ય શિલ્પકલા અને ચિત્રકલાનાં ક્ષેત્રોમાં ગણનાપાત્ર સિદ્ધિ સધાઈ હતી.

ગુજરાત રાજ્યની ૨૮૮ નાગરિક સહકારી બેન્કમાં બેન્કોની મુખ્ય ઓફિસ
તેમજ ૧૯ શાખાઓ મારફત બેન્કિંગ સેવાઓ દ્વારા વર્ષો થયાં ગૌરવવંતું
**પ્રથમ સ્થાન** ધરાવતી આપની જ બેન્ક

થાપણો : રૂ. ૧ અબજ, ૪૩ કરોડ, ૭૨ લાખથી પણ વધુ
ધિરાણો : રૂ. ૧ અબજ, ૨ કરોડ થી પણ વધુ

**રાજકોટ નાગરિક સહકારી બેન્ક, લિ.**

**રાજકોટ**

રજિસ્ટર્ડ ઓફિસ : નાગરિક ભવન નં. ૧, ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧.
ફોન નં.: ૨૮૮૭૧, ૩૩૯૧૬-૧૭-૧૮ (પીબીએક્સ)

**લાલજીભાઈ રાજદેવ** — વાઈસ ચેરમેન
**લલિતભાઈ મહેતા** — માન. મેનેજિંગ ડિરેક્ટર
**વજુભાઈ વાળા** — ચેરમેન



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પં. જવાહરલાલ નહેરુ અને કાઠિયાવાડ યુવક પરિષદ

(૧૯૨૯)

પ્રો. ડૉ. એસ. વી. જાની,

વીસમી સદીના પ્રારંભે બ્રિટિશ હિંદ અને વિશેષ કરીને ગુજરાતમાં પણ રાષ્ટ્રીય ચળવળની અસર વ્યાપક બનવા લાગી હતી. મહાસભામાં ૧૯૦૩ ના અમદાવાદ અને ૧૯૦૭ ના સુરતનાં અધિવેશનો તથા ૧૯૦૫ ની બંગભંગ અને સ્વદેશી ચળવળની અસર દેશી રાજ્યોની પ્રજા ઉપર પણ થઈ હતી. સૌરાષ્ટ્રમાં ત્યારે કુલ ૨૨૨ રાજ્યો, લગભગ ૨૨,૦૦૦ ચો. મા.નો વિસ્તાર અને લગભગ ૨૨ લાખની વસ્તી હતી.[1] આ દેશી રાજ્યો પ્રતિક્રિયાવાદના ગઢ હતા તથા દમામ શોષણ અને ખટપટની ખાણ–સમાન હતા.[2] ભાવનગર રાજકોટ જેવાં રાજ્યોને બાદ કરતાં મોટા ભાગનાં રાજ્યોએ પ્રજાને શાસનમાં ભાગ લેવાનો અધિકાર આપ્યો ન હતો.[3] આ રાજ્યોને સાર્વભૌમ બ્રિટિશ સત્તાનું પીઠબળ હોવાથી પ્રજાનો અવાજ રૂંધાઈ ગયો હતો.[4] રાજવીઓ પ્રજા પાસેથી કરવેરાના રૂપમાં મેળવેલાં નાણાંનો ઉપયોગ જવાબદારીની કોઈ ભાવના વિના અવિચારી ખર્ચ પાછળ કરતા હતા,[5] તેથી બ્રિટિશ ભારતના રાષ્ટ્રીય નેતાઓનું ધ્યાન પણ એ તરફ ગયું હતું. ઉપરાંત બ્રિટિશ હિંદમાં વિકાસ પામી રહેલી રાષ્ટ્રીય ચળવળના પડઘા એને અડીને આવેલાં દેશી રાજ્યોમાં પણ પડયા હતા.[6] સૌરાષ્ટ્રનાં રાજ્યોમાં પ્રજા ક્રાંતિકારી કે રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લઈ શકતી ન હતી, પરંતુ એ રાષ્ટ્રીય વિચારસરણીવાળું સાહિત્ય ગુપ્ત રીતે મંગાવીને વાચતી હતી.

આમ બ્રિટિશ હિંદના પગલે પગલે સૌરાષ્ટ્રની પ્રજામાં પણ ધીમી ગતિએ જાગૃતિ આવી રહી હતી. કેટલાંક રાજ્યોએ સમય પારખીને પ્રજા–પરિષદ જેવી સંસ્થાઓની રચના કરી હતી. એ બાબતમાં અગ્રેસર ભાવનગર રાજ્ય હતું. એણે ૧૯૧૭ માં પ્રજાપ્રતિનિધિ સભાની જાહેરાત કરી હતી. એવી જ રીતે રાજકોટ રાજ્યે પણ પ્રજાને ચૂંટણીનો સર્વમાન્ય હક્ક આપી ૧૯૨૫ માં પ્રજાપ્રતિનિધિ સભા સ્થાપી હતી,[7] પરંતુ સૌરાષ્ટ્રના સમગ્ર જીવનને સ્પર્શતા પ્રશ્ન ઉકેલવા માટે રચાયેલી સંસ્થા તો 'કાઠિયાવાડ રાજકીય પરિષદ' હતી. એની રચના ૧૯૨૦ માં સર્વશ્રી મનસુખલાલ ર. મહેતા લીંબડીના અમૃતલાલ શેઠ. જેતપુરના દેવચંદભાઈ પારેખ, વઢવાણનાં ફૂલચંદભાઈ શાહ અને ગોંડલના ચંદુભાઈ પટેલના સહકારથી' થઇ હતી. ઉપરાંત રાજકોટના પ્રગતિશીલ રાજવી ઠા. સા. લાખાજીરાજે 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'નું પ્રથમ અધિવેશન ૧૯૨૧ માં રાજકોટમાં ભરવા દેવાની પરવાનગી આપતાં સંપૂર્ણ સૌરાષ્ટ્ર જાણે કે આળસ ત્યજીને બેઠું થયું. આ પરિષદની પ્રથમ બેઠકે જ સૌરાષ્ટ્રના બંધિયાર વાતાવરણમાં નવી હવા પેદા કરી.[8]

૧૯૨૧ થી ૧૯૩૦ નો દસ વર્ષોનો ગાળો એ સૌરાષ્ટ્રના નવયુવકોમાં રાષ્ટ્રીય જાગૃતિ લાવનાર મહત્ત્વનો તબક્કો ગણાય છે. આ ગાળા દરમ્યાન જ સૌરાષ્ટ્રના અનેક નવયુવકોએ બ્રિટિશ હિંદના અસહકાર ચળવળ, નાગપુર ઝંડા–સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ જેવા બનાવોમાં સક્રિય ભાગ લીધો તથા આ અરસામાં જ સૌરાષ્ટ્રમાં થયેલા સરધાર શિકાર–સત્યાગ્રહ, સૌરાષ્ટ્રના બારડોલી ગણાતા ખાખરેચી સત્યાગ્રહ તથા ૧૯૩૦ ના ધોલેરા અને વીરમગામના સત્યાગ્રહોમાં ભાગ લઈ ગાંધીજીએ ચીંધેલા અહિંસાના કપરા સાધનના ઉપયોગની તાવણીમાંથી પસાર થઈ ચૂકયા હતા. આવા અનેક ઉત્સાહી, ખમીરવંતા અડગ અને રાષ્ટ્રીય ભાવના તથા ચેતનાથી નીતરતા યુવકોમાંથી મુખ્ય હતા–સર્વશ્રી

---

*તા. ૯ થી ૧૧ માર્ચ ૧૯૯૦ના વલ્લભવિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગ તથા યુ. જી. સી.ના ઉપક્રમે યોજાયેલા રાષ્ટ્રીય સેમિનારમાં રજૂ કરેલ શોધનિબંધ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનસુખભાઈ મહેતા, અમૃતલાલ શેઠ, ફૂલચંદભાઈ શાહ, બળવંતરાય મહેતા, રામનારાયણ ના. પાઠક, મણિલાલ કોઠારી, ચમનભાઈ વૈષ્ણવ વગેરે.

એમાં પણ ૧૯૨૧ થી ૧૯૨૯ દરમ્યાન સૌરાષ્ટ્રમાં 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'નાં પાંચ અધિવેશન રાજકોટ (૧૯૨૧), વઢવાણ (૧૯૨૨), ભાવનગર (૧૯૨૫), પોરબંદર (૧૯૨૮) અને મોરબી-(૧૯૨૯)માં થયાં હતાં. એના રાજકોટમાં થયેલા પ્રથમ અધિવેશનમાં પ્રમુખપદે વિઠ્ઠલભાઈ પટેલ, ભાવનગરના ત્રીજા અધિવેશનમાં પ્રમુખપદે ગાંધીજી અને મોરબીના પાંચમા અધિવેશનમાં વલ્લભભાઈ પટેલ પ્રમુખપદે હતા. આવા રાષ્ટ્રિય નેતાઓ આ પ્રાદેશિક સંસ્થાના પ્રમુખપદે હોવાથી સૌરાષ્ટ્રના યુવકો ઉપર અનેક અનોખી જાદુઈ અસર થઈ હતી. એમાં વળી ૧૯૨૧ માં રાજકોટમાં 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'નું પ્રથમ અધિવેશન થયું ત્યારે એના સાથે જ આચાર્ય કૃપાલાણીના પ્રમુખપદે 'કાઠિયાવાડની વિદ્યાર્થી પરિષદ' પણ થઈ હતી. આચાર્ય કૃપાલાણીજીના સ્પષ્ટ તર્કબદ્ધ અને લોખંડની ધાર જેવા તીક્ષ્ણ ભાષણે વિદ્યાર્થીઓમાં નવી ચેતના જગાડી દીધી.[9] આમ આ પરિષદે સૌરાષ્ટ્રના યુવકોમાં જાગૃત લાવવામાં તથા રાષ્ટ્રીય પ્રવૃત્તિ પ્રત્યે એમને આકર્ષવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

પરંતુ ૧૯૨૯ નું વર્ષ સૌરાષ્ટ્રમાં જ નહિ, સમગ્ર હિંદમાં પણ રાષ્ટ્રિય ચળવળની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનું હતું. સૌરાષ્ટ્રમાં 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'નું પાંચમું અધિવેશન માર્ચ ૩૦, ૩૧ અને એપ્રિલ ૧, ૧૯૨૯ના દિવસોમાં મોરબીમાં સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખસ્થાને થવાનું હતું તેમાં ગાંધીજી પણ હાજર રહ્યા હતા. સૌરાષ્ટ્રના યુવકો પણ હવે કાંઈક કરી બતાવવા થનગની રહ્યા હતા. એમનાં જુવાન હૃદયોમાં ઊછળી રહેલી સ્વતંત્રતાની ભાવનાના ધોધને નિર્ભયપણે વ્યક્ત કરવા માટે એમણે સૌરાષ્ટ્રના 'યુવા પરિષદ' પણ 'કા. રા. પરિષદ'ના અધિવેશનની સાથે જ થાય એવું નક્કી કર્યું.[10]

૧૯૨૮ માં પોરબંદરમાં 'કા. રા. પરિષદ'નું ચોથું અધિવેશન થયું ત્યારે એમાં ગાંધીજીની ઈચ્છાથી જ એવો ઠરાવ કરાયો હતો કે જે તે રાજ્યના પૂર્વ-પરવાનગી લઈને જ ત્યાં ત્યાં પરિષદ ભરવી અને કોઈ પણ વ્યક્તિગત રાજ્ય વિશે નિંદા કે ટીકારૂપ ઠરાવ કરવો નહિ.[11] મોરબીના ઠાકોરસાહેબ મોરબીમાં 'કાઠિયાવાડ રાજકીય પરિષદ' થવા દેવા માટે તો સહમત હતા, પરંતુ 'યુવા-પરિષદ'નું ઉગ્રવાદી વલણ જોતાં એ ત્યાં થાય નહિ એમ ઇચ્છતા હતા. ગાંધીજીએ પોરબંદરમાં નક્કી કરાયેલી મર્યાદા સાથે 'યુવા-પરિષદ' થવા યુવા-નેતાઓને સમજાવવા પ્રયત્ન કર્યા, પરંતુ એમાં એમને નિષ્ફળતા મળી, કારણ કે અમૃતલાલ શેઠ, રામનારાયણ ના. પાઠક, કકલભાઈ કોઠારી વગેરે યુવા આગેવાનોએ મર્યાદાવાળી પરિષદ થવાનો ઇન્કાર કર્યો. ઉપરાંત નાગરિક સ્વાતંત્ર્યને રૂંધનારા રાજ્યમાં 'કાઠિયાવાડ રાજકીય પરિષદ' થાય તો એમાં પણ હાજર ન રહેવું એવો નિર્ણય કર્યો, પરંતુ આ 'યુવા-પરિષદ'ના વરાયેલા પ્રમુખ શ્રી મણિલાલ કોઠારી અને એમના સાથીદારો મોરબીની 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'માં તો હાજર રહ્યા હતા, પરંતુ મોટા ભાગના યુવકો મોરબી છોડીને ચાલ્યા ગયા હતા. મોરબી અધિવેશનમાં પ્રમુખપદેથી બોલતા શ્રી વલ્લભભાઈ પટેલે યુવકોના પરિષદ-બહિષ્કારના કૃત્ય અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. એમણે યુવકોના વાચાળતા અને માત્ર શાબ્દિક બહાદુરી બતાવવાની ટીકા કરી હતી, તો રાજાઓને પણ નિરંકુશ સત્તાનો મોહ ત્યજી પ્રજાનો પ્રેમ સંપાદિત કરવા સલાહ આપી હતી.[12]

આ સમયે રાષ્ટ્રિય કક્ષાએ થનગનતા યુવકોના હૃદયસમ્રાટ જવાહરલાલ નહેરુ અને સુભાષચંદ્ર બોઝ હતા. ૧૯૨૮ માં જવાહરલાલ નહેરુ તો 'ઑલ ઇંડિયા ટ્રેડ યુનિયન કૉન્ગ્રેસ (ઇન્ટુક)'ના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. એ વખતે જ એઓ મહાસભાના જનરલ સેક્રેટરી પણ હતા. એ જ વર્ષમાં એમણે પાંચ પ્રાંતીય પરિષદોનું પ્રમુખપદ સંભાળ્યું હતું તથા અનેક યુવા-પરિષદોને સંબોધી હતી.[13]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમનાં ભાષણોથી ખેડૂતો, શ્રમિકો, મધ્યમ વર્ગના યુવકો અને બૌદ્ધિકો ખૂબ જ પ્રભાવિત થઈને કાંઈક કરી બતાવવા માટે કટિબદ્ધ બન્યા હતા.

શ્રી નહેરુ ગાંધીજીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં અત્યંત શ્રદ્ધા ધરાવતા હતા છતાં બંનેમાં સ્વાતંત્ર્ય મેળવવાની પદ્ધતિ અંગે મતભેદ હતા. ગાંધીજીનું વલણ સાવધાનીપૂર્વકનું મર્યાદિત પ્રકારનું હતું તથા કોઈ કાર્યમાં ઝુકાવતાં પહેલાં એના ગુણ-દોષ તપાસી લેતા, જ્યારે નહેરુ કાર્ય કરવા અંગે અધીર ઉત્સાહી અને ઉત્સુક હતા. ગાંધીજી રાજકારણમાં વિચાર અને આચારમાં વ્યવહારુ હતા, જ્યારે નહેરુનું વલણ કેટલીક વાર ભાવાવેશમય બની જતું હતું. ૧૪

મોરબીમાં નિર્બંધ રીતે 'યુવક-પરિષદ' થઈ ન શકી એનું સૌરાષ્ટ્રના યુવક નેતાઓને દુઃખ હતું, પરંતુ મોરબી પરિષદના માત્ર પાંચ મહિના પછી ૩૧ ઑગસ્ટ અને ૧, ૨ સપ્ટેમ્બર, ૧૯૨૯ના દિવસોમાં આ 'યુવક પરિષદ' કરવાની રાજકોટના ઠાકોર સાહેબે પરવાનગી આપી તથા એને આવકારી તેથી યુવકોમાં આનંદ વ્યાપી ગયો. રાજકોટના ઠાકોર સાહેબ લાખાજીરાજે આ પરવાનગી આપી ન હોત તો બીજે ક્યાંય એ થાય કે કેમ એ અંગે શંકા પ્રવર્તતી હતી. રાજકોટે એ રીતે સૌરાષ્ટ્રમાં રાષ્ટ્રિય ચેતના લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સૌરાષ્ટ્રની પ્રથમ 'વિદ્યાર્થી પરિષદ' પણ રાજકોટમાં ૧૯૨૧માં આચાર્ય કૃપાલાણીના પ્રમુખપદે મળી હતી. હવે ૧૯૨૯માં આ યુવક પરિષદ હિંદના યુવકોના લાડીલા નેતા જવાહરલાલ નહેરુના પ્રમુખપદે થઈ હતી. શ્રી નહેરુ આ પરિષદના પ્રમુખ વરાયા હતા તેથી સૌરાષ્ટ્રના યુવકોનો ઉત્સાહ અનેકગણો વધી ગયો હતો અને મોરબીમાં પરિષદ ન કરી શકયા અનો નિરાશા તથા રોષ દૂર થયાં હતાં.

આ પરિષદ રાજકોટમાં નૂતન થિયેટરના મકાનમાં થઈ હતી. હિંદના યુવકોના નેતા જવાહરલાલ નહેરુને સાંભળવા સૌરાષ્ટ્રના અનેક રાજ્યોમાંથી યુવકોનાં અનગનતાં ટોળાં રાજકોટ આવી પહોંચ્યાં હતાં. સૌરાષ્ટ્રનાં ગામડાં અને શહેરોમાંથી ૨૦૦ જેટલાં ભાઈ - બહેનો આવ્યાં હતાં. જામનગર રાજ્યે આ પરિષદમાં જવાની મનાઈ કરી હોવા છતાં ત્યાંથી ચાળીસ યુવક-યુવતિઓ આવ્યાં હતાં. રાજકોટમાં તો યુવકોના થનગનાટ ઓર જ હતો. સ્થાનિક ૧૫૦૦ જેટલા ભાઇઓએ એમાં ભાગ લીધો હતો.[૧૫] આ પરિષદમાં ભાગ લેવા માટે સ્વાગત સમિતિ તરફથી જે પત્રિકા બહાર પડી હતી તેવું પણ મોટી સંખ્યાને આકર્ષવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. એમાં જણાવેલું કે "આ યુગ આદર્શની પૂજાનો છે, ભાવનાઓના આરાધનાનો છે. વ્યક્તિઓ ગમે તેટલી મહાન હોય તોપણ એ આદર્શો અને ભાવનાઓ પછીનું સ્થાન ધરાવે છે. એ મંત્ર રટતાં, રટતા, કાઠિયાવાડના જુવાનો, તમારું કર્તવ્ય બજાવવા રાજકોટ આવી પહોચજો."

આ પરિષદને સફળતા ઇચ્છતા સંદેશા મોકલનાર મહાનુભાવો હતા મહાત્મા ગાંધી, સરદાર પટેલ, મહમદઅલી ઝીણા, અંબાલાલ સારાભાઈ, પોપટલાલ ચૂડગર, બોમ્બે ક્રોનિકલના તંત્રી શ્રી બ્રેલ્વી વગેરે. ગાંધીજીએ પોતાના સંદેશામાં જણાવેલું કે "યુવકો, તમે સાંભળજો સહુનું, પરંતુ કરજો તમારું ધાર્યું. તમે ભાષણોથી ભોળવાતા નહિ, કાર્ય તપાસજો...... તમારું ભાષણ એ તમારું કાર્ય જ હોય."

સ્વાગતપ્રમુખનો ભાષણ પછી પરિષદના વરાયેલા પ્રમુખ જવાહરલાલ નહેરુએ પોતાનું સ્પષ્ટ અને નીડર વિચારવાળું જુસ્સાપ્રેરક ભાષણ આપ્યું હતું. પૃથ્વી ઉપરના રાજાઓના દાખલા ટાંકી એમણે જણાવેલું કે "જે હજુ થોડા રાજાઓ જીવી રહ્યા છે તેઓ પ્રજાની મહેરબાનીથી જીવી રહ્યા છે. જગતમાંથી રાજાઓનો વર્ગ દૂર થઈ રહ્યો છે. આ જગતમાં હવે રાજા નહિ રહે એમ કહેવા માટે જ્યોતિષીએ કહેવાની જરૂર નથી."



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હિંદની સ્વતંત્રતાની લડતમાં રાજાઓ શો ભાગ ભજવશે એ અંગે નિર્દેશ કરતાં એમણે કહ્યું હતું કે "હિંદની સ્વતંત્રતાની લડતમાં આખા વર્ગ તરીકે એઓ નહિ જોડાય, કોઈ એકલ-દોકલ વ્યક્તિગત રીતે જોડાય એ જુદી વાત છે, કારણ કે સ્વતંત્રતા આવે તો રાજાઓના આપખુદ હક્કોનો અંત આવે, જે એમને ન જ ગમે, પરંતુ એ હકીકત બની રહેશે કે ભવિષ્યમાં રાજાઓ નહિ રહે."

સ્વાતંત્ર્યની લડતમાં ભાગ લેવા અંગે એમણે કહેલું કે "તમે બ્રિટિશ હિંદમાં હો કે દેશી રાજ્યોમાં, પરંતુ લડાઈ તો એક જ છે. રાજાઓ અંગ્રેજોની તાકાતના પીઠબળ હેઠળ અત્યાચારો કરે છે. અંગ્રેજી ફોજના પીઠબળ વિના તો એમના હાથ-પગ ધ્રૂજવા લાગે, માટે સ્વતંત્રતાની આ લડતમાં તમે સંપૂર્ણ સાથ આપશો તો બધા પ્રશ્ન આપોઆપ ઊકલી જશે. નવા રચાનારા સમાજમાં રાજાશાહી જમીનદારશાહી કે સામ્રાજ્યવાદને સ્થાન નથી."

શ્રી નહેરુના વ્યક્તિત્વનો અસરકારક પ્રભાવ આ પરિષદ ઉપર પડ્યો હતો. આ પરિષદમાં અનેક ઠરાવ પસાર કરાયા હતા તેઓમાંથી મુખ્ય આ પ્રમાણે હતા:

૧. ગોંડળ અને જામનગરના રાજવીઓના અત્યાચારોને વખોડતો ઠરાવ (રજૂ-કર્તા કકલભાઈ કોઠારી તથા મણિલાલ કોઠારી).
૨. હિંદની આઝાદીની લડતમાં સૌરાષ્ટ્રના યુવકોને જુસ્સાભેર ભાગ લેવાની ભલામણ કરતો ઠરાવ.
૩. અસ્પૃશ્યતાનું કલંક દૂર કરવાનો ઠરાવ.
૪. શારીરિક તાકાત માટે વ્યાયામ-મંડળો રચવાનો ઠરાવ.
૫. ભગતસિંહ અને સાથીઓની વીરતાની કદર કરતો ઠરાવ.
૬. બ્રિટિશ એજન્સીની આપખુદીને પડકાર કરતો ઠરાવ.
૭. નાલાયક રાજાઓને પદભ્રષ્ટ કરવાનો તથા નાલાયક યુવરાજોને એમના ગાદી-હક્કમાંથી રદબાતલ કરવાનો ઠરાવ (રજૂ-કર્તા અમૃતલાલ શેઠ).
૮. સ્ત્રીઓની લગ્નવય ઓછામાં ઓછી ૧૬ ને બદલે ૧૮ રાખવાનો ઠરાવ.
(રજૂ-કર્તા મૃદુલાબહેન સારાભાઈ, ટેકો આપનાર સરલાબહેન).
૯. જામનગર જૂનાગઢ ગોંડળ ધ્રાંગધ્રા જેતપુર વગેરે રાજ્યોમાં પ્રવર્તતા સભાબંધીના કાયદા સામે આંદોલન કરવાનો ઠરાવ (રજૂ-કર્તા મણિશંકર ત્રિવેદી, ટેકો આપનાર વેણીલાલ બુચ).

કુલ ૧૮ ઠરાવ પસાર થયા હતા.

પછીથી પ્રમુખશ્રીના ખાસ નિમંત્રણથી 'યુવક-પરિષદ'માં શ્રી જમનાલાલ બજાજ બોલ્યા હતા. એમણે કહેલું કે

"પ્રથમ હું માનતો હતો કે દેશી રાજ્યોમાં મોટું આંદોલન કરવાથી એમને સુધારી શકાય, પરંતુ આ રાજ્યોમાં સુધારો થાય એવું બ્રિટિશ સરકાર ચાહતી નથી તેથી એમાં અવરોધ ઊભા કરે છે, તેથી હવે હું એમ માનતો થયો છું કે દેશી રાજ્યોમાં સુધારો કરવો હોય તો બ્રિટિશ સત્તાને નાબૂદ કર્યા સિવાય એ શક્ય નથી. દેશી રાજ્યો તો બ્રિટિશ સરકારના ગુલામ છે, તેથી ત્યાંની પ્રજા તો એ ગુલામની પણ ગુલામ છે."[૧૬] ૧૯૨૯ માં શ્રી બજાજે જે કહ્યું તે વાત તો ગાંધીજીએ ૧૯૨૫ માં કહી હતી કે "જેવું વાવમાં હોય તેવું હવાડામાં હોય...સામ્રાજ્ય અરાજકતા છે તેથી સામ્રાજ્યને તાબે રહેલાં દેશી રાજ્યોમાં પણ અરાજકતા છે...તેથી જ બ્રિટિશ હિંદનું સ્વાધીન થવું એ જ દેશી રાજ્યોનું સ્વાધીન થવું છે."[૧૭] આમ ત્રણ દિવસની આ પરીષદમાં યુવકોએ જુસ્સાભેર ભાગ લીધો. યુવક નેતાઓ મર્યાદાવાળી 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'ને "લૂલી પાંગળી" પરિષદ ગણાવતા હતા, પરંતુ આ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિષદને કોઈ નિયંત્રણો ન હતાં. એના પ્રમુખ જવાહરલાલ નહેરુએ પણ નોંધેલું કે "હું તો નખશિખ રાજકીય પ્રાણી છું અને વ્યક્તિના વાણીસ્વાતંત્ર્ય પર કોઈ પણ પ્રકારનું બંધન મૂકવા માગતો નથી." એમણે તો એ મુજબ ત્રણ દિવસની પરિષદમાં વર્તાવ કરીને કહ્યા પ્રમાણે કરી બતાવ્યું હતું.

આ પરિષદમાં અનેક ઠરાવો થયા એની સફળતાને લગતાં અગ્રલેખો-નોંધો લખાયાં, પરંતુ એના અગ્રણીઓ જેને "લૂલી લંગડી" પરિષદ ગણાવતા હતા તે કા. રા. પરિષદના કાર્યક્રમોથી આગળ વધી શક્યા નહિ, પસાર થયેલા ઠરાવોને કોઈ પણ રાજ્યમાં અમલમાં મૂકવાનું આંદોલન કરી શક્યા નહિ. જવાહરલાલ નહેરુનું પ્રમુખપદ અને એમના વ્યક્તિત્વનો ઝળહળતો પ્રભાવ બાદ કરીએ તો એ માત્ર ત્રણ દિવસનો ઉત્સાહજનક જુસ્સાપૂર્ણ જલસો બની ગઈ. આ પરિષદે ખૂબ હણહણાટ કરી લીધા પછી જાણે કે એ સોડ તાણી સૂઈ ગઈ. [18]

આ પરિષદમાં જે જુસ્સાભેર રીતે ઠરાવો અને ભાષણો થયેલાં તેના અમલીકરણની દિશામાં બહુ ઓછું કામ થઈ શક્યું એ હકીકત છે અને છતાં એમ કહેવું એ યોગ્ય ગણાશે કે આ પરિષદ માત્ર ઉત્સાહજનક જલસો જ બની રહી. હકીકત એ છે કે આ પરિષદના માત્ર બે મહિના પછી નવેમ્બર, ૧૯૨૯ માં સૌરાષ્ટ્રમાં ખાખરેચીમાં ત્યાંના રાજવીના અન્યાયી કરવેરા સામે પ્રજાએ લડત ઉપાડી હતી તેમા ફૂલચંદભાઈ અને મણિલાલ કોઠારી જેવા અનેક યુવા નેતાઓએ ત્યાં જઈ, એમાં ભાગ લઈ, સ્થાનિક નેતાઓ પ્રજાને માર્ગદર્શન આપી એને સફળ બનાવી હતી. સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોમાંનો એ પ્રથમ સત્યાગ્રહ હતો. એને "સૌરાષ્ટ્રનું બારડોલી" કહેવામાં આવે છે. પછીથી બીજે જ વર્ષે ૧૯૩૦ માં ધોલેરા અને વીરમગામના મીઠાના સત્યાગ્રહો વખતે આ પરિષદની દૂરગામી અસરના રૂપે જ મોટી સંખ્યામાં સૌરાષ્ટના યુવકોએ ભાગ લઈ ધરપકડ વહોરી હતી. આમ શ્રી નહેરુના પ્રમુખપદે મળી ગયેલી આ પરિષદે સૌરાષ્ટ્રમાં જનજાગણ અને યુવા-જાગૃતિ લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. વળી, આ પરિષદના માત્ર ચાર મહિના પછી જ લાહોરમાં ડિસેમ્બર, ૧૯૨૯ માં થયેલા મહાસભાના અધિવેશનના પ્રમુખ તરીકે જવાહરલાલ વરાયા હતા. મહાસભાના ઇતિહાસમાં પ્રથમ વાર પ્રમુખપદ માટેના વરાયેલા ઉમેદવાર (જવાહરલાલ) ઘોડા ઉપર બેસીને સ્વાગત સરઘસમાં નીકળ્યા હતા. વળી, એવું પણ માત્ર પ્રથમ વાર બનેલું કે મહાસભાના પ્રમુખનો હોદ્દો પિતા પાસેથી પુત્રને સોંપાયો હતો [19]

સૌરાષ્ટ્ર યુવક પરિષદના પ્રમુખ એ માત્ર ચાર મહિના પછી રાષ્ટ્રિય મહાસભાના પ્રમુખ બનતાં સૌરાષ્ટ્રના યુવકોએ વિશેષ ગૌરવ અનુભવ્યું હતું. મોરબીમાં થયેલી કાઠિયાવાડ યુવક પરિષદમાં ફેર એ હતો કે પ્રથમ એ નક્કી કરેલી મર્યાદાઓ સાથે થઈ હતી, જ્યારે બીજી નિર્બંધ હતી. આ બંનેને સીધો સંબંધ ન હતો. યુવક પરિષદ એ દુનિયાભરમાં એ સમયે ચાલતી યુવકોની પ્રવૃત્તિના ફણગા તરીકે હતી, રાજકીય પરિષદ એ દેશી રજ્યોની પ્રજાના દુઃખનિવારણ માટે હતી, જ્યારે યુવક પરિષદ જુવાનોનાં શરીરી લાઠીબાજી, અખાડા અને મર્દાનગીની પ્રાપ્તિ કરવા માટે હતી...સમાજના સિતમો સામે પુણ્યપ્રકોપ એ યુવકોનો સાદ હતો. રાજકીય પરિષદને પ્રેરણા આપનાર મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ હતા, જ્યારે યુવક પરિષદને પ્રેરણા આપનાર સુભાષચંદ્ર બોઝ અને જવાહરલાલ નહેરુ હતા. આમ બંને પરિષદનાં નિશાન સુકાન અને પ્રયાણ બધું જ જુદું જુદું હતું.[20]

## પાદટીપો :


૧. મેનન, વી. પી -'ધી સ્ટોરી ઑફ ધી ઇન્ટિગ્રેશન ઑફ ઇન્ડિયન સ્ટેટ્સ, મુંબઈ. ૧૯૬૯, ૧૬૮

૨. ઢેબર ઉ. ન.-'દરબાર ગોપાળદાસ,' પરિચય-પુસ્તિકા, મુંબઈ, ૧૯૭૪, પૃ. ૬

૩. જેફરી, રોબિન (એડિટેડ)-'પીપલ્સ, પ્રિન્સેસ ઍન્ડ પેરેમાઉન્ટ પાવર,' ન્યૂ દિલ્હી, ૧૯૭૮, પૃ. ૨૪૧




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪. ડૉ. રાજગોર, શિવપ્રસાદ–'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ,' ગ્રંથ ૯ મો, અમદાવાદ, ૧૯૮૭, પૃ. ૧૨૬
૫. યૂગર, પી. એલ.,–'ઇન્ડિયન પ્રિન્સેસ ઍન્ડ બ્રિટિશ પ્રોટેક્શન,' લન્ડન, ૧૯૨૪, પૃ. ૨૧૫
૬. હાંડા, આર. એલ.–'હિસ્ટરી ઑફ ફ્રીડમ સ્ટ્રગલ ઈન પ્રિન્સલી સ્ટેટ્સ,' ન્યૂ દિલ્હી, ૧૯૬૮, પૃ. ૨
૭. ભટ્ટ ત્રિભુવન પુ. (સંગ્રહકર્તા)–'સંસ્થાન રાજકોટની ડિરેક્ટરી', ભાગ-૧, રાજકોટ, ૧૯૨૯, પૃ. ૧૭૧
૮. ડૉ. રાજગોર, શિવપ્રસાદ–પૂર્વોક્ત પુસ્તક, પૃ. ૧૩૦-૧૩૨
૯. શાહ, કાંતિલાલ–'સૌરાષ્ટ્રમાં ગાંધીજી', રાજકોટ, ૧૯૭૨, પૃ. ૪૦ ૧૦. એજન, પૃ. ૯૯
૧૧. ગાંધી, મોહનદાસ ક. –'દેશી રાજ્યોનો પ્રશ્ન,' અમદાવાદ, ૧૯૪૧, પૃ. ૧૪૭
૧૨. શાહ, કાંતિલાલ–પૂર્વોક્ત પુસ્તક, પૃ. ૧૦૧
૧૩. પાટિલ, વી. ટી.–'નહેરુ ઍન્ડ ધી ફ્રીડમ મુવમેન્ટ',–ન્યૂ દિલ્હી, ૧૯૭૭, પૃ. ૭૫
૧૪. એજન, પૃ. ૭૫ ૧૫. શાહ, કાંતિલાલ–પૂર્વોક્ત પુસ્તક, પૃ. ૧૦૮ ૧૬. એજન, પૃ. ૧૧૦
૧૭. "નવજીવન", અમદાવાદ, ૮–૩–૧૯૨૫ ૧૮. શાહ, કાંતિલાલ–પૂર્વોક્ત પુસ્તક, પૃ. ૧૯૮
૧૯. ડૉરોથી નૉર્મન–'નહેરુ ધી ફર્સ્ટ સિક્સ્ટી ઈયર્સ,' ભાગ-૧, મુંબઈ, ૧૯૬૫, પૃ. ૧૯૫
૨૦. મહેતા, મનુભાઈ (સંપાદક),–"આંતરનાદ', મુંબઈ, ૧૯૮૬, પૃ. ૧૬૮


# નૂતન નાગરિક સહકારી બૅન્ક લિમિટેડ

(રજિ.ઑફિસ): ૨/૬ મસ્કતી માર્કેટ, કપાસિયા બજાર, અમદાવાદ-૩૮૦૦૦૨
સેન્ટ્રલ ઑફિસ: (ઍડમિનિસ્ટ્રેટિવ ઑફિસ): વિક્ટોરિયા જ્યુબિલી હૉસ્પિટલ સામે, ડૉ. મોતીબાઈ માર્ગ, પાંચકૂવા, અમદાવાદ-૩૮૦૦૦૨. ટે. ન. ૩૪૨૬૪૨, ૩૪૮૬૧૮

**બૅન્કની શાખાઓની માહિતી:** **આડિટ વર્ગ 'અ'**

(૧) મેઈન ઑફિસ (મસ્કતી માર્કેટ), (૨) કાપડીવાડ શાખા, (૩) શાંતિ કૉમર્શિયલ સેન્ટર શાખા: (૪) આશ્રમરોડ શાખા, (૫) રખિયાલ શાખા, (૬) બાપુનગર શાખા, (૭) વાસણા શાખા (સેઈફ ડિપોઝિટ વૉલ્ટ સાથે), (૮) ડ્રાઈવ ઈન રોડ (મેમનગર) શાખા (સેઈફ ડિપોઝિટ વૉલ્ટ સાથે), (૯) પાંજરાપોળ શાખા (સેઈફ ડિપોઝિટ વૉલ્ટ સાથે)

ચેરમૅન : **શ્રી આત્મારામ ભોગીલાલ સુતરિયા**
મૅનેજિંગ ડિરેક્ટર : **શ્રી કલ્યાણભાઈ પી. ફોડયા**
જોઈન્ટ મૅનેજિંગ ડિરેક્ટર : **શ્રી જયંતીલાલ આત્મારામ શાહ**

**તા. ૩૦-૬-૮૯ના બૅન્કના પ્રગતિદર્શક આંકડા(ઑડિટને આધીન)**

| | | | |
|---|---|---|---|
| અધિકૃત શેર ભંડોળ | : રૂ ૨,૦૦,૦૦,૦૦૪/— | થાપણો | રૂ. ૩૧,૦૯,૧૬,૦૦૦/— |
| કુલ આવેલ શેર ભંડોળ | : રૂ. ૧.૪૨,૨૮,૯૦૦/— | ધિરાણો | રૂ. ૨૪,૭૭,૦૫,૦૦૦/— |
| રિઝર્વ ફંડ ઈત્યાદિ | : રૂ. ૫,૭૭,૩૮,૦૦૦/— | કાર્યકારી ભંડોળ | રૂ. ૪૨,૯૭,૦૧,૦૦૦/— |
| | | નફો | : રૂ. ૧,૨૪,૩૬,૦૦૦ |

આકર્ષક વિવિધ બચત યોજનાઓ તથા અન્ય બૅન્કિંગ સેવાઓ અંગેની વિગતવાર માહિતી માટે બૅન્કની નજીકની શાખાનો રૂબરૂ સંપર્ક સાધો

જનરલ મૅનેજર
**ત્ર્યંબક ભુપતાણી**




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હસ્તવપ્ર (હાથબ):

[મુદ્રા-આધારિત ઇતિહાસ]

ડૉ. વિષ્ણુભાઈ જે. ત્રિવેદી

પ્રશ્ન એ થાય: આ હાથબ શું છે? હાથબ એ ભાવનગરથી દક્ષિણ-પૂર્વમાં ૨૬ કિ. મી. દૂર આવેલું એક મામૂલી, પણ ઇતિહાસ-પુરાતત્ત્વથી સમૃદ્ધ ગામડું છે. અત્યારે ત્યાં ખેતી એ જ મુખ્ય વ્યવસાય છે. વિસ્તાર મોટો છે એટલે મોટા ભાગના લોકો વાડી( Farm House )માં રહે છે, એની ઉત્તરે ખંભાતનો અખાત, ઉત્તર-પશ્ચિમે એની પ્રાચીન અસ્મિતાના અવશેષ સમું માલેશ્રી નદીનું મુખ અને પ્રાચીન બંદર, જેને બંને બાજુનાં ઊંચાણનાં સ્થળોએથી જોઈએ તો આશરે ૭૫૦×૧૦૦૦ મીટરનો કે એનાથીય મોટો નીચાણનો પ્રદેશ દેખાશે. એમાં આજે પૂરના સમયે નદી બે કાંઠામાં વહેતી હોય ત્યારે જ આ વિરાટ વેલાકુલ(બંદર)નો સાચો ખ્યાલ આવે. આ સ્થળથી સમુદ્રમાં જ ઉત્તર-પશ્ચિમે એકાદ કિ. મી. દૂર કોળિયાકનું શિવ-પ્રતિષ્ઠાન છે, જેને લોકબોલીમાં નકળંગ-નિષ્કલંક મહાદેવ કહે છે. ત્યાંથી એ જ દિશામાં બે થી ત્રણ કિ. મી. ઉપર સમુદ્રમાં જ પિરમનો બેટ છે.

આ હાથબ એ જ વલભી-રાજ્યના મૈત્રક રાજાઓનાં દાન-તામ્રપત્રોમાં નિર્દેશાયેલ હસ્તવપ્ર આહાર કે આહારણી, જેનો ઉલ્લેખ પેરિપ્લસ-ભૂગોળમાં 'અષ્ટકવપ્ર' તરીકે થયો છે ( ઈ. સ. ૫૦ ). પેરિપ્લસમાં અખાતમાં પ્રવેશતાં ક્યાં ક્યાં સ્થળો ક્યાં આવે છે એ બધું વિગતવાર વર્ણવેલું છે. સાથે પ્રવાહ, રેતીના ઢગ, એવી શી અડચણો છે એનું પણ વર્ણન છે, જે આજ પણ હયાત છે. બંદર નદીના લાવેલ કાંપ અને નદીનાં તળ બદલાવાના કારણે પુરાઈ જતાં, સમુદ્રતળ કરતાં ઊંચું આવી જતાં બંધ થતું જણાય છે. એની નાળીઓ પુરાતાં એનું મોસમી કે ભરતી-આધારિતપણું પણ સંપૂર્ણ રીતે નષ્ટ થઈ ગયું જણાય છે.

એના આજના તળમાં ઇતિહાસ-દૃષ્ટિએ બે પ્રકારના અવશેષો અને ટીંબા જોવાં મળે છે. સ્થાનિક લોકો ટીંબાઓની હારને "પાળ્યો" કહે છે, કારણ કે તળાવ કે નહેર ખોદી જે પાળ બાંધવામાં આવે તે સમય જતાં બેસી જાય એવી સ્પષ્ટ ઊંચી પાળ એ લોકોની 'પાળ્ય.' એમાંથી ખાસ તો ઈંટો વાસણો ઘરવખરીનો સામાન વગેરે મળે છે. આવી એક ગૃહ-કોટડી સંશોધકે ૧૨-૧૫ ફીટ નીચે ઊતરી જોઈ હતી એવું યાદ છે. બીજા અવશેષોમાં માટીનાં વાસણ ઉપરાંત ધાતુ અને શંખનો માલ. આ બધાંમાં ઘંટી, ઘંટૂડી, થાળાં સાથે ખીલ પથ્થરનો શિવલિંગ જેવો, પણ ઉપરનું પડ મળતાં એ ભ્રમ દૂર થયો. શંખની ચૂડીઓના જે ટુકડા મળ્યા છે તે ઊભી ત્રાંસી ધારની ડિઝાઇનના ગોળ દાણા અને પતંગાકારની ડિઝાઈનવાળા મળ્યા છે. કેટલીક ગોળ અને કેટલીક સાદી પટ્ટી જેવી છે. આના કાપ્યા પછીના મરામતના કકડા પણ ઘણા મળ્યા છે. આ વિશેષતા એક જ ખેતરમાંથી (૨૮૦×૧૫૦ ચો. મી.-માંથી) ઘણી મળતાં ત્યાં એ જમાનાની કાર્યશાખા ( વર્ક-શોપ્રો) હોય. આ શંખ અહીંયાં સમુદ્રમાં થતા નથી, એ ઓખા કે દક્ષિણ-પૂર્વ ભારત-મલબાર કાંઠેથી લાવી અહીં એની પ્રક્રિયા થતી હોય એમ જણાયું. આ જે કાર્યશાળા છે તેનાં સાધનો કાપવા-કોરવાનાં એની તપાસ જારી છે. એમાં મારા મિત્ર કોળિયાકના શ્રી મયૂર મહેતા લાગેલા રહે છે. આ અર્થોપાર્જન અને એના લેવેચ-આદાનપ્રદાનનો વિષય હોઈ મુદ્રા સાથે લીધેલ છે.

આ હસ્તવપ્ર-હાથબ ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકામાં (દસ્ક્રોઈમાં) ૨૧"-૭૫" ઉત્તર અક્ષાંશ તથા ૭૨"-૨૫" પૂર્વ રેખાંશ પર આવેલુ છે. એનો આજનો વ્યાપ જમીન વાડીઓ અને ગામતળ મળી ન ૬×૨ કિ. મી. છે. જ્યારે એ ધીકતું બંદર અને વેપાર વણજનું કેન્દ્ર હતું ત્યારે




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેટલો વિસ્તાર હશે ? નક્કી નહિ, પણ આજથી ત્રણથી ચારગણો જરૂર ગણાય. આજુબાજુનાં આઠ ગામ એમાં આવી જતાં હશે, કારણ કે આ બધાં ગામોના સીમવગડાનાં ખેતરો કે ટીંબાના ધોવાણ-માંથી ઉપરના અવશેષો પ્રાપ્ત થાય છે. આમાં ઘણી વાર સળંગ દટાયેલાં મકાન પણ જોવા મળે છે.

આ ગામોના પરિસરમાંથી પ્રાપ્ત થયેલા સિક્કા પરથી એની પ્રચીનતાનો અંદાજ તારવવાનું નક્કી કરીએ તો ત્યાંથી મળેલા સૌથી જૂના સિક્કા ભારતીય પંચમાર્ક પ્રકારના પ્રાપ્ત થયા તેઓમાંથી જૂના એટલે ઈ. પૂ. ૮ મીથી ૨ જી સદી સુધીના કાલના ગણાય. આ સિક્કા શુદ્ધ રૂપાના છે અને સાફ કરી તપાસતાં આમાંથી ત્રણેકમાં એક બાજુ સંપૂર્ણ લીસી એટલે કોઈ ચિહ્ન વગરની છે, ત્રણમાં બંને બાજુ કેટલાંક પ્રતીકોની છાપ છે, જેની એક બાજુ ઘણી બધી પ્રતીક-છાપો છે. એમાં તારા સૂર્ય મત્સ્ય નંદી વૃક્ષ એવાં પ્રતીકો ઘણાં અવ્યવસ્થિત રીતે ગોઠવ્યા વગર અંકિત થયેલાં છે. આ બધાનાં વજન સરેરાશ સરખાં છે, જે ૨.૨૫ થી ૨.૫૦ ગ્રામના છે. આકાર બેના એક બાજુ અણી અને બીજી બાજુ ગોળાકાર એટલે ભમરડાના આકારના કહેવાય. બીજા બે ઠીક ગોળ, જ્યારે બાકીના લંબગોળ છે. આને સારા ઘસેલ કે કાપેલ છે, જે વજનની સમાનતા લાવવા કરવામાં આવ્યું ગણાય. માપમાં બધાંની લંબાઈ પહોળાઈ ૧.૬ થી ૧.૮ સે.મી. વ્યાસની છે, જાડાઈ સામાન્ય સિક્કા જેટલી બધાની સરખી છે.

આ સિક્કા કઈ પ્રજાના ? એ પ્રજા સૌરાષ્ટ્રમાં કઈ રીતે આવેલી ? એનો ઈતિહાસ શો ? એ પ્રશ્નોના જવાબ માટે આ સિક્કાને ઈ. પૂ. ત્રીજા ચોથા સૈકાના ગણીએ તો આપણાં ગણરાજ્યોના અને જનપદોના ઈતિહાસને જોવો પડે. નર્મદા નદી પરનાં આવાં ગણરાજ્યો અને એ પહેલાંના જનપદો નર્મદાતીરેથી મોટા નદ જેવા ખંભાતના અખાતને ઓળંગી પૂર્વ સૌરાષ્ટ્રમાં આવ્યાં દેખાય છે. આમા યદુઓ-આભીરો તરફ વિશેષ લક્ષ જાય એમ છે. એ ગણોના કરતાં સમુદ્રતીરના વેપારી નિગમો-ના આ આહત સિક્કા હોય. આમ હસ્તપ્રતનો મુદ્રા-આધારિત કાલઆ જનપદોમાં ગણોના આગમન જેટલો જૂનો ગણવાનું મન ઈતિહાસના અભ્યાસુને થાય એ સહજ છે. આના પછી મગધના મહારાજ્ય સાથે ભગવાન બુદ્ધના અનુયાયીઓ અને ભિખ્ખુઓ-વિદ્વાન ધર્મપ્રચારકો પણ આ રસ્તે સૌરાષ્ટ્રમાં





For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રવેશેલા ત્યારે તળાજા ગૌણ બંદર હતું, વલભી અને એનું જિલ્લા-મથક હસ્તવપ્ર મહત્ત્વનાં બંદરો હતાં. તળાજાની ગુફાઓ આ જ સમયમાં કોતરાઈ છે અને એના મુદ્રાના અવશેષોમાં બૌદ્ધધર્માનુયાયી ભારતીય-ગ્રીક રાજાઓના સિક્કા અહીંથી મળ્યા છે. આમાંના કેટલાક સંગ્રહસ્થાનોમાં તેમ ખાનગી સંગ્રહોમાં છે, જ્યારે પ્રસ્તુત સંગ્રહમાં એક તૂટેલો સિક્કો મળ્યો છે, જેને અપલદત(એપેલોદોતસ)ના સિક્કા તરીકે ઓળખાવાયો છે. એમાં ગ્રીક રાજાનું મહોરું ને ફરતું ગ્રીક લખાણ છે. એનું વજન ૧.૬૦ ગ્રા. અને વ્યાસ ૧.૫ સે.મી છે (જુઓ મોટો સિક્કો, સાથેના નાના ૯ સિક્કાઓમાંનો ૩ જો પણ). આ ઉપરાંત રાજા મિલિંદના સિક્કા પણ મળ્યા છે. સમય ઈ. પૂ. ૧ લી અને ઈ. સ. ૧ લી વચ્ચે સમજાય છે. ધાતુ રૂપું છે.

આવા જ આ ધર્માનુયાયી રાજવંશ, જેની રાજધાની ગિરિનાર હતી, એનું પણ હસ્તવપ્ર વેપારનું કેન્દ્ર હશે એમ જણાય છે. એના જુદા જુદા રાજવીઓના સિક્કા મળે છે. આની પણ ધાતુ રૂપું, આકાર ગોળ અને ૧.૪૮ સે. મી. તથા વજન ૧.૫૮ ગ્રામ આસપાસનાં છે. આના પર રાજાનું મહોરું, બ્રાહ્મી લખાણ અને રાજ્યકર્તાનાં નામ લખેલાં છે, જે ચર્ચાને પાત્ર હોઈ પ્રસ્તુત કર્યાં નથી. આ પશ્ચિમી ક્ષત્રપ સિક્કા આ પ્રદેશમાં અને નગરના આવારમાંથી હજુ મળ્યા કરે છે (ચિત્ર ૫-૬).

આના પછીના (ચિત્ર ૬-૭ માં) રાષ્ટ્રના ઇતિહાસના સુવર્ણ યુગમાંના સિક્કા છે. ગુપ્તકાલના આ યુગના સિક્કા, જેને હજારોની સંખ્યામાં ગણાય તેટલા, કુમારગુપ્તના મળે છે; જોકે આમાં સ્વલ્પ સમુદ્રગુપ્ત કે સ્કંદગુપ્તના પણ મળે છે ખરા. આ યુગમાં આ આ બંદર અને એનો વેપાર પણ મધ્યાહ્નના સૂર્યની જેમ પ્રકાશતો હતો. એની શ્રેણીઓ માલથી તરબતર અને નાણાવટ વિવિધ પ્રદેશોનાં નાણાં-મુદ્રા વેપારી અને માલથી ભર્યાભર્યાં રહેતાં હોય એમ જણાય છે. આ બધાનાં વજન, નિયમિત ગોળ નથી, કેટલાક વચ્ચેથી બેસી ગયેલ ગોળ-અંતર્ગોળ છે, પણ એની "ડાઈ-છાપ" ઘણી સ્પષ્ટ હોય છે, ચોરસના ગોળ ખૂણા કાપેલ અને થોડા જાડા દળના હોય છે. રાજાના મહોરામાં લાંબા ગૂંચળાંવાળા વાળ, કાને કુંડળ, મોટી આંખો, સરસ નાક વગેરે સ્પષ્ટ દેખાય છે, પાછળ બ્રાહ્મીલિપિમાં રાજાનું નામ તેમ બિરુદ તથા ફળાયલ મોર દેખાય છે (ચિત્ર-૭). આ સિક્કાની સંખ્યા જોતાં એમ લાગે છે કે એને પુનઃ પુનઃ મુદ્રિત કરવા માટે ખાસ વ્યવસ્થા ગિરિનાર વલભી કે હસ્તવપ્રમાં રાખી હોવા સંભવ ખરો; જોકે આને ઢાળવાના અવશેષો હજુ આ વિસ્તારમાં સંપન્ન થયા નથી. સિક્કા પર આવું કામ કે ચિંતા કરવાવાળા વિદ્વાન મિત્રોનો પણ હજુ મેળાપ થઈ શક્યો નથી. સિક્કા ચાંદીના જ છે.

સૌરાષ્ટ્રના ઘણા પ્રદેશોમાં પ્રભૂત માત્રામાં મળેલા સિક્કા તે સોલંકી યુગના "દ્રમ્મ". આ રૂપાના સિક્કા તે ભારતનાંય સર્વત્ર મળતા ઈન્ડો-સસાનિયન "ગધૈયાં." આનું ચલણ દ્રમ્મરૂપે જુદા જુદા રૂપમાં જાડા જાડા પાતળા ગોળ આનવામાંત એવા આકાર-વૈવિધ્યમાં ઘણું હતું. આવા દ્રમ્મ ટિમાણા (તા. તળાજા) અને હસ્તવપ્રમાં અનેક એટલે હજારોની સંખ્યામાં મળ્યા છે. એને પણ પુનઃ પુન અંકિત કરીને બજારમાં મૂક્યાં હોય એમ જણાય છે. એના વજનમાં બહુ થોડો ફરક હોય છે, જ્યારે આકારે ભેદ ઘણો રહ્યો છે. વજન ૨.૨૫ ગ્રામથી ૨ ૪૦ ગ્રામ અને ૧.૩ થી ૧.૭ સે. મી. જ્યારે દળમાં સારું એવું અલગપણું જોવા મળે છે.

આની સાથે આ જ સ્થળેથી મળેલો ૧ લી સદીનો સોનાનો એક રોમન સિક્કો પ્રાપ્ત થયેલો સચવાયેલો મળ્યો. આના પર રાજાનું મહોરું, ફરતે રોમનલિપિમાં લખાણ અને પાછળ ગ્રીક દેવતા (જ્યુરાનું કે હેરાક્લિસ)નું આલેખન છે. સંગ્રાહક એનાથી છૂટા પડવા તૈયાર ન હોઈ એના ફોટા લીધા છે, જે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચિત્ર ૧-૪, જેને સંપૂર્ણ સુવર્ણમુદ્રા જ કહી શકાય. એનું માપ ૨ સે. મી. વ્યાસ. લંબાઈ સહેજ વધારે છે. વજન ૭ ગ્રા. ૩૫૦ મી.ગ્રા. અર્ધા રૂપિયા જેટલું હળ છે.

આ હસ્તવપ્ર વલભીના મૈત્રક રાજાઓનો આહાર કે આહારણી એટલે જિલ્લા-મથક હતું, એવો આશરે બારેક દાનશાસનો-તામ્રપત્રોમાં એનો નિર્દેશ થયો છે. દાનસ્થળની ભૂગોળ નક્કી કરવા માટે આનાં તામ્રપત્રો વિગત આપે છે, જેનાથી જાણવા મળે છે કે આ આહારના અમુક ગામના અમુક ભૂમિખંડો બ્રાહ્મણોને કે બૌદ્ધ મઠોને દાનમાં આપવામાં આવ્યા છે. આ ઈતિહાસનો બીજો જ વિસ્તૃત વિષય થતો હોઈ અત્રે આટલું જ.

આ બંદર ચૌદમા-પંદરમા સૈકામાં, એનું દ્રોણમુખ (બંદર) નદીના કાંપથી ભરાઈ જતાં અને એના ઉપબંદર જેવું ઘોઘા વિશેષ આગળ આવતાં, બંદર તરીકે કામ કરતું બંધ થયું. સાથે એની સમૃદ્ધિ પણ લોપ પામી. કાળ ભગવાન એનું કાર્ય કરે છે. પદ્દન ત્યાં દટ્ટન અહીં નજર સામે ખરું થાય છે.

## સંદર્ભો :


૧. ગુજરાતનો મૈત્રકકાલીન ઈતિહાસ, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી
૨. કૉઈન્સ ઑફ ઈન્ડિયા, પી. એલ ગુપ્ત
૩. ભારતીય સિક્કા, વાસુદેવ શરણ અગ્રવાલ
૪. પેરિપ્લસ (ભૂગોળ)
૫. ગુજરાતના ઐતિહાસિક લેખો-ગિ. વ. આચાર્ય
૬. સ્વાધ્યાય-દીપોત્સવી અંક, ૨૦૨૧
૭. સામીપ્ય, એપ્રિલ-૧૯૮૮


ઠે. ૭-મરિન સોસાયટી, જેલ રોડ, ભાવનગર-૩૬૪૦૦૨

---

[અનુ. પા. ૮૬ નીચેથી]
કર્યો છે. ધ્વજ ક્રોસાંકિત છે. ખ્રિસ્તી ધર્મમાં ઘેટું એ ઈસુનું પ્રતીક છે. આની બરાબર સીધી રેખામાં પૂર્વની બાજુ પર કબૂતરનું આલેખન છે: જાણે કે ખરેખર પવિત્ર આત્મા ઈસુ પર ઊતરી રહ્યો છે એવી કલ્પના અહીં કરવામાં આવી છે. વાયવ્ય ખૂણાની બાજુ પર વર્તુલમાં Pattee પ્રકારના ક્રોસનું આલેખન છે. આ પ્રકારના ક્રોસની ચારે બાજુઓ એકસરખી હોય છે. દરેક બાજુ છેડેથી પહોળી અને મધ્યમાં સાંકડી હોય છે. ઉત્તરની બાજુ પર Swinnerton પ્રકારનો ક્રૉસ આલેખ્યો છે. એની મધ્યમાં ચાર પાંખડીયુક્ત પુષ્પ છે. આ પ્રકારના ક્રોસની દરેક બાજુ એકસરખી હોય છે. દરેક બાજુના છેડે કળી જેવો ઘાટ હોય છે. આ પછી ઈશાન ખૂણે વર્તુલમાં એક મોટા ત્રિદલની ભાત કોતરેલી છે.

આમ લેખ ઉપરાંત ખ્રિસ્તી ધર્મનાં વિવિધ પ્રતીકોની દૃષ્ટિએ આ બૅપ્ટિસ્ટ્રીનું મૂલ્ય વિશેષ છે.

ઠે. ૨૩, મહાવીરનગર, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોમપુરા જ્ઞાતિનાં ગોત્રો

ડૉ. પ્રવીણચંદ્ર પરીખ – ડૉ. ભારતી શેલત

શિલ્પ-સ્થાપત્યનો અભ્યાસક વર્ગ પશ્ચિમ ભારતમાં 'સોમપુરા' તરીકે ઓળખાય છે. એમનું મૂળ ઉત્પત્તિસ્થાન પ્રભાસ (સોમનાથ) હોવાનું મનાય છે. સ્કંદપુરાણના પ્રભાસખંડમાં એમની ઉત્પત્તિને લગતી પૌરાણિક અનુશ્રુતિ આ પ્રમાણે નોંધાઈ છે: પૂર્વે સૌરાષ્ટ્રમાં સોમપુરી(સોમનાથ)માં દક્ષે આપેલા શાપનું નિવારણ કરવા ચંદ્રે સોમયજ્ઞ કર્યો અને એમાં તેજસ્વી બ્રાહ્મણોને નિમંત્ર્યા હતા. યજ્ઞ પૂરો થયા પછી ચંદ્રે સોમપુરી ગ્રામ સોમપુરા બ્રાહ્મણોને દાન આપી સંતુષ્ટ કર્યા.

સોમપુરાઓમાંના જેમણે યજમાનવૃત્તિ અને યજ્ઞયાગાદિ કર્મ સ્વીકાર્યાં તે સોમપુરા બ્રાહ્મણ બન્યા, પરંતુ કેટલાક બ્રાહ્મણોએ ગૃહસ્થજીવનને સ્વીકાર્યું તેઓ શિલ્પનો અભ્યાસ કરી શિલ્પજ્ઞ (સોમપુરા શિલ્પી) ગૃહસ્થ બન્યા. આ સોમપુરા શિલ્પીઓની વસ્તી હાલ ગુજરાતમાં પાટણ વડનગર વિસનગર સિંહપુર અમદાવાદ વડોદરા ખંભાત સુરત તથા સૌરાષ્ટ્રમાં પાલિતાણા ધ્રાંગધ્રા હળવદ વઢવાણ તેમજ મેવાડ-વાગડના ડુંગરપુર તલવાડા સાગવાડા અને કેસરિયાજી ઘાણેરાવ સાદડી વગેરે સ્થળોએ છે.

બોમ્બે ગૅઝેટિયરમાં સોમપુરા શિલ્પીઓની વિશેષ માહિતી સલાટ તરીકે ઓળખાતી ધંધાકીય શ્રેણીમાં આપી છે તેમાં ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં વસતા સોમપુરા ખરા શિલ્પી હોવાનું જણાવ્યું છે. આ સોમપુરા સલાટ સોમપુરા બ્રાહ્મણોમાંથી ઊતરી આવ્યા હોવાનું અને સોમપુરા બ્રાહ્મણો સોમપુરા સલાટોના પુરોહિતો હોવાનું જણાવ્યું છે. એઓનાં ૧૮ ગોત્રો છે.

આ સોમપુરાઓની ઉત્પત્તિ તેમજ એમનાં ૧૮ ગોત્રો અંગેની માહિતી **સોમમાહાત્મ્ય** નામની સંસ્કૃત કૃતિમાં કરવામાં આવી છે. એના મૂળ કર્તાનું નામ જાણી શકાયું નથી. સં. ૧૯૮૨ (ઈ.સ. ૧૯૧૬)માં શ્રી દવે ભગવાનજી હરિશંકર સોમપુરાએ ઊંઝાના શાસ્ત્રી હરગોવિંદ સાંકળેશ્વર વ્યાસ પાસેની જીર્ણ હસ્તપ્રતમાંનું લખાણ શુદ્ધ કરાવી ધ્રાંગધ્રામાં એનું પ્રકાશન કર્યું. એના ૮ મા અધ્યાયના શ્લોક ૬–૮ માં સોમપુરાઓમાં પ્રવર્તમાન ૧૮ ગોત્રોનો નામનિર્દેશ કરેલો છે, જે આ પ્રમાણે છે :

૧. વચ્છસ, ૨. ગૌતમ, ૩. ઉપનિસ્ય, ૪. કાશ્યપ, ૫. પારાશર્ય, ૬. વાસિષ્ઠ, ૭. ભારદ્વાજ, ૮. ગાલવ, ૯. આંગિરસ, ૧૦. શાંડિલ્ય, ૧૧. વચિષ્ઠ, ૧૨. કૌશિક, ૧૩. કૌંડિન, ૧૪. શ્રાવણાસ, ૧૫. માર્કંડેય, ૧૬. દાલ્ભ્યા, ૧૭. યત્રિતત્સિ અને ૧૮. બૃહસ્પતિ.

કૃતિનાં પૃ. ૫૧ થી ૮૯ માં આ જ્ઞાતિનાં ૧ થી ૧૧ સુધીનાં ગોત્રોનાં પર્વ વેદ શાખા કુલદેવી યક્ષ ગણપતિ શંકર ભૈરવ તથા શર્મા અને પ્રવર વિશે સંસ્કૃત શ્લોકો આપવામાં આવ્યા છે. ગોત્ર ૧૨ થી ૧૮ માં પર્વ વેદ શાખા વગેરે આપ્યાં છે, ત્યાં અંગેની માહિતી સંપાદકને ઉપલબ્ધ નથી, આથી અહીં આપવામાં આવી નથી. ૧ થી ૧૨ ગોત્રો જેમનાં છે તેવી વ્યક્તિઓનાં નામોની શહેરવાર યાદી તે તે ગોત્રના સંસ્કૃત શ્લોક પરથી આપવામાં આવી છે, જે જ્ઞાતિના ઇતિહાસ માટે મહત્ત્વની છે. અંતમાં સોમપુરા બ્રાહ્મણોનાં ગોત્ર શાખા અને પર્વનું કોષ્ઠક પણ (પૃ. ૯૦–૯૧) આપવામાં આવ્યું છે.

### ૧. વચ્છસ ગોત્ર

વચ્છસ ગોત્રની કુલદેવી બાલગૌરી, મિત્ર શર્મા, નગ્નીય યક્ષદેવ, ગણપતિ વિઘ્નરાજ, મહાદેવ વિશ્વેશ્વર, ભૈરવ કાલ, યજુર્વેદ, શાખા માધ્યંદિની

**પંચ પ્રવર :** ૧. ભાર્ગવ, ૨. ચ્યવન, ૩. આપ્નવાન, ૪. ઔર્વ, ૫. જમદગ્નિ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ૨. ગૌતમ ગોત્ર

ગૌતમ ગોત્રની કુલદેવી નિંબજા, સોમ શર્મા, સાધ્ય ગણપતિ, યક્ષ ઉપય, મહાદેવ ચંડેશ્વર, બટુક ભૈરવ, યજુર્વેદ, શાખા માધ્યંદિની

**ત્રણ પ્રવર :** ૧. ગૌતમ, ૨. ઉતથ્ય, ૩. આંગિરસ

## ૩. ઉપનિસ્ય ગોત્ર

ઉપનિસ્ય ગોત્રની હિંગળાજ કુલદેવી, ભવ શર્મા, મહોદર ગણપતિ, યક્ષ બાહુલ, મહેશ સોમેશ્વર, ભૈરવ અસિતાંગ, યજુર્વેદ, શાખા માધ્યંદિની

**ત્રણ પ્રવર :** ૧. ઔપ્યનસ, ૨. આંગિરસ, ૩. ગૌતમ

## ૪. કાશ્યપ ગોત્ર

કાશ્યપ ગોત્રની કુલદેવી યોગેશ્વરી, ભ્રાતા શર્મા, વિઘ્નરાજ ગણપતિ, વીર યક્ષ, શંકર કુબેર, જટિલ ભૈરવ, યજુર્વેદ, શાખા માધ્યંદિની

**ત્રણ પ્રવર :** ૧. કાશ્યપ, ૨. અપવત્સ, ૩. નૈધ્રુવ

## ૫. પારાશર્ય ગોત્ર

પારાશર્ય ગોત્રની ખીમજા દેવી, તંતિ શર્મા, વક્રતુંડ ગણપતિ, વટ યક્ષ, ચિત્રેશ્વર મહાદેવ, સિદ્ધિ ભૈરવ, સામવેદ, શાખા કૌથુમી

**ત્રણ પ્રવર** ૧. વાસિષ્ઠ, ૨. શાક્ત, ૩. પારાશર્ય

## ૬. વાસિષ્ઠ ગોત્ર

વાસિષ્ઠ ગોત્રની કુલદેવી મહાગૌરી, ચિત્ર શર્મા, સિદ્ધિ–વિનાયક દેવ, ચિત્રેશ્વર યક્ષ, હર શંકર, વિજય ભૈરવ, યજુર્વેદ, માધ્યંદિની શાખા

**ત્રણ પ્રવર** ૧. વાસિષ્ઠ, ૨. ઇંદ્રપ્રમદ, ૩. ભારદ્વાજ

## ૭. ભારદ્વાજ ગોત્ર

ભારદ્વાજ ગોત્રની કુલદેવી ચામુંડા, શિવ શર્મા, ઉધિયા–દુધિયા ગણપતિ, રામેશ્વર યક્ષ, મહાદેવ નીલકંઠ, સંહાર ભૈરવ, યજુર્વેદ, માધ્યંદિની શાખા

**ત્રણ પ્રવર** ૧. આંગિરસ, ૨. બાર્હસ્પત્ય, ૩. ભારદ્વાજ

## ૮. ગાલવ (ગાલિમક) ગોત્ર

ગાલવ ગોત્રની કુલદેવી સરસ્વતી, વિંદ શર્મા, વરદાયક ગણપતિ, વીર યક્ષ, વટેશ્વર, શંકર, ભૈરવ આનંદ, યજુર્વેદ, માધ્યંદિની શાખા.

**ત્રણ પ્રવર :** ૧. વશિષ્ઠ, ૨. મિત્રાવરુણ, ૩. કૌંડિન્ય

## ૯. શાંડિલ્ય ગોત્ર

શાંડિલ્ય ગોત્રની કુલદેવી મહાલક્ષ્મી, ભવ શર્મા, ગજકર્ણ ગણપતિ, મહાબલ યક્ષ, સોમેશ્વર મહાદેવ, બટુક ભૈરવ, યજુર્વેદ, માધ્યંદિની શાખા

**ત્રણ પ્રવર :** ૧. શાંડિલ્ય, ૨. અસિત, ૩. દેવલ

## ૧૦. આંગિરસ ગોત્ર

આંગિરસ ગોત્રની કુલદેવી ક્ષેમંકરી, દત્ત શર્મા, વિઘ્નરાજ ગણપતિ, વીર યક્ષ, શંકર વાત્રકનંદિ, સંહાર ભૈરવ, યજુર્વેદ, માધ્યંદિની શાખા

**ત્રણ પ્રવર :** ૧. આંગિરસ, ૨. ઉતથ્ય, ૩. ગૌતમ

[અનુ. પા. ૮૫ નીચે]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સોમપુરા બ્રાહ્મણોનાં અટકો ગોત્રો પ્રવરો વેદ શાખા વગેરેનું કોષ્ઠક

| નં. | અટક | ગોત્ર | પ્રવર | વેદ | શાખા | કુળદેવી | યક્ષ | ગણપતિ | શંકર | ભૈરવ | શર્મા | નિવાસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઠાકર (દ્વિવેદી) | વચ્છસ | ૫ | યજુર્વેદ | માધ્યંદિની | બાલાગૌરી | નાગીય | વિઘ્નરાજ | વિશ્વેશ્વર | કાલ | મિત્ર | પ્રભાસ |
| ૨. | દવે | ગૌતમ | ૩ | ,, | ,, | નિંબજા | ઉપય | સાધ્ય | ચંડેશ્વર | બટુક | સોમ | — |
| ૩. | ઉપાધ્યા | ઉપતિસ્ય | ,, | ,, | ,, | હિંગળાજ | બાહુલ | મહાદેવ | સોમેશ્વર | અસિતાંગ | ભવ | — |
| ૪. | આચાર્ય | કાશ્યપ | ,, | ,, | ,, | યોગેશ્વરી | વીર | વિઘ્નરાજ | કૈમેર | જટિલ | ભ્રાતા | પ્રભાસ |
| ૫. | દવે | પારાશર્ય | ,, | સામ | કૌથુમી | ખીમજા | વટ | વક્રતુંડ | મિત્રેશ્વર | સિદ્ધિ | તન્તિ | — |
| ૬. | પુરોહિત(ગવાડી) | વસિષ્ઠ | ,, | યજુર્વેદ | માધ્યંદિની | મહાગૌરી | મિત્રેશ્વર | સિદ્ધિ | હર | વિજય | ચિત્ર | પ્રભાસ |
| ૭. | પાઠક | ભારદ્વાજ | ,, | ,, | ,, | ચામુંડા | રામેશ્વર | દુખિયા | નીલકંઠ | સંહાર | શિવ | — |
| ૮. | વ્યાસ | આંગિરસ | ,, | ,, | ,, | ક્ષેમંકરી | વીર | વિઘ્નરાજ | વાગકનંદિ | — | દત્ત | — |
| ૯. | ઉપાધ્યા | ગાલવ | ,, | ,, | ,, | સરસ્વતી | ,, | વરદાયક | વટેશ્વર | આનંદ | વિંદ | — |
| ૧૦. | દવે | શાંડિલ્ય | ,, | ,, | ,, | મહાલક્ષ્મી | મહાબલ | ગજકર્ણ | સોમેશ્વર | બટુક | ભવ | — |
| ૧૧. | રાવળ | વચિષ્ઠ | ,, | ,, | ,, | ગૌરી | નાગીય | સિદ્ધિવિનાયક | ,, | સચિત્ર | મિત્ર | — |
| ૧૨. | મહેતા | કૌશિક | ,, | ,, | ,, | ,, | — | — | ,, | — | — | — |
| ૧૩. | ત્રિવેદી | કૌડિન્ય | ,, | ,, | ,, | ,, | — | — | — | — | — | — |
| ૧૪. | દ્વિવેદી | શ્રાવણવાયુ | ,, | ,, | ,, | ,, | — | — | — | — | — | — |
| ૧૫. | પુરોહિત | માર્કંડેય | ,, | ,, | ,, | ,, | — | — | — | — | — | — |
| ૧૬. | યાજ્ઞિક | દાજશ્રવા | ,, | ,, | ,, | ,, | — | — | — | — | — | — |
| ૧૭. | રાવળ | અત્રિતતિસ | ,, | ,, | ,, | ,, | — | — | — | — | — | — |
| ૧૮. | ,, | બૃહસ્પતિ | ,, | ,, | ,, | ,, | — | — | — | | | |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાલાવડના બ્રહ્મચારેશ્વર :

[શિલાલેખનો સંદર્ભ] શ્રી. યશવંત હ. ઉપાધ્યાય

શીતળા માતાજીના મંદિરને અડીને પશ્ચિમ બાજુ તરફ શ્રીબ્રહ્મચારેશ્વર મંદિર તથા એમાં આવેલ બીજાં દેવસ્થાનોની જગ્યા છે તેમાં નિજમંદિરના પ્રવેશદ્વાર પાસે આવેલ સં. ૧૬૮૨ ભાદ્રવદ વદિ ૧૪ મંગળનો શિલાલેખ છે, જેના આધારે ખ્યાલ આવે છે કે ૨૨૨માં શિલાલેખ લખવાની ભાષા કેવા પ્રકારની હતી.

૧. સ્વસ્તિશ્રી જયો મંગલાભ્યુદયશ્ચ શ્રીમન્નૃપવિક્રમાંકસમયાતીત સંવત ૧૬૮૨ શાકે ૧૫૪૭ પ્રવર્તમાને

૨. દક્ષિણાયને શરદઋતૌ ભાદ્રપદ કૃષ્ણપક્ષે ચતુર્દશ્યાં તીથૌ ઘટી ૨૬ સોમવારે

૩. ઉતરા ફાલ્ગુની ઘટી ૩૮ બ્રહ્મનામ્નિ યોગે ઘટી ૫૭ શકુની કરણે ઘટી ૨૬ એવં પંચાગ-શુદ્ધૌ શ્રીમદ્યદુવંશોદ્ભવ મહારાજશ્રી લાખાજી-વિજયરાજ્યે તસ્ય ભ્રાતા કુમારપદે શ્રીવિભાજી વિજયરાજ્યે

૫. નંદવાણાજ્ઞાતિય ગૌતમ-ઋષિકુલોદ્ભવ ઉપાધ્યાયજી દાસા તત્સુત ઉપાધ્યાય શ્રી લુણા તસ્ય ભાર્યા બાઈ પદ્મા તત્સુત રવો તથા ભુદર તથા બાઈ મેટી તથા પિતામ્બર ખોળાત્મજ વાસુદેવ ભૂદરાત્મજ કૃષ્ણદાસ

૭. તથા લક્ષ્મીદાસ એવંવિધ પુત્રપૌત્રવાન ઉપાધ્યાય ત્રાસણી શ્રીવિષ્ણુશિવાની આજ્ઞા થકી શ્રીબ્રહ્મ-ચારેશ્વરનું તથા શ્રીહનુમાનજીનું પ્રસાદ (મંદિર) સંપૂર્ણ કીધું સંપૂર્ણ કરીને શ્રી વિષ્ણુશીવનાં ચરણ પામ્યા

શ્રીગણેશગોત્રદૈવ્યો પ્રસાદાત પૂણ્યાત દીર્ઘમાય સન્તુ ગૃહે વૃદ્ધિશતાનિ ભવતુ ઉતરે કર્મેણ્ય નિર્વિઘ્નમસ્તુ શ્રીરસ્તુ સુત્રધાર સદાફલ કર્તા પ્રાસાદનું નામ રાજ્યદઃ સકલવારિધિતાશ્ચરૈક્ષિતિ-ધરૈરખિલૈશ્ચ વિરાજતે ગગનમંડળમંત્રરવીંદુ મજ્જયતિ તાવત અયં હિ વિરાજતે

૮. સંવત નંગગજે રસેંદુસહિતં માસે નભસ્યેસિતે ચાન્યે રિક્તાતિથૌ કુજેન સહિતે ગવુતરેશ્યાદિએ યોગે બ્રહ્મ...

સભાઅથે કરણોશ્ચ્યાદિ સ્થિરે રાજ્યેત્ર પ્રાસાદેત્ર ચ પૂર્ણજો કરો રક્ષીદાસણારયાત્ર દ્વિજ બ્રહ્મ-ચારીશ્વરાય પ્રાસાદસ્ય ચ રક્ષિતા યો હિ સ્વર્ગમ પ્રવાત્ય ત્રયો નરકે યાત્વ રક્ષિતા.

ઉપરના અશુદ્ધ શિલાલેખ ઉપરથી આ મંદિર વિક્રમ સં. ૧૬૮૨ ના ભા.વ.૧૪ મંગળે સંપૂર્ણ થયું અને એના પ્રથમ બંધાવનાર સાંઢેલ બ્રહ્મચારીશ્વરના નામ ઉપરથી 'બ્રહ્મચારેશ્વર' નામ અપાયું અને બીજા બંધાવનાર ગૌતમઋષિકુલોત્પન્ન ઉપાધ્યાયજી દાસા, એનો પુત્ર લુણા, આ લુણાની ભાર્યાનું નામ પદ્મા અને એના પુત્રનાં નામ રવો તથા ભુદર અને પુત્રી બાઈ મેટી તથા પીતાંબર ખોળાનો આત્મજ પુત્ર વાસુદેવ અને ભુદરાત્મજ એટલે પુત્ર કૃષ્ણદાસ તથા લક્ષ્મીદાસ લખેલ છે. એ પ્રમાણે શ્રી દાસાજીએ શરૂ કરાવેલ મંદિર એમના પુત્ર લુણા, પૌત્ર રવા ને ભૂદર તથા પ્રપૌત્ર કૃષ્ણદાસના વખતમાં સંપૂર્ણ થયું.

ઠે. મસ્જિદ શેરી, કાલાવડ-શીતળા–૩૬૧૧૬૦

---

[અનુ. પા. ૮૩ થી ચાલુ]

## ૧૧. વચ્ચિષ્ટ ગોત્ર

(સૌરાષ્ટ્રમાં વસિષ્ઠ ગોત્ર . મારવાડમાં વચિષ્ઠ ગોત્ર)

સૌરાષ્ટ્રમાં વચ્ચિષ્ઠ ગોત્ર અને મારવાડમાં વશિષ્ઠ ગોત્ર કહે છે. એની કુલદેવી ગોરી, મિત્ર શર્મા, સિદ્ધ વિનાયક દેવ, યક્ષ નાગતીય, સોમેશ્વર મહાદેવ. ભૈરવ સચિવ, યજુર્વેદ, શાખા માધ્યંદિની

**પંચ પ્રવર :** ૧. વચ્છસ, ૨. ચ્યવન, ૩. ભાર્ગવ, ૪. વિશ્વામિત્ર, ૫. જમદગ્નિ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમદાવાદના સેન્ટ જ્યોર્જ ચર્ચની બૅપ્ટિસ્ટ્રી

પ્રો. થોમસ પરમાર

અમદાવાદના કેન્ટોન્મેન્ટ વિસ્તારમાં પ્રસિદ્ધ હનુમાનજીના મંદિરની સામે ગોથિક શૈલીમાં બંધાયેલું સેન્ટ જ્યોર્જનું ચર્ચ આવેલું છે. આ ચર્ચ ૧૦૯ વર્ષ જેટલું પુરાણું છે. અમદાવાદનાં દેવળોમાં એનું સ્થાપત્યકીય મૂલ્ય વિશેષ છે.[૧] ચર્ચના મુખ્ય પ્રવેશથી દાખલ થતાં ડાબી બાજુએ બૅપ્ટાઈઝ(baptise) માટેની બૅપ્ટિસ્ટ્રી (baptistry) આવેલી છે. ખ્રિસ્તી ધર્મમાં નામકરણનો વિધિ 'બૅપ્ટાઇઝ' તરીકે ઓળખાય છે અને જ્યાં આ વિધિ કરવામાં આવે છે તે ચર્ચનો ભાગ 'બૅપ્ટિસ્ટ્રી' તરીકે ઓળખાય છે. આ ચર્ચની બૅપ્ટિસ્ટ્રીની અષ્ટકોણીય પીઠ પર લેખ કોતરેલો છે. બૅપ્ટિસ્ટ્રી ૧૦૪ સે. મી. ઊંચી છે, એની પીઠિકા અષ્ટકોણ ઘાટની છે. અષ્ટકોણની દરેક બાજુ ૧૪.૫ સે. મી. લાંબી અને ૧૦.૫ સે. મી. પહોળી છે. એક પંક્તિમાં લખાયેલો લેખ અષ્ટકોણની છ બાજુઓ રોકે છે.[૨] લેખ બરાબર પશ્ચિમની દિશાએથી શરૂ થાય છે અને એ અંગ્રેજી ભાષામાં લખાયેલો છે, જે આ પ્રમાણે છે: In Loving Memory of Thomas J. & Balter J. Hughes 1881.

આનો ભાવાર્થ એ થયો કે થોમસ જે. અને બાલ્ટર જે. હ્યુગ્સની પ્રેમાળ સ્મૃતિમાં ૧૮૮૧ માં આ બૅપ્ટિસ્ટ્રી રચવામાં આવી હતી. (લેખનો કૅપિટલ અક્ષર ૬×૪.૫ સે. મી. નો અને નાનો અક્ષર ૩×૨.૫ સે. મી. નો છે. મોટા અક્ષરમાં લાલ રંગ પૂરેલો છે.)

આ બૅપ્ટિસ્ટ્રીની ઉપરની પાણીની કૂંડી (નામકરણ-વિધિમાં બાળકના મસ્તકે પાણીનો છંટકાવ કરીને કરવામાં આવે છે તેથી કૂંડીની જરૂર પડે છે) પણ અષ્ટકોણ ઘાટની છે, જેની દરેક બાજુ ૨૦ સે.મી.× ૨૯ સે.મી. માપની છે. આ દરેક બાજુ પર કરેલાં શિલ્પાંકનો ઉલ્લેખનીય છે. બરાબર પૂર્વની બાજુએ નીચે મુખ અને ઉપર પૂંછડી હોય એ રીતે ઊડતા એક કબૂતરનું આલેખન છે. ખ્રિસ્તી ધર્મમાં કબૂતર એ પવિત્ર આત્મા(Holy Spirit)નું પ્રતીક છે. ઈસુ ખ્રિસ્તે સેન્ટ જ્હોન બૅપ્ટિસ્ટ દ્વારા બૅપ્ટાઇઝ લીધું ત્યારે આકાશમાં પવિત્ર આત્મા કબૂતરના સ્વરૂપે ઈસુ પર ઊતર્યો મનાય છે એ હકીકત અહીં કબૂતરના આલેખનમાં રજૂ થઈ છે. આ પછી અગ્નિ ખૂણાની બાજુ પર છ ખૂણાવાળા તારાનું ચિહ્ન અંકિત છે. આ સુશોભન 'ડેવિડના તારા' અને 'સોલોમનની મુદ્રા' તરીકે ઓળખાય છે. તારાની મધ્યમાં ત્રિદલ (Trifoil)ની ભાત છે. આ પછી દક્ષિણની બાજુ પર I H S અક્ષરો એકબીજા સાથે ભેળવીને સંયુક્તાક્ષર (monogram)નું આલેખન છે તે લેટિન ભાષાના In Hoc Signoનું સંક્ષિપ્ત સ્વરૂપ છે, જેનો અર્થ થાય છે 'લોકોનો તારણહાર ઈસુ'. બાદ નૈઋત્વ ખૂણાની બાજુ પર બેવડા વર્તુલનું અંકન છે. અંદરના નાના વર્તુલમાં ત્રણ નાનાં વર્તુલો આલેખ્યાં છે અને આ દરેક નાના વર્તુલમાં ત્રિદલની ભાત કોતરેલી છે. આ ત્રણ વર્તુલો તથા ત્રિદલની ત્રણ પાંખડી એ ખ્રિસ્તી ધર્મના ત્રૈક્ય (Trinitv)ના સિદ્ધાંતની રજૂઆત કરે છે. ખ્રિસ્તી ધર્મમાં પિતા (God), પુત્ર (Christ) અને પવિત્ર આત્મા (Holy Ghost) મળીને ઈશ્વરનું સ્વરૂપ થાય છે. આ માન્યતાને 'ત્રૈક્યનો સિદ્ધાંત' કહે છે. પશ્ચિમની બાજુ પર ઘેટું આલેખ્યું છે. ઘેટાએ આગળના જમણા પગ વડે ધ્વજદંડ ધારણ

[અનુ. પા ૮૧ નીચે]

૧. થોમસ પરમાર, 'ખ્રિસ્તી દેવળો,' ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૮ (સંપા.' શાસ્ત્રી હરિપ્રસાદ અને પરીખ પ્રવીણચંદ્ર), પૃ. ૫૧૨

૨. આ દેવળનું ક્ષેત્રીય શોધકાર્ય (Fieldwork) કરીને આ લેખ તૈયાર કર્યો છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતની અસ્મિતા : લોથલ

[શોધના મંડાણની નોંધ]

શ્રી. કાંતિલાલ ત્રિપાઠી

લોથલ ટીંબો શાથી અને કેવી રીતે શોધવામાં આવ્યો ?

ઈ. સ. ૧૯૪૭ માં ભારત સ્વતંત્ર થયું એ સમયે હડપ્પીય (સિંધુ ખીણ) સંસ્કૃતિવાળાં સ્થળો મોહેં-જો-દડો અને હડપ્પા વગેરે પાકિસ્તાનમાં જતાં રહેતાં, ભારતીય ગૌરવ માટે હડપ્પીય સ્થળો શોધવા કેંદ્ર સરકારના આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયાએ ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં આવેલી પોતાની ઑફિસોમાં આદેશ આપતાં ગુજરાતમાં કેંદ્ર સરકારના, ભારતીય પુરાતત્ત્વસર્વેક્ષણ, પશ્ચિમ વિભાગ 'વડોદરાની ઑફિસના વડા ડૉ. એસ. રંગનાથ રાવે સૌરાષ્ટ્રમાં પ્રાચીન ટીંબાઓની શોધખોળ કરતાં કરતાં સૌરાષ્ટ્રના ઝાલાવાડ-લીંબડી તાલુકામાં, ભાદર નદીને કાંઠે વસેલા રંગપુર ગામે, પ્રાચીન ટીંબા ઉપર આવી માટીપાત્રો એકત્ર કરતાં સાધારણ એવાં એંધાણ સાંપડ્યાં કે અહીંયાં હડપ્પીય સંસ્કૃતિ છુપાઇને પડેલી છે. આથી સને ૧૯૫૪ ના જાન્યુઆરી માસમાં ખોદકામ શરૂ કરેલું.

એ ખોદકામમાં તામ્રકાંસ્ય યુગવાળી હડપ્પીય સંસ્કૃતિના અવશેષોમાં અનેકવિધ ઓજારો, આયુધો, માટીનાં ઘરેણાં, કલાકૃતિઓ, ઘરવપરાશના દાગીના, માટીપાત્રો અને એ ઉપર પશુ મોર તેમજ વૃક્ષનાં ચિત્રો, ચકમકની છરીઓ, તામ્ર-વસ્તુઓ, વજનિયાં, માટીની ત્રિકોણાકાર થેપલીઓ, લોટા, વાડકા, થાળીઓ, કોડિયાં, માટીના દડા, કાણાં કાણાંવાળી બરણીઓ, બીકર, પ્યાલા વગેરે સાથે ચાર વસાહતો મળેલી, લાલ માટીનાં પોલિશ કરેલાં માટીપાત્રોની સાથે માટીના થરો તેમજ અન્ય બીજા પુરાવા અને સાધનોના આધારે એઓના સંક્રમણ-કાલનો સમય ઓળખાતાં અમો બધા એવા તારણ ઉપર આવેલા કે અહીંયાં વસેલઓ હડપ્પીય સંસ્કૃતિનો નાશ ન થતાં, કારણોસર ધીરે ધીરે ક્યાંક બીજે ચાલ્યા ગયેલા છે. એ સંસ્કૃતિ ક્યાં ગઈ હશે એ અંગે અનુમાન કરવામાં આવેલું કે કદાચ રંગપુર, ભાલ પ્રદેશ નજીક હોવાને કારણે એઓ એ તરફ પણ ગયેલા હોઈ શકે। આથી એઓનું પગેરું શોધવા ડૉ. એસ. આર. રાવ સહિત અમારી ટુકડીએ ભાલ-નળકાંઠા પ્રદેશના ધંધુકા તથા ધોળકાના એક એક ગામના પ્રાચીન ટીંબા-ટેકરા જોતા-તપાસતા, ત્યાંનાં માટીપાત્રો તથા કોઈ ઍન્ટિક્વિટીઝ મળે તો એ વગેરે એકત્રિત કરતાં કરતાં ધોળકા તાલુકાના લક્ષ્મીપુરા ગામથી એક ટીંબો જોવામાં આવ્યો, જે એક કિલો-મીટર દૂર હતો. અમો ત્યાં જવા માગતા હતા, પરંતુ વરસાદના પાણીથી નેળવાળા એ સાંકડા રસ્તા, ઠેર ઠેર પડી ગયેલા ખાડા, ઢીંચણ સુધી ભરાયેલાં પાણી વગેરેને કારણે અમોએ ગામમાં જીપ મૂકીને, એ ગામના એક ભાઈને સાથે લઈ કાદવ કિચ્ચડ કાંપ ખૂંદતા ખૂંદતા, પાણી ડહોળતા, લપસણી જમીનમાં કાળી માટી હોઈ લપસતા પડતા આખડતા ત્યાં પહોંચી ગયા. એ દિવસે સને ૧૯૫૪ ના નવેમ્બર માસની ૧૩ મી તારીખ હતી.

સાથે લાવેલા ભાઈને ટીંબાનું નામ પૂછતાં જણાવેલું કે અમો બધા ખેડૂતો 'લોથલ'ના નામે ઓળખીએ છીએ. એવા એ લોથલ ટીંબા ઉપર ચડતાં ચડતાં અને સમસ્ત ટીંબા ઉપર ફરતાં ફરતાં, ઍન્ટિકવિટીઝ અને માટીપાત્રો વીણી વીણી જેટલાં એકત્રિત થાય તેટલાં એકત્રિત કરતાં લગભગ બે-થી ત્રણ કોથળા માટીપાત્રોથી ભરાઈ ગયેલા, આથી અમો આનંદ-વિભોર બની ગયેલા, કેમકે રંગપુર-માંથી છેક નીચેના માટીના થરોમાંથી જે હડપ્પીય માટીપાત્રો તથા ઍન્ટિકવિટીઝ મળેલી તે અહીંયાં ટીંબાની ઉપરથી જ ખૂબ સાંપડવા લાગતાં, અમારો આત્મવિશ્વાસ એવો દૃઢ થયો કે આ ટીંબા ઉપર જો ખોદકામ કરવામાં આવે તો દટાઈ ગયેલા પુરાવશેષો એક અજબની શોધ પુરવાર કરશે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ વિચારે અમોએ રંગપુર ખાતેનું ખોદકામ ત્વરાથી પૂર્ણ કરી લોથલ ખાતે શરૂ કરેલું. આમલો થલ શોધવામાં અને દસ વર્ષ સુધી ચાલેલા ખોદકામમાં એટલે કે પૂર્ણ થતાં સુધી અને એનો સંપૂર્ણ રિપોર્ટ બહાર પ્રગટ થતાં સુધી માત્ર ગુજરાતી તરીકે ડૉ. એસ. આર. રાવની સાથે કામ કરવાનો મને એકલાને યોગ મળ્યો હતો.

## ભારતભરનાં હડપ્પીય સ્થાનોમાં એન્ટિક્વિટીઝમાં સૌથી વધુ સમૃદ્ધ સ્થાન લોથલ :

પૃથ્વી પર જેણે ડંકો વગાડ્યો છે તેવા લોથલના ટીંબાના ગર્ભમાં દટાયેલા નગરની અજબ શોધે ગુજરાતને, ગુજરાતની પ્રજાને એક મહાન વારસાનું કાયમી ગૌરવ અપાવ્યું છે. આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે ખ્યાતિ ધરાવતું, પૃથ્વી પરના પુરાવસ્તુવિદોનું ધ્યાન ખેંચતું, ભારતીય પુરાતત્ત્વના ઇતિહાસમાં મહત્ત્વનું મહત્તર સ્થાન ધરાવતું હોઈ ઇતિહાસકારો-પુરાતત્ત્વવિદોનું અધ્યયન-સંશોધન અર્થે મહાવિદ્યાલય બનેલું છે. પરિણામે વિદેશી વિદ્વાનો જ્યારે ભારતમાં આવે છે ત્યારે અભ્યાસાર્થે લોથલની મુલાકાત અચૂક લેતા જ હોય છે, કેમકે અપ્રતિમ મહત્ત્વ ધરાવતો ભારતનો આ મહાન વારસો છે.

સ્વતંત્ર ભારતનું સર્જન થતાં, મોહેં-જો-દડો અને હડપ્પા પાકિસ્તાનમાં ચાલ્યા જતાં બીજા સંસ્કારકેન્દ્રોને સિંધુ ખીણની સંસ્કૃતિની પ્રતિકૃતિ પૂરી પાડવા માટે ભારત પાસે આ એક જ પ્રાગૈતિહાસિક સ્થળ લોથલ છે, જે જોતાં મોહેં-જો-દડો અને હડપ્પા જોયાનો સંતોષ અનુભવાય છે.

## પૃથ્વી પરના દેશોમાં લોથલે પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે :

મોહેં-જો-દડો અને હડપ્પાની સંસ્કૃતિએ જે ફાળો આપ્યો નથી તે લોથલે આપેલો છે. આજ સુધી કોઈ પણ સ્થાનોમાંથી મુદ્રાઓ મળી નથી તે લોથલે આપી છે. બંદર સાથેનું લંગર ક્યાંય મળેલ નથી, એ સાબરને તીરે બાંધેલું ગોદી સાથેનું બંદર લોથલે આપ્યું છે. સતીપ્રથાના સંકેત દર્શાવતાં સ્ત્રી-પુરુષ સાથે દાટેલાં હાડપિંજરો લોથલના સ્મશાનગૃહે પૂરાં પાડ્યાં છે. માટીનાં તેમજ અન્ય ધાતુ અને સોનાનાં પદકો, જેને હાલમાં આપણે મંગળસૂત્ર તરીકે ઓળખીયે છીએ તે, પહેરવાની પ્રથા લોથલની પ્રજાએ જ શરૂ કરી હોય એમ માનવાને કારણ મળે છે. આ ઉપરાંત નાની એવી એક ચિત્રિત બરણી ઉપર વૃક્ષ નીચે ઊભેલું શિયાળ, ઝાડ ઉપર બેઠેલા કાગડાને જોઈ "દ્રાક્ષ ખાટી છે!" એ વાર્તાના યાદ અપાવે છે. આ ઉપરાંત એક ચિત્રિત ઠીકરા ઉપર વૃક્ષ સર્પ તેમજ મંદિર ચીતરેલ છે, જેનો સંકેત એવો ઘટાવી શકાય કે અહીંની પ્રજા વૃક્ષપૂજા-નાગપૂજામાં માનતી હતી. કદાચ લોથલની પ્રજા કઈ સંસ્કૃતિની હતી એના સંશોધનમાં આમ લોથલ મહત્ત્વનો ફાળો ફાળવી શકે ખરું.

મોહેં-જો-દડોનો અર્થ સિંધી ભાષામાં 'મરેલાંઓનો ટીંબો' થાય છે તેમ લોથલ'નો અર્થ પણ ગુજરાતીમાં 'લોથ, લાશ, મડદું, મડદાંઓનો ઢગ' થાય છે. મોહેં-જો-દડો અને હડપ્પા નગરના આયોજન મુજબ જ લોથલ નગરનું આયોજન થયેલું હતું. લોથલ એનું ઉત્તર-સમકાલીન હતું.

હડપ્પાના ખોદકામમાંથી મળેલા પુરાવશેષો કઈ પ્રજાના જાતિના રાષ્ટ્રના છે એનો એ સમયે હજુ સુધી અભ્યાસ ન થયાને કારણે, કામચલાઉ પુરાતત્ત્વવિદોએ એ સંસ્કૃતિને હડપ્પીય સંસ્કૃતિ તરીકે ઓળખાવી. એવાં સ્થળો હાલમાં પણ જ્યાં જ્યાં મળે છે ત્યાં ત્યાં એને કામચલાઉ હડપ્પીય સંસ્કૃતિના અવશેષો તરીકે ગણવામાં-ઓળખવામાં આવે છે, પરંતુ ભારતના પુરાતત્ત્વવિદો ભારતની કઈ સંસ્કૃતિ કઈ જાતિની છે એ અંગેના સંશોધનમાં કેમ લાગી જતા નથી? શાથી? એ એક મોટો પ્રશ્ન છે.

જેઓને યુરોપીય વિદ્વાનોએ ગેરસમજથી 'આર્ય' સંજ્ઞા આપી છે અને જે હકીકતમાં તો હિમાલયના મધ્ય પ્રદેશમાંથી વિકસી આવેલી છે તેવી ઉજળિયાત પ્રજા ભારતવર્ષમાં ફેલાઇ નીચે આ પ્રદેશમાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉચ્ચ કક્ષાની સંસ્કૃતિ પ્રાપ્ત કરેલી હતી. જૂની પ્રજા વધુ આગળ પડતી હતી. નગર-આયોજન, મકાનની બાંધણી અને જાહેર આરોગ્ય બાબતમાં એઓના ધોરણ અને જ્ઞાન ખૂબ ઊંડાં અને ઊંચાં હતાં.

### હાલમાં લોથલ ટીંબો કયાં આવ્યો એની માહિતી :

હડપ્પાના ઉત્તર-સમકાલનો લોથલનો ટીંબો હાલની સાબરમતી અને ભોગાવાના સંગમ નજીક, કાંપવાળા સપાટ મેદાનમાં કે જ્યાં ઘઉં અને કપાસ ખૂબ થાય છે તેવા દરિયાઈ દોઆબ પ્રદેશમાં, જ્યાં સાબરમતી અને ભોગાવો એ બંને નદીઓ દરિયાને મળે છે તેવા બંદરીય સ્થળે દરિયાઈ ખેડ કરનારા હડપ્પીય લોકોને આકર્ષ્યા હતા અને એઓએ આ સ્થાને આવી, ગ્રામ વસાવી બંદર બાંધેલું, જે સ્થળ-સ્થાન હાલમાં અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરગવાળા ગામની સીમમાં, ખંભાતના અખાતની પાસે એટલે કે ઉત્તરે સોળેક કિ.મી. અંદર, અમદાવાદ-બોટાદ-રેલવે લાઈન ઉપર લોથલ-ભૂરખી સ્ટેશનેથી અને સ્ટેશન પાસેના ગામ ગૂંદીથી દક્ષિણ તરફ પાંચ કિ. મી. અને લક્ષ્મીપુરાથી એક કિ. મી. દૂર આવેલો છે.

### લોથલનું ખોદકામ કયારે આરંભાયું ? એનાં વિસ્તાર તથા માપ :

૧૯૫૪ના નવેમ્બર માસમાં લોથલનો ટીંબો શોધી કાઢવામાં આવ્યો ત્યારે એ લગભગ ૧૯૦૦ ફૂટ એટલે કે અડધો માઈલ લાંબો, ૧૦૦૦ ફૂટ એટલે કે ૦। માઈલ પહોળો અને બાવીસ ફૂટ ઊંચો મળી આવેલો અને એના ઉપર ૧૯૫૪ની શરૂઆતમાં ખોદકામ શરૂ કરેલું, જે સતત સાત વર્ષ સુધી, બાદમાં જરૂરતે બીજાં ત્રણ વર્ષ, એમ કુલ દસ વર્ષ સુધી ચાલેલું. ત્યારે એવું નિર્ણીત થયેલું કે લોથલ બે કિ.મી.ના પરિઘમાં એટલે કે ઉત્તર-દક્ષિણે ૩૦૦ કિ.મી. અને પૂર્વ-પશ્ચિમ ૪૦૦ કિ.મી.માં વસેલું હતું જ, જે સૌ-પ્રથમ નાના ગામડા જેવું હતું, પરંતુ એનો વિકાસ સધાતાં એ નગર બની ગયેલું.

ખોદકામના પ્રારંભમાં સૌ-પ્રથથ સપાટીની પદ્ધતિથી ખોદેલા એક ખાડામાંથી સૌ-પ્રથમ સેલખડીની એક 'ચકલી'ની મુદ્રા પ્રાપ્ત થયેલી. લોથલ વસાહતની પાંચ અવસ્થાઓને, જેમાંથી ચાર અવસ્થાઓને લોથલ 'અ' તરીકે અને પાંચમી અવસ્થાને એટલે કે પાછળથી મોડી આવીને એની ઉપર જ વસેલી વસાહતને લોથલ 'બ' તરીકે એમ, બે વિભાગોમાં વહેંચી નાખવામાં આવી છે. પ્રથમ કાલ લોથલ 'અ'નો સમય ઈ. સ. પૂર્વે ૨૪૦૦ થી ૧૯૦૦ નો છે અને 'બ'નો સમય ઈ. સ. પૂર્વે ૧૯૦૦ થી ૧૬૦૦ નો છે. આ પાછલો અંતસમયનો છે.

### ત્યાં આવેલા મોટા પૂરથી લોથલનો નાશ થયેલો :

અવારનવાર ત્યાં પૂર આવતાં રહેતાં હતાં અને એ કારણે સ્થાનની ધીરે ધીરે પડતી થવા લાગેલી. એમાંય વળી ઈ. સ. પૂર્વે ૧૯૦૦ માં ત્યાં આવેલા સૌથી મોટા અને છેલ્લા પૂરે એનો સદંતર નાશ કરેલો. વળી પાછા લોકોએ ત્યાં આવી પુનઃ આ સ્થળે વસવાટ શરૂ કરી લાંબા સમય સુધી નિવાસ કરેલો, પરંતુ એઓ નબળી પરિસ્થિતિમાં જ રહેલા હતા.

### નગર-આયોજન અને સંરક્ષણ-દીવાલ, રસ્તા અને એની પહોળાઈ, મકાનો શેરીઓ :

દૂર-અંદેશી એવા એલોકોએ પૂરના ભયને લક્ષમાં રાખીને જ નગર-આયોજન કરેલું હતું. મકાનોના સંરક્ષણાર્થે તડકે સૂકવેલી કાચી ઈંટોના ઓટલા બનાવી એની ઉપર ઘરો બાંધેલાં હતાં અને નગરનાં સંરક્ષણાર્થે તેર મીટર જાડી એવી કાચી ઈંટોની દીવાલ બનાવેલી. એના પાછળના ભાગે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાકી ઈંટોનો ટેકો આપેલો છતાંય પૂર એ દીવાલને તોડતું રહેતું હતું. તૂટે જ્યાં ભાગો કાચી ઈંટોને બદલે ઈંટો ને માટીથી ભરી પૂરી દેવામાં આવતા હતા.

નગર વિવિધ પ્રકારના જુદા જુદા વિભાગોમાં વહેંચાયેલું હતું. નગરના માર્ગો પાંચ મીટરથી માંડી તેર મીટર સુધીના પહોળા સરળ સીધા અને સગવડભરેલા હતા. રસ્તાઓની બંને બાજુએ અડોઅડ હારબંધ મકાનો, કાટખૂણે કાપતી શેરીઓ, ગલીઓ, પાણીના નિકાલ અર્થે મોરીઓ, ઘરની નાની નીકો, મોટી નીકો, કોઠીઓ ગટરો ખાળકૂવા બજારો કૂવા કારખાનાં બંદર વખાર ગોદી સ્મશાન વગેરે મુખ્યત્વે હતાં.

**કૂવો ધક્કો ગોદી વખાર :**

મ્યુઝિયમ તરફથી જતાં ટીંબા ઉપર સૌ-પ્રથમ પ્રવેશતાં જ ડાબા હાથે પશ્ચિમ દિશામાં પાકી ઈંટોનો એક ગોળ કૂવો આવે છે અને જમણા હાથે પૂર્વ દિશામાં પચાસ ટન સુધી માલ ભરેલાં ગીસેક જેટલાં શઢવાળાં વહાણ અને મોટી હોડીઓ લાંગરવાની ક્ષમતા ધરાવતો તથા હલેસાં માટે પૂરતી ઊંડાઈની સગવડ એટલે પાકી ઈંટોનો બાંધેલો પાકો ધક્કો (ડોક્યાર્ડ) આવે છે, જે ૨૧૪ મીટર એટલે કે ૭૧૦ ફૂટ લાંબો અને ૩૬ મીટર એટલે કે ચૌદ ફૂટ ઊંડો છે. એની દક્ષિણી દીવાલમાં લાકડાનાં પાટિયાં-થી ઉઘાડ-વાસ થઈ શકે એવી જોગવાઈવાળું ગરનાળું છે, જેનો ઉપયોગ દરિયામાં આવતી નાની-મોટી ભરતીના સમયે ધક્કામાં પાણી લાવવામાં તથા વધારાનું પાણી બહાર કાઢવામાં થતો હતો. એ જ દક્ષિણી દીવાલની પહોળાઈનો વહાણો બાંધવા માટે લંગરો નાખવા-ઘાલવા અર્થે બાકોરાં તેમજ કાણાં-વાળા ખૂબ વજનદાર ભારે પથ્થરો, લંગરો (ઍન્કર), માટીની નાની એવી પાંચેક હોડીઓ, હોડીઓ-માંથી માલસામાન ઉતારવા તથા ચડાવવા અર્થે ધક્કાની પશ્ચિમી દીવાલથી માંડી વખાર સુધી ગોદી તરીકે ઉપયોગ થતો હતો. આ બધા અવશેષો હાલમાં પણ જોવા મળે છે.

ભારતવર્ષના પશ્ચિમ કિનારા ઉપરનું આ એક મહત્ત્વનું બંદર હતું. એ દરિયાઈ વેપારને કારણે પોતાનાં હડપ્પીય નગરો, ઈરાનનો અખાત, મેસોપોટેમિયા ઈજિપ્ત વગેરે સાથે સંબંધ ધરાવતું હતું. વેપાર-વિનિમયમાં આ બંદરેથી વિવિધ પ્રકારના કિંમતી તેમજ અર્ધકિંમતી પથ્થરોના મણકા, તાંબું હાથીદાંત શંખ છીપલાં અને કદાચ સુતરાઉ કાપડની આયાત-નિકાસ થતી રહેતી હતી. આવું બંદર ભારતવર્ષના કોઈ પણ હડપ્પીય સ્થળેથી તેમજ મોહેં-જો-દડો અને હડપ્પા વગેરેની નજીકમાંથી મોટી નદીઓના કિનારાઓ પર અને સમુદ્રકિનારે પણ મળેલું નથી.

આ સ્થાનેથી આગળ વધતાં ગોદી (ગોડાઉન) અને જેટ્ટી યાને માલસામાન ભરવાની વખાર આવે છે, જે ધક્કાને અડીને ૧૯×૩૦ ચોરસ મીટરના એટલે કે ૧૪૦×૬૦ ફૂટ કાચી ઈંટોના પ્લેટ-ફોર્મ ઉપર બાર જેટલાં ગચિયાં યાને ચોતરાથી બાંધેલી છે. એ દરેક ગચિયા વચ્ચે વચ્ચે ચારેય બાજુ ત્રણ ફૂટ પહોળી એવી નાની નેળો છે. ગચિયાં ચાર ચારની પંક્તિમાં, ત્રણ હરોળમાં વહેં-ચાયેલાં છે. એના ઉત્તર છેડે એક એક એવી ત્રણ હરોળનું પાણી જવા માટેની પાકી ઈંટોની નીક બનાવેલી છે. વખાર ઉપરની લાકડાની ઈમારત આગથી નાશ પામેલી, પરિણામે કાચી ઈંટોને અગ્નિજ્વાળાઓ લાગતાં એ ઈંટો લાલ દેખાય છે. એ સમયે એ વખારમાં સંગ્રહાયેલી રૂની ગાંસડીઓમાંથી બળીને છૂટી થઈ ગયેલી મુદ્રાઓ(સીલ્સ)ની લગભગ પંચોતેર જેટલી ડાઈ મળી આવી છે. ઉપરાંત પાકેલા માટીના ગોફણ-ગોળા, ત્રિકોણાકાર ટીકડીઓ, રાખ કોલસા વગેરે પણ એમાંથી પ્રાપ્ત થયેલાં હતાં. આ સ્થાનેથી મળેલી મુદ્રાઓની ડાઈ મોહેં-જો-દડો હડપ્પા તેમજ અન્ય હડપ્પીય સ્થાનોમાંથી ક્યાંય પણ પ્રાપ્ત થયેલ નથી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### સ્નાનગૃહો જાજરૂ કોઠીઓ અને મોટી-નાની ગટરો:

આ વખાર-કોઠારની સાથે જ દક્ષિણ દિશા તરફ એટલે કે એની થોડેક બાજુમાં દક્ષિણ-પશ્ચિમે એક ખૂબ ઊંચા ઓટલા ઉપર નાની નહાણી અને એની નાની નીક તથા એ નીકની નીચે દાટેલ મધ્યમ કદનું માટલું હાલમાં જોવા મળે છે, જે દર્શાવે છે કે ઈ.સ. પૂર્વે ૧૯૦૦ ના મહાપૂરથી થયેલા નગરના નાશ પછી લોકો પુનઃ આવીને વસેલા છે.

આની સામે જ વખાર-કોઠારની સામે, ઉત્તર દિશા તરફ જોતાં જ, પાકી ઈંટોનાં આઠેક સ્નાન-ગૃહો મળી આવેલાં છે, જેમાં પોલિશ કરેલી ઈંટોની ફરસબંધી છે. એની આજુબાજુના ભોયતળિયામાં કાચી ઈંટો વાપરેલી છે. આ સ્નાનગૃહોની નીકોનું પાકી ઈંટેરી ગટરનું પાણી મોટી બીજી ગટરમાં વાળવામાં આવેલું છે અને એ દક્ષિણ દિશા તરફ ખૂબ દૂર સુધી જતું હતું તથા પાકી-ઈંટોની જાડી દીવાલથી ઊંચા ઓટલા જેવું બાંધેલુ હતું તેના ઉપર થઈને પડતું હતું. પાકી ઈંટો-ની વચ્ચે ચૂનાના કોલનો ઉપયોગ થયો હતો.

આ આઠ સ્નાનગૃહોની પાછળના ભાગમાં આવેલી ગલીનાં સાંકડાં મકાનોને જોઈશું તો એ ઊંચી ઊભણીવાળાં, નાનાં મકાનોમાં નાની નાની ચોકડી અને એનું પાણી નાના નાના ખાળકૂવા-ઓમાં પડી એમાં કચરો રોકાઈ જતાં જતાં એ મેલું પાણી ચોકડીની નીક વાટે સો ફૂટ જેટલી લાંબી બંધ ગટરમાં જાય છે. આ ગટર ઉપર જાજરૂની એક કોઠી પણ ગોઠવેલી છે અને ગટરના વળાંક પાસે પાકી ઈંટોનો એક કૂવો પણ બનાવેલો છે. આ બંધ ગટરના પાણીનો મોટા એક કૂવા-સમા ખાડામાં પડી નદી તરફ નિકાલ થતો રહેતો હતો. એ ખાડામાંના કચરાને સાફ કરવા, એમાં ઊતરવા તેમજ પડતા પાણીનું જોશ તોડવા લાકડાંઓના ડંડા ઘાલવા પૂર્વ-પશ્ચિમ દીવાલોમાં બાકોરાં પણ રાખેલાં છે. ગટરની સાથે બીજી સમાંતરે પણ મોટી ગટર છે. ગટરોને ઢાળ પણ આપેલો છે. **એ બંધ ગટર અને એના વળાંક પાસેનો કૂવો મોહેં-જો-દડો અને હડપ્પાની પ્રતિકૃતિ છે.** ખોદકામ દરમ્યાન પાંચથી તેર મીટર પહોળી એવી ચારેક જેટલી શેરીઓ પણ મળી આવી છે.

### મણકા બનાવવાનું કારખાનું, ભઠ્ઠો અને મોટાં મકાન:

આ સ્થાનેથી આગળ ચાલતાં પશ્ચિમ દિશામાં હુન્નર-ઉદ્યોગવાળાઓએ કાચી ઈંટોનાં બાંધેલાં બે મોટાં મકાનો જોવા મળે છે, જેમાં જમણા હાથ તરફના મકાનના એક ભાગમાં કાચી ઈંટોનો લાંબો ઓટલો છે. એ ઓટલાની અંદર દાટેલું એક મોટું માટલું છે. બંને બાજુએ બબ્બે ઓરડીઓ આવેલી છે. આવા એ સ્થાન-મકાનમાંથી અકીક ચકમક જેસ્પર કાર્નેલિયન વગેરે વિવિધ પથ્થરો-માંથી તેમજ શંખ ને છીપલાંમાંથી તૈયાર કરેલા અધૂરા રહેલા, એક બાજુ કાણાં પાડેલા છૂટી ગયેલા સંખ્યાબંધ મણકા તેમજ એનો કાચો માલ વગેરે પ્રાપ્ત થયેલ, જેથી એ મકાન મણકા બનાવવાનું કારખાનું હતું એમ સિદ્ધ થયેલું છે. એની પાસે જ સામે પૂર્વ દિશામાં આયોજનપૂર્વક તૈયાર કરેલો એનો એક ભઠ્ઠો પણ મળી આવેલો છે.

એ ભઠ્ઠાના ઉપરના ભાગમાં ચાર બાકોરાં અને વચમાં નીચે ચૂલા જેવું સળગાવવાનું છે. એઓને જે પથ્થરમાંથી મણકા બનાવવાના હોય તે પથ્થરોના ટુકડા કરી, સફેદ રંગની બીજી વસ્તુઓ સાથે, ચાર નાનકડા ઘડાયેલા લોટાઓમાં એ ભરી, ઢાંકી, ચાર બાકોરાં ઉપર મૂકી, ચૂલાસમી જગ્યાએથી લાકડાનો વેર એમાં ઘાલી, સળગાવી પથ્થરોને ગરમી આપવામાં આવતી, જેથી નરમ બનતાં પોતાને



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોઈએ તેવી રીતે સાબરના શિંગમાંથી બનાવેલા હથોડાથી તોડીને, ધીરે ધીરે છોલીને જેવા જોઈએ તેવા માપના પોલિશ કરેલા હોય તેવા મણકા તૈયાર કરાતા હતા. **લોથલની પ્રજા મણકા-ઉદ્યોગમાં ખૂબ પારંગત હતી.** એ ઉદ્યોગની પરંપરા અને પ્રક્રિયા હજુય હાલમાં ખંભાત ખાતે જોવા મળે જ છે. આ ભઠ્ઠાથી પૂર્વ દિશાએ આગળ વધતાં નીચાણવાળો શહેરનો બજારનો ભાગ જોવા મળે છે.

**નીચાણવાળું બજાર, ઘરાં રસોડું નહાણી રસ્તો દુકાનો :**

આ ભાગમાં સામસામે આવેલાં મકાનોની વચ્ચે રસ્તા આવેલા છે. આ ભાગના માર્ગો બારેક ફૂટ પહોળા છે. બંને બાજુએ હારબંધ અડોઅડ બાંધેલાં મકાનો જોવા મળે છે. રસ્તા ઉપરની દુકાન ત્રણ તેમજ ચાર ઓરડીઓવાળી હતી, જેમાં એક **સોનીની દુકાન હતી,** જેમાંથી ચતુષ્કોણ માપની ઈંટોની નાની ભઠ્ઠી તથા એનાં વપરાશનાં સાધનો ઓજારો વગેરે મળી આવેલાં છે. એ દુકાનની આગળની ઓરડીઓમાંથી શંખ તથા છીપલાં અને એમાંથી બનાવેલા મણકા વગેરે મળી આવેલાં હતાં.

આ બજારની હેઠળના ભાગમાં રસ્તાવાળું બજાર છે. માર્ગની બંને બાજુએ હારબંધ મકાનો છે. મકાનોમાંથી પાણીના નિકાલ અર્થે જાહેર રસ્તામાં મકાનોની દીવાલને અડીને કોઠીઓ નાખેલી છે. એક મકાનમાં પાકી ઈંટોનું ફરસબંધીવાળું સ્નાનગૃહ, રસોડું, સ્ટોર અને એના પાણીના નિકાલ અર્થે જાહેર માર્ગમાં એક ઉપર એક એવી બેવડી કોઠીઓ નાખેલી છે. આ ઉપરાંત નાની ચાર-પાંચ જેટલી નાહવાની ચોકડીઓનો સમૂહ અને એને જોડેલી પાકી ઈંટોની મોટી નીક પણ હતી, પરંતુ એ અવશેષો તૂટીને વેરવિખેર થઈ ગયેલા છે.

એ સમૂહમાંની એક ચોકડીમાંથી કુલડી મળેલી અને એમાંથી કીડિયાં જેવા ખૂબ નાના, સોનાના, બારીક મણકા અને ત્રણ ચાર સેરની વચ્ચે રાખવામાં આવતી કાણાંવાળી સોનાની ઊભી પટ્ટીઓ વગેરે મળેલ છે. વધુમાં ચાર પાંચ સેરનો સોનાનો એક હાર પણ મળી આવેલો છે, જે હાલમાં મ્યુઝિયમમાં મૂકેલો છે. આ સ્થાનથી આગળ મકાનોના તૂટેલા અવશેષો મળે છે.

**હવનકુંડો અને અગ્નિકુંડો :**

આ સ્થાનથી સહજ વળીને ઉત્તર-પશ્ચિમે જોતાં ત્યાં પણ રસ્તા ઉપર ઘરો મળી આવેલાં છે, જેમાંથી હવનકુંડો, નહાણી જેવા મોટા અગ્નિકુંડો, પ્રાણીઓનાં બળેલાં હાડકાં, રાખ વગેરે એ સ્થાનોમાંથી મળેલું હતું. પાકી ઈંટોનો એક મોટો હવનકુંડ, જે સ્નાનાગાર જેવો લાગે છે, તેના એક છેડે ગોળાકાર સ્થાનમાંથી માટીની સુંદર મોટી ચિત્રમય અને મધ્યમ માપની કોઠી મળેલી છે તેમજ માટીની ત્રિકોણાકાર થેપલીઓ પણ સાંપડી છે. આમ, આ રીતે ચારેક શેરીઓ તથા રસ્તાઓ જોઈ ત્યાંથી પશ્ચિમ દિશામાં આગળ વધતાં **સ્મશાનગૃહ આવે છે.**

**સ્મશાનગૃહ :**

ઉત્તર-પશ્ચિમી નગરસંરક્ષણની દીવાલની અંદરના ભાગમાં ૪૦×૩૬ મીટરવાળા સ્મશાન-વિસ્તારમાંથી દક્ષિણ દિશામાં કાટખૂણે ચતુષ્કોણી દફન-ક્રિયાવાળા સોળ જેટલા ખાડાઓમાંથી ૨૧ જેટલાં હાડપિંજરો મળી આવેલાં છે. આ દફનક્રિયાના ખાડા ૩.૨ સે.મી. લાંબા, ૦.૭૫ સેન્ટી મીટર પહોળા અને ૩ થી ૫ મીટરની ઊંડાઈવાળા ખોદવામાં આવતા હતા. એકી સાથે બે મૃત દેહો દાટવાના હોય ત્યારે એ ખાડાની પહોળાઈ એક મીટરથી વધુ રાખતા હતા. મૃત દેહોનું માથું ઉત્તર તરફ રાખીને સુવાડતા હતા અને એના માથા તેમ ખભા પાસે માટીના સુંદર ઘડા, ઘોડીવાળી થાળીઓ, બહાર વળેલા કાનાવાળા વાડકા, લોટા ઈત્યાદિ વાસણો સાથે અલંકારો વગેરે મૂકી કંકરથી દાટી દેવામાં આવતા હતા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્મશાનગૃહનો એક ખાડો શબપેટી જેવો કાચી ઈંટોથી ચણીને તૈયાર કરેલો મળી આવેલો છે અને એક ખાડામાંથી તો સ્ત્રી-પુરુષ સાથેનું મૃત દેહવાળું જોડકું અને એના માથા પાસે મૂકેલાં તમામ પ્રકારનાં માટીનાં વાસણો, ત્રાંબાની બંગડીઓ વીંટી તેમજ શંખના મણકા વગેરે મળેલ હતાં. આ જોડકું એ સમયમાં સતી થવાના રિવાજનો સંકેત દર્શાવતું હોય એમ લાગે છે.

**માટીપાત્રો અને અન્ય પુરાતત્ત્વીય પદાર્થો:**

લોથલના ટીંબાના સમગ્ર ખોદકામમાંથી પ્રાપ્ત થયેલ હડપ્પીય લખાણો સાથે પ્રતીકાવાળી એક-શૃંગી એટલે કે વરાહ અને ગેંડો હાથી ચકલી વાઘ આખલો તેમજ અન્ય કેટલીકમાં ફક્ત લખાણોવાળી સેલખડીની માટીની અને ત્રાંબાની મુદ્રાઓ (સીલ્સ) અને માટીના ૧૨૫ જેટલા મુદ્રાંકો (સીલિંગ્ઝ) મળી આવેલ છે.

માટીનાં રમકડાંઓમાં ગાડાં પૈડાં હોડીઓ પ્રાણીઓ પશુ પંખી અને માનવ-આકૃતિઓ, વળી વાનર ગેંડો આખલો, બકરાનું માથું, કૂતરા બળદ, એસીરિયન પ્રજાના જેવું દાઢી સાથેનું માથું, મિસરનું જતું મમ્મી, આફ્રિકાનો ગોરીલો, નાના મોટા શંકુ-આકારના મણકા, કાનનાં એરિંગો, બોર-દામણી, શેતરંજનાં પ્યાદાં, રોજિંદા વપરાશનાં મોટાં નાનાં, મધ્યમ નાનાં, સાવ નાનાં સાદાં અને ચિત્રમય વાસણોવાળી મોટી કોઠીઓ, માટલાં તેમજ સાદા ઘડા, લોટા થાળીઓ વાડકા પત્રાળાં, મોટાં નાનાં ઢોચકાં, સાદા ગોળવા, વર્ણા કાણાંવાળા નળા, સાદા નળા, ચિત્રિત નાની મોટી બરણીઓ કે જેમાં ભૌમિતિક તથા વનસ્પતિ પશુ પંખીની આકૃતિઓનાં સુશોભનો જોવા મળે છે. આ ઉપરાંત માટીના ગોફણના ગોળા દડા તેમજ નાની મોટી ચોરસ અને લંબગોળ, આંગળીમાંથી પકડી દૂર સુધી ફેંકીને જાનવરોને મારી શકાય તેવા ખાંચાવાળા દડા, સ્લિંગ બૉલ્સ વગેરે મળેલાં છે. એ ઉપરાંત લાલ તથા કાળાં વાસણો પણ મળેલાં છે.

**પથ્થરની વસ્તુઓમાં** અકીક તથા ચકમકમાંથી બનાવેલાં મોટાં નાનાં મધ્યમ એવા ત્રણ પ્રકારનાં ષટ્કોણી તોલમાપનાં વજનિયાં, વિવિધ પ્રકારના મણકા કે જેમાં અમુક પ્રકારના મણકાની બંને બાજુ સોનાથી મઢેલ છે.

**શંખ-છીપની બનાવટોમાં** બંગડીઓ પદકો મણકા વગેરે મળેલ છે, જ્યારે **હાથીદાંતમાંથી** બનાવેલ લાંબી પિનો, સાંઠવાની સોયો, શેતરંજ રમવાના પાસા વગેરે મળેલ છે.

**ત્રાંબા અને કાંસામાં** એટલે કે ધાતુના પદાર્થોમાં **તાંબાના** **કૂતરા** બતક હંસ સોયો બંગડીઓ પિનો ચાકુ છરી, માછલી પકડવાના અંકોડા-ગલ, છીણી, બાણનાં ભાલોડાં, ભાલાનાં ફળાં, કુહાડીઓ અને એના પાનાં, દેગડો વગેરે પ્રાપ્ત થયેલ છે.

**સોનામાં** બારીક નાના મણકા, સોનાની કાણાંવાળી ઊભી પટ્ટીઓ, પદકો, ગોળાકાર રૂપિયા જેવા આકારનાં ચકતાંનો હાર વગેરે મળેલ છે.

લોથલમાંથી પ્રાપ્ત થયેલ તમામ પુરાવશેષ વસ્તુઓને ટીંબા પાસેના મ્યુઝિયમમાં વ્યવસ્થિત રીતે પ્રદર્શિત કરેલ છે, **જે પૃથ્વી ઉપરનું હડપ્પીય સંસ્કૃતિનું આ સૌ-પ્રથમ મ્યુઝિયમ છે.** આ મ્યુઝિયમ તૈયાર કરવા દિલ્હીના ડાયરેક્ટર ઑફ મ્યુઝિયમના આદેશ અનુસાર, ઇન્ડિયન મ્યુઝિયમ, કલકત્તાના સુપરિન્ટેન્ડન્ટની સૂચના મુજબ દિલ્હીના સહાયક સુપરિન્ટેન્ડન્ટ આર્કિયોલૉજિસ્ટ શ્રી ડી. પી. સિંહા તેમજ આ લેખકને અન્ય સહાયકો આપતાં તૈયાર કરવામાં આવેલું.

ગુજરાત રાજ્યના પ્રવાસન ખાતાએ પણ લોથલમાં રહેવા જમવા ચા-પાણી-અંગેની સુવિધા-વાળું આરામગૃહ-પ્રવાસીગૃહ ઊભું કરેલ છે અને એની બાજુમાં **વહાણવટી માતાની દહેરી પણ આવેલી છે.**

[અનુ. પા ૮ નીચે ]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વેડરબર્નની કબર પરનો ભરૂચ શિલાલેખ

ડૉ. ભારતી સેલત – ડૉ. આર. ટી. સાવલિયા

ભરૂચ શહેરમાં કિલ્લાના વાયવ્ય ભાગમાં બૂરજથી ૨૦૦ વાર દૂર મુંબઈ ઇલાકાની ઈસ્ટ ઇન્ડિયા કમ્પની સરકારના સેનાધિપતિ બ્રિગેડિયર જનરલ ડેવિડ **વેડરબર્ન**ની કબર છે. એ કબર ઈંટોની બાંધેલી છે અને ૨ મી. ૬૭૫ સે.મી. લાંબી, ૧ મી., ૧૨.૫ સે. મી. પહોળી તથા ૯૦ સે.મી. ઊંચી છે. એ કબર ઉપર મૂકેલી પથ્થરની મોટી શિલા ઉપર આ શિલાલેખ જૂની સિવિલના કમ્પાઉન્ડમાં છે.

આ કબર-લેખ **વેડરબર્ન**ના એઈડ-ડી-કૅમ્પ અને સેક્રેટરીએ કોતરાવ્યો હતો. એમાં આ અધિકારીની નાની ઉંમરે મળેલી સિદ્ધિઓ અને ખાસ કરીને એના હિંદમાંના આગમન પહેલાં યુરોપ-માં સપ્તવર્ષીય યુદ્ધમાં એની તેજસ્વી કારકિર્દી વિશે માહિતી આપેલી છે.

આ લેખ અંગ્રેજી ભાષામાં લખેલો છે. લેખની કુલ પંક્તિઓ ૫૨ છે. પ્રથમ પંક્તિનો આરંભ મધ્યમાંથી થાય છે. લેખના અંતે મધ્યમાં એલેક્ઝાન્ડર મૅકલેલન અને જહોન મૅકેન્ઝીની સહી છે.

આ શિલાલેખ આ અગાઉ Gazetteer of the Broach District (Vol. II, Part II, p. 557), Histroy of Gujarat, (Vol. III by Commissariat, pp. 712 ff) તથા 'ભરૂચનો ઈતિહાસ'(પૃ. ૪૨૧ થી ૪૪૪)માં પ્રસિદ્ધ થયેલ છે. અહીં એના પાઠમાં રહેલી ક્ષતિઓ સુધારી નવેસરથી પંક્તિવાર પાઠ આપવામાં આવ્યો છે. લેખનો સાર આ પ્રમાણે છે:

"સેન્ટ જેમ્સ ૨૬ જુલાઈ, સને ૧૭૫૧. આ માસની ૧૬ મી તારીખે ગયા ગુરુવારે મેજર **વેડરબર્ન**ને પાટવીકુંવર ફર્ડિનાન્ડે નીચે લખેલા પત્ર સાથે મોકલેલો, જે આ દિવસે બપોરે આવી પહોંચ્યો: 'મહારાજાના લશ્કરે આ દિવસે જે સ્મરણીય ફતેહ મેળવી તે વિશે હું આપને અભિનંદન આપું છું. આ ભવ્ય દિવસના દરેક બનાવની નોંધ લેવી મારે માટે અશક્ય છે. આ પત્ર લાવનાર અદ્વિતીય ગુણવત્તાવાળો અમલદાર છે. આજે જે યશસ્વી ફતેહ અમને મળી તેમાં એની ઘણી મદદ હતી. એ આપને યુદ્ધનો નિશ્ચિત અહેવાલ આપશે. આ અમલદાર પર આપને કૃપા રાખવા અમારી ભલામણ છે. હિલકુપ(ટેકરી)થી થોડે દૂર કર્ક ડેન્કર્નની છાવણીમાંથી સને ૧૭૬૧, ૧૬ મી જુલાઈના પહેલા પહોરમાં ૧૧ વાગ્યે. – (સહી) બ્રુન્સવિક અને લુનેનબર્ગના ડ્યૂક ફર્ડિનાન્ડ'

"વેડરબર્ને જર્મનીમાં જે ફરજ બજાવેલી તેની સંપૂર્ણ કદર એના શાહી ઉપરીએ કરેલી, જેની સાબિતીરૂપે એને એક હજાર પૌન્ડનું ઈનામ મળેલું અને એ ઉંમરે પહોંચતાં એને લશ્કરની એક પલટણનો મેજર કમાન્ડર નીમ્યો હતો. સને ૧૭૬૨ માં એને લેફ્ટેનન્ટ કર્નલની જગ્યા આપી અને હિંદમાં સને ૧૭૭૦ ના માર્ચમાં એ કર્નલ અને બ્રિગેડિયર જનરલ નિમાયો હતો.

"એ પ્રતિષ્ઠાવંત નિષ્કપટી ન્યાયી અને નિખાલસ હતો. સમગ્ર જિંદગી દરમ્યાન સરકારી અને ખાનગી બાબતોમાં એની વર્તણૂક જોતાં એને સહુ કોઈ સંમાનથી યાદ કરશે. જ્યારથી એને લશ્કરનો મુખ્ય અમલદાર બનાવ્યો ત્યારથી એની બુદ્ધિના બળથી કમ્પનીને જે ફાયદા થયા છે તે દર્શાવે છે કે સરકારી કામકાજ પ્રત્યે એ કેટલો જાગરૂક હતો. એનાં ઉમદા ચારિત્ર્ય અને અંતરના ઊંડાણ વિશે જેટલું લખાય તેટલું ઓછું છે. માનવને જે સદ્ગુણોથી માન મળે તે સદ્ગુણોથી એ સભર હતો. જીવનમાં એના મિત્રો અને સહૃદયીઓ એને માન આપતા અને ચાહતા. એ માર્યો ગયો તેથી દરેક જાતના લોકો સાચા દિલથી ઉદાસ બન્યા અને એમણે અફસોસ પ્રગટ કર્યો. સને ૧૭૭૨ ના નવે-મ્બરની ૧૪ મી તારીખે ૩૨ વર્ષ અને ૮ માસની ઉંમરે એ ભરૂચના કિલ્લા હેઠળ માર્યો ગયો. એના મૃત્યુથી ઊંડા દુઃખ સાથે અંતઃકરણના ઊંડાણથી માન અને સ્નેહભાવથી એની સ્મૃતિમાં ઉપરનો



For Private and Personal Use Only

લેખ એના એબ્ડ-ડી-કેમ્પ અને સેક્રેટરીએ કોતરાવ્યો છે. **એલેક્ઝાન્ડર મેકલેલન, જહોન મેકેન્ઝી"**

ફર્ડિનાન્ડ ઑફ બ્રુન્સવિક પ્રુશિયાના મહાન ફ્રેડરિકના શ્રેષ્ઠ જનરલોમાંનો એક હતો. સપ્ત-વર્ષીય યુદ્ધ દરમ્યાન એ હેનોવરિયન લશ્કરના ચાર્જમાં હતો. સને ૧૭૫૯ માં એણે મિન્ડેન આગળ ફ્રેન્ચ લશ્કરને હરાવ્યું હતું. ચથમે એની રાહબરી નીચે કોન્ટિનન્ટમાં અંગ્રેજ લશ્કર મોકલેલું, જેમાં વેડરબર્ન એક અફસર હતો. ભરૂચના છેલ્લા નવાબ મોજૂજખાને સુરતના નવાબનો ભરૂચના ફુરજાની જકાતમાં જે હક હતો તે ઘણાં વર્ષો થયાં આપ્યો નહોતો અને સુરત અમલ હેઠળ આવવાથી જકાત મેળવવાનો હક અંગ્રેજોનો હતો. આ ઉપરાંત ભરૂચના નવાબે અંગ્રેજો પાસે એમના કાપડ ઉપર ધારા કરતાં વધારે જકાત લીધેલી. એ વધારાની લહેણી રકમ વસૂલ કરવા અંગ્રેજ સરકારે નવાબને પત્ર લખ્યો તેનો ઉત્તર નહિ મળતાં અંગ્રેજ સરકારના લશ્કરે ભરૂચ પર ચડાઈ કરી, પણ એમાં એઓ ફાવ્યા નહિ. નવાબે કેટલુંક રોકડ નાણું તથા સ્ત્રીઓનાં ઘરેણાં અને નવાબની ચાંદીની પાવડીઓ પેટીમાં મૂકી અંગ્રેજ અફસરને મોકલવામાં આવી. મિ. મોર્લી આ જોઈ ખૂબ ગુસ્સે થયો અને આ અપમાનનો બદલો લેવા સને ૧૭૭૨ ની ૨ જી નવેમ્બરે મુંબઈથી લશ્કર ભરૂચ જવા રવાના થયું તે લશ્કરનો વડો વેડરબર્ન હતો. લશ્કર ૯ મી તારીખે નર્મદાના મુખ આગળ પહોચ્યું. ૧૩ મી તારીખે પરાં કબજે કર્યાં. નવાબના લશ્કરની તાકાત કેટલી છે એ નક્કી કરવા વેડરબર્ન કિલ્લાની આસપાસ ફરતો હતો. પાયદળ સિપાઈની ગોળી એને વાગી, તરત જ ઘોડા પરથી પડી ત્યાં જ મૃત્યુ પામ્યો. કર્નલ રૉબર્ટ ગૉર્ડન વેડરબર્નની જગ્યાએ વડો બન્યો. ત્યાં ૧૮ મી તારીખે ભરૂચને જીતી લેવામાં કર્નલ વેડરબર્નને સને ૧૭૭૨ નાં ડિસેમ્બરની ૪ થી તારીખ ને મંગળવારે ૩૩ બંદૂકોની સલામી સાથે ભરૂચમાં દફનાવવામાં આવ્યો. **[અપૂર્ણ]**



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીએસએફસી



## માત્ર ફર્ટીલાઇઝર્સ નહીં પરંતુ કંઇક વિશેષ-
## આપના જીવનનો એક ભાગ

આપના આહારમાંના અન્ન, શાકભાજી અને ફળફળાદિની મધુરતા અને આપને મહેકાવે છે તે ફૂલોની સુવાસ આપણા ખેડૂતોને અતિપ્રિય એવા સરદાર ફર્ટીલાઇઝર્સને આભારી છે. પરંતુ જીએસએફસીની યશગાથાનુ આ માત્ર એક જ પાસુ નથી. સાચું પૂછો તો જીએસએફસી આપના અંતરંગને સ્પર્શે છે – અનેક રીતે.

સ્રીનાં સૌંદર્યને નિખારતી સુંદર નાયલોન સાડી અને બાળકોનાં આકર્ષક પોષાક કે પછી ટ્રેકટર અને ભારે વાહનો માટે વપરાતા નાયલોનના ટાયરો જીએસએફસીના કેપ્રોલેકટમમાથી બને છે.

આપના ગૃહ સજાવટને શોભાવતી નાજુક રંગબેરંગી ક્રોકરી, સુંદર ફર્નીચર અને નયનરમ્ય લેમીનેટસના સુશોભનો જીએસએફસીના મેલેમાઈનની દેણગી છે.

મોટા ઉદ્યોગોમાંના સ્ટેનલેસ સ્ટીલના સાધનોનું સુઘડ અને મજબૂત ઝારણ અને મોટા વ્યાપારી કેન્દ્રોમા ઝળહળતી રંગબેરંગી નિયોન સાઇન્સ.

જીએસએફસીના આર્ગન ગેસને આભારી છે. ભારે વસ્તુનું મજબૂત પેકિંગ કરવામાં તૂટે નહી એવી પટ્ટીઓ, અકસ્માત સામે આપના જીવનનું જતન કરતાં મજબૂત હેલ્મેટ, આપના પરિવારને શીતળ હવાની લહેરો વેરતી હલકી અને રંગીન ફેન બ્લેડ્સ. ખાદ્યચીજોના પેકિંગ માટે નાયલોન-૬ ફિલ્મમાંથી બનેલી કોથળીઓ– શું આ બધાં જીએસએફસીના નાયલોન-૬ માંથી જીવનભર મળતા લાભો નથી?

જીએસએફસીનું ફલક માત્ર આટલા પુરતુ મર્યાદિત નથી. તે આનાથી કંઇક વિશેષ કરે છે, જેનું વધારે મહત્વ છે.

જીએસએફસી તરફથી ખેડૂતોને અપાતી બહુમુખી સેવાઓ હરિયાળી ક્રાંતિમા ફાળો આપે છે. વળી નવા ઉદ્યોગ સાહસિકોને આપવામાં આવતા તકનીકી–આર્થિક માર્ગદર્શનને લીધે સઘન ઔદ્યોગિક વિકાસની નવી ક્ષિતિજો ખુલી છે. 'બહુજન હિતાય બહુજન સુખાય'– કાલે નહીં પણ આજે જ

**જીએસએફસી –**
**ભારતની પ્રગતિનો પાયો.**

**ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર્સ કંપની લિ.** પો.ઓ. ફર્ટીલાઇઝરનગર-૩૯૧ ૭૫૦, જિ. વડોદરા.

Navnit/73

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

 Reg.No.GAMC-19


# જરી રેશમ ખાદી ગ્રામોદ્યોગ સંઘ

ખપાટિયા ચકલા, ચૌટા બજાર, સુરત

**ઉત્પાદન-કેન્દ્રો**

૧ જરી રેશમ કેન્દ્ર, ખપાટિયા ચકલા, સુરત
૨ ખાદી પોલિવસ્ત્ર ઉત્પાદન કેન્દ્ર, સુરેન્દ્રનગર
૩ પોલિવસ્ત્ર સુતર ઉત્પાદન કેન્દ્ર બીલીમોરા
૪ ખાદી પોલિવસ્ત્ર ઉત્પાદન કેન્દ્ર, પાલનપુર
૫ સ્ટીલ તથા લાકડાનું ફર્નિચર ઉત્પાદન કેન્દ્ર રાજકોટ
૬ ગાદલા તકિયા ઓસીકા ઉત્પાદન કેન્દ્ર રાજકોટ

**વેચાણ કેન્દ્રો**

૧ ખાદી ગ્રામોદ્યોગ ભવન, સુરત
૨ ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, બીલીમોરા
૩ ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, રાજકોટ
૪ ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, પાલડી, અમદાવાદ
૫ ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, પાલનપુર
૬ ફરતું વેચાણ કેન્દ્ર (મોબાઈલ વાન)
૭ ખાદી ગ્રામોદ્યોગ ભંડાર (સૂચિત), સુરેન્દ્રનગર

**ઉત્પાદન**

| | |
|---|---|
| પોલિવસ્ત્ર | રૂ. ૫૦,૦૦૦,૦૦ (પચાસ લાખ) |
| ખાદી | રૂ ૩૦,૦૦૦,૦૦ (ત્રીસ લાખ) |
| સોનેરી જરી | રૂ ૧,૫૦,૦૦૦,૦૦ (એક કરોડ પચાસ લાખ) |
| સ્ટીલ-લાકડાનું ફર્નિચર | રૂ ૨૫,૦૦૦,૦૦ (પચીસ લાખ) |

**વેચાણ**

કુલ વેચાણ રૂ. ૩ કરોડથી વધુ

**સંસ્થાની મહત્ત્વની બાબતો**

આ સંસ્થાના કુલ કારીગરો વણકર કાંતનાર જરી ઉદ્યોગ તથા અન્ય મળી ૫૦૦ ઉપરાંત છે.

બ. સંસ્થા વર્ષાન્તે વિશેષ સહાયરૂપે મજૂરીના ૨૦% કારીગરો-કાર્યકરોને આપે છે.

ક. સંસ્થા કારીગરો કાર્યકરોને સંપૂર્ણ મેડિકલ મદદ આપવામાં આવે છે.

સૂરજબહેન કામદાર
મંત્રી

રતિભાઈ ગોંધિયા
પ્રમુખ


મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી, ઠે. મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ તા. ૧૫-૧૦-૧૯૯૦

મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પૂઠું : ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ, શાહપુર, માળીવાડાની પોળ સામે, અમદાવાદ-૩૮૦૦ ૦૦૧.

For Private and Personal Use Only